# સંઘર્ષમાં ગુજરાત



નરેન્દ્ર મોદી

इतिहास गवाह है
राजमहलों और संसदों ने
इतिहास नहीं बनाया है
संसद पर दस्तक
देनेवालों ने
संसद भी बनाया है
इतिहास भी बनाया है

www.babaisraeli.com

# સંઘર્ષમાં ગુજરાત

નરેન્દ્ર મોદી

ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.
મુંબઈ • અમદાવાદ

www.babaisraeli.com

લેખક : નરેન્દ્ર મોદી
ડૉ. હેડગેવાર ભવન
બળિયાકાકા માર્ગ
અમદાવાદ-૩૮૦૦૨૨

પ્રકાશક :

ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.

૧૯૯/૧, ગોપાલ ભુવન
પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ફોન : ૨૦૦ ૨૬૯૧, ૨૦૦ ૧૩૫૮

૧-૨, અપર લેવલ, સેન્ચુરી બજાર
આંબાવાડી સર્કલ, આંબાવાડી
અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: ૬૫૬ ૦૫૦૪, ૬૪૪ ૨૮૩૬

*Email :* sales@imagepublications.com
*Visit us on :* http://www.imagepublications.com

પ્રથમ આવૃત્તિ : ૧૪ જાન્યુઆરી ૧૯૭૮, પ્રત ૩,૦૦૦
બીજી આવૃત્તિ : ૭ માર્ચ ૧૯૭૮, પ્રત ૩,૦૦૦
ત્રીજી આવૃત્તિ : સપ્ટેમ્બર ૨૦૦૦, પ્રત ૭૫૦
ચોથી આવૃત્તિ : માર્ચ ૨૦૦૮

મૂલ્ય : રૂ. ૧૫૦.૦૦

આવરણ / લેઆઉટ / ટાઇપસેટિંગ :
અપૂર્વ આશર
ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.
અમદાવાદ

મુદ્રક :
મુદ્રેશ પુરોહિત
સૂર્યા ઑફસેટ
આંબલી

www.babaisraeli.com

અર્પણ...

જેમના
જીવનવ્યવહારે
જીવનમૂલ્યોના
જતન કાજે
જીવવાનું,
ઝઝૂમવાનું
જોમ અર્પ્યું –
સ્વ. વસંતભાઈ ગજેન્દ્રગડકરને
સાદર!

ન.



www.babaisraeli.com

# ચિતાર અને ચિત્કાર

શ્રી નરેન્દ્ર મોદી વિશે મારા મનમાં અત્યંત ઊંડી અને ઉમદા મુદ્રા છે. એ કેવળ વચન અને પ્રવચનના માણસ નથી, આચરણના માણસ છે. લાચારસંહિતાના જીવ નથી પણ આચારસંહિતાના આદમકદ પુરુષ છે.

ભારતમાં જ્યારે કટોકટી લદાઈ ત્યારે સમગ્ર પ્રજાના જે જીવંત માણસો છે અને હતા એમને સૌને એક વાત અવશ્ય લાગી કે કટોકટી એ બીજું કશું નહીં પણ લોકશાહીનું લાંછન છે. શાસન હોય પણ એ શાસનનું ગૌરવ ત્યારે જ કહેવાય જ્યારે શાસનકર્તા અને પ્રજા વચ્ચે શિસ્ત અને સંવાદ હોય. શાસન જ્યારે દુઃશાસનમાં પરિણમે ત્યારે લોકશાહીની સ્થિતિ ભરસભામાં દ્રૌપદી જેવી થાય.

કટોકટીનો વિરોધ અનેક નરપુંગવોએ કર્યો. દરેકે પોતપોતાની રીતે કર્યો. કેટલાકે મળેલા માનઅકરામ, ખિતાબો અને પદો પાછા આપી દીધા. વિરોધને કારણે ખમવું પણ પડ્યું. જેલો ભરાઈ ગઈ, ઊભરાઈ ગઈ. યાદ છે ત્યાં સુધી ઉમાશંકરે 'સંસ્કૃતિ'નું પહેલું પાનું તદ્દન કોરું છાપ્યું હતું. આ કટોકટીકાળ દરમ્યાન એ તત્કાલીન સરકારની શેખીને ગાંઠે નહિ એવા કેટલાય માણસો હતા. તેમણે અન્યાયની સામે પોતાનો અવાજ ઉઠાવ્યો. અંગ્રેજોની ગુલામીને હંફાવીને હંકારી મૂકનારી પ્રજા આપણી પોતાની જ સરકાર વૈયક્તિક અને સામૂહિક સ્વાતંત્ર્ય ખૂંચવી લે એ કેમ સાંખી શકે? સત્તાધારી માણસ પોતાની લગામનો ચાબુક તરીકે ઉપયોગ કરે તો કેટલાક વિરલ પુરુષો પોતાનું બધુંયે ફગાવીને શહીદ થવા તૈયાર જ હોય છે.

આ પુસ્તકમાં શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં જે સંઘર્ષ થયો એનો દસ્તાવેજી ચિતાર આપ્યો છે અને ચિત્કાર સંભળાવ્યો છે. આ પુસ્તક એટલે આપણા સૌની એક વખતની વ્યથા અને કથા અને અંતે આપણને આપણા જ પુરુષાર્થથી મળેલા વિજયની ગાથા.

આવા પુસ્તકોનું ઐતિહાસિક અને દસ્તાવેજી મૂલ્ય છે એ વાતમાં સૌ સંમત થશે. આ પુસ્તકના પ્રકાશનનો અમને સૌને આનંદ છે.

**સુ. દ.**



www.babaisraeli.com

# લોકતંત્ર જયતે

કટોકટીની કાળરાત્રિની પચીસમી વર્ષગાંઠે ભારતના લોકશાહીપ્રેમી નાગરિકો લોકશાહી પ્રત્યેની અતૂટ શ્રદ્ધાનો પુનરુચ્ચાર કરે તે એટલું જ સ્વાભાવિક છે જેટલું જાપાનના નાગરિકો હિરોશિમામાં દર વર્ષે 'અણુ-આતંક' સામે 'શાંતિ' માટેની શ્રદ્ધા વ્યક્ત કરતા હોય.

સમગ્ર ભારતે પણ એ યોગ્ય જ કર્યું છે કે પચીસમી જૂન ૨૦૦૦ને 'લોકશાહી શ્રદ્ધા પર્વ' તરીકેનો ઉત્સવ મનાવવાનું નક્કી કર્યું. તેનાથી દેશના નાગરિકોમાં 'અ-લોકશાહી' માનસથી ચેતતા રહેવા અને લોકશાહી મૂલ્યોને વધુ દૃઢ કરવા અંગે સામૂહિક જવાબદારીનો ભાવ પ્રબળ બનશે. ભારતના બંધારણના પચીસમા વર્ષે કટોકટી દ્વારા ભારતની લોકશાહીની હત્યા કરવાનો કુપ્રયાસ થયો હતો. આજે ભારતના બંધારણના પચાસમા વર્ષે ઇતિહાસ આપણી પાસે લોકશાહી સંબંધે વધુ પરિપક્વતાની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. લોકશાહી એ કોઈ વ્યક્તિ, સંસ્થા, દેશ કે પક્ષનો ઇજારો નથી. લોકશાહી એ તો માનવવિકાસયાત્રાનું સ્વર્ણિમ પૃષ્ઠ છે. લોકશાહીમાં શ્રદ્ધા ધરાવતા સહુનો તેના ઉપર માલિકીહક્ક છે. લોકશાહી એ સરકાર ઘડવાનું, સરકાર કબજે કરવાનું કે સરકાર ચલાવવાનું મશીન માત્ર નથી. લોકશાહી એ તો વિકસિત માનવીય મૂલ્યોની અભિવ્યક્તિનું એક જીવંત સંસ્થાગત સ્વરૂપ છે.

તત્કાલીન રાજકીય લાભ ખાટવા લોકશાહી મૂલ્યોની હત્યા કરનારા, બંધારણના પચાસમા વર્ષે આત્મચિંતન કરી લોકશાહીના મહત્ત્વને સ્વીકારશે એવી આશા ઠગારી નીવડી. કટોકટી કાળના દરબારીઓ કટોકટીનાં પચીસ વર્ષ પછી પણ લાજવાને બદલે ગાજતા જોવા મળ્યા. ભૂલ સ્વીકારવાની હિંમત બધામાં ન હોય એ તો સમજી શકાય તેમ છે, પરંતુ એકવીસમી સદીમાંય કટોકટી સાચી હતી, કટોકટી સારી હતી તેની ખુલ્લેઆમ વકીલાત કરનાર દરબારીઓનાં અખબારી નિવેદનો અને ટીવી ચર્ચા સાંભળી એટલું તો નક્કી થાય છે જ કે લોકશાહીપ્રેમી ને નાગરિકે જરાય ઊંઘતા રહેવા જેવું નથી. પચીસ વર્ષ પૂર્વે જે ફાસિસ્ટ માનસ, દેશમાં લોકશાહી ઉપર કુઠારાઘાત કરવામાં સફળ રહ્યું હતું એ માનસ ભલે સુષુપ્ત હોય, પરંતુ સમાપ્ત નથી થયું. વળી આ ફાસીવાદી માનસ ૧૯૭૫માં લોકશાહીનો શિકાર કરી લોહી ચાખી ગયેલ છે, તેથી આવું માનસ



www.babaisraeli.com

કોઈ પણ લોકશાહીપ્રેમી માટે ચિંતા ઉપજાવે તેવું છે.

લોકશાહીની પચીસમી વર્ષગાંઠનું સ્મરણ કે કટોકટી વિરુદ્ધની કથની કેટલાકને 'કાલબાહ્ય' લાગી, તો કેટલાકને 'આજે અપ્રસ્તુત' લાગી. આપણે એ ક્યારેય ન ભૂલવું જોઈએ કે મૂલ્યો માટેના લોકસંઘર્ષ ફક્ત ઇતિહાસની અટારીએ શોભવા માટે નથી હોતા. મૂલ્યો માટેનાં લોકસંઘર્ષ અને બલિદાનનું નિરંતર સ્મરણ જ સમૃદ્ધ ભવિષ્યનો મજબૂત પાયો નાખવાની આધારશિલા બની શકે છે.

કટોકટીસંબંધિત કેટલાંક તથ્યોની નોંધ હળાહળ જૂઠથી વાચકોને વાકેફ કરાવે તેમ હોઈ તેનો ઉલ્લેખ અહીં જરૂરી લાગે છે. પચીસમી જૂનની મોડી સાંજે કટોકટીના હસ્તાક્ષર માટેનો પત્ર રાષ્ટ્રપતિને મોકલવામાં આવ્યો. રાષ્ટ્રપતિએ બંધારણવિશેષજ્ઞોની સલાહ લેવાનું પણ ઉચિત ન માન્યું અને સહી કરી દીધી. નીચેનો પત્ર પોતે જ સ્પષ્ટ કરે છે કે કેબિનેટને પણ વિશ્વાસમાં લીધા વિના દેશને કેવી રીતે જેલખાનામાં ફેરવી દેવાયો હતો.

TOP SECRET **PRIME MINISTER** NEW DELHI
INDIA
JUNE 25, 1975

Dear Rashtrapatiji,

As already explained to you a little while ago, information has reached us which indicates that there is an imminent danger to the security of India being threatened by internal disturbance. The matter is extremely urgent.

I would have liked to have taken this to Cabinet but unfortunately this is not possible tonight. I am, therefore, condoning or permitting a departure from the Government of India (Transaction of Business) Rule 1961, as amended up-to-date by virtue of my powers under Rule 12 thereof. I shall mention the matter to the Cabinet first thing tomorrow morning.

In the circumstances and in case you are so satisfied, a requisite Proclamation under Article 352(1) has become necessary. I am enclosing a copy of the draft Proclamation for your consideration. As you are aware, under Article 352(3) even when there is an imminent danger of such a threat as mentioned by me, the necessary Proclamation under Article 352(1) can be issued.

I recommend that such a Proclamation should be issued tonight, however late it may be, and all arrangements will be made to make it public as early as possible thereafter.

With kind regards,

Yours sincerely,
S/d-Indira Gandhi



www.babaisraeli.com

શ્રીમતી ગાંધીએ ભારતના રાષ્ટ્રપતિને લખેલ ઉપર્યુક્ત પત્રમાં દાવો કર્યો હતો કે, "અમને એવી માહિતી મળી છે કે આંતરિક તોફાનો દ્વારા ભારતની સુરક્ષાને નિશ્ચિત ખતરો છે. તેથી આ મામલો અત્યંત આવશ્યક છે."

શું ખરેખર આવું હતું? ૧૯૭૭માં જનતા પાર્ટીની સરકારે કટોકટી અંગે એક જસ્ટિસ શાહ તપાસ પંચની રચના કરી હતી. જસ્ટિસ શાહ તપાસ પંચનાં તારણો દીવા જેટલાં સ્પષ્ટ છે કે કટોકટીના નિર્ણય પાછળ કોઈ આધાર નહોતો.

જસ્ટિસ શાહ તપાસ પંચનાં તારણો મુજબ

(a) On the economic front, as revealed by the Economic Survey 1975-76, a Government of India publication, the prices had started falling well prior to June 25, 1975. The wholesale price index had declined by 7.4 per cent between the 3rd December 1974 and the last week of March, 1975. The All-India Consumer Index had also on balance shown a declining trend since November 1974. The number of mandays lost due to strikes and lock-outs had also fallen steeply from February, 1975 onwards as per statistics furnished by the Ministry of Labour.

(b) On the law and order front, the fortnightly reports sent by the Governors of various states to the President of India and by the Chief Secretaries of the various State Governments to the Union Home Secretary indicate that the law and order situation on the eve of the declaration of Emergency was under control all over the country.

(c) In reply to a questionnaire sent by this Commission, the Ministry of Home Affairs, Government of India, have intimated that-

   (i) "No reports from the State Governments were received indicating any significant deterioration in the law and order situation in the period immediately preceding the proclamation of Emergency";

   (ii) "The Home Ministry, at no time prepared any contingence plan prior to June 25, 1975, with regard to the imposition of Internal Emergency";

   (iii) "No steps were taken to mobilise Central Police Reserves for any possible law and order breakdown before the declaration of Emergency on the 25th June, 1975."

   (iv) "No paper was received from the Intelligence Bureau in the Ministry of Home Affairs between 12th and 25th June 1975, suggesting that the internal situation in the country warranted the imposition of Internal Emergency."

   (v) "The Ministry of Home Affairs, at no stage, made any recommendation to the prime Minister that the internal situation in



www.babaisraeli.com

the country warranted the imposition of Internal Emergency."

(vi) "During the period of Emergency, the Ministry of Home Affairs were not aware of any communication having been sent by the Prime Minister to the President regarding the imposition of Emergency."

(vii) "It seems from the letter. That the decision to recommend the imposition of Internal Emergency was taken by the Prime Minister herself."

(d) A report received from the Cabinet Secretariat further confirms the view that there had been no extraordinary developments on the law and order front during the three months preceding the proclamation of Emergency. To quote an extract from the report received from the Cabinet Secretariat vide D.O. No.50/7/1/77-CF dated November 11, 1977:

'We had scrutinised the agenda notes and the minutes of the meeting of the Cabinet and the Cabinet Committee on Political Affairs for three months prior to the imposition of Emergency and did not find any item which was related to the declaration of the emergency or the internal situation which may have warranted a proclamation of Emergency.'

ભારતના આઝાદી આંદોલનનું નેતૃત્વ કરનાર ૧૧૧ વર્ષ જૂની કૉંગ્રેસ પાર્ટીનો વ્યવહાર લોકશાહીપ્રેમી નાગરિકના મનમાં આજેય અનેક પ્રશ્નો ઊભા કરે છે. બંધારણનાં પચાસમા વર્ષે ભારતના બંધારણનું અવલોકન કરવા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિની રાહબરીમાં એક પંચની નિમણૂક ભારત સરકારે કરી છે. ભારતના ઉજ્જ્વળ ભાવિ માટે લોકશાહી સંસ્થાઓને વધુ વ્યાપક, સ્વસ્થ અને મજબૂત કેમ કરવી, કેન્દ્ર અને રાજ્યના સંબંધોની વ્યવસ્થા વધુ મુક્ત, ન્યાયી અને વિકેન્દ્રિત કેમ બને એવા અનેક વિષયો અંગે રાષ્ટ્રવ્યાપી મંથન થાય તે હેતુથી રચાયેલ આ પંચનું સ્વાગત કરી રચનાત્મક યોગદાન કરવાને બદલે કૉંગ્રેસે દેશભરમાં બંધારણનું ચીરહરણ થઈ રહ્યું છે એવી કાગારોળ કરી મૂકી છે. અંગત હિત ખાતર બંધારણનિર્માણના ૨૫મા વર્ષે બંધારણના લીરેલીરા ઉડાડી લોકશાહીની નિર્મમ હત્યા કરનાર કૉંગ્રેસ એક વાર બંધારણના ૫૦મા વર્ષે અંગત હિત ખાતર લોકશાહી અને બંધારણના રક્ષકનું મોંઢું પહેરી ૧૦૦ કરોડ દેશવાસીઓને ભ્રમિત કરવા મેદાને પડી છે.

બંધારણના રક્ષક હોવાનો દાવો કરતી કૉંગ્રેસના દેખાડવાના અને ચાવવાના દાંત કેવા જુદા જુદા છે એ દરેક લોકશાહીપ્રેમી નાગરિકે સમજવાની જરૂરિયાત છે.

❖ બંધારણના જન્મના ૧૭ મહિનામાં જ કૉંગ્રેસે પ્રથમ બંધારણસુધારો કર્યો હતો.

❖ ૧૯૫૪ એપ્રિલમાં કૉંગ્રેસ વર્કિંગ કમિટીએ પંડિત નહેરુના વડપણ નીચે બદલાતા જતા પ્રશ્નોના સંદર્ભે બંધારણનું અધ્યયન કરવા કમિટી બનાવી હતી.

❖ ૧૯૭૬ મે માસમાં કૉંગ્રેસે સ્વર્ણસિંગના વડપણ હેઠળ બંધારણના 'thoroughly re-examine' માટે કમિટી બનાવી હતી.



www.babaisraeli.com

- ❖ કૉંગ્રેસના નેતા અને શ્રીમતી ઇન્દિરાજી ગાંધીની સરકારના કાયદા મંત્રી એચ. આર. ગોખલેએ કહ્યું હતું કે બંધારણમાં નાનામોટા સુધારાથી અર્થ સરવાનો નથી. નવેસરથી બંધારણ તપાસી લેવાની જરૂર છે.
- ❖ અત્યાર સુધીમાં બંધારણમાં ૭૯ વખત સુધારા થયા છે, જેમાંથી ૬૯ વખત કૉંગ્રેસના પ્રધાનમંત્રીઓએ સુધારા કર્યા છે.
- ❖ બંધારણનાં પ્રારંભિક આધારભૂત તત્ત્વો સાથે પણ કૉંગ્રેસે ચેડાં કર્યાં છે. First ten schedules અને કલમ ૧૭૭ પણ બદલી નાંખી છે.

કૉંગ્રેસના કારનામાઓની આવી સૂચિ તો હજુયે ઘણી લાંબી થાય તેમ છે. વળી કૉંગ્રેસના સૂરમાં સૂર મેળવતી ભારતની કમ્યુનિસ્ટ પાર્ટી જેણે કટોકટીનું જાહેર સમર્થન કર્યું હતું તેણે ભારતના બંધારણને ગુલામીનું સંવિધાન ઘોષિત કર્યું હતું. કમ્યુનિસ્ટ પાર્ટીએ બંધારણને અપમાનિત કર્યું હતું અને બંધારણને દમન, છલ, ઉત્પીડન, ફાસીવાદના દસ્તાવેજ તરીકે ઓળખાવ્યું હતું.

ભારતના બંધારણના ૫૦મા વર્ષે લોકશાહીના સહુ પ્રહરી ધરતીની આ સચ્ચાઈને કેવી રીતે ભૂલીને આગળ વધી શકે?

આજની પળે લોકતંત્રના ભવિષ્ય બાબતે પણ સામુહિક ચિંતા અને ચિંતનની જરૂરત લાગે છે. બિહારમાં નિરંતર ચાલી રહેલ હત્યાકાંડ કોઈ પણ લોકશાહીપ્રેમીનું માથું શરમથી ઝુકાવી દે છે. બિહારના ઘટનાક્રમ તરફ નજર નાંખીએ તો લાગે છે કે બિહારમાં 'ગણતંત્ર નથી, પણ GUN તંત્ર પ્રબળ છે.' લોકશાહી પ્રક્રિયામાં રાજકીય પક્ષો અને પ્રવૃત્તિ તેનું અભિન્ન અંગ છે. પરંતુ રાજકારણમાં વધતો જતો અસામાજિક તત્ત્વોનો પ્રભાવ આપણને ક્યાં લઈ જશે? સામાજિક સમરસતાને કોરી ખાતું જાતિવાદનું ઝેર આપણા લોકતંત્રને કેવી રીતે પુષ્ટ કરી શકશે? આ ચિંતા અને ચિંતન આપણા સહુના માટે છે.

કટોકટીના ૨૫મા વર્ષે ઇમેજ પ્રકાશને, ખાસ કરીને મુ. શ્રી સુરેશભાઈ દલાલે વર્ષોજૂના મારા એક નાનકડા પ્રયાસને નવો ઓપ આપ્યો, કાયાકલ્પ કરી ત્રીજી આવૃત્તિ પ્રગટ કરી તે બદલ અંગત રીતે તેમનો ઋણી છું.

ભારતના વડાપ્રધાન મા. અટલબિહારી વાજપેયી નખશિખ લોકશાહીને વરેલા છે. ભારતના સંસદીય લોકતંત્રની વિકાસયાત્રાના તેઓ એક મહત્ત્વપૂર્ણ યાત્રી રહ્યા છે. સંસદમાં વ્યક્ત થતી લોકતંત્ર અંગેની તેમની ચિંતા રાજકારણના આટાપાટાથી ખૂબ ઊંચે ઊઠી ભારતના ઉજ્જ્વળ ભાવિ માટે દિશાદર્શક હોય છે. મારા આ પુસ્તકની ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના લખી આપી મા. અટલજીએ લોકશાહી માટેના નિરંતર જાગરણના મહત્ત્વને ખૂબ મોટું બળ પૂરું પાડ્યું છે. ગુજરાતી સાહિત્યજગત વતી હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

૨૫ જૂન ૨૦૦૦ — નરેન્દ્ર મોદી



www.babaisraeli.com

सत्यमेव जयते

प्रधान मंत्री

PRIME MINISTER

New Delhi

July 29, 2000

# PREFACE

I am happy to know that the third edition of the book Sangharsh ma Gujarat (Gujarat during the Emergency) by Shri Narendra Modi is being published as part of the observance this year of the 25th anniversary of the imposition of Emergency rule in India. The saga of the victory of democracy over authoritatianism is incomplete without an honourable recognition and fulsome commendation of Gujarat's contribution to it.

The State was integrally associated with this struggle both before and during the Emergency rule. The people of Gujarat, especially its youth, raised the banner of protest against corruption and misrule of the then Congress government in 1974. The courage and Nirman Samiti, attracted even a stalwart like the late Jayprakash Narayan to lend his blessings and leadership to it. This sent powerful waves of inspiration and activism across the country, provoking the forces opposed to democracy to declare a state of Emergency in June 1975. I have seen with my own eyes,



www.babaisraeli.com

during my own visits to Gujarat in those eventful pre-Emergency times, the excitement among young agitators and their urge to bring about an all-round socio-political change.

Gujarat continued to be in the forefront of the struggle against Emergency and it is heartening that one of the main activists in the struggle, Shri Narendra Modi, has penned the narrative of the battle for democracy and its eventual victory. The publication of this book in its third edition testifies to its continuing relevance and popularity.

After the passage of a quarter century, Emergency has become a distant memory to many Indians. To young people who are born after 1975, it is not even a personal experience. Therefore, if we still recall this dark chapter in India's post-Independence history, the only justification for it can be our resolve to defend our cherished democratic system at all costs. The people of the country, especially its political class, must learn the right lessons from this dangerous deviation from the Constitutional order and pledge never again to let it happen. For this, we need to collectively strengthen the fundamental values that nourish and sustain our democratic system. Above all, the supremacy of the interests of the nation over those of any individual, however tall, and any party, however powerful, must be accepted to be sacrosanct.

I congratulate Shri Modi for enabling the readers of this book to revisit the Emergency and re-dedicate themselves to the cause of strengthening India's democratic ethos and system.

**(A. B. Vajpayee)**



www.babaisraeli.com

सत्यमेव जयते

प्रधान मंत्री

PRIME MINISTER

નવી દિલ્હી

જુલાઈ ૨૯, ૨૦૦૦

## પ્રસ્તાવના

પચ્ચીસ વર્ષ પહેલાં ભારતમાં કટોકટી-રાજ (emergency rule)ની જાહેરાત થઈ. તેની યાદરૂપે યોજાયેલા કાર્યક્રમોના ભાગ તરીકે શ્રી નરેન્દ્ર મોદીના પુસ્તક 'સંઘર્ષમાં ગુજરાત'ની ત્રીજી આવૃત્તિ પ્રગટ થઈ રહી છે, તે આનંદની વાત છે. એકહથ્થુ સત્તાવાદ સામે લોકશાહીના જંગમાં ગુજરાતના ફાળાની ગૌરવપૂર્ણ નોંધ અને મોંફાટ પ્રશંસા વિના લોકશાહીની કોઈ પણ વિજયગાથા અધૂરી છે.

કટોકટી પૂર્વે અને કટોકટી દરમ્યાન ચાલેલા સંઘર્ષ સાથે ગુજરાત અવિભાજ્ય રીતે સંકળાયેલું રહ્યું છે. ૧૯૭૪ની કૉંગ્રેસ સરકારના ભ્રષ્ટાચાર અને કુસાશન સામે ગુજરાતના લોકો અને ખાસ કરીને યુવાનોએ વિદ્રોહનો ઝંડો લહેરાવ્યો. નવનિર્માણ સમિતિના નેજા હેઠળ એકત્રિત થયેલાં વિદ્રોહી યુવક-યુવતીઓનાં શૌર્ય અને આદર્શોને કારણે સ્વ. જયપ્રકાશ નારાયણ જેવા ટોચના અગ્રણીના આશીર્વાદ અને નેતૃત્વ સાંપડ્યાં. આખાય દેશમાં પ્રેરણા અને લડતની ઝુંબેશના મોજાં ફરી વળ્યાં, જેને



www.babaisraeli.com

કારણે લોકશાહીના શત્રુઓએ જૂન ૧૯૭૫માં કટોકટી જાહેર કરવી પડી. કટોકટી પહેલાંના તે કપરા કાળમાં જ્યારે જ્યારે મેં ગુજરાતની મુલાકાત લીધી ત્યારે મેં મારી સગી આંખે ત્યાંના યુવાન ક્રાંતિકારીઓમાં સામાજિક-રાજકીય જીવન માટે સંપૂર્ણ ક્રાંતિની ઝંખના અને ઉત્સાહ જોયાં છે.

કટોકટી સામેની લડતમાં ગુજરાત હંમેશાં મોખરે રહ્યું. આ સંઘર્ષના અગ્રેસર કાર્યશીલોમાંના એક શ્રી નરેન્દ્ર મોદીએ પોતે લોકશાહીની લડત અને તેના અંતિમ વિજયની ગાથા આલેખી છે તે આપણે માટે તૃપ્તિકર ઘટના છે. પુસ્તકની ત્રીજી આવૃત્તિ પુસ્તકની પ્રસ્તુતતા અને લોકપ્રિયતાની શાખ પૂરે છે.

પચીસ વર્ષ વીતી ચૂક્યાથી ઘણા ભારતીય પ્રજાજનોને કટોકટી વીસરાઈ ગયેલી જૂની વાત લાગે, ૧૯૭૫ પછી જન્મેલા લોકોને તો કટોકટીનો પોતીકો જાતઅનુભવ પણ નથી અને છતાંય આપણે ભારતના સ્વાતંત્ર્યોત્તર કાળના આ કાળા પ્રકરણનું સ્મરણ કરીએ છીએ, ફક્ત એટલા માટે કે જેથી આપણે આપણી મહામૂલી લોકશાહી રાજ્યવ્યવસ્થાનું કોઈ પણ ભોગે જતન કરવાનો દૃઢ સંકલ્પ કરી શકીએ. બંધારણે ચિંધેલા માર્ગથી વિપરીત વાટે વળ્યાની કટોકટીની ખતરનાક ઘટનામાંથી આ દેશની પ્રજા અને ખાસ કરીને રાજકીય વર્ગોએ પાઠ લેવાનો છે. ફરી કદી તે માર્ગે ન જવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થવાનું છે. આપણી લોકશાહી વ્યવસ્થાને પોષતાં અને જાળવતાં મૂળભૂત મૂલ્યોને ભેગાં મળી આપણે મજબૂત કરવાનાં છે. વ્યક્તિ, ગમે તેટલી મોટી હોય; પક્ષ ગમે તેટલો સમર્થ હોય; પણ રાષ્ટ્રનાં હિતો સર્વોપરી છે, તે બધાં કરતાં ઉપર છે, તે હિતોની પવિત્રતાને આંચ આવવી ન જોઈએ.

આ પુસ્તક કટોકટીના અનુભવોને ફરી એક વાર સ્મરણપટ પર લઈ આવે છે. વાચકોને તે ભારતનાં લોકશાહી ખમીર ને ખુમારી તથા પ્રજાસત્તાક પદ્ધતિ પ્રત્યે પુનર્સમર્પિત કરશે. તેમ કરવામાં કારણભૂત બનવા માટે હું શ્રી નરેન્દ્ર મોદીને અભિનંદન આપું છું.

અટલબિહારી વાજપેયી

(અટલવિહારી વાજપેયી)



www.babaisraeli.com

# અનુક્રમ


| | | |
|---|---|---|
| | નિવેદન | |
| | લોકતંત્ર જયતે | |
| | PREFACE | |
| | પ્રસ્તાવના | |
| ૧. | અસંતોષ અને અગ્નિજ્વાળા | ૧ |
| ૨. | અણધાર્યો આઘાત અને પ્રતિકારનો પ્રારંભ | ૧૧ |
| ૩. | પ્રતિકારનું પહેલું ચરણ! | ૧૭ |
| ૪. | પ્રતિબંધ અને ભૂગર્ભવાસ | ૨૧ |
| ૫. | પ્રથમ ભૂગર્ભબેઠક | ૨૪ |
| ૬. | જેલો જીવંત બને છે! | ૨૭ |
| ૭. | મોરચા મંત્રીમંડળ મેદાનમાં... | ૩૦ |
| ૮. | ઓગસ્ટથી ઑક્ટોબર... | ૩૪ |
| ૯. | એક અનોખો દ્વીપ | ૪૨ |
| ૧૦. | 'જનતા છાપું' | ૪૮ |
| ૧૧. | જનજાગરણનાં આગેકદમ | ૫૩ |
| ૧૨. | કારોબારીથી કૉમનવેલ્થ | ૬૮ |
| ૧૩. | સત્યાગ્રહની તૈયારીઓ | ૭૯ |
| ૧૪. | યાદગાર સત્યાગ્રહ પર્વ | ૮૭ |
| ૧૫. | ગુજરાતને આંગણે નરબંકા | ૯૯ |
| ૧૬. | એક વધુ નિશાન... ગુજરાત | ૧૧૨ |
| ૧૭. | મિસાનો કોરડો વીંઝાયો | ૧૧૯ |
| ૧૮. | સળિયા પાછળની મુક્તિયાત્રા | ૧૨૭ |
| ૧૯. | વણથંભ્યો સંઘર્ષ... પ્રતિકાર! | ૧૪૧ |
| ૨૦. | પરદેશમાં પ્રતિકાર | ૧૫૭ |
| ૨૧. | વણથંભી લડાઈમાં બૌદ્ધિકો | ૧૭૦ |
| ૨૨. | પરિવર્તનનો અજાણ અધ્યાય | ૧૮૦ |
| પરિશિષ્ટ | | |
| ૧. | જેલવાસીઓને એક પત્ર | ૨૦૩ |
| ૨. | સંઘર્ષ : તથ્યો અને તારવણી | ૨૦૯ |
| ૩. | સંઘર્ષ : તવારીખ | ૨૧૨ |
| ૪. | નિવેદન, થોડુંક અંગત, બીજી આવૃત્તિવેળાએ, પ્રસ્તાવના, આવકાર | ૨૧૯ |




www.babaisraeli.com

# અસંતોષ અને અગ્નિજ્વાળા

૧

છેલ્લાં દશ વર્ષના રાજકારણે ભારતની જનતાને અવનવા અનુભવો કરાવ્યા છે. ઊડીને આંખે વળગે તેવો વ્યક્તિવાદ વકર્યો – અને તે પણ પ્રજાની ઇચ્છા-અનુમતિને નામે! માંડ બત્રીસ ટકા મત પ્રાપ્ત કરીને અસ્તિત્વમાં આવેલી કૉંગ્રેસી સરકારો આ દિવસોમાં વધારે મદાંધ બની. 'યાવચ્ચન્દ્રદિવાકરૌ' આ દેશનું રાજ કરવા માટે જ પોતે સર્જાયા છે, તેવો ભાવ તેમનામાં દઢ થયો. તેમને મળેલ બત્રીસ ટકા લોકોનું સમર્થન અને પ્રોત્સાહન પણ તેઓ જીરવી ન શક્યા. તેમના આચરણમાં ડગલે ને પગલે જનતાને અવિવેકનો અનુભવ થવા લાગ્યો. 'કોઈ આપણામાં વિશ્વાસ મૂકે, ત્યારે આપણી જવાબદારી અનેકગણી વધી જાય છે' આ મૂળમંત્રને તેઓ ઘોળીને પી ગયા.

તેઓ લોકશાહી દ્વારા મળેલી સત્તાનો ઉપયોગ સાચા અર્થમાં સમાજના દીન વર્ગ માટે કરતા હોત, તો આ દેશની આજે આપણે અનુભવીએ છીએ તેવી દુર્દશા ન થઈ હોત તે સ્પષ્ટ છે. સત્તાલોલુપ અને મદાંધ કૉંગ્રેસીઓએ નિષ્ઠાવાન ગાંધીવાદીઓને તો ક્યારનાય પોતાનાથી વેગળા કરી મૂક્યા હતા. હવે તો કૉંગ્રેસી અખાડામાં ખુરશીની ખેંચતાણ કરી શકે તેવા બળિયાઓ જ રહ્યા હતા. આ સૌએ પોતાની બધી જ શક્તિ પોતે સર્વસત્તાધીશ બને તે માટેના પ્રયત્નોમાં જ ખર્ચી નાખી હતી. એના પરિણામે મોટામાં મોટા કૉંગ્રેસી નેતાઓથી માંડીને નાનામાં નાના કૉંગ્રેસી કાર્યકરોને પણ આ દૂષણનો ચેપ લાગવા માંડ્યો. સત્તાના શોખનો ચેપ પણ, પાણીના પ્રવાહીની પેઠે



www.babaisraeli.com

ઉપરથી નીચે આવતો હોય છે. કૉંગ્રેસમાં પણ દરેક સ્તરે આ જ દશા થઈ.

પરંતુ રાષ્ટ્રની એ કમનસીબી હતી કે આ સત્તાભૂખ્યા રાજકારણીઓ (કૉંગ્રેસીઓ)ની સરકારોને અંકુશમાં રાખી શકે તેવા મજબૂત વિરોધપક્ષનો આ દેશમાં કંઈક અભાવ હતો. જોકે હકીકતમાં તો સબળ વિરોધપક્ષને પાંગરવા જ નહોતો દેવાયો; તેમ છતાં પોતાની શક્તિથી એક અતૂટ વિરોધપક્ષ ઊભો થાય તેવું પણ ન બન્યું, બલકે વિરોધપક્ષો વધુ ને વધુ વિભાજિત થતા રહ્યા!

આ પ્રકારની સ્વાર્થપ્રેરિત રાજ્યવ્યવસ્થા ભ્રષ્ટાચારને જન્મ આપે તે પણ એટલું જ સ્વાભાવિક હતું. પરિણામે આ દેશ ભયંકર ભ્રષ્ટાચારીઓનો ભોગ બન્યો. દૂર બેઠેલા ગામડાના કોઈ મુખી-સરપંચથી માંડીને દેશના ઊંચામાં ઊંચા અધિકારીઓ સુધીના બધાનો ભ્રષ્ટાચારે ભરડો લીધો ને ભ્રષ્ટાચાર જાણે વહીવટનું એક આવશ્યક અંગ બની ગયો. 'વજન' મૂક્યા વગર કોઈ કાગળ કે ફાઈલ ખસી શકે જ નહીં. કોઈ મંત્રી કે અધિકારીની મુલાકાત માટે પણ પટાવાળાના ખિસ્સામાં ચાપાણીની ગરમી આણવી જ જોઈએ, એ જાણે કે સ્વાભાવિક શિરસ્તો બની ગયો; આથી સરકારી તંત્ર સુવ્યવસ્થા તરફ ઉપેક્ષા સેવતું થયું.

શાસકોમાં પણ વહીવટી સ્તરના ભ્રષ્ટાચારને રોકવા માટે જરૂરી એવું 'નૂર' નહોતું, કારણ તેઓ પણ રાજકીય સ્તરના ભ્રષ્ટાચારમાં ગળાડૂબ હતા. ભ્રષ્ટ નીતિરીતિઓથી પોતાનો સ્વાર્થ સાધવો, ચૂંટણી જીતવા માટે પણ ભ્રષ્ટ આચારો આચરવા, સમાજના હિતના નામે સમાજના કેટલાક કહેવાતા આગેવાનોને સાચવી લેવાની દુર્વૃત્તિ – અને આ બધું સમાજની પ્રતિષ્ઠિત (?) વ્યક્તિઓ દ્વારા જ થતું!

આ પણ ઓછું હોય તેમ 'यथा राजा तथा प्रजा' પ્રમાણે આ પ્રકારના વહીવટી ભ્રષ્ટાચારની અસર સમાજવ્યવસ્થા ઉપર પણ પડી. સમાજવ્યવસ્થામાં ભ્રષ્ટાચાર વ્યાપી જાય એ સૌથી વધારે ભયાનક ગણાય. આ તો મૂળમાં જ ઘા કરનારી ઘટના હતી – પણ આ ઘાતક 'ઘા'થી પણ હિત ધરાવનારાઓને નાખુશ થવાનું કારણ નહોતું. તેઓ જાણતા જ હતા કે નિઃસત્ત્વ સમાજ પર શાસન કરવું એ વધારે સરળ પડશે અને માટે જ તેમણે પણ આ કામમાં યથાયોગ્ય સક્રિય ફાળો આપ્યો.

આ પ્રકારના ભ્રષ્ટાચારથી ખુશ થનારાઓ કરતાં નાખુશ થનારાઓની સંખ્યા વધારે હોય તે પણ સ્વાભાવિક હતું; પરંતુ આ મોટું બળ લક્ષ્યહીન, અસંગઠિત અને પોતાનામાં જ ગૂંચવાયેલ હોવાને કારણે અસહાય બની, સમગ્ર દુરાચારો દેખીને દુઃખી



www.babaisraeli.com

થતું, મૃતપ્રાય અવસ્થામાં પડ્યું હતું.

સરકારી ભ્રષ્ટ-નીતિઓને કારણે સામાન્ય જનતાની આવશ્યકતાઓનો સરકારને કોઈ ખ્યાલ જ રહ્યો નહોતો; એથી દેશભરમાં મોંઘવારીએ પણ માઝા મૂકી હતી. અસહ્ય મોંઘવારીએ સામાન્ય માનવીને જીવન જીવવાનું પણ દોહ્યલું બનાવી દીધું હતું. 'ગરીબી હટાવો'ના સૂત્રોચ્ચારથી પ્રભાવિત થઈ અનેક આશાઓ, અરમાનો અને અપેક્ષાઓ સાથે જેમને સત્તાનાં સૂત્રો સોંપ્યાં હતાં તેઓ જ 'નફ્ફટ' બની ગયા હતા.

ગુજરાતનો સામાન્ય નાગરિક મોંઘવારીની ભીંસમાં વધુ ને વધુ ભીંસાતો જતો હતો. કુટુંબના દરેક સભ્યને સવારથી સાંજ સુધી કોઈ ને કોઈ ક્યૂમાં ઊભા રહી ખરીદી માટેના નંબરની રાહ જોવી પડતી અને આમ છતાંય પોતાને જોઈતી વસ્તુ પોતાનો ક્રમ આવતાં સુધીમાં મળશે જ તેની ખાતરી નહોતી! પરિણામે 'માલ ખલાસ'નું પાટિયું જ્યારે અચાનક લગાવી દેવાય, ત્યારે સામાન્ય નાગરિકની દુઃખદ મનઃસ્થિતિનું વર્ણન કરવું ખરેખર મુશ્કેલ છે.

આસમાને ચડતા ભાવો અને જીવનજરૂરિયાતોની ચીજોની અછત હતી ત્યાંય પ્રજાના પૈસે તાગડધિન્ના કરતા નેતાઓ જનતાની આંખમાં કણાની જેમ ખૂંચવા લાગ્યા. આમેય ગુજરાતની પ્રજામાં ગળથૂથીમાં જ આ બધું હંમેશ માટે સહન કરવાનો સ્વભાવ નથી; પરિણામે આ દુઃખદ પરિસ્થિતિ સામે જનતાનો આક્રોશ વ્યક્ત થાય તેમાં કંઈ જ આશ્ચર્ય નહોતું.

આ બધી પરિસ્થિતિ માટે સરકાર કે નેતાઓની કોઈ પણ જાતની જવાબદારી ન હોય તે પ્રકારે તેઓ પોતાના રાજકીય કાવાદાવાઓમાં રચ્યાપચ્યા જ રહેતા હતા. ૧૩૯ની સભ્યસંખ્યા ધરાવતી 'ગુજરાત વિધાનસભા કોંગ્રેસ'ને પોતાનો નેતા બહારથી લાવવો પડ્યો! ઘનશ્યામભાઈ ઓઝાની સરકારથી કોંગ્રેસ પક્ષમાં જ અસંતોષ વધ્યો. સરકારી તંત્ર પર તેમની સરકારનો કોઈ જ પ્રભાવ નહોતો. પોતાના સાથીઓનો પણ પૂર્ણ સહયોગ તેમને નહોતો... છતાંય થોડા સમય સુધી તો તેમણે ગુજરાતનું ગાડું ગબડાવ્યે રાખ્યું.

અધૂરા, અધકચરા નિર્ણયો વહીવટી તંત્રની જટિલતા અને પ્રજાની હાલાકીમાં ઉમેરો કરતા રહ્યા; પરિણામે પ્રજાનો વિરોધ અદૃશ્ય સ્વરૂપે ખળભળવા લાગ્યો ને જ્યારે પ્રજાની હાડમારીએ માઝા મૂકી તે સમયે જ સત્તાભૂખ્યા કોંગ્રેસી જૂથવાદે



www.babaisraeli.com

'ટાંટિયાખેંચ'ની પ્રવૃત્તિઓ આદરી. સત્તાની પડાપડી માટેની બેફામ લૂંટ ૧૯૭૨ના જુલાઈ માસના પ્રારંભથી જ આરંભાઈ. એનું પરિણામ એ આવ્યું કે હવે ધારાસભ્યોના પણ ભાવ બોલાવા લાગ્યા. ઉપરથી મુકાયેલા ઘનશ્યામભાઈ ઓઝા ગુજરાત કૉંગ્રેસ કે તેની સરકારને સાચવી ન શક્યા, પરિણામે ઓઝા-સરકારનું પતન થયું.

આ ઘટનાએ ગુજરાતની પીડિત જનતાના ઘા પર મીઠું ભભરાવવાનું જ કામ કર્યું. પોતાનું પ્રધાનમંડળ રચવા ગુજરાતમાં પાણીની જેમ પૈસાનો દુર્વ્યય કરવામાં આવ્યો. કાવાદાવામાં કુશળ અને ભૂતકાળમાં રાજકારણમાં અસ્થિરતા નિર્માણ કરીને કુખ્યાત બનેલા શ્રી ચીમનભાઈ પટેલ 'પ્રપંચવટી'ના નાટક પછી સરકાર રચવામાં સફળ નીવડ્યા. વહીવટી કાર્યદક્ષતા હોવા છતાંય તેમણે જનતા માટે કશું જ કર્યું નહીં. તેમનું દ્વેષીલું, કુટિલ રાજકારણ પાછળથી તેમને જ ભારે પડ્યું. ફરીવાર કૉંગ્રેસનાં જૂથોનો આંતરિક સંઘર્ષ તીવ્ર બન્યો. ફરી એક વાર પ્રજાજીવન અને રાજ્યના સૂત્રધારો વચ્ચેની ખાઈ હતી તેથીય મોટી થતી ગઈ.

આ બધાંની સામે સમાજનાં નાનાંમોટાં જૂથો તરફથી 'સાત્ત્વિક છમકલાં' થવા લાગ્યાં, 'જે કાંઈ ચાલી રહ્યું છે તેની સાથે અમે તો નથી જ' તેવું દર્શાવનારાઓનું સંખ્યાબળ વધતું જતું હતું અને તક આવતાં પોતાના વિચારોનું પ્રાગટ્ય પણ થતું હતું. પોતાના જ દુર્વ્યવહારને કારણે ગુજરાતના સૌ નાના-મોટા કૉંગ્રેસી નેતાઓની ટીકાટિપ્પણી ખૂબ સસ્તી બની ગઈ હતી.

ચોરે ને ચૌટે સભાઓ ગજવીને નૈતિક મૂલ્યોની વાતો કરનાર કહેવાતા નેતાઓના હાથે જ નૈતિક મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો હતો. રોજબરોજ થતું લોકશાહી મૂલ્યોનું ધોવાણ તેમને મન એક રમત જેવું થઈ ગયું હતું; પરિણામે ગુજરાતની જનતા એ મૂલ્યોના ધોવાણથી અકળાવા માંડી. તેની ચારેબાજુનું વાતાવરણ – તે પછી રાજકીય હોય યા સામાજિક – સત્તાધીશો દ્વારા એટલું બધું કલુષિત થઈ ગયું હતું કે તેની સામેનો જનતાનો વિરોધ જાહેરમાં પ્રદર્શિત થતો ગયો અને ૧૯૭૩ના અંત સુધીમાં તો જનતાની આ વેદનાએ કોઈ ને કોઈ રીતે વિકરાળ રૂપ ધારણ કરવાનો પ્રારંભ કર્યો.

## પ્રજાકીય ચેતનાનાં દર્શન

કાંઈક શાંત પ્રકૃતિ ધરાવતું ગુજરાત આ બધી ઘટનાઓનું મૂક સાક્ષી બની



www.babaisraeli.com

શકે તે અશક્ય હતું. એની પાછળ પણ ઐતિહાસિક કારણો છે. પ્રજાકીય જાગૃતિના પ્રારંભથી જ ગુજરાત અનેક મહાપુરુષોની જન્મ-કર્મભૂમિ રહ્યું છે; પરિણામે ગુજરાતને રાષ્ટ્રીય લડત સાથે અને નેતાઓ સાથે નિકટનો સહવાસ મળ્યો છે. આ જ કારણે આઝાદી પૂર્વે અને તે પછી પણ ગુજરાત વધુ સક્રિય અને જાગ્રત રહ્યું છે. દરેક નાનામોટા રાષ્ટ્રીય અને પ્રજાકીય પ્રશ્ન અંગે ગુજરાતે હંમેશાં આગવી ભાત પાડી છે.

આ ઐતિહાસિક પૃષ્ઠભૂમિને જોતાં ગુજરાતમાં સળવળાટ થાય તે ખૂબ સ્વાભાવિક હતું.

૧૯૭૩ના ડિસેમ્બરના અંતમાં મોરબીની એન્જિનિયરિંગ હૉસ્ટેલના ફૂડબિલમાંથી ઊભા થતા પ્રશ્નોએ વિદ્યાર્થીઓને પોતાના પ્રશ્નો માટે આંદોલન કરવા પ્રેર્યા. થોડાક જ દિવસો બાદ ૧૯૭૪ની ચોથી જાન્યુઆરીએ તેનો ચેપ અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગની હૉસ્ટેલ સુધી પહોંચ્યો. તત્કાલીન શિક્ષણમંત્રી શ્રીમતી આયશાબેગમ શેખ પણ નિષ્ક્રિય સરકારનું પ્રતીક હતાં. તેમણે આ આંદોલનમાં જનસંઘનો 'હાથ' જોયો!

વિદ્યાર્થી-આલમ હવે રીતસર ભ્રષ્ટાચાર વિરુદ્ધ જંગે ચડી. માગણીઓનું સ્વરૂપ તેના મૂળ તરફ ગતિ કરવા લાગ્યું અને એ વિકરાળ સ્વરૂપને અંકુશમાં લેવા સરકારી દમનદોર સખત બનતો ગયો. છેવટે ભ્રષ્ટાચારના મૂળમાં કૉંગ્રેસ ને તેના નેતાઓ છે એમ અનુભવાતાં તેને દૂર કરવાનો સંકલ્પ કરાયો. ગુજરાતમાં જ નહીં, પણ રાષ્ટ્રની રાજકીય ક્ષિતિજે 'ગુજરાતનો વિદ્યાર્થી' ચમકી ગયો.

અનેક પૂરક બળો અને અસંતોષને કારણે નવનિર્માણ આંદોલન પ્રસરતું પ્રસરતું પ્રભાવશાળી બનતું ગયું; પરિણામે સમાજના દરેક વર્ગનો આ આંદોલનને ટેકો મળ્યો – જોકે કૉંગ્રેસનો આંતરિક કલહ પણ આ આંદોલનને વિસ્તારવામાં કારણરૂપ બન્યો. હવે એ માત્ર વિદ્યાર્થીઓનું જ નહીં, પણ ગુજરાતની સમસ્ત પ્રજાનું આંદોલન બની ગયું. સરકારના દમન સામે જનતાએ તેનો સામનો પણ ખૂબ નિર્ભીકતાથી કર્યો.

મદાંધ બનેલી કૉંગ્રેસી સરકાર માટે આઝાદીનાં પચીસ વર્ષ પછી પહેલી વારનો આ જબ્બર પડકાર હતો. જનતાએ આજ સુધી પ્રજાકીય તાકાતનો અસ્વીકાર કરનારા નેતાઓને પોતાનો પરચો બતાવવાનું શરૂ કર્યું. થોડુંક પણ લાંબું જોઈ શકનારા કૉંગ્રેસીઓ આ આંદોલનથી ભયભીત બન્યા.



www.babaisraeli.com

પરંતુ આ આંદોલનની એક કમનસીબી એ હતી કે આંદોલનને કોઈ સચોટ માર્ગદર્શન આપી શકે તેવી પ્રતિભા કે કોઈ વિદ્યાર્થી સંગઠન નહોતું. પરિણામે લડત અનેક દિશાઓમાં ફંટાઈ ગઈ. સરકારી દમનથી છંછેડાયેલી પ્રજા તરફથી પણ પ્રતિહિંસાના બનાવો બનતા ગયા, પરંતુ સરકારે તો એથીયે એક ડગલું આગળ વધી ખરેખરું હિંસક સ્વરૂપ ધારણ કર્યું. ગુજરાતના યૌવનને આડેધડ રહેંસી નાખતાં એ ક્રૂર સરકારને જરા પણ ખચકાટ ન થયો.

આંદોલનને કચડી નાખવા માટે સરકાર તરફથી અનેકવિધ પ્રયત્નો થયા; તે છતાં પ્રજા પોતાની માગણીઓ માટે અવિરત સંઘર્ષ કરતી રહી. ભ્રષ્ટાચાર પ્રત્યેની ગુજરાતની જનતાની નફરત અને ઉગ્રતા જોઈને શ્રી જયપ્રકાશ નારાયણ પણ પ્રભાવિત થયા. મૂલ્યોની જાળવણીના આગ્રહ માટે નિર્માણ પામેલ આ આંદોલનને જયપ્રકાશજીનું નૈતિક સમર્થન સાંપડ્યું. તેઓ ગુજરાતમાંથી જ પ્રેરણા લઈ બિહાર ગયા... પરિણામે એનો ચેપ વિસ્તૃત રૂપ ધારણ કરી દેશમાં ન ફેલાય એ હેતુથી કેન્દ્ર સરકારે ચીમનભાઈ પટેલને રાજીનામું આપી દેવાનું સૂચન કર્યું; આમ છતાંય ગુજરાતની જનતાને ચીમનભાઈનું રાજીનામું મેળવવા અવિરત અને અભૂતપૂર્વ સંઘર્ષ ખેલવો પડ્યો. ઘણા યુવાનોએ પોતાના પ્રાણની આહુતિ આપી દીધી. કેટલાક નિર્દોષ યુવાનો મૃત્યુના ખપ્પરમાં હોમાઈ ગયા. ગુજરાતની ભૂમિએ જાણે કે ચંડિકાનું સ્વરૂપ ધારણ કર્યું! સમગ્ર ગુજરાતમાં એક રક્તક્રાંતિ નિર્માણ થઈ. સમયની ગંભીરતા સમજી, તેનાં સંભવિત પરિણામોથી ચેતી જઈ, ચીમનભાઈ પટેલે આખરે રાજીનામું આપ્યું.

શ્રી ચીમનભાઈના રાજીનામાથી આઝાદીનાં પચીસ વર્ષ પછી પહેલી જ વાર જનતાનો પોતાની શક્તિમાં વિશ્વાસ વધ્યો.

## વિધાનસભા વિસર્જન

જનતાના આ વિશ્વાસે તેને બે કદમ આગળ વધવા પ્રેરણા આપી. ફક્ત ચીમનભાઈના રાજીનામાથી જ પ્રજા સંતુષ્ટ નહોતી બની, ચૂંટાયેલા સભ્યો પ્રત્યે તેનો રોષ હતો. આંદોલનનું બીજું નિશાન ગુજરાત વિધાનસભા બની...ને વિધાનસભા-વિસર્જનની માગણી અસ્તિત્વમાં આવી. ધીમે ધીમે તે માગણી પ્રબળ બની. એક પરાજયથી વ્યથિત બનેલી, ધૂંધવાયેલી કેન્દ્ર સરકાર, બીજા પરાજય માટે તૈયાર ન હોવાથી વિધાનસભા-વિસર્જનની માગણી સામે ઝૂકવા તૈયાર જ નહોતી... અને



www.babaisraeli.com

ઝૂકવામાં કૉંગ્રેસ માટે અનેક જોખમો પણ હતાં તે સ્પષ્ટ હતું; પરંતુ જનતાના આત્મવિશ્વાસે આંદોલન પણ મક્કમ બન્યું હતું. સામે પક્ષે સરકારનું દમન પણ ક્રૂર બનતું જતું હતું, પરિણામ એ આવ્યું કે ગુજરાતને દિશાસૂઝની જરૂર પડી, કોઈ યોગ્ય માર્ગદર્શનની આવશ્યકતા ઊભી થઈ.

ગુજરાતને દિશા આપવા માટે શ્રી મોરારજીભાઈ આગળ આવ્યા. તેઓએ વિધાનસભાના વિસર્જનની માગણી સાથે સહમત થઈ તે માટે આમરણાંત ઉપવાસ આદર્યા. આ ઉપવાસે એ આંદોલનને ખૂબ મોટું બળ પૂરું પાડ્યું ને તેને પ્રતિષ્ઠા પણ બક્ષી. હવે સરકારે વિસર્જનની માગણી સ્વીકાર્યા સિવાય છૂટકો જ નહોતો. અંતે કેન્દ્ર સરકારે ગુજરાત વિધાનસભાના વિસર્જનની જાહેરાત કરી... અને ગુજરાતની જનતાએ સતત બીજો વિજય હાંસલ કર્યો. તે વિજયના પાયામાં સો જેટલા નવયુવાનોની શહાદત પુરાઈ હતી.

આ બંને વિજયો સમગ્ર દેશ માટે દિશાસંકેત બન્યા. પ્રજાકીય આંદોલનના વિજયને પરિણામે સામાન્ય નાગરિકને પણ તેની અસરકારકતાનો ખ્યાલ આવ્યો. બીજી એક વાત એ પણ સ્પષ્ટ થઈ કે લોકશાહીમાં પ્રજા સત્તાનાં સૂત્રો ગમે તે પક્ષને સોંપે, તો પણ એ પક્ષ જો જનતાના હિતની વિરુદ્ધ જાય, તો પ્રજા તે ચલાવી લે તેમ નથી.

ગુજરાતના બે વિજયોમાંથી અનેક રાજ્યોને પ્રેરણા મળે તે સ્વાભાવિક હતું. શ્રી જયપ્રકાશજી ગુજરાતના આંદોલનથી ખૂબ પ્રભાવિત થયા હતા. જે.પી. દેશનાં હિતોને ધ્યાનમાં લઈ અન્ય રાજ્યોમાં પણ આવાં આંદોલનોને નેતૃત્વ પૂરું પાડવા માટે ખૂબ યોગ્ય વ્યક્તિ હતા અને દેશના સદ્‌ભાગ્યે દેશનો આ સપૂત એ માટે મેદાને પડ્યો!

એ દિવસોમાં 'ગુજરાતનું પુનરાવર્તન' શબ્દ પ્રજા માટે પ્રેરણાસ્રોત બની ગયો હતો; જ્યારે શાસકો માટે ભયપ્રદ હતો અને આ કારણે જ તેઓ પુનરુક્તિ કર્યા કરતા હતા કે 'ગુજરાતનું પુનરાવર્તન કરવા દેવામાં નહીં આવે.'

આમ છતાંય, જે.પી.ના નેતૃત્વમાં ગુજરાત કરતાંયે વધારે વ્યવસ્થિત રીતે અને નિર્ધારિત લક્ષ્યને પહોંચવા માટે મૂલ્યોની પુનઃપ્રતિષ્ઠા સાથે એક આંદોલન આગળ વધતું ચાલ્યું. આ આંદોલન સ્પષ્ટ રીતે ગુજરાતમાંથી મળેલ પ્રેરણાનું જ પરિણામ હતું. બિહારમાં પણ વિધાનસભાના વિસર્જનનો અવાજ બુલંદ બનતો જતો હતો અને



www.babaisraeli.com

માટે જ તે વખતનાં વડાંપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ એક નિવેદનમાં કહ્યું હતું : "ગુજરાત વિધાનસભાના વિસર્જનની માગણીનો સ્વીકાર કરીને મેં એક ગંભીર ભૂલ કરી છે."

## ગુજરાતની હૅટ-ટ્રિક

વિધાનસભાના વિસર્જન પછી ગુજરાતની જનતા ન્યાયી ચૂંટણીઓ દ્વારા પ્રજાકીય સરકાર બનાવવા તત્પર હતી, પરંતુ કૉંગ્રેસ સરકાર એ ચૂંટણીમાં સંભવિત પરાજય વહોરવા તૈયાર નહોતી. નવનિર્માણનો વિચાર બદનામ ન થાય ત્યાં સુધી તે રાહ જોવા માગતી હતી, પરંતુ જનતાને એ સ્વીકાર્ય નહોતું.

ચૂંટણીઓની માગણી જોર પકડતી રહી. એ જ દિવસોમાં 'ગુજરાત સંઘર્ષ સમિતિ'ની સ્થાપના થઈ. આ રચનાની પાછળ અરસપરસના મતભેદો ભુલાવીને એક કરવામાં શ્રી કે. ડી. દેસાઈ સહિત કેટલાક સંનિષ્ઠોના પ્રશંસનીય પ્રયત્નો હતા. ગુજરાતમાં બધા પક્ષોએ ભેગા મળીને ચૂંટણીની માગણીનો પ્રારંભ કર્યો, કેન્દ્ર સરકારને લડતનો કૉલ આપ્યો.

આ જ દિવસોમાં શ્રી મોરારજીભાઈએ આગળ આવીને ફરી એક વાર લડતનો દોર પોતાના હાથમાં લીધો. તેમણે પુનઃ દિલ્હીમાં આમરણાંત ઉપવાસ કર્યા. નહીં ઝૂકવાનો નિર્ધાર કરીને બેઠેલી કેન્દ્ર સરકારને ફરી એક વાર પ્રજાના અવાજ સામે ઝૂકવું પડ્યું ને તેણે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ આપવાની જાહેરાત કરી. ગુજરાતનો આ ત્રીજો વિજય હતો. ગુજરાત તેની હૅટ-ટ્રિક માટે ગૌરવ લઈ રહ્યું હતું.

આ ત્રણે લડતોમાં જનઆંદોલન દબાવવા માટે સરકારે આકાશપાતાળ એક કર્યાં હતાં. સામ, દામ, દંડ, ભેદની નીતિ અજમાવવા છતાં તેઓ જનતા સામે ટકી ન શક્યા! તેમની 'નઈ રોશની'ને હવે કાળો ડાઘ લાગી ગયો હતો.

કૉંગ્રેસી સરકારો તેમના જ પાપે ચારે તરફથી ઘેરાઈ ગઈ હતી. ગુજરાતની ચૂંટણી અને ચરમ સીમાએ પહોંચેલું બિહારનું આંદોલન એ તેમની સામે પડેલા બે મોટા પડકાર હતા.

ગુજરાતના જનઆંદોલને વિરોધપક્ષોને નજીક લાવવામાં ખૂબ અગત્યનો ભાગ ભજવ્યો હતો. કૉંગ્રેસી શાસકોથી કંટાળેલી જનતા પણ હવે કોઈ શક્તિશાળી વિકલ્પની ઇચ્છા રાખતી હતી. ૧૯૭૫ના માર્ચની ૨૨-૨૩ એમ બે દિવસ માટે



www.babaisraeli.com

અમદાવાદમાં બૌદ્ધિકોની એક રાજકીય પરિષદ યોજાઈ. ગુજરાતના વિરોધપક્ષો એકત્ર થઈને કેવી રીતે ચૂંટણી લડે એ વિશે તેમાં ચર્ચાવિચારણા થઈ ને તેમાંથી જ 'લોકસંઘર્ષ સમિતિ'નો જન્મ થયો.

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીઓનાં પરિણામોથી એ હકીકત સૌને સમજાઈ ગઈ હતી કે વિરોધપક્ષોએ એકત્ર થવું અનિવાર્ય છે. ગુજરાતની જનતા પણ આ દિશામાં વિરોધપક્ષોને આગળ ખેંચી લાવવા માટે કૃતનિશ્ચયી હતી. જનસંઘની અ.ભા. કારોબારીએ જમ્મુની બેઠકમાં મોરચાની આવશ્યકતાનો સ્વીકાર કરી, ધીરે ધીરે બધા પક્ષો સાથે હાથ લંબાવવાની પહેલ કરી. પક્ષો 'જનતા મોરચા'ને નામે એકત્ર થયા.

## ઈન્દિરાને ચોથી પછાડ

આઝાદી પછી પહેલી વાર 'એક વિરુદ્ધ એક' એમ ચૂંટણીજંગ લડવાનું માન ગુજરાતને ફાળે ગયું. શ્રીમતી ગાંધી પણ આ પડકારને, તેની ગંભીરતાને સમજી ગયાં. ચૂંટણીનો પરાજય તેમના માટે અસ્તિત્વના પ્રશ્નો ઊભા કરશે તે સમજવું તેમના માટે મુશ્કેલ નહોતું, આથી જ ગુજરાતની ચૂંટણીઓ જીતવા માટે તેમણે અભૂતપૂર્વ પ્રયત્ન કરી પોતાની પ્રતિષ્ઠાને હોડમાં મૂકી. દિનરાત અવિરત મહેનત કરી, સો કરતાં પણ વધારે સભાઓ યોજીને જનતાને પોતાની તરફ વાળવાનો ઝંઝાવાતી, છતાં નિષ્ફળ પ્રયત્ન કર્યો. કોઈ પણ ઉપાયે ગુજરાતને જીતવાના કૉંગ્રેસના પ્રયાસો સફળ ન થયા, 'ગુજરાતી વહુ'નાં કામણ ખપ ન લાગ્યાં.

ગુજરાતની જનતાએ પોતાનું મન કળાવા ન દીધું અને સતત ચોથી વાર ગુજરાતની જનતાએ ઇન્દિરાને પછાડ ખવડાવી, જનતા મોરચાને વિજયી બનાવ્યો. ૧૨મી જૂન ૧૯૭૫નો દિવસ ભારતના લોકતંત્રને નવી દિશા આપનાર પુરવાર થયો.

ગુજરાતના જનઆંદોલનને અને સામાન્ય નાગરિકના આક્રોશને દબાવવા માટે શ્રીમતી ઇન્દિરા ગાંધી અને તેમના સાથીદારોએ પોતાનાં બધાં જ શસ્ત્રોનો ઉપયોગ કર્યો, પરંતુ દરેક વખતે તેઓ નિષ્ફળ નીવડ્યાં અને જનતા અવિરત વિજય હાંસલ કરતી રહી.

આ ઓછું હોય તેમ અલ્લાહાબાદની વડી અદાલતના ચુકાદાથી શ્રીમતી ગાંધીની બગડતી જતી સ્થિતિ ઉપર એક વધુ ફટકો પડ્યો. ગુજરાતનાં પરિણામો



www.babaisraeli.com

અને અલ્લાહાબાદના ચુકાદાએ કૉંગ્રેસના આંતરિક રાજકારણમાં એક વાવંટોળ ઊભો કર્યો. શ્રીમતી ગાંધીની ભ્રમજાળો તૂટી ગઈ.

સત્તાલાલસુ શ્રીમતી ગાંધી કોઈ પણ રીતે સત્તા છોડે તેમ ન હતાં. પોતાની સત્તા ટકાવી રાખવા માટે તેઓ વધુ ચિંતિત બન્યાં. બીજી તરફ અખિલ ભારતીય ધોરણે તેમના રાજીનામાની માગણી વધતી ચાલી. તેમના સાથીઓમાં પણ આ વિચાર તીવ્ર બનતો ગયો... પણ આ બધાથી બચવા માટે ઇન્દિરાજી માટે એક નવા જ શસ્ત્રની જરૂરિયાત ઊભી થઈ... અને આમ ભયમાંથી ઊભી થયેલ જરૂરિયાતે કટોકટીના વિચારને જન્મ આપ્યો. અનેક હકીકતો દ્વારા એ વાત સ્પષ્ટ બને છે કે કટોકટીનો વિચાર ૨૬ જૂનથી ઘણો વહેલો સ્પષ્ટ બની ગયો હતો અને તેની તૈયારીઓ પણ થઈ ગઈ હતી.

દિલ્હીમાં ભારતના સ્વાતંત્ર્યને કચડી નાખવાની યોજનાઓ ઘડાઈ રહી હતી ત્યારે ગુજરાતમાં 'સાચા અર્થ'માં પ્રજાકીય સરકાર પૂરી પાડવાની તૈયારીઓ જનતા મોરચો કરી રહ્યો હતો. ૧૯મી જૂને ગુજરાતમાં મોરચા સરકારે શ્રી બાબુભાઈ પટેલના નેતૃત્વમાં સત્તાનાં સૂત્રો હાથમાં લીધાં; પરંતુ સાત જ દિવસમાં ગુજરાતની મોરચા સરકારની સ્થિતિ 'અનાથ બાળક' જેવી બની ગઈ. લોકશાહીરૂપી માતાની કૂખે જન્મેલ મોરચા સરકારની માતૃશક્તિ સમી લોકશાહીને ગળે કટોકટીના રેશમી પાશથી ટૂંપો દેવામાં આવ્યો.



www.babaisraeli.com

# અણધાર્યો આઘાત
# અને પ્રતિકારનો પ્રારંભ

ગુજરાત એક વર્ષના લાંબા સંઘર્ષ પછી આડે પડખે થયું હતું. રાજકીય નેતાઓ પણ જનતા મોરચા સરકારની રચના કર્યા પછી કાંઈક હળવાશનો દમ ખેંચી રહ્યા હતા. ત્યાં જ ૨૫મી જૂન ૧૯૭૫ની ઉનાળુ રાત્રિના પાછલા પરોઢે ગુજરાતના નેતાઓના ટેલિફોન રણકી ઊઠ્યા. આવું જલદ પગલું સરકાર ભરશે તેવી કોઈને કલ્પના પણ નહોતી, આખી રાત દિલ્હીથી ફોન-સંદેશાઓ આવવા લાગ્યા.

- *જે.પી.ની ધરપકડ...*
- *મોરારજીભાઈને લઈ ગયા...*
- *નાનાજીની શોધ ચાલે છે...*
- *સંઘના કાર્યાલયને પોલીસનો ઘેરો છે...*
- *રાજકીય પક્ષોની ઑફિસો પર પોલીસના દરોડા...*
- *આખા દિલ્હી શહેરમાં પોલીસવાનો ફરી રહી છે...*
- *ક્યાંક લશ્કરી વાહનો પણ દેખા દે છે...*
- *છાપાવાળાઓને પણ ફોન મળતા નથી...*
- *ક્યાંક ક્યાંક ટેલિફોન 'રિસીવ' કરવાનું કામ પોલીસ જ કરે છે...*
- *કશું સમજાતું નથી...*
- *તમો તમારા સ્થાનેથી ખસી જાઓ...*
- *રા. સ્વ. સંઘ કાર્યાલયમાં કોઈ રહે નહીં...*
- *અગત્યનાં કાગળો અને સરનામાંની ફાઈલો સલામત સ્થળે ખસેડો....*

૨



www.babaisraeli.com

– દિલ્હી આર.એસ.એસ. કાર્યાલયમાંથી પ્રમુખ કાર્યકર્તાઓને પકડી લીધા છે...

– આ સમાચારો મુંબઈને જણાવો.....

બીજો ફોન...

– નાગપુરની માહિતી મળે તો દિલ્હીને જણાવો.....

– પરિસ્થિતિ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી કોઈએ પકડાવું નહીં, સૌને જાણ કરો.....

ત્રીજો ફોન...

– કદાચ હવે અહીંથી બહાર ફોન નહીં થઈ શકે...

– ત્યાંથી બૅંગ્લોર, મદ્રાસનો સંપર્ક થઈ શકે તો સૂચના આપો...

– અટલજી, અડવાણીજી બૅંગ્લોર છે...

– તમિલનાડુ સરકારનું શું છે...

– અજાણ્યા ફોન આવશે... કોઈ માહિતી આપવી નહીં...

રેડિયો પરથી સરમુખત્યાર પોતાનું પ્રથમ વાયુપ્રવચન કરે તે પહેલાં તો અનેક સંદેશા અને સૂચનાઓ આમ પહોંચી ગયાં હતાં.

કાંકરિયા-મણિનગર વિસ્તારમાં આવેલ આર.એસ.એસ.નું પ્રાદેશિક કાર્યાલય સવાર સુધીમાં તો ધમધમી ઊઠ્યું. આખીયે રાત સંઘપ્રચારક અને પ્રદેશ જનસંઘના મંત્રી શ્રી નાથાભાઈ ઝઘડા સંદેશાઓની આપલે કરતા રહ્યા. અમે બધા કાર્યાલયને 'ઠીક' કરવામાં લાગી ગયા.

બધા રાજકીય પક્ષોની મુખ્ય મુખ્ય વ્યક્તિઓને સવાર સુધીમાં સંદેશા મળી ગયા. પરિસ્થિતિની ગંભીરતા બધાંના ધ્યાનમાં આવી ગઈ હતી. જોકે ગુજરાતમાં મોરચા સરકાર હોવાને કારણે અન્ય રાજ્યોની જેમ હુમલાનો પ્રત્યક્ષ અનુભવ કરવાનો વારો ગુજરાતને માથે ન આવ્યો.

ગુજરાતની સંભવિત મોકળાશને જોતાં કટોકટીની પહેલી રાતથી જ અમદાવાદ અખિલ ભારતીય સમાચાર-સંદેશાઓની આપલેનું કેન્દ્ર બની ગયું.

પ્રાતઃકાળે જ આખાયે શહેરમાં અને ગુજરાતમાં આ ઘાતકી કૃત્યના સમાચારો પહોંચી ગયા. અમદાવાદમાં સાચા સમાચારો જાણવા ઉત્સુક લોકોનાં ટોળાં કૉંગ્રેસ ભવનની ઑફિસે એકઠાં થવા લાગ્યાં. વાતાવરણમાં ખૂબ ઉશ્કેરાટ હતો. બધા રાજકીય આગેવાનો અને પત્રકારો ત્યાં હાજર હતા.



www.babaisraeli.com

મેદની જામતી જતી હતી. લોકો આદેશની રાહ જોતા ઊભા હતા. સૌના મનમાં કાંઈક અવનવું થવાના ભણકારા વાગતા હતા...ત્યાં જ શ્રી વસંતભાઈ ગજેન્દ્રગડકર બહાર આવ્યા. હાથમાં નાનકડું માઇક હતું. તેમણે સૌને શાંત રહેવા અપીલ કરી. પ્રાપ્ત થયેલા સાચા સમાચારોથી તેમણે સૌને વાકેફ કર્યા.

સંઘર્ષ સમિતિની એક તાકીદની બેઠક મળી. એ બેઠકમાં ગુજરાતવ્યાપી પ્રતિકાર કરવાનો નિર્ણય લેવાયો. તા. ૨૬ અને ૨૭મી જૂન એમ બે દિવસ ગુજરાતવ્યાપી હડતાળનો આદેશ અપાયો. ૨૬મીએ સાંજે શક્ય હોય ત્યાં બધાં ગામોમાં જાહેરસભાઓ કરી, કટોકટી સામે વિરોધ પ્રદર્શિત કરવાનો નિર્ણય થયો. તે જ દિવસે અમદાવાદમાં પણ સાંજે છ વાગ્યે જયપ્રકાશ ચોકમાં સભાનું આયોજન થયું.

## હડતાળ

કટોકટીના સમાચારો જેમ જેમ પ્રસરતા ગયા તેમ તેમ તેના વિરોધનો પ્રભાવ પણ તીવ્ર થતો ગયો. અમદાવાદમાં બજાર ખૂલ્યાં ન ખૂલ્યાં ત્યાં તો બંધ પણ થઈ ગયાં. વિદ્યાર્થીઓ સ્કૂલ-કૉલેજમાંથી બહાર આવી ગયા. અમદાવાદમાં હાઈકૉર્ટ સહિતની તમામ કૉર્ટ-કચેરીઓ બંધ રહી. વકીલો પ્રતિકાર કરવા આગળ આવ્યા. તેમણે એક સરઘસ કાઢ્યું અને જાહેર સભામાં ઇન્દિરાના બિનલોકશાહી પગલાની આકરી ટીકા કરી.

તરત જ વડોદરા શહેરમાં એક 'જનતા સંઘર્ષ સમિતિ'ની રચના કરવામાં આવી. ૨૬ જૂને સંસ્થા કૉંગ્રેસના શ્રી મનુભાઈ પટેલના પ્રમુખપદે એક જાહેર સભામાં લોકશાહી માટે લડી લેવાનો નિર્ધાર કરવામાં આવ્યો.

ગુજરાતનાં નાનાંમોટાં બધાં જ ગામોમાં સંપૂર્ણ હડતાળ પડી. સુરત, વલસાડ, ભરૂચ, વડોદરા, નડિયાદ, મહેસાણા, ભુજ, જામનગર, રાજકોટ, જૂનાગઢ, ભાવનગર જેવાં મુખ્ય શહેરોમાં પણ જાહેર સભાઓ થઈ.

અમદાવાદમાં શ્રી બી. કે. મજમુદારના પ્રમુખપદે જયપ્રકાશ ચોકમાં એક જાહેર સભા થઈ. દિવસભરના ઉશ્કેરાટ પછીની આ સભામાં વિશાળ માનવમહેરામણ ઊમટ્યો હતો. આખાય દિવસ દરમ્યાન બાબુભાઈ જશભાઈ પટેલની ધરપકડની અફવાઓ ચાલુ જ રહી. શ્રી વસંતભાઈ ગજેન્દ્રગડકર અને શ્રી દિનેશભાઈ શાહે આ સભાને સંબોધી. અન્ય રાજ્યોમાંથી મળેલા સમાચારોની તેમણે માહિતી આપી.



www.babaisraeli.com

શ્રીમતી ગાંધીએ ભારતની જનતા સામે ફેંકેલા પડકારને ઝીલી લઈ, તેનો શાંત પ્રતિકાર કરવાની તેમણે જનતાને હાકલ કરી. ગુજરાતમાં 'મોરચા'ની લોકશાહી સરકાર હોવાથી સંઘર્ષમાં દેશનું નેતૃત્વ કરવાની નૈતિક જવાબદારી ગુજરાતને માથે આવી અને તે અદા કરવાનો નિર્ધાર થયો. શ્રી વસંતભાઈએ નવનિર્માણથી રંગાયેલા યુવાનોને અપીલ કરી : "જોજો... પથ્થરમારાથી વાતાવરણ કલુષિત ન થાય." અપીલની અસર પણ જબરી થઈ. ખુદ ખાડિયાએ પણ શાંત પ્રતિકારનો પરિચય કરાવ્યો. લડાયક બનેલા ગુજરાતની એ તાકાત વિરલ હતી.

મોટા ભાગના અખિલ ભારતીય નેતાઓ પકડાઈ ગયા હતા. ૨૬ જૂનની મોડી રાત સુધી અનેક પ્રયત્નો પછી પણ કોઈ અખિલ ભારતીય નેતાનો સંપર્ક શક્ય ના બન્યો. 'ગુજરાત લોકસંઘર્ષ સમિતિ'નો 'કેન્દ્રીય લોકસંઘર્ષ સમિતિ' સાથેનો સંબંધ પણ કપાઈ ગયો. ગુજરાત ઉપર પણ ક્યારે કેવી આફતો ઊતરી પડશે તે કહેવું મુશ્કેલ હતું. દેશની સ્થિતિ જોતાં ગુજરાત સાવ એકલું-અટૂલું તોફાની સાગર વચ્ચેના દ્વીપ સમું થઈ ગયું હતું.

આવી પડેલ ભયાનક આફતનો આ તો પ્રારંભકાળ જ હતો. અનેક નાનામોટા નેતાઓ અને કાર્યકરો પોતપોતાનાં જૂથમાં મળીને પરિસ્થિતિનો તાગ મેળવવા પ્રયત્નો કરવા લાગ્યા.

કટોકટીનો પ્રભાવ વ્યાપક બનાવવા માટે સરકાર તરફથી લેવાયેલ પગલાં જોતાં 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ' પરના હુમલાની ઘડીઓ ગણાતી હતી.

ગુજરાત રા. સ્વ. સંઘના પ્રાંત-પ્રચારક શ્રી કેશવરાવજી દેશમુખ કટોકટીની જાહેરાત વખતે જામનગર જિલ્લાના પ્રવાસે ગયા હતા. તેઓ પણ પોતાનો પ્રવાસ ટૂંકાવી અમદાવાદ પાછા ફર્યા. સંઘના કેટલાક પ્રમુખ કાર્યકરો પણ મળેલ માહિતીના આધારે પરિસ્થિતિનો તાગ કાઢવા માટે એકઠા થયા. આર. એસ. એસ. પર પ્રતિબંધ આવશે તેવું સ્પષ્ટ દેખાઈ આવતું હતું.

## નવી વ્યવસ્થાઓ

સંઘના કાર્યકરોએ પ્રતિબંધ આવે તે પહેલાં જ સંગઠનના સંપર્ક માટેની વ્યવસ્થા ગોઠવી દેવાનો નિર્ણય કર્યો. દરેક જિલ્લામાં વ્યવસ્થા માટેની આવશ્યક સૂચનાઓ લઈને કાર્યકરો પહોંચી ગયા. ૩૦મી જૂન પહેલાં તો પ્રાંતનાં પ્રમુખ સ્થાનોનું



www.babaisraeli.com

વ્યવસ્થાતંત્ર ગોઠવાઈ ગયું. સંઘની હંમેશ મુજબ ચાલતી ઑફિસોમાં કામ કરવાનું બંધ કરી દેવામાં આવ્યું. ત્યાં જ ૩૦મી જૂને શ્રી બાળાસાહેબ દેવરસની ધરપકડના સમાચાર આવી ગયા. હવે સંઘ પર પ્રતિબંધ આવશે તે નિશ્ચિત થઈ ગયું હતું.

કેન્દ્રમાં બચી ગયેલા નેતાઓ તેમ જ ૨૬ જૂનથી ભૂગર્ભમાં ગયેલા 'કેન્દ્રીય લોકસંઘર્ષ સમિતિ'ના મંત્રી શ્રી નાનાજી દેશમુખ વગેરે દેશનાં બધાં રાજ્યો સાથે સંપર્ક સાધવા માટે પ્રયત્નશીલ હતા. શરૂઆતના દિવસોમાં દિલ્હીમાં રહીને જ આ કાર્ય ગોઠવવું ઘણું અઘરું હતું. દિલ્હીમાં રહેતા ભૂગર્ભ નેતાઓ માટે પણ પરસ્પર સંપર્ક શક્ય નહોતો બન્યો. આ કાર્યમાં ગુજરાત કેટલું ઉપયોગી બની શકે તેની શક્યતાઓ જોવા દિલ્હીથી જનસંઘના એક ભૂગર્ભ કાર્યકર શ્રી રામભાઈ ગોડબોલે અમદાવાદ આવી પહોંચ્યા.

તેમની પાસે દિલ્હીની વિગતવાર માહિતી હતી. તેમણે ગુજરાતના બધા જ રાજકીય આગેવાનોની મુલાકાત લઈને નવી પરિસ્થિતિ અંગે વિચારવિમર્શ કર્યો. ગુજરાતની સાનુકૂળ પરિસ્થિતિનો લડતમાં કેટલો ઉપયોગ કરી શકાય તેનો પણ વિચાર થયો. તેમના આવવાથી ગુજરાત માટે દિલ્હીમાં રહેતા નાનાજી દેશમુખ સાથે સંપર્ક સ્થાપિત કરવાનું શક્ય બન્યું.

નવી પરિસ્થિતિનો વિચાર કરી, નવી જ વ્યૂહરચના ઘડી કાઢવા માટે અમદાવાદમાં ગુજરાત જનસંઘના પ્રાંતભરના કાર્યકરોની એક બેઠક યોજાઈ.

આ બેઠકમાં એક બાબતે તો સર્વસંમતિ હતી કે શ્રીમતી ગાંધી ગુજરાત સરકારને પદભ્રષ્ટ કરીને સૂતેલા નાગને છંછેડવાનું દુષ્કૃત્ય નહીં કરે. બીજો મત એ હતો કે શ્રીમતી ગાંધી મોરચા સરકારને પદભ્રષ્ટ કરવા કરતાં પોતાની સ્થિતિ મજબૂત બન્યા પછી પક્ષપલટા દ્વારા મોરચા સરકારને પરાસ્ત કરવાનું વધુ યોગ્ય માનશે.

આ શક્યતાઓ છતાં આવી પડનાર કોઈ પણ સંકટનો મુકાબલો કરવા માટેનો વિચાર પણ થયો.

ગુજરાત માટે હવે કટોકટી સામે બે પ્રકારે કામ કરવાની સ્થિતિ નિર્માણ થઈ. પ્રથમ તો ગુજરાતની પ્રતિકારશક્તિને સતત ચેતનવંતી રાખવાનું... બીજું કાર્ય હતું દેશનાં અન્ય રાજ્યોમાં પ્રારંભ થયેલા ભૂગર્ભ આંદોલન અને ભૂગર્ભ કાર્યકરો સાથે સંબંધ રાખી દેશ સાથે અનુસંધાન જોડવાનું. પ્રથમ, પ્રતિકારશક્તિને ચેતનવંતી રાખવા માટે 'ગુજરાત લોકસંઘર્ષ સમિતિ' ખૂબ જ સક્રિય હતી, જ્યારે કેન્દ્ર તેમ જ અન્ય રાજ્યો



www.babaisraeli.com

સાથે સંબંધ જાળવવા માટે નવેસરથી વિશેષ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવાની આવશ્યકતા હતી. આ કાર્યો માટે બધાં રાજ્યો સાથે સંબંધો પ્રસ્થાપિત કરીને માહિતીની આપલે કરવા માટે વિશાળ સંગઠનની આવશ્યકતા હતી. આર. એસ. એસ. અને જનસંઘનાં સંગઠનો માટે આ કાર્ય વધારે શક્ય હતું. તેમણે ગુજરાતમાં પ્રતિકારના કાર્યક્રમોની સાથે સાથે અન્ય રાજ્યો સાથે સંપર્કનું કાર્ય પણ સંભાળ્યું.



www.babaisraeli.com

# પ્રતિકારનું પહેલું ચરણ !

શરૂઆતના ઉશ્કેરાટ પછી સ્વસ્થ રીતે વિચારીને આગળ વધવાની સ્થિતિ પેદા થઈ હતી. 'કેન્દ્રીય લોકસંઘર્ષ સમિતિ' તરફથી વ્યક્તિગત સત્યાગ્રહનો કાર્યક્રમ જાહેર થયો.

અગાઉથી નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે 'ગુજરાત સર્વોદય મંડળ'ની એક બેઠક અમદાવાદમાં હતી. આ બેઠકમાં શ્રીમતી ગાંધીના બિનલોકશાહી પગલાનો વિરોધ કરવામાં આવ્યો. એમાં ગુજરાતમાં ગાંધીચીંધ્યા માર્ગે અહિંસક રીતે વ્યાપક પ્રતિકાર કરવાનો અને પ્રજાને જાગ્રત કરવાનો પણ નિર્ણય લેવાયો.

ગુજરાતમાં મોરચા સરકાર હોવાને કારણે સભાસરઘસની બંધી નહોતી. ૨૯મી જૂને સાંજે અમદાવાદમાં રાજભવન પર કૂચ લઈ જવાનો કાર્યક્રમ યોજાયો. કુ. મણિબહેન પટેલ અને શ્રી ભોગીભાઈ ગાંધીની આગેવાનીમાં યોજાયેલ આ કૂચમાં ૫,૦૦૦ નાગરિકોએ ભાગ લીધો. કેન્દ્ર સરકારના પ્રતિનિધિ તરીકે બિરાજતા ગુજરાતના રાજ્યપાલ શ્રી કે. કે. વિશ્વનાથનને એક આવેદનપત્ર આપવામાં આવ્યું. એમાં કટોકટી તત્કાળ ઉઠાવી, લોકતંત્રની પુનઃસ્થાપના કરવાની માગણી કરવામાં આવી. ગુજરાતના પ્રજાજનોની ઇચ્છા કેન્દ્ર સરકાર સુધી પહોંચાડવાની રાજ્યપાલશ્રીને વિનંતી પણ કરવામાં આવી.

ગુજરાતના વયોવૃદ્ધ લોકસેવક પૂ. રવિશંકર મહારાજે શ્રીમતી ગાંધીને એક તાર કરીને પોતાની વ્યથા વ્યક્ત કરી. રાષ્ટ્રના અને શ્રીમતી ગાંધીના બન્નેના હિતમાં લોકતંત્રની પુનઃપ્રતિષ્ઠા કરવાની તેમણે માગણી કરી. આ સિવાય પણ

3



www.babaisraeli.com

ગુજરાતના અનેક જાણીતા આગેવાનોએ પોતાનો વિરોધ નોંધાવ્યો.

### જનતા સાથે જનતા-મોરચો

એ દિવસોમાં ગુજરાત સરકાર તૂટવાના ભણકારા વાગી રહ્યા હતા. સરકાર સહેજ પણ માથું ઊંચકે તો તેની પર આફત ઊતરી આવે તે નિશ્ચિત હતું. આવી વિષમ સ્થિતિ હોવા છતાં પણ સરકારે પ્રતિકારનો પ્રારંભ કરવાનો નિર્ધાર કર્યો, પરિણામે ગુજરાત સરકારે 'મિસા' અને જાહેરસભાઓ પરના પ્રતિબંધની કેન્દ્રની વાત માન્ય ન રાખી. પ્રતિકારના પ્રથમ પગલા તરીકે ૩૦મી જૂને મળેલ ગુજરાત જનતા-મોરચા વિધાનસભા પક્ષે કટોકટીના વિરોધમાં એક ઠરાવ પસાર કર્યો. આ ઠરાવમાં શાંત પ્રતિકાર કરી રહેલ ગુજરાતની જનતાનું અભિવાદન કરવામાં આવ્યું અને લોકશાહીની પુનઃસ્થાપના અર્થે ચાલનાર શાંત અને અહિંસક લડતને પોતાનો સક્રિય ટેકો જાહેર કરવામાં આવ્યો.

મોરચા-સરકાર હોવાને કારણે આમ તો ગુજરાતના નાગરિકો કટોકટીના કારમા પ્રભાવથી મુક્ત હતા. નાગરિક તરીકેના તેમના અધિકારો સુરક્ષિત હતા; પરંતુ દિવસરાત અપપ્રચારનો ધોધ વરસાવતાં રેડિયો અને ટી.વી. સહુને આંખના કણાની જેમ ખૂંચતાં હતાં.

ગુજરાતે આકાશવાણી સામે વિરોધ વ્યક્ત કરવાનું નક્કી કર્યું. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ભુજનાં આકાશવાણી કેન્દ્રો સામે 'લો. સં. સમિતિ'ના કાર્યકરોએ ધરણાંનો કાર્યક્રમ કર્યો. આ કાર્યક્રમમાં સેંકડો યુવાનો જોડાયા. અમદાવાદના આકાશવાણી કેન્દ્ર સામે 'જનવાણી' પરથી એક ખાસ સમાચાર-બુલેટિન પ્રસારિત કરવાનો એક પ્રતીકાત્મક કાર્યક્રમ પણ થયો.

### શહીદોની સ્મૃતિમાં...

દેશ પર આવી પડેલ કૃત્રિમ આફતના મૂળમાં ગુજરાતના નવનિર્માણના શહીદોની શહાદત અતૂટપણે જોડાયેલ છે. 'ગુજરાત લોકસંઘર્ષ સમિતિ'એ વિશિષ્ટ પ્રકારના ભાવાત્મક કાર્યક્રમનો કોલ આપ્યો. ગુજરાતની જનતા નવ-નિર્માણના શહીદોના સ્મારકો પાસે જઈને પ્રજાતંત્રની પુનઃસ્થાપના માટેના પ્રતિકારની પ્રતિજ્ઞા લે એવો નિર્ણય થયો.



www.babaisraeli.com

ગુજરાતમાં ગામડાં સુધી રચાયેલ ૧૦૦ કરતાં પણ વધારે શહીદખાંભીઓ પાસે જઈને ગુજરાતના હજારો નાગરિકોએ શહીદોની શહાદત એળે નહીં જવા દેવાના સોગંદ લીધા... 'આ મહાન રાષ્ટ્રની આઝાદી અને અખંડિતતા તથા પ્રજાના મૂળભૂત લોકશાહી અધિકારો'ને માટે જરૂરી તમામ બલિદાનો આપવાની પ્રતિજ્ઞા પણ કરી.

૨૮મી જૂને વડોદરા શહેરના નાગરિકોએ એક જંગી મૌન-સરઘસનું આયોજન કર્યું. આ સરઘસમાં જોડાયેલ સૌએ કાળી પટ્ટી ધારણ કરીને કાળાં કરતૂતો સામે પોતપોતાનો મૂક વિરોધ નોંધાવ્યો. સરઘસ શહીદસ્મારકોને પુષ્પહાર કરી આગળ વધ્યું અને પ્રાણની આહુતિ આપવાની પ્રતિજ્ઞા કરી.

આમ કટોકટીના પ્રથમ સપ્તાહમાં ગુજરાતે પોતાનાં ગાંધીવાદી શસ્ત્રો સજી લીધાં હતાં!



www.babaisraeli.com

# પ્રતિબંધ અને ભૂગર્ભવાસ

૩૦મી જૂને 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'ના સરસંઘચાલક શ્રી બાળાસાહેબ દેવરસની ધરપકડથી સંઘ પરના પ્રતિબંધની વાત સ્પષ્ટ બની ગઈ હતી.

પરિસ્થિતિને પહોંચી વળવા માટે યોજના બનાવવા ગુજરાતના પચાસ જેટલા પ્રમુખ કાર્યકરોની એક મીટિંગ અમદાવાદમાં યોજાઈ. આ મીટિંગમાં ખાસ હાજરી આપવા માટે સંઘના ક્ષેત્રપ્રચારક શ્રી લક્ષ્મણરાવજી ઇનામદાર વિમાનમાર્ગે નાગપુરથી અમદાવાદ આવી પહોંચ્યા. દિલ્હીથી આવેલ ભૂગર્ભનેતા શ્રી રામભાઉ ગોડબોલે પણ આ મીટિંગમાં હાજર રહ્યા.

અનેક વિષયો પર ચર્ચાવિચારણા થઈ. સંઘ પર પ્રતિબંધ આવે તો ગુજરાતમાં પણ ખુલ્લેઆમ કાર્ય કરવું શક્ય નહીં બને એ વાત સ્પષ્ટ હતી. આ સ્થિતિમાં ગુજરાતમાં પણ ભૂગર્ભવાસની વ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો. ગુજરાતમાં પણ પ્રમુખ કાર્યકર્તાઓએ ન પકડાતાં બહાર જ રહેવું એવો નિર્ણય થયો.

ભૂગર્ભકાર્ય ચલાવવા માટે રહેવાનાં અને મળવાનાં સ્થળો, પત્રવ્યવહારનાં સરનામાં તથા ટેલિફોનનો ઉપયોગ કરવાનાં સ્થળો ખૂબ કાળજીપૂર્વક નક્કી કરવાં પડતાં હોય છે. સંઘના વિશાળ સંગઠનને કારણે આ વ્યવસ્થા ખૂબ સરળ રીતે ગોઠવી શકાય તેમ હતું.

૪

લગભગ જિલ્લા સ્તરના પ્રમુખ કાર્યકરોનાં નવાં નામો



www.babaisraeli.com

નક્કી થયાં અને નવી વ્યવસ્થા પણ તે જ દિવસે ગોઠવાઈ ગઈ.

નાગપુરથી આવેલ વકીલસાહેબે (લક્ષ્મણરાવજી ઇનામદારે) મહારાષ્ટ્ર અને નાગપુરના વિગતવાર સમાચારો આપ્યા. નવી સ્થિતિમાં ગુજરાતે ફક્ત પોતાનો વિચાર કર્યે પાલવે તેમ નહોતું. તેણે દેશનાં અન્ય રાજ્યોને પણ વધુમાં વધુ ઉપયોગી થઈ શકાય તે માટે પણ વિચાર કરવાનો હતો.

આ સંદર્ભમાં દેશવ્યાપી સંપર્ક રાખવા માટે નક્કી થયેલ ચાર કેન્દ્રો – અમદાવાદ, બૅંગલોર, મુંબઈ અને દિલ્હી – સાથે સંપર્ક – કડી તરીકે ગુજરાતે કાર્ય કરવું તેવો વિચાર થયો. ગુજરાતના એક ઓછા જાણીતા સ્વયંસેવક શ્રીમાન Kને આ કામ સોંપવામાં આવ્યું. દર દસ દિવસે તેમણે વિમાનમાર્ગે આ સ્થળોની મુલાકાત લઈ મુખ્યમુખ્ય વ્યક્તિઓને નિર્ધારિત સ્થાનો ઉપર મળવું તેમ નક્કી થયું. આ કાર્ય ખૂબ કાળજી અને સાહસ માગી લે તેવું હતું. તેમની સાથે આવશ્યક ગુપ્ત પત્રવ્યવહાર પણ રહેતો. શરૂઆતના દિવસોમાં વિમાનઘર પર સિક્યૂરિટી ચેકિંગ પણ વધારે કડક રહેતું. પોતાની સાથેના પત્રો અને સાહિત્ય સરકાર સુધી ન પહોંચે તેની ખાસ કાળજી લેવાની હતી.

આ મીટિંગમાં પ્રતિબંધ આવે તેના ત્રીજા દિવસે અમદાવાદમાં એક નિશ્ચિત સ્થળે પ્રતિબંધ પછીની પૂર્ણ સ્થિતિની માહિતી સાથે વિભાગ – પ્રચારકોએ (સંઘની દૃષ્ટિથી બે કે ત્રણ જિલ્લા મળીને એક વિભાગ બનાવવામાં આવે છે) આવવું એવો નિર્ણય કરીને સૌ બીજી જુલાઈએ સાંજે છૂટા પડ્યા.

સૌરાષ્ટ્રની સ્થિતિનો વિચાર કરવા માટે વકીલસાહેબ રાજકોટ જવા રવાના થયા.

ત્રીજી તારીખે રાત્રે મુંબઈથી શ્રી કેશવરાવજી દેશમુખ માટે એક ફોન આવે છે : "શ્રી... જરૂરી સંદેશા લઈને સવારે અમદાવાદ આવી રહ્યા છે." શ્રી દેશમુખજી ચોથીએ સવારે સંદેશાવાહકની રાહ જોતા કાર્યાલયમાં બેઠા હતા. હું અને નાથાભાઈ ઝઘડા નવા મકાનની વ્યવસ્થા તપાસવા માટે બહાર ગયા હતા.

બપોરે બાર વાગ્યે અમે બન્ને વધી વ્યવસ્થા ગોઠવી સ્કૂટર દ્વારા પાછા ફરી રહ્યા હતા, ત્યાં તો અમદાવાદના કાંકરિયા વિસ્તારમાં આવેલ સંઘના કાર્યાલયની બહાર પોલીસવાન ઊભેલી જોઈ!!

અમારું સ્કૂટર આગળ વધી રહ્યું હતું. દૂરથી જ પોલીસવાનમાં સંઘના



www.babaisraeli.com

પ્રાંતપ્રચારક બેઠેલા જણાયા. આખાય કાર્યાલયને પોલીસે ઘેરો ઘાલ્યો હતો. સંઘના કાર્યાલયમાં બાંધકામ ચાલતું હતું. કડિયા અને મજૂરોને બહાર કાઢી મૂકવામાં આવ્યા હતા. કાર્યાલયનો કબજો પોલીસે લઈ લીધો લાગતો હતો. આ સ્થિતિમાં અમારે ત્યાં ઊભા રહેવામાં જોખમ હતું. અમે સ્કૂટરની ઝડપ વધારી અને પોલીસ તેની ધમાલમાં હોવાથી અમારા પર નજર ન નાખી શકી. સલામત સ્થળે પહોંચી જતાં પહેલાં, જાણીતા નંબરવાળું અમારું સ્કૂટર અમે નજીકના એક ઘરમાં મૂકી દીધું. પછી રિક્ષા લઈ સાવ નવા જ પરિચયમાં આવેલ શ્રી બ.પ.ના ઘરે પહોંચ્યા. હજી સુધી ગુજરાતમાં ધરપકડો શા માટે થઈ રહી છે તેની અમને માહિતી નહોતી.

અમે ફોન પર તપાસ શરૂ કરી તો જાણવા મળ્યું કે સંઘ અને બીજી પચીસ સંસ્થાઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ફોન દ્વારા અમે પણ ગુજરાતના દરેક જિલ્લાને આ સમાચારથી વાકેફ કર્યો. સાંજ સુધીમાં તો ગુજરાતનાં મુખ્ય નગરોમાંથી સંઘના કાર્યકરોની વ્યાપક ધરપકડોના સમાચારો આવતા ગયા.

સંઘના પ્રાંતપ્રચારક શ્રી કેશવરાવ દેશમુખની ધરપકડ થઈ ત્યારે તેમની પાસે મુંબઈથી શ્રી... દ્વારા આવેલ સંદેશાપત્રો હશે એવું માનીને અમે તે સંદેશાપત્રો કેવી રીતે મેળવી લેવા તેની યોજના બનાવી.

મણિનગરમાં એક બહેનને બપોરે ચા-નાસ્તો લઈને મણિનગર પોલીસસ્ટેશને તેમને મળવા માટે મોકલ્યાં. તેમની પાસે થેલી, છાપાં, પુસ્તકો વગેરે પણ હતાં. જનાર બહેને શું કરવું તેની સૂચનાઓ પણ અપાઈ હતી. તેમણે પોલીસની નજર ચૂકવીને યોજના પ્રમાણે દેશમુખજીની હૅન્ડબૅગમાંના બધા જ કાગળો છાપાં અને પુસ્તકો વચ્ચે મૂકી દીધા. સફળ રીતે એ કાગળો અમારા સુધી પાછા આવી ગયા.

આ કાગળો ખૂબ અગત્યના હતા. ગુજરાતમાં ભૂગર્ભ પ્રવૃત્તિ ચલાવવા માટેનાં સરનામાં ઉપરાંત મુંબઈથી શ્રી... સાથે આવેલ સંઘના સરસંઘચાલકજીનો જેલ જતાં પહેલાંનો પત્ર પણ તેમાં હતો. આ પત્રમાં શ્રી દેવરસજીએ સ્વયંસેવકોને પ્રતિકાર કરવાનો કૉલ આપ્યો હતો અને સંઘના બધા જ પ્રચારકોએ ભૂગર્ભમાં રહીને આંદોલનની જવાબદારી સંભાળવાની સૂચના પણ હતી.

સાંજ સુધીમાં એ વાત સ્પષ્ટ બની કે પ્રતિબંધિત સંસ્થાના કાર્યકરોને DIRમાં પકડવામાં આવ્યા છે. તેઓ જામીનં પર છૂટી શકે તેમ હતા.

ગુજરાતનાં બધાં જ સ્થાનોના કાર્યકરોએ જામીન પર છૂટી જવાનો નિર્ણય



www.babaisraeli.com

લીધો. ઘણું કરીને બે-ત્રણ દિવસમાં મોટા ભાગના કાર્યકરો જામીન પર છૂટી ગયા.

ગુજરાતમાં મોરચાશાસન પણ હવે અસ્થિર જેવું હોઈ પ્રચારકોએ DIR હોવા છતાં પણ ન પકડાવું તેવો વિચાર થયો. મોરચા સરકાર વખતે જ જેમનાં DIR હેઠળ વૉરન્ટ નીકળ્યાં હતાં તેવા સંઘના ૨૯ જેટલા પ્રચારકો અને બીજા ઘણા પ્રચારકોએ ભૂગર્ભવાસનો સ્વીકાર કર્યો. બીજા ઘણા પ્રચારકો હતા, જેની માહિતી સરકારને ન હોવાને કારણે તેમનાં વૉરન્ટ નીકળ્યાં નહીં.



www.babaisraeli.com

# પ્રથમ ભૂગર્ભ બેઠક

૫

આગાઉ નક્કી કર્યા પ્રમાણે પ્રતિબંધ આવે તેના ત્રીજા દિવસે રાત્રે સંઘના વિભાગ-પ્રચારકોની એક બેઠક ૭મી જુલાઈએ અમદાવાદમાં યોજાઈ.

સંઘમાં 'પ્રચારક' એ શબ્દથી બધા પરિચિત છે; પણ બહારના લોકોને તેની બહુ જાણ નથી. પોતાનાં ઘરબાર, કુટુંબ વગેરે છોડીને કેવળ સંઘકાર્ય માટે ચોવીસે કલાક પ્રવૃત્ત રહેનાર વ્યક્તિઓનો આ વર્ગ દેશભરમાં વ્યાપેલો છે. ભૂગર્ભવાસમાં પ્રચારકો જે રીતે આગળ આવ્યા અને ભૂગર્ભપ્રવૃત્તિને તેમણે જે રીતે આગળ ધપાવી તેનાથી તો શ્રી મોરારજીભાઈ પણ પ્રભાવિત થયા હતા, એવા આ પ્રચારકોની ગુજરાતમાં આ સૌથી પહેલી બેઠક હતી.

મોરચાની લોકશાહી સરકાર હોવા છતાં પણ ગુજરાતની પોલીસ કટોકટીના મૂડમાં હતી. વળી સંઘ એક પ્રતિબંધિત સંસ્થા હોઈ તેના કાર્યકરો કોઈ મીટિંગ રાખે તો તેમને સાત વર્ષની સજાની જોગવાઈ હતી. આ બધી શક્યતાઓનો વિચાર કરી મીટિંગ માટે આવશ્યક કાળજી લેવામાં આવી.

૭મી જુલાઈની રાત્રે ૮-૩૦ વાગે મણિનગરના એક કાર્યકરનું ઘર અમારી મીટિંગનું સ્થળ...

ઘરનો આગળનો દરવાજો બંધ છે, આગળના રૂમની લાઈટ પણ બંધ! મકાનની બહારના ચોકમાં પરિવારનાં એક બહેન અંધારામાં બેઠાં છે. બહારથી આવનાર દરેક નવી વ્યક્તિ ધીમે રહીને એક 'કોડ વર્ડ' કહે છે... અંદર પાછલા દરવાજેથી



www.babaisraeli.com

જવાની સૂચના મળે છે. નિશ્ચિત સમય સુધીમાં બધા પહોંચી જાય છે. એકત્ર થયેલ બધા જ ડી.આઈ.આર. માટેના વૉન્ટેડ લિસ્ટ પૈકીના જ સંઘના પ્રચારકો છે.

પોલીસ તેમ જ પરિચિતોની નજરથી બચવા સૌએ આવશ્યક વેશપરિવર્તન કરેલું છે. અવાજ બહાર ન જાય એ માટે બંધ બારી પાસે રેડિયો ચાલુ કરીને મૂક્યો છે. બધા જ પ્રકારની ચકાસણી કર્યા પછી મીટિંગનો પ્રારંભ...

આવા વખતે ઓછા સમયમાં વધારે કાર્ય પતાવવાનું હોય છે. મીટિંગમાં ગુજરાતના બધા જ જિલ્લાઓની વિગતવાર માહિતી મળતી ગઈ. ગુજરાતનાં પ્રમુખ નગરોમાંથી સંઘના જિલ્લા સ્તરના કાર્યકર્તાઓને પકડવામાં આવ્યા હતા. સંઘના પ્રચારકોની શોધખોળ ચાલુ હતી. પ્રાંતમાંથી સંઘનાં બાવીસ કાર્યાલયો પર પોલીસે દરોડા પાડી પોતાનો કબજો જમાવ્યો હતો. પ્રાંતમાંથી પ્રતિબંધિત સંસ્થાઓના કુલ ૧૬૭ કાર્યકર્તાઓને ડી.આઈ.આર. હેઠળ પકડવામાં આવ્યા હતા, જે પૈકી ૧૪૧ કાર્યકરો સંઘના હતા.

અન્ય સંસ્થાઓમાં મુખ્યત્વે આનંદમાર્ગ, પ્રાઉટિસ્ટ બ્લૉક અને જમાતે ઇસ્લામીનો સમાવેશ થતો હતો. આનંદમાર્ગના કાર્યકરો ખાસ કરીને હિંમતનગર, સુરત, ભુજ અને અમદાવાદના હતા; જ્યારે જમાતે ઇસ્લામીના કાર્યકરો અમદાવાદ, વડોદરા અને ધોળકામાંથી પકડવામાં આવ્યા.

સંઘના પકડાયેલા કાર્યકર્તાઓમાં અમદાવાદમાંથી પ્રાંત-પ્રચારક શ્રી કેશવરાવ દેશમુખ, પ્રાંત-કાર્યવાહ શ્રી રતિભાઈ શાહ, નગરસંઘચાલક ડૉ. આર. કે. શાહ, પ્રાંત વ્યવસ્થા-પ્રમુખ શ્રી બચુભાઈ ભગત, રાજકોટમાંથી પ્રાંત-સંઘચાલક ડૉ. પી.વી. દોશી, પ્રાંત શારીરિક પ્રમુખ શ્રી પ્રવીણભાઈ મણિયાર, વિભાગ-કાર્યવાહ શ્રી યશવંતભાઈ ભટ્ટ, સુરતથી વિભાગ-કાર્યવાહ શ્રી ચંપકભાઈ સુખડિયા, વડોદરાથી વિભાગ સંઘચાલક શ્રી બાબુભાઈ ઓઝા, જિલ્લા-કાર્યવાહ શ્રી શરદભાઈ ભોસેકર ઉપરાંત બીજા અનેક સ્વયંસેવકોની ધરપકડ કરવામાં આવી હતી.

કેટલાંક સ્થાનો પર પકડાયેલ કાર્યકરોને સાથે રાખી કાર્યાલયોની ઝડતી લેવામાં આવી. અગત્યની ફાઇલો વગેરે સરકારે તપાસ માટે કોર્ટમાં રજૂ પણ કરી. જ્યાંથી પકડાયેલ ઘણા કાર્યકરોને હજી સુધી જામીન પર પણ છોડવામાં નહોતા આવ્યા. પાછળથી મળેલ માહિતી પ્રમાણે ઘણા કેસમાં પંદર દિવસ સુધી જામીન અરજી મંજૂર કરવામાં નહોતી આવી. વેરાવળમાં તો ઍડ્વોકેટ શ્રી કિશોર કોટકની



www.babaisraeli.com

જામીન અરજી એક માસ સુધી પેન્ડિંગ રાખવામાં આવી હતી. ત્યાં સુધી તેમને જેલમાં જ રહેવું પડ્યું હતું. આમ આ મીટિંગમાં અનેક પ્રકારની માહિતી પ્રાંત-કેન્દ્રને મળી ગઈ.

હવે નવી પરિસ્થિતિમાં કાર્ય કઈ રીતે ગોઠવવું તેનો વિચાર પણ થયો. બીજો એક અગત્યનો નિર્ણય એ લેવાયો કે સંઘના બધા જ સ્વયંસેવકોએ 'લોકસંઘર્ષ સમિતિ'ના કાર્યકર તરીકે કામ કરવું અને સંઘર્ષ સમિતિનાં બધાં જ કાર્યો સક્રિય રહીને સફળ બનાવવાં.

- પ્રતિબંધ હોવા છતાં પણ સંગઠનને જાળવી રાખવા માટે જુદા જુદા નામની રમતગમતની ક્લબો, ભજનમંડળીઓ, સેવામંડળો વગેરેની રચના કરી, નવા સ્વરૂપમાં સંઘપદ્ધતિ પ્રમાણે દૈનંદિન એકત્રીકરણના કાર્યક્રમો ચાલુ રાખવા.
- નિયમિત રીતે લોકોને મળી સમાચારો પહોંચાડવા. સ્વયંસેવકો દ્વારા નિર્ભય વ્યવહાર થાય, જેથી સંપૂર્ણ સમાજને નિર્ભીક બનાવી શકાય.
- દરેક અઠવાડિયે વિભાગમાંથી એક કાર્યકર પોતાના વિભાગના સંઘ અંગેના અને સંઘર્ષ અંગેના સમાચારો લઈને અમદાવાદ આવે. પાછા જતાં પોતાની સાથે કેન્દ્રની સૂચનાઓ તેમ જ સાહિત્ય વિભાગને માટે લેતા જાય.
- આ માટે અમદાવાદમાં એક શ્રીમાન રૂ જેઓ નાના ઉદ્યોગપતિ છે, તેમની ઑફિસે મળવાનું નક્કી થયું.
- મળવા આવનાર માટે એક 'કોડ વર્ડ' નક્કી કરવામાં આવ્યો. ઑફિસમાં નિયમિત રીતે સંઘના એક પ્રચારક શ્રી મહેન્દ્રભાઈ ભટ્ટ ઉર્ફે શ્રી બટુકભાઈ મળશે તેવો નિર્ણય લેવાયો.
- દરેક વિભાગ-કેન્દ્રમાં પણ આવી ગુપ્ત ઑફિસો બનાવવી, જ્યાં જિલ્લાની માહિતી એકઠી થાય.
- ભૂગર્ભ કાર્યકરો તેમ જ ભૂગર્ભના કામમાં આવનાર ખુલ્લેઆમ કામ કરનાર કાર્યકરોને નવાં નામો આપવામાં આવ્યાં.

આવી અનેક પ્રકારની ઝીણવટભરી વ્યવસ્થાઓ ગોઠવી કાર્યકરો છૂટા પડ્યા. પ્રથમ ભૂગર્ભ બેઠક નિર્વિઘ્ને પૂરી થયાનો સૌને સંતોષ હતો – જોકે પાછળથી અમે સૌ આવી મીટિંગોથી ટેવાઈ પણ ગયા.



www.babaisraeli.com

# જેલો જીવંત બને છે !

૬

'કેન્દ્રીય લોકસંઘર્ષ સમિતિ' તરફથી સમિતિના સંયોજક શ્રી નાનાજી દેશમુખે ૨૫મી જૂને દિલ્હીની ઐતિહાસિક સભામાં શ્રીમતી ગાંધીના રાજીનામાની માંગણીના સમર્થનમાં ૨૯મી જૂનથી દેશવ્યાપી સત્યાગ્રહના મંડાણનો કૉલ આપ્યો હતો; પરંતુ તે જ રાત્રે આખો દેશ જેલ જેવો બની ગયો. પરિણામે વ્યાપક સામૂહિક સત્યાગ્રહ તો શક્ય ન બન્યો, પણ બીજા પ્રાંતોમાં પ્રતીક તરીકે વ્યક્તિગત સત્યાગ્રહ નિયમિત રીતે થયા હતા. બીજા પ્રાંતો કરતાં ગુજરાતની સ્થિતિ જુદી હતી. 'ગુજરાત લોકસંઘર્ષ સમિતિ'એ સત્યાગ્રહના કાર્યક્રમને અસરકારક બનાવવાનો નિર્ણય કર્યો. આ અંગે જુલાઈની ૧૫મી તારીખથી ૨૬મી તારીખ સુધી ગુજરાતનાં બધાં જ જિલ્લા કેન્દ્રો ઉપર નિયમિત રીતે પાંચ-પાંચની ટુકડીઓમાં સત્યાગ્રહ કરવાની યોજના કરવામાં આવી.

## વાતાવરણમાં ગરમી

સત્યાગ્રહના કાર્યને વ્યાપક તેમ જ અસરકારક બનાવવા ગુજરાતમાં અનેક સભા-સરઘસના કાર્યક્રમો થયા. આવા કાર્યક્રમોમાં દક્ષિણ ગુજરાત વધારે આગળ રહ્યું.

નવસારીમાં વિદ્યાર્થી-કાર્યકરો મળી રોજ શેરી-સરઘસો કાઢતા. સુરતમાં સાતમી તારીખે યુવા-મોરચા અને 'લોકસંઘર્ષ સમિતિ'ના ઉપક્રમે એક વિશાળ સરઘસ નીકળ્યું હતું. બારડોલીમાં પણ 'લોકસંઘર્ષ સમિતિ'ના ઉપક્રમે પાંચમી તારીખે



www.babaisraeli.com

એક વિશાળ સરઘસ નીકળ્યું હતું. આ સરઘસમાં બારડોલી આસપાસના ગ્રામ્યવિસ્તારના નાગરિકો પણ જોડાયા હતા. સરદારની પ્રતિમા આગળ આ સરઘસે શાંતિમય પ્રતિકાર માટેના શપથ લીધા હતા. વડોદરા અને નડિયાદમાં પણ વિશાળ સભાઓ થઈ હતી.

૧૧મી જુલાઈએ અમદાવાદમાં ૨૫૦ જેટલા ભાઈઓએ રાષ્ટ્રની પરિસ્થિતિના પ્રતીકરૂપે મોં પર તાળાં સાથેનું મૂક સરઘસ કાઢ્યું હતું. બીજે દિવસે રસ્તા પર જતાંઆવતાં વાહનો પર બંધારણનું આમુખ ચોંટાડવાનો કાર્યક્રમ યોજાયો હતો. વળી સાંજે રૂપાલી સિનેમા પાસે અને રાયપુર ચકલામાં જાહેરમાં બંધારણના આમુખના વાચનનો કાર્યક્રમ થયો હતો. લાલ દરવાજા પાસેના સરદાર બાગમાં વિદ્યાર્થી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૫મી તારીખથી શરૂ થનાર સત્યાગ્રહની આગલી રાતે આખાયે શહેરમાં પંદર મિનિટ માટે ઘંટારવનો સફળ કાર્યક્રમ થયો હતો.

આ બધા કાર્યક્રમોની માહિતી સક્રિય કાર્યકરોને તો પહોંચાડવી સરળ હતી; પરંતુ સામાન્ય પ્રજાજન સુધી આ વાત પહોંચે તે માટે સંઘના સ્વયંસેવકો વ્યવસ્થિત રીતે પ્રયત્ન કરતા હતા. દરેક વૉર્ડના બ્લૅકબૉર્ડ ઉપર દરેક નવા સમાચારો અને કાર્યક્રમની સૂચના નિયમિત રીતે લખાતાં હતાં.

જનજાગરણમાં સૌરાષ્ટ્ર પણ પાછળ ના રહ્યું. કચ્છના રાપર જેવડા નાના ગામમાં પણ કાળા વાવટા સાથે વિરાટ સરઘસ નીકળ્યું. રાજકોટમાં વિશાળ રેલી અને સભા યોજાયાં, ઉપરાંત દરરોજ જુદાં જુદાં સ્થાનો પર ગુપ્ત મીટિંગો કરી લોકશિક્ષણના કાર્યક્રમો થયા. સાવરકુંડલાએ તો એક ભૂગર્ભપત્રિકા પણ છાપીને પ્રસિદ્ધ કરી દીધી. વડનગર જેવા નાના ગામમાં ડૉ. વસંત પરીખે એક વિશાળ સભાને સંબોધી.

આમ, ૧૫મી તારીખથી પ્રારંભ થનાર સત્યાગ્રહ પૂર્વે જ ગુજરાતના ગામડે ગામડે વાતાવરણમાં ગરમી આવતી ગઈ.

ગુજરાતમાં સભાસરઘસ પર પ્રતિબંધ ન હોવાને કારણે સત્યાગ્રહનું સ્વરૂપ પણ વિશિષ્ટ હતું. જો સેન્સરશિપના કાનૂનનો ભંગ કરવામાં આવે તો જ ધરપકડ શક્ય બને... તેથી ગુજરાતમાં સત્યાગ્રહ દરમ્યાન સેન્સર કરાવ્યા વગરની છાપેલી પત્રિકાઓનું જાહેરમાં વાચન કરીને સત્યાગ્રહ થતો.



www.babaisraeli.com

૧૫મી જુલાઈએ ગુજરાતના બધા જ જિલ્લાઓમાં સત્યાગ્રહ થયા. અમદાવાદમાં શ્રી નાનશા ઠાકોર, શ્રી દેવજી ભગત અને શ્રી મહેન્દ્ર શાહના નેતૃત્વમાં, વડોદરામાં શ્રી હીરાલાલ પંડ્યા, શ્રી જશવંતસિંહ ચૌહાણ અને શ્રી સુભાષ જગતાપના નેતૃત્વમાં, હિંમતનગરમાં શ્રી ધીરુભાઈ દેસાઈના નેતૃત્વમાં હજારો નાગરિકોની હાજરીમાં સત્યાગ્રહ થયા. નવસારીમાં ૧૭મી જુલાઈએ બહેનોની એક ટુકડીએ રતનબહેન ભગતની આગેવાનીમાં સત્યાગ્રહ કર્યો. શ્રી વસંત ગજેન્દ્રગડકર અને શ્રીમતી વિદ્યાબહેન ગજેન્દ્રગડકરે આ પ્રસંગે હાજર રહી સત્યાગ્રહીઓને વિદાય આપી હતી.

પારડીમાં આદિવાસી કાર્યકર શ્રી મકનજીએ ધરપકડ વહોરી, તો પાલનપુરમાં શ્રી અકબરભાઈ ચાવડા અને શ્રી ઈશ્વરભાઈ મોદીએ ધરપકડ વહોરી.

આ સત્યાગ્રહમાં ૪ દિવસથી માંડીને ૧૫ દિવસ સુધીની સજાઓ થતી હતી. વલસાડ જિલ્લામાં તો ડિસ્ટ્રિક્ટ જેલમાં જગા પણ રહી નહોતી!

આ સત્યાગ્રહમાં સમાજના બધા જ વર્ગોનું પ્રતિનિધિત્વ હતું. તેમાં ૨૦ વર્ષનાં કૉલેજિયનોથી માંડીને ૭૦ વર્ષની ઉંમર વટાવી ગયેલા સુરતના નેમાકાકા પણ સત્યાગ્રહ કરનાર પૈકીના હતા.

અગિયાર દિવસ ચાલેલ આ સત્યાગ્રહમાં ગુજરાતમાંથી લગભગ ૪૦૦ સત્યાગ્રહીઓએ ભાગ લીધો હતો.

સત્યાગ્રહીઓની સજાનાં ધોરણ પણ જુદાં જુદાં હતાં. કેટલાંક સ્થાનો પર તો 'અન્ડર ટ્રાયલ'માં જ પંદર દિવસ સુધી જેલમાં રહેવું પડતું હતું. કેટલાંક સ્થળોએ સત્યાગ્રહીઓને ૧૫ દિવસથી એક માસ સુધીની સજા પણ કરવામાં આવતી. અમદાવાદની કૉર્ટોમાં સત્યાગ્રહને લોકતંત્રના પૂરક તેમ જ અનિવાર્ય બળ તરીકે ગણીને સત્યાગ્રહીઓને છોડી દેવાના ઐતિહાસિક ચુકાદા પણ અપાયા.

સત્યાગ્રહ કરી જેલમાંથી છૂટીને આવતા સત્યાગ્રહીઓનું જનતા ભવ્ય સ્વાગત કરતી હતી. સત્યાગ્રહીઓનાં વિદાય અને સ્વાગત એ પણ પ્રજાના નિર્ભીક વ્યવહારનો જ પુરાવો હતો.



www.babaisraeli.com

# મોરચા મંત્રીમંડળ મેદાનમાં...

૭

શ્રીમતી ગાંધીએ લાદેલી કૃત્રિમ 'કટોકટી'ને ૨૬ જુલાઈએ એક માસ પૂરો થતો હતો. આ દિવસે 'લોકસંઘર્ષ સમિતિ' અને 'જનતા મોરચા'ના સંયુક્ત ઉપક્રમે ગુજરાતભરની હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું. શાસન પક્ષ તરફથી જ આ પ્રકારની હડતાળનો આદેશ ગુજરાતની જનતા માટે એક નવતર અનુભવ હતો.

૨૬ જુલાઈ પહેલાંના ગુજરાતવ્યાપી હડતાળના સમાચારો ભૂગર્ભ પત્રિકાઓ અને સંદેશાવાહકો દ્વારા પહોંચી ગયા હતા. ફરી એક વાર પ્રજામાનસ પર ચેતનાનું મોજું ફરી વળ્યું હતું. ઠેર ઠેર ઉત્સાહનાં દર્શન થયાં હતાં. બધા જ રાજકીય અને સામાજિક કાર્યકરો આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મેદાનમાં ઊતર્યા હતા. ભય અને હતાશા નિર્મૂળ થઈ ગયાં હતાં.

હડતાળના દિવસે ગુજરાતનાં શહેરો અને નગરો તથા નાનાં નાનાં ગામડાંમાં પણ દુકાનો, શાળાઓ વગેરે બંધ રહ્યાં હતાં. અનેક સ્થળોએ વિશાળ સરઘસો કાઢીને પ્રજાએ 'કટોકટી' સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

અમદાવાદે પ્રતિકારના સમર્થનમાં એક વિશાળ જનતારૅલીનું આયોજન કર્યું હતું. આ 'જનતારૅલી'નું નેતૃત્વ જનતા-મોરચાના નેતાઓ તેમ જ બિનપક્ષીય કાર્યકરોએ સંભાળ્યું હતું. શહેરના રાજમાર્ગો પર ફરેલા આ સરઘસે લોકોનો ભય અને ભ્રમ હવે ભાંગી રહ્યો હોવાની પ્રતીતિ કરાવી હતી.



www.babaisraeli.com

આ વિશાળ સરઘસ કાંકરિયા ફૂટબૉલ મેદાન પર પહોંચી સભાના રૂપમાં ફેરવાઈ ગયું હતું. પચાસસાઠ હજારથી પણ વધારે માનવમેદનીને જનતા સરકારના નેતા શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે સવા કલાક સુધી સંબોધન કર્યું હતું. પોતાના પ્રવચનમાં શ્રી બાબુભાઈએ નિર્ભયતાથી કટોકટી પર આકરા પ્રહાર કરી શ્રીમતી ગાંધીનો ઉપહાસ કરવામાં કશું બાકી રાખ્યું નહોતું. આનાથી 'મોરારજી જેલમાં અને બાબુભાઈ મહેલમાં'નાં સૂત્રો બોલતી જનતાને પોતાના નેતાની નિર્ભયતાનાં પ્રત્યક્ષ દર્શન થયાં અને સંઘર્ષકાળમાં પણ નેતૃત્વ આપવાની તેમની નિર્ભયતા અને શક્તિ જોઈ પ્રજા આપોઆપ જ ચેતનવંતી બની.

આ વિશાળ સભામાં શ્રી બાબુભાઈએ હાજર રહેલી જનમેદનીને સંકલ્પ કરવાની અપીલ કરતાં પોતાના પ્રવચન દરમ્યાન જ એક લેખિત સંકલ્પપત્ર વાંચી, જનમેદનીને ઊભી કરી તે પત્રનું પુનરુચ્ચારણ કરાવ્યું. સંકલ્પપત્રમાં સ્પષ્ટ ઘોષણા કરવામાં આવી હતી : "આજની આ જનતારેલીમાં ભાગ લઈ રહેલા અમે ભારતના લોકશાહી પ્રજાસત્તાકના નાગરિકો, ભારતના રાષ્ટ્રપતિશ્રી સમક્ષ આગ્રહભરી માગણી કરીએ છીએ કે દેશમાંથી કટોકટીની પરિસ્થિતિ તાકીદે ઉઠાવી લેવામાં આવે, અમારા મૂળભૂત અધિકારો પાછા આપવામાં આવે, દેશમાં લોકશાહીની પુનઃસ્થાપના કરવામાં આવે. આ માગણીનો સ્વીકાર થાય તે માટે શાંતિમય, બંધારણીય અને લોકશાહી માર્ગે તમામ પુરુષાર્થ કરવાનો અમે સંકલ્પ કરીએ છીએ."

આ દિવસે અમદાવાદની જેમ જ ગુજરાતના દરેક જિલ્લાના વડા મથકે મોરચા સરકારના એકેએક મંત્રી અને લોકસંઘર્ષ સમિતિના એકેએક કાર્યકરે વિશાળ સભાઓને સંબોધન કર્યું હતું. ખેડામાં શ્રી શંકરભાઈ વાઘેલા અને શ્રી હરીશ પટેલ, મહેસાણામાં શ્રી મોતીભાઈ ચૌધરી, શ્રી જયંતીભાઈ બારોટ અને શ્રી ચંદુભાઈ રાવળ, જૂનાગઢમાં શ્રીમતી હેમાબહેન આચાર્ય, ભાવનગરમાં શ્રી ચંદ્રકાંતભાઈ દરુ અને શ્રી લલ્લુભાઈ શેઠ, ભરૂચમાં શ્રી મકરંદભાઈ દેસાઈ અને શ્રી કનુભાઈ શાહ, સુરતમાં શ્રી પોપટલાલ વ્યાસ, સાબરકાંઠામાં શ્રી હરિસિંહ ચાવડા અને શ્રી દત્તાજી ચિરંદાસ, પંચમહાલમાં શ્રી માણેકલાલ ગાંધી અને શ્રી આર.કે.અમીન, કચ્છમાં શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી લેખરાજ બચાણી તથા શ્રી શંકરસિંહ વાઘેલા, રાજકોટમાં શ્રી કેશુભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ મણિયાર અને શ્રી ચીમનભાઈ શુક્લ, વલસાડમાં ડૉ. કેશવભાઈ પટેલ તેમ જ સુરેન્દ્રનગરમાં શ્રી નવલભાઈ શાહ વગેરેએ આ રીતે



www.babaisraeli.com

વિશાળ સભાઓને સંબોધન કર્યું હતું. આ સભાઓમાં અંદાજે ગુજરાતના પાંચ લાખ નાગરિકોએ સંઘર્ષના સંકલ્પપત્રનો ઉદ્‌ઘોષ કર્યો હતો અને બલિદાન માટેની પ્રતિજ્ઞા પણ લીધી હતી.

આ કાર્યક્રમોને સફળ બનાવવા માટે જૈફ ઉંમરે પહોંચેલા ગાંધીવાદી આગેવાન આચાર્ય શ્રી કૃપાલાનીએ પણ અથાગ પરિશ્રમ ઉઠાવ્યો હતો. તેમણે ૨૫મી તારીખે અમદાવાદમાં ગુ. યુનિ. કેમ્પસની મુલાકાત લઇ વિદ્યાર્થીઓની એક વિશાળ રેલીને સંબોધન કર્યું હતું અને હડતાળ તેમ જ જનતારેલીને સફળ બનાવવા સારુ તનતોડ મહેનત કરવા માટે જંગે ચડવાની હાકલ કરી હતી.

'કેન્દ્રીય લોકસંઘર્ષ સમિતિ' તરફથી જાહેર સ્થળો ઉપર અને રાજમાર્ગો ઉપર કટોકટી વિરુદ્ધનાં સૂત્રો અને સમાચારો લખવાનો કાર્યક્રમ અપાયો હતો. આ કાર્યક્રમના અનુસંધાનમાં ગુજરાતમાં પણ ગામડે-ગામડે વિશાળ પાયા પર સૂત્રો લખાયાં. સંઘના કાર્યકરોએ ગુજરાતનાં નાનામાં નાનાં ગામોમાં જઈને કટોકટી વિરુદ્ધ સૂત્રો લખ્યાં અને કેટલાક અગત્યના સમાચારો લખવા માટે બ્લૅકબૉર્ડ પણ બનાવ્યાં.

આ સૂત્રો લખવાનો કાર્યક્રમ એટલા વિશાળ પાયા પર થયો હતો કે શ્રીમતી ગાંધીની કટોકટીની તરફદારી કરતા 'બ્લિટ્ઝ' સાપ્તાહિકે સૂત્રોના નામે ગુજરાતની મોરચા સરકાર સામે ઊહાપોહ જગાવવાનો પ્રયત્ન કર્યો હતો. સૂત્રો લખેલ દીવાલોની તસવીરો પણ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. એક તરફ ગુજરાતી અને અંગ્રેજી 'કરંટ', 'ન્યૂ એઇજ', 'લિંક', 'પેટ્રિઅટ' વગેરે ગુજરાત વિશે કાગારોળ મચાવતાં હતાં, તો બીજી તરફ ગુજરાતના કૉંગ્રેસી નેતાઓ જયરામભાઈ પટેલ, જશવંત મહેતા, માધવસિંહ સોલંકી વગેરે પણ આ અંગે બુમરાણ મચાવતા હતા.

ગુજરાતમાં પ્રચારનો એક અભિનવ પ્રયોગ કરવામાં આવ્યો. સંઘના કેટલાક કાર્યકરોએ મળીને ગુજરાતમાંથી અન્ય રાજ્યોમાં જતીઆવતી રેલવે-ટ્રેનો અને બસોને પ્રચારમાધ્યમ તરીકે ઉપયોગમાં લેવાનો નિર્ણય કર્યો. આ અંગે સંઘના જ એક કાર્યકર શ્રી સુરેશ નિવાસકરની આગેવાનીમાં એક યુવાન કાર્યકરોની ટીમ તૈયાર કરવામાં આવી.

ગુજરાતમાંથી મહારાષ્ટ્ર અને અમદાવાદથી હાવરા જતી બધી જ ગાડીઓ, સાબરમતીથી ઊપડતા વારાણસી એક્સપ્રેસ, અમદાવાદથી દિલ્હી જતી ગાડીઓ, સૌરાષ્ટ્રથી દિલ્હી માટે જોડાતા ડબ્બા, અમદાવાદથી ઉદયપુર, આબુ, ઇંદોર જતી



www.babaisraeli.com

બસો વગેરેને કટોકટી વિરુદ્ધનાં અંગ્રેજી તેમજ હિન્દી પોસ્ટર્સ અને પત્રિકાઓથી ભરી દેવામાં આવ્યાં. બસો અને ગાડીઓ જ્યાં-જ્યાંથી પસાર થઈ ત્યાં ત્યાં ખૂબ અસર ઊભી થઈ હતી.

પરંતુ આ પ્રકારના પ્રચારમાં મુશ્કેલીઓ પણ ખૂબ પડતી હતી. રેલવેમાં કેન્દ્ર સરકાર તરફથી નિમાયેલ 'રેલવે રક્ષક દળ'ના સશસ્ત્ર સૈનિકોની નજરમાંથી બચીને આ કાર્ય કરવાનું હતું, વળી કટોકટીના દિવસોમાં સૈનિકો ચોરીને નામે કોઈને પણ ગોળીએ દેવા માટે મુક્ત હતા; એટલે ખૂબ સાવધાનીથી રેલવે યાર્ડમાં જ્યાં ગાડીઓ રાખવામાં આવે છે ત્યાં પહોંચીને આ કામ પાર પાડવામાં આવતું. ઘણી વાર રેલવેમેન જેવાં કપડાં પહેરીને પણ આ કાર્ય કરવામાં સરળતા રહેતી.

પ્રચારના આ પ્રકારના માધ્યમથી સ્વાભાવિક રીતે જ રેલવે સત્તાવાળાઓમાં તથા કેન્દ્ર સરકારમાં ખળભળાટ મચી ગયો. સરકારે તેનું તંત્ર સાબદું કર્યું... પરંતુ વીસથી પચીસ દિવસ સુધી તો તેને ખબર જ ન પડી કે આ બધું ક્યાંથી, કોના દ્વારા અને ક્યારે થાય છે! પાછળથી ગુજરાતનાં રેલવે યાર્ડોનું સિક્યૂરિટી ચેકિંગ કડક બનાવવામાં આવ્યું.



www.babaisraeli.com

# ઑગસ્ટથી ઑક્ટોબર...

ત્રીજી ઑગસ્ટે ગુજરાતમાં ગુજરાતભરનાં સંઘર્ષ કાર્યકરોની એક મીટિંગ રાખવામાં આવી. આ મીટિંગમાં કટોકટી પછી ઊભી થયેલ પરિસ્થિતિ અને વિરોધકાર્યક્રમોની માહિતી એકત્ર કરી આગામી કાર્યક્રમોનો વિસ્તારથી વિચાર કરવામાં આવ્યો.

**નવમી ઑગસ્ટ-ક્રાંતિદિન !**

આઝાદીના સંઘર્ષની યાદ આપતી નવમી ઑગસ્ટને દિવસે અમદાવાદમાં શ્રી વસંતભાઈ ગજેન્દ્રગડકર અને શ્રી ભોગીલાલ ગાંધીની આગેવાનીમાં કટોકટી વિરુદ્ધ સૂત્રોચ્ચાર પોકારતું એક વિશાળ સરઘસ આકાશવાણી સામે આવી પહોંચ્યું.

આકાશવાણી સામે સંઘર્ષ સમિતિના નેતાઓએ આઝાદી – જંગની યાદ આપતાં પ્રવચનો કરી આઝાદીની આ બીજી લડતમાં આગળ આવવા અપીલ કરી. તે જ સમયે શિક્ષકોની પ્રતિકાર સમિતિ તરફથી પણ સ્વ. વિનોદ કિનારીવાલા સ્મારકથી એક સરઘસનું આયોજન કરવામાં આવ્યું. પ્રા. શ્રી બબાભાઈ પટેલ, શ્રી કનુભાઈ જાની અને શ્રી કે. ડી. દેસાઈ વગેરેના નેતૃત્વમાં આ સરઘસ પણ આકાશવાણી સામે પહોંચ્યું હતું.

આકાશવાણી સામે બે હજાર જેટલી જનમેદની સમક્ષ 'જનવાણી'નું વાચન કરવામાં આવ્યું. સેન્સર કર્યા વગરની પત્રિકાઓનું વાચન સરકારના કટોકટીના કાયદાઓમાં ગુનો બનતું હોઈ, શ્રી વસંત ગજેન્દ્રગડકરના નેતૃત્વમાં ૧૦૧



www.babaisraeli.com

સત્યાગ્રહીઓની ધરપકડ કરવામાં આવી. આ સત્યાગ્રહીઓમાં શ્રીમતી સુભદ્રાબહેન ગાંધી અને શ્રીમતી વિદ્યાબહેન ગજેન્દ્રગડકર ઉપરાંત છ બહેનોએ પણ ભાગ લીધો હતો.

ક્રાંતિદિનને દિવસે વરસતા વરસાદમાં પણ જનતા મોરચાના આગેવાનો અને ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી બાબુભાઈ પટેલની આગેવાનીમાં એક શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન થયું. હાજર રહેલ દરેક નાગરિકે આઝાદીના શહીદોની શહાદતને એળે નહીં જવા દેવાય એવી પ્રતિજ્ઞા લીધી.

એક બીજા કાર્યક્રમમાં નવનિર્માણના આગેવાન અને વિદ્યાર્થી પરિષદના પ્રદેશ સંગઠક શ્રી ચંદ્રકાંત શુક્લની આગેવાનીમાં વિદ્યાર્થીઓના વિશાળ સરઘસે સંપૂર્ણ ક્રાંતિના શપથ લીધા.

વડોદરામાં અમદાવાદની જેમ જ આકાશવાણી ભવન સામે સત્યાગ્રહ થયો. રાજકોટમાં પણ 'જનવાણી' પત્રિકાનું વાચન કરી ૨૧ કાર્યકરોએ ધરપકડ વહોરી લીધી. કેટલાંક સ્થળોએ વિશાળ સરઘસો પણ યોજાયાં. અમદાવાદમાં રચાયેલ 'શિક્ષક પ્રતિકાર સમિતિ'એ અનેક કાર્યક્રમોનું આયોજન કરીને લોકશિક્ષણના વર્ગો ચલાવ્યા.

અમદાવાદમાં મળેલ સંઘર્ષ સમિતિએ ૯ ઑગસ્ટથી ૧૫મી ઑગસ્ટ સુધીના સપ્તાહને 'લોકશાહી પુનઃસ્થાપના સપ્તાહ' તરીકે ઊજવવાનું નક્કી કર્યું. એ મુજબ ગુજરાતના ગામેગામ એક પ્રતીક સત્યાગ્રહ પણ કરવામાં આવ્યો.

લોકજુવાળને સતત ચેતનવંતો રાખવા મોરચા સરકારના કાર્યક્રમોનું આયોજન પણ વધુમાં વધુ જનતા એમાં ભાગ લઈ શકે એ રીતે કરવામાં આવતું હતું.

આઝાદી પછી પહેલી જ વાર અમદાવાદમાં ભદ્રના કિલ્લા પર 'જનતા ધ્વજવંદન'ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. મંત્રીમંડળના બધા સભ્યો, રાજકીય અને સામાજિક આગેવાનો ઉપરાંત હજારોની જનમેદનીએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સામાન્ય શિરસ્તા પ્રમાણે ૧૫ ઑગસ્ટની પૂર્વસંધ્યાએ આકાશવાણી પર દરેક રાજ્યના મુખ્યમંત્રીનું વાયુપ્રવચન પ્રસારિત કરવામાં આવતું હોય છે; પરંતુ આ વખતે ગુજરાતના મુખ્યમંત્રીને સેન્સર કર્યા વગર ભાષણ કરવાની મનાઈ ફરમાવવામાં આવી અને તેથી શ્રી બાબુભાઈએ તેનો બહિષ્કાર કર્યો.

ધ્વજવંદનના કાર્યક્રમમાં શ્રી બાબુભાઈએ કટોકટી હિંમતથી જીરવી જનાર



www.babaisraeli.com

ગુજરાતની જનતાને અભિનંદન આપ્યાં. ગુજરાતની જનતાને આવાહન કરતાં તેમણે જણાવ્યું કે "ભારતમાં ગમે તે થશે, પણ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા સરકારની સમજ અને પ્રજાના સહયોગથી જળવાશે."

## અનોખું આકર્ષણ – 'સાધના' !

છવ્વીસમી જૂન પછી દેશભરનાં અખબારો પણ કટોકટીનો કારમો ભોગ બન્યાં હતાં. આડેધડ સેન્સરશિપ લાદીને લોકશાહીનું ગળું ટૂંપવામાં ઇન્દિરા સરકારે કશું જ બાકી રાખ્યું નહોતું, પરંતુ એ અત્યાચાર અને અન્યાયી સેન્સરશિપનો છડેચોક વિરોધ કરવામાં અમુક સાપ્તાહિકો અને અખબારો પાછાં નહોતાં પડ્યાં.

છવ્વીસમી જૂન પછી દેશનાં અખબારોમાં વિરોધપક્ષના નેતાઓના ફોટાઓ તો શું પણ તેમનાં નામ સુધ્ધાં છપાવવાનું બંધ થઈ ગયું હતું. આવી વિકટ સ્થિતિમાં પણ ગુજરાતના ગુજરાતી સાપ્તાહિક 'સાધના'એ એક પૂર્તિ બહાર પાડીને કટોકટીને પડકારી હતી. આ પૂર્તિમાં 'કટોકટી વિશે પુનર્વિચારણા કરો' એ શીર્ષક હેઠળનો શ્રી વસંતભાઈ ગજેન્દ્રગડકર અને 'સાધના'ના તંત્રી શ્રી વિષ્ણુ પંડ્યાનો લેખ પણ છપાયો હતો. એ લેખને સેન્સરનું તંત્ર હાઇકૉર્ટમાં 'રિટ' કરીને પણ અટકાવી શક્યું નહોતું અને તે લેખ રદ કરવાનો સેન્સરનો આદેશ સરકારે પાછો ખેંચી લેવો પડ્યો હતો.

એ જ અંકમાં જેલમાં ગોંધી રાખવામાં આવેલ જયપ્રકાશજી, મોરારજી, અટલજી અને રાજમાતા શ્રીમતી વિજયારાજે સિંધિયાના ફોટા પણ છપાયા હતા.

જનતા માટે આ પ્રકારનું અખબાર એક મોટું આશ્ચર્ય બની ગયું હતું. દસ જ મિનિટમાં 'સાધના'ની ચાળીસ હજાર પ્રતો વેચાઈ ગઈ હતી. એ પરથી એની લોકપ્રિયતાનો ખ્યાલ બાંધી શકાય તેમ છે. 'સાધના'નો આ પ્રકારનો સાહસિક પ્રયોગ સમગ્ર દેશભરમાં પ્રથમ હતો.

## 'કટોકટી કૅપ્સ્યૂલ'

સત્તરમી ઑગસ્ટે નડિયાદમાં એક અભિનવ કાર્યક્રમ યોજાયો હતો. કટોકટીના નામે થયેલ કાળાં કરતૂકોનો સવિસ્તાર ઇતિહાસ, જેલમાં પૂરવામાં આવેલ મુખ્ય નેતાઓની વિગતો તેમ જ દેશને ગુલામ બનાવનાર શ્રીમતી ઇન્દિરા ગાંધીના એકહથ્થુ



www.babaisraeli.com

સ્વભાવનાં દર્શન કરાવતા લેખોની સામગ્રીથી સભર એક 'કૅપ્સ્યૂલ' તૈયાર કરવામાં આવી હતી. સરદાર પટેલની પ્રતિમા સામે ખાડો ખોદીને આ 'કૅપ્સ્યૂલ' જમીનમાં ઉતારવામાં આવી હતી. હજારો નાગરિકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું આયોજન કરનાર શ્રી પ્રવીણકાંત શાહ અને શ્રી હરીશ પટેલની પાછળથી ધરપકડ કરવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રમાં ખાડિયાના ધારાસભ્ય શ્રી અશોક ભટ્ટ અને રાજકોટના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ મણિયારે પ્રિ-સેન્સરશિપ આદેશ દ્વારા વિશેષાધિકાર ભંગ અંગેની એક દરખાસ્ત ગૃહમાં રજૂ કરી હતી. આ દરખાસ્ત દ્વારા એવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો કે સેન્સર અધિકારીઓ તરફથી તંત્રીઓ ઉપર મોકલવામાં આવેલ સરક્યુલર સભ્યોના વિશેષાધિકારોના ભંગ સમાન, ગૃહના તિરસ્કાર સમાન અને ગૃહના સભ્યોની ફરજબજવણીમાં પણ હસ્તક્ષેપ કરવા સમાન છે. આ અંગે શ્રી અશોક ભટ્ટે આઠમી ઑગસ્ટે એક વધુ નોટિસ મોકલીને સેન્સર અધિકારી દ્વારા થયેલ રુકાવટોનાં ઉદાહરણો રજૂ કર્યાં હતાં.

શ્રી ભટ્ટ અને શ્રી મણિયારની નોટિસો અંગે ગૃહના અધ્યક્ષશ્રીએ વિશદ છણાવટ કરતાં સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે ગૃહમાંની કાર્યવાહીના અહેવાલો ખોટા, વિકૃત, અધૂરા અથવા નુકસાનકર્તા હોય તો તેવો અહેવાલ ગૃહના તિરસ્કાર સમાન જ ગણાય. તેવી જ રીતે ગૃહના કોઈ પણ સભ્યના ભાષણને દબાવી દેવામાં આવે, તો તે પણ ગૃહનો તિરસ્કાર ગણાય – જોકે પાછળથી આ મુદ્દો વિશેષાધિકાર સમિતિને સોંપવામાં આવ્યો હતો. આમ સેન્સરશિપને ગુજરાત વિધાનસભામાં પણ પડકારવામાં આવી હતી.

'ગુજરાત લોકસંઘર્ષ સમિતિ' તરફથી ૧૫મી સપ્ટેમ્બર સુધીના દિવસોને 'જનજાગરણ સપ્તાહ' ગણાવી સત્યાગ્રહનું આવાહન આપવામાં આવ્યું. આ સત્યાગ્રહ સુરત, વડોદરા, રાજકોટ અને અમદાવાદ એમ ચાર કેન્દ્રો ઉપર કરવાનું નક્કી થયું. નક્કી થયા પ્રમાણે જે તે કેન્દ્રોની નજદીકના જિલ્લાના કાર્યકરોની ટુકડીઓ કેન્દ્ર ઉપર આવી સત્યાગ્રહ કરતી હતી. સુરતમાં સેન્સરશિપ સામે અને બાકીનાં બધાં સ્થળોએ આકાશવાણી-કેન્દ્રો સામે સત્યાગ્રહ કરવાનો હતો. ઉત્તર ગુજરાતમાં અતિવૃષ્ટિ હોવાને કારણે અમદાવાદના સત્યાગ્રહના કાર્યક્રમમાં ફક્ત અમદાવાદના કાર્યકરો જ ભાગ લઈ શક્યા હતા. અમદાવાદના સત્યાગ્રહની વ્યવસ્થા મુખ્યત્વે



www.babaisraeli.com

શ્રી અમૃતભાઈ કડીવાલાએ સંભાળી હતી, સુરતના સત્યાગ્રહનું સંચાલન શ્રી ચંપકભાઈ સુખડિયાએ સંભાળ્યુ હતું, જ્યારે રાજકોટની વ્યવસ્થા શ્રી પ્રવીણભાઈ મણિયારે સંભાળી હતી.

આ સત્યાગ્રહમાં જુદા જુદા જિલ્લાઓએ એક એક દિવસ સત્યાગ્રહ કર્યો હતો. રાજકોટના સત્યાગ્રહનો પ્રારંભ જામનગર જિલ્લાની ટુકડીએ કર્યો હતો, જ્યારે વડોદરામાં વાઘોડિયાના ભાઈઓએ સત્યાગ્રહના શ્રીગણેશ કર્યા હતા.

પચીસમીએ વડોદરાના સત્યાગ્રહના અંતિમ દિવસે વડોદરા શહેરનાં ૭૬ ભાઈબહેનોએ સત્યાગ્રહ કર્યો હતો. શ્રી ગોરધનભાઈ બેચરભાઈના નેતૃત્વમાં થયેલ સત્યાગ્રહમાં સત્યાગ્રહીઓને વિદાય આપવા વિશાળ જનમેદની એકઠી થઈ હતી. બારડોલીના શ્રી લલ્લુભાઈ ખત્રી, શ્રી ઈશ્વરભાઈ ભાવસાર વગેરેએ પણ ૨૨મી તારીખે સત્યાગ્રહ કર્યો હતો. રાજકોટના સત્યાગ્રહમાં પાંચ જિલ્લાનાં ૧૬ સ્થળેથી આવેલી ટુકડીઓએ આવીને સત્યાગ્રહ કર્યો હતો.

## 'નેતામુક્તિ જ્યોત'

ગાંધીના ગુજરાતે ગાંધી-જયંતીને દિવસે લોકશાહીની પુનઃસ્થાપના માટે જનજાગરણ કાર્યક્રમમાં 'લોકશાહી જ્યોત'નો એક વિશિષ્ટ કાર્યક્રમ યોજ્યો હતો. ગુજરાતના અનેક તાલુકાઓમાં યુવકો જ્યોત લઈને ક્યાંક પગપાળા તો ક્યાંક સાઇકલ ઉપર આખા વિસ્તારમાં ઘૂમી વળ્યા હતા. બીજી ઑક્ટોબરે જિલ્લા કેન્દ્ર ઉપર આ જ્યોતનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

ઠેરઠેર જ્યોતનું ઉમળકાભર્યું સ્વાગત થતું હતું. દરેક જગાએ સભાઓ થતી હતી. જાહેર સભાઓમાં ગામનાં ગામ ઊમટતાં હતાં. તેમાં લોકશાહીના રક્ષણ માટેની પ્રતિજ્ઞા લેવામાં આવતી હતી અને જ્યોત આગળ વધતી હતી.

ખેડા જિલ્લામાં શ્રી હરીશ પટેલની આગેવાનીમાં ૬૨ સાઇકલ-સવારો સાથેની લોકશાહી જ્યોત ૨૬ સપ્ટેમ્બરથી ૨ ઑક્ટોબર સુધીમાં નડિયાદ તાલુકાનાં ૯, પેટલાદ તાલુકાનાં ૯, બોરસદ તાલુકાનાં ૮, માતર તાલુકાનાં ૨, બાલાસિનોર તાલુકાનાં ૨, ઠાસરા તાલુકાનાં ૭, કપડવંજ તાલુકાનાં ૭, ખંભાત તાલુકાનાં ૬ – એમ કુલ મળી ૫૦ ગામોમાંથી પસાર થતી આ મુક્તિજ્યોત ૪૦૭ કિ.મી. ઘૂમી હતી. પ્રવાસ દરમ્યાન ઠેર ઠેર સભાઓ અને યુવક મીટિંગોના કાર્યક્રમો પણ થયા



www.babaisraeli.com

હતા.

સાબરકાંઠા જિલ્લામાં જ્યોતનો કાર્યક્રમ બે વિભાગમાં કરવામાં આવ્યો હતો – એક મોડાસા વિભાગ અને બીજો હિંમતનગર વિભાગ. બે વિભાગમાં નીકળેલી આ જ્યોતમાં ૮૦ કાર્યકર્તાઓ જોડાયા હતા. જિલ્લાના બધા જ તાલુકાઓ પ્રવાસમાં આવરી લેવાયા હતા. ઠેરઠેર જ્યોતનું સ્વાગત અને પ્રવચનો થયાં હતાં. બીજી ઑક્ટોબરે જ્યોત હિંમતનગર પહોંચી ત્યારે મોરચા સરકારના મંત્રી શ્રી રસિકચંદ્ર આચાર્યે જ્યોતનું સ્વાગત કર્યું હતું અને એક વિશાળ સભા પણ યોજાઈ હતી.

મહેસાણા જિલ્લામાં જ્યોતનો કાર્યક્રમ વધારે વ્યાપક હતો. હારીજ, પાટણ, ચાણસ્મા, સિદ્ધપુર અને કડી એમ પાંચ સ્થળેથી જ્યોતનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પાંચ જ્યોતમાં ૧૩૦ કાર્યકર્તાઓ જોડાયા હતા અને સમગ્ર રીતે જિલ્લાનો ૧,૨૦૦ કિ.મી.નો પ્રવાસ કરીને બીજી ઑક્ટોબરે જુદા-જુદા રસ્તેથી જ્યોત મહેસાણા પહોંચી હતી. સંઘર્ષ સમિતિના કાર્યકર શ્રી વસંત પરીખે જ્યોતનું સ્વાગત કર્યું હતું.

રાજકોટ જિલ્લામાં જ્યોતના કાર્યક્રમ ઉપરાંત રાજકોટ નગરમાં એક 'નેતા કુટિર' બનાવવામાં આવી હતી. જેલમાં ગોંધી રાખવામાં આવેલ દેશ-નેતાઓના ફોટા સાથેની, પ્રત્યક્ષ જેલોનું દૃશ્ય ખડું કરતી આ કુટિર આકર્ષણનું કેન્દ્ર બની ગઈ હતી. આ કુટિર જોવા માટે લગભગ પાંચ હજાર નાગરિકો ઊમટ્યા હતા. મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ તથા કૃષિમંત્રી શ્રી કેશુભાઈ પટેલે પણ આ કુટિરની મુલાકાત લીધી હતી.

ગુજરાતના વનવાસી જિલ્લા તરીકે ઓળખાતો પંચમહાલ જિલ્લો પણ આ કાર્યક્રમમાં પાછળ નહોતો. દાહોદથી ૧૨ સાઇકલવીરો જ્યોત લઈને નીકળ્યા હતા. માર્ગમાં ઠેરઠેર તેમનું સ્વાગત થયું હતું. લુણાવાડાથી બીજા ૩૪ કાર્યકરો જ્યોત લઈને નીકળ્યા હતા. શહેરાના યુવકો પણ તેમાં જોડાયા હતા. ત્રીજી એક જ્યોત હાલોલથી ૧૮ યુવકો સાથે આગળ વધી હતી. આ ત્રણે જ્યોત જનજાગૃતિના કાર્યક્રમો પાર પાડતી બીજી ઑકટોબરે ગોધરા પહોંચી હતી અને ત્યાં મંત્રી શ્રી માણેકલાલ ગાંધીએ જ્યોતનું સ્વાગત કર્યું હતું. સ્વાગત પછી તેમણે વિશાળ સભાને સંબોધી હતી. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ લીંબડી, હળવદ અને પાટડીથી એમ ત્રણ જુદી જુદી જ્યોતો ૩૦ યુવકો સાથે સુરેન્દ્રનગર આવી હતી ને ત્યાં ધારાસભ્ય શ્રી જુવાનસિંહ પરમારે અને જનસંઘના વિભાગીય સંગઠક શ્રી નારસિંહભાઈ પઢિયારે તેનું સ્વાગત કર્યું હતું.



www.babaisraeli.com

બનાસકાંઠા જિલ્લામાં ૬૦ કાર્યકરો પદયાત્રા કરીને પાંચ તાલુકાઓમાં જ્યોત લઈ ગયા હતા અને બીજી તારીખે શ્રી અકબરભાઈ ચાવડા અને શ્રી દત્તાજી ચિરંદાસે જ્યોતનું સ્વાગત કર્યું હતું.

સુરત જિલ્લામાં જ્યોતનો કાર્યક્રમ બીજી ઑક્ટોબરથી ૮મી ઑક્ટોબર સુધી કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રની સરહદે આવેલ નીઝર તાલુકાના વડામથક નીઝરથી જ્યોતનો પ્રારંભ થયો હતો અને ૮મી તારીખે સુરતમાં તેનું સ્વાગત થયું હતું. જ્યોતના કાર્યક્રમ પૂર્વે સુરતમાં શ્રી એસ.કે.પાટીલ, શ્રી ઉમાશંકર જોશી અને શ્રી યશવંત શુક્લની સભાઓ યોજાઈ હતી.

'નેતામુક્તિ જ્યોત'નો કાર્યક્રમ અત્યાર સુધી થયેલ પ્રતિકારના કાર્યક્રમોમાં સૌથી વધારે વ્યાપક હતો. આ કાર્યક્રમમાં ગ્રામજાગરણને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. લોકસંઘર્ષ સમિતિમાં સક્રિય કાર્ય કરી રહેલ રા. સ્વ. સંઘના કાર્યકરોએ આ જ્યોત-કાર્યક્રમને સફળ બનાવવા માટે અથાક પ્રયત્નો કર્યા હતા. ગુજરાતની પંચાયતોની ચૂંટણીઓ ઉપર પણ જ્યોતયાત્રાના કાર્યક્રમની સારી અસર થઈ હતી. જ્યોતના કાર્યક્રમો દ્વારા ગુજરાતના ૧૨૫ તાલુકાઓમાં મુખ્ય મુખ્ય ગામોને કાર્યક્રમમાં આવરી લેવામાં આવ્યાં હતાં....

સમગ્ર કાર્યક્રમની સંપૂર્ણ વ્યવસ્થામાં સંઘ-કાર્યકર્તાઓ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

બીજી ઑક્ટોબર નિમિત્તે 'કેન્દ્રીય લોકસંઘર્ષ સમિતિ' તરફથી એક પોસ્ટર પ્રચારનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દેશવ્યાપી ધોરણે કરવાનો હોઈ કેન્દ્ર તરફથી જ ગાંધીજીના ચિત્રવાળા અને 'અસત્ય, અન્યાય ઔર દમનકે સામને ઝુકના કાયરતા હૈ' વાક્યવાળા એક મોટા પોસ્ટરનો તૈયાર બ્લૉક દરેક પ્રાંતની સંઘર્ષ સમિતિને મોકલવામાં આવ્યો હતો; ઉપરાંત જે.પી. અને ગાંધીજીની મુખાકૃતિવાળો એક 'બેંજ' પણ હતો, જેમાં 'નિર્ભય બનો... લોકશાહી જિન્દા રખો' એવાં વાક્યો લખેલાં હતાં.

આ પોસ્ટર્સ અને બેંજ બંનેનો ગુજરાતમાં બહોળો પ્રચાર કરવાનું નક્કી થયું. ૨૦,૦૦૦ પોસ્ટરો અને ૫,૦૦૦ બેંજ અમદાવાદમાં તૈયાર થયાં અને તે ગામડે ગામડે રવાના કરવામાં આવ્યાં. બીજી તારીખે વહેલી સવારે આખાયે ગુજરાતમાં એક જ પ્રકારનાં પોસ્ટર્સ અને યુવકોના ખભે એક જ પ્રકારના 'બેંજ' કટોકટીના



www.babaisraeli.com

ચાહકો માટે પડકારરૂપ બન્યાં. તેમણે કેન્દ્ર સરકારના વહાલા થવા માટે લાગતાવળગતાઓને અરજી પણ કરી.

બીજી ઑક્ટોબર, ગાંધી જયંતીથી ૩૧ ઑક્ટોબર, સરદાર પટેલ જયંતી સુધીના દિવસોમાં ગુજરાતમાં બે અસરકારક કાર્યક્રમો થયા. તે કાર્યક્રમો હતા પદયાત્રાના. સરદારપુત્રી કુ.મણિબહેનના આશીર્વાદથી શ્રી નારાયણભાઈ દેસાઈના નેતૃત્વમાં બારડોલીથી એક પદયાત્રા અને શ્રી મહેન્દ્ર ભટ્ટના નેતૃત્વમાં પોરબંદરથી બીજી એક પદયાત્રાનો પ્રારંભ થયો. આ બંને પદયાત્રાઓનું ૩૧મી ઑક્ટોબરે સાબરમતીમાં સ્વાગત થયું. યાત્રા દરમ્યાન ઠેરઠેર સ્વાગતસભા તથા ચર્ચાવિચારણાના કાર્યક્રમો થયા. પદયાત્રાનો કાર્યક્રમ તેને જોનાર માટે પણ નિર્ભયતાનો સંદેશ પહોંચાડનાર બની ગયો. પદયાત્રા અમદાવાદ પહોંચી ગયા પછી પણ ઠેરઠેર તેના સ્વાગત કાર્યક્રમો થયા તેમ જ જાહેરસભાઓ અને સંમેલનો યોજાયાં.

૧૪મી ઑક્ટોબર જે.પી.ની જન્મજયંતી પ્રસંગે અમદાવાદના કોચરબ આશ્રમમાં જે.પી.નાં જીવન અને કવનની ઝાંખી કરાવતું એક પ્રદર્શન ગુજરાત વિદ્યાપીઠનાં કુલસચિવ શ્રી ધીરુભાઈ દેસાઈના અતિથિવિશેષપદે અને શ્રી ઈશ્વર પેટલીકરના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું.

આ પ્રદર્શનમાં તેમની તસવીરોની સાથે તેમનાં અવતરણો પણ ટાંકવામાં આવ્યાં હતાં. પાછળથી આ પ્રદર્શન ગુજરાતનાં બીજાં સ્થાનો પર પણ ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રદર્શને ખૂબ લોકચાહના મેળવી હતી અને હજારો નાગરિકોએ તેની મુલાકાત લીધી હતી.



www.babaisraeli.com

# એક અનોખો દ્વીપ

ચોથી જુલાઈએ સંઘ પર પ્રતિબંધ આવ્યો તેને કારણે અમારા સૌનાં નિવાસસ્થાનો સમાં સંઘનાં કાર્યાલયો સરકારે પોતાના કબજામાં લીધાં; આથી હું (લેખક) અને સંઘના પ્રાંતપ્રચારક શ્રી કેશવરાવ દેશમુખ, શ્રી વસંતભાઈ ગજેન્દ્રગડકરને ત્યાં જ રહેતા હતા.

વહેલી સવારે ફરવા જવું એ મારો નિત્યક્રમ હોઈ આંબાવાડી વિસ્તારના પરિમલ ગાર્ડનમાં હું ફરવા માટે જતો. એ જ સમયે શ્રી પ્રભુદાસ પટવારી (હાલમાં તામિલનાડુના રાજ્યપાલશ્રી) પણ ત્યાં ફરવા આવતા. મારો તેમની સાથે નિકટ પરિચય જુલાઈના પ્રથમ સપ્તાહમાં જ થયો હતો. સંઘની ભૂગર્ભ વ્યવસ્થાને કારણે મારી પાસે દેશના ઘણાખરા સમાચારોની માહિતી રહેતી. હું નિયમિત રીતે શ્રી પ્રભુદાસભાઈને તેની જાણ કરતો. હું રા.સ્વ.સંઘનો પ્રચારક છું એ માહિતી પણ તેમને હતી.

જુલાઈના અંતમાં એક દિવસ તેમણે મને તેમના ઘરે આવવાનું આમંત્રણ આપ્યું. બરોબર ૧૦-૩૦ વાગે હું તેમના ઘરે પહોંચ્યો. શ્રી પ્રભુદાસભાઈ મારી રાહ જોતા જ બેઠા હતા. ઘરમાં પૂર્ણ શાંતિ હતી. તેમણે મને પાસે બોલાવીને એકદમ ધીરેથી જણાવ્યું કે ૧૦ મિનિટમાં જ શ્રી જ્યોર્જ ફર્નાન્ડિઝ અહીં આવવાના છે. તમે તેમને મળી શકો એટલા માટે તમને અહીં બોલાવ્યા છે.

૯

જોકે શ્રી ફર્નાન્ડિઝ ગુજરાતમાં રહેવા ઇચ્છે છે તેવો સંદેશો આ મુલાકાત પહેલાં મને મળી ગયો હતો. વડોદરાના


www.babaisraeli.com

શ્રી કિરીટભાઈ ભટ્ટ અમદાવાદના તેમના મિત્ર અને રા. સ્વ. સંઘના કાર્યકર શ્રી નટવરભાઈ રાજગુરુને મળ્યા હતા. તેમણે શ્રી જ્યૉર્જની અમદાવાદમાં રહેવાની વ્યવસ્થા સંઘના કાર્યકરો કરે તેવી ઇચ્છા પ્રગટ કરી હતી. શ્રી રાજગુરુએ આ વાત મને પણ કરી હતી. અમે આ પ્રકારની સલામત વ્યવસ્થા ગોઠવવામાં પ્રવૃત્ત હતા, આથી મને લાગ્યું કે કદાચ નિવાસવ્યવસ્થા અંગે શ્રી જ્યૉર્જને મળવાનું ગોઠવાયું હશે... પરંતુ પાછળથી જાણવા મળ્યું કે તત્કાળ પૂરતી તેમની વ્યવસ્થા થઈ ગઈ હતી.

અમારી વાતચીત ચાલુ જ હતી ત્યાં એક પીળા રંગની ફિયાટ બારણા પાસે આવીને ઊભી રહી. અંદરથી એક પડછંદકાય શરીર, ઇસ્ત્રી કર્યા વગરનો લખનવી ઝભ્ભો, માથે લીલા રંગનું કપડું, ચોકડીવાળી લુંગી, હાથમાં સોનેરી ચેઇનવાળી ઘડિયાળ, મોં પર ખાસ્સી વધી ગયેલ દાઢી સાથે મુસ્લિમ ફકીરની પ્રતિભા ઊભી કરતા 'બાબા'ના નામથી ઓળખાતા જ્યૉર્જ અંદર પ્રવેશ્યા.

એ દિવસોમાં સંઘર્ષસાથીઓને મળવું તે પણ એક આનંદનો પ્રસંગ બની રહેતો હતો. અમે એકબીજાને ભેટી પડ્યા અને સંઘર્ષ કરવાની સ્થિતિમાં હોવા અંગે એકબીજાને અભિનંદન આપ્યાં.

મારી પાસેની ગુજરાત બહારની વિગતો મેં જણાવી. વિશેષ કરીને 'લોકસંઘર્ષ સમિતિ'ના મંત્રી શ્રી નાનાજી દેશમુખ પણ ભૂગર્ભમાં છે એ જાણી એમને આનંદ થયો. અમારી વાતચીતમાં તેમણે સંઘના સ્વયંસેવકો ઉપર સરકારની તવાઈ વધારે હોવા અંગે દુઃખ વ્યક્ત કર્યું. તેમણે બદલાયેલ સંજોગોમાં સંઘની શક્તિ પાસે ઘણી અપેક્ષાઓની વાત કરી.

શ્રી જ્યૉર્જ સ્પષ્ટપણે માનતા હતા કે ઇન્દિરાજી કદી પણ પાછાં નહીં વળે. આ સ્થિતિમાં સશસ્ત્ર પ્રતિકાર એ જ એકમાત્ર ઉપાય હતો તેવો તેમનો દૃઢ મત હતો. સંઘે પણ મોડું ન કરતાં રાષ્ટ્ર માટે આ પ્રકારનાં કાર્યો હાથમાં લેવાં જોઈએ તેવો પણ તેમનો મત હતો. જોકે ગમે તેવી આફતો વચ્ચે પણ સંઘની ભૂમિકા સ્પષ્ટ હતી. સંઘ કોઈ પણ હિંસક પ્રવૃત્તિ દ્વારા ક્રાંતિ, પરિવર્તન લાવવાનું ઇચ્છતો નહોતો. સંઘનો પ્રજામાં પૂર્ણ વિશ્વાસ હોવાની પણ મેં તેમને વાત કરી.

આ પછી જ્યૉર્જ મોરચા સરકારના પતન સુધી ઘણું કરીને ગુજરાતમાં જ રહ્યા. અહીં રહી તેઓ તેમના મુંબઈના કેટલાક સમાજવાદી મિત્રોની મદદથી



www.babaisraeli.com

સરકારનાં પગલાંની વિરુદ્ધમાં પત્રો પ્રસિદ્ધ કરી લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરતા હતા.

જોકે શ્રી જ્યૉર્જ ગુજરાતમાં અને અમદાવાદમાં જ છે, તેમને કોણ ક્યાં મળે છે, એ વાતોની ગુપ્તતા જાળવવામાં જોઈએ તેટલી કાળજી લેવાતી નહોતી, ઘણાં વર્તુળોમાં આ વિશેની છૂટથી ચર્ચાઓ થતી હતી. મોરચા સરકાર હોવાના એકમાત્ર કારણસર તેમની ધરપકડ કરવાનું શક્ય નહીં બન્યું હોય એમ લાગે છે.

'કેન્દ્રીય લોકસંઘર્ષ સમિતિ'ના મંત્રી શ્રી નાનાજી દેશમુખને પકડવામાં સરકાર નિષ્ફળ ગઈ હતી. નાનાજી વિરુદ્ધ શ્રીમતી ગાંધી રોજ બળાપો કરતાં હતાં, પરંતુ તેઓ પકડાતા નહોતા.

બીજી તરફ, નાનાજી મુખ્ય મુખ્ય કાર્યકર્તાઓને મળીને ભૂગર્ભ આંદોલનની યોજનાઓ ઘડી રહ્યા હતા. શરૂઆતથી જ તેઓ દિલ્હીમાં હતા, છતાં પણ સરકાર તેમને પકડી શકી નહોતી. ઑગસ્ટના પ્રથમ સપ્તાહથી જ તેમણે દેશનાં બધાં રાજ્યોમાં રૂબરૂ જઈ કાર્યકર્તાઓને મળવાનો નિર્ણય કરી લીધો હતો. તેમના એ નિર્ધારિત પ્રવાસ અનુસાર તેઓ રાજસ્થાન અને હરિયાણાનો પ્રવાસ પૂરો કરી ગુજરાત આવ્યા.

મારા જેવો પણ નાનાજીને મુશ્કેલીથી ઓળખી શકે તેવો તેમનો પહેરવેશ હતો. ધોતી, ઝભ્ભો અને સફેદ વાળધારી નાનાજી સાવ બદલાઈ ગયા હતા. જો તેઓ સાઇકલ પર જતા હોય, તો કોઈક ઑફિસના સામાન્ય કારકુન જેવા લાગે તેવું વ્યક્તિત્વ તેમણે મેકઅપ કરીને ઊભું કર્યું હતું.

તેમણે ગુજરાતની મોકળાશનો લાભ ફક્ત ત્રણ જ દિવસ લીધો. ત્રણ જ દિવસમાં નિર્ધારિત કાર્યો પતાવી તેઓ મહારાષ્ટ્રના પ્રવાસે નીકળી ગયા. ગુજરાતના રોકાણ દરમિયાન તેઓ અનેક લોકોને મળતા ગયા. આ મુલાકાતો વખતે મારે પણ સાથે રહેવાનું થયું.

શ્રી જ્યૉર્જ સાથે મારે મળવાનું થતું જ હતું... આથી તેમની શ્રી નાનાજી સાથેની મુલાકાત પણ સારી રીતે ગોઠવાઈ. જેમના નામથી શ્રીમતી ગાંધી અને તેમની સરકાર થરથર કાંપતી હતી, જેમને શોધવા માટે સમગ્ર દેશનું પોલીસતંત્ર આકાશપાતાળ એક કરી રહ્યું હતું એવા બે સંઘર્ષવીરો ઑગસ્ટના પ્રથમ સપ્તાહમાં અમદાવાદમાં મળ્યા. આ મુલાકાતમાં દેશની વર્તમાન અને ભાવિ પરિસ્થિતિ અંગે તેમણે લંબાણથી



www.babaisraeli.com

વિચારણા કરી.

આ મુલાકાતમાં એક વાત સ્પષ્ટ જણાતી હતી કે ગમે તે થાય તો પણ 'લો. સં. સમિતિ' ગાંધીવાદી પદ્ધતિથી જ પ્રતિકાર કરવા માટે કૃતનિશ્ચયી હતી. શ્રી નાનાજી દેશમુખ પણ તે માટે શ્રદ્ધા ધરાવતા હતા. બીજી બાજુ શ્રી જ્યૉર્જ ગમે તે ભોગે કટોકટીના જન્મદાતાઓને હઠાવવાના મતના હતા.

ગાંધીનગરમાં ગુજરાતના કેટલાક ધારાસભ્યો સાથે પણ શ્રી નાનાજીની એક મુલાકાત ગોઠવવામાં આવી. ધારાસભ્યો સાથેની વાતચીતમાં તેમણે મોરચા સરકારના અસ્તિત્વને કારણે દેશના નાગરિકોમાં ટકી રહેલા ઉત્સાહની વિગતો આપી. તેમણે સંઘર્ષનો વ્યાપક પ્રભાવ ઊભો કરવા માટે મોરચા સરકારને લોકશાહીનું પ્રતીક બનાવી લોકોનાં હિતોની રક્ષા કરવા તનતોડ મહેનત કરવા જણાવ્યું. શ્રી નાનાજી પાસે દેશની સંપૂર્ણ માહિતી હતી. કોણ કોણ પકડાયું છે, કોને કઇ જેલમાં રાખવામાં આવ્યા છે, આ બધી વિગતો પણ તેમણે આપી. આટલા ઓછા સમયમાં આખા દેશની ઝીણવટભરી માહિતી તેમણે મેળવી હતી તે પરથી ભૂગર્ભસંપર્ક કેટલો સરસ રીતે ગોઠવાયો હશે તેનો અંદાજ આવી શકે એમ છે.

આ દિવસોમાં શ્રી વીરેન્દ્ર શાહ (એમ.પી.) પણ અમદાવાદમાં હતા. તેમની સાથે પણ એક મુલાકાત ગોઠવાઈ, જેમાં સંઘર્ષના ભાવિ વ્યૂહનો તેમ જ વર્તમાન પરિસ્થિતિનો વિસ્તારથી વિચાર કરવામાં આવ્યો.

સંસ્થા કૉંગ્રેસના શ્રી દિનેશભાઈ શાહને પણ મળવાનું થયું. તેમની સાથે પણ બદલાયેલ સંજોગોમાં સંઘર્ષની ભૂમિકા, ગુજરાતની રાજ્યસભાની ચૂંટણી, અન્ય રાજ્યોમાં આંદોલનની સ્થિતિ વગેરે અનેક વિષયો પર વાત થઇ. મોરચા મંત્રીમંડળના શ્રી કેશુભાઈ પટેલ, ઍગ્રો ઇન્ડસ્ટ્રિઝ કૉર્પોરેશનના ચેરમૅન શ્રી હરિસિંહજી ગોહિલ અને જનસંઘના મંત્રી શ્રી વસંત ગજેન્દ્રગડકર પણ અલગ અલગ રીતે શ્રી નાનાજીને મળ્યા.

શ્રી નાનાજી તેમની ગુજરાતની મુલાકાત દરમિયાન આર.એસ.એસ.ના પ્રાંત-પ્રચારક શ્રી કેશવરાવજી દેશમુખ અને ક્ષેત્રપ્રચારક શ્રી વકીલસાહેબને પણ (જેઓ આ દિવસો દરમિયાન ગુજરાતના પ્રવાસે હતા) મળ્યા.

ગુજરાતના ત્રણ દિવસના રોકાણ દરમિયાન ખાસ કોઈ જોખમો નહોતાં, પરંતુ હવે તેમને મહારાષ્ટ્રના પ્રવાસે જવાનું હતું. ગુજરાતમાં તેઓ કેવી રીતે આવ્યા, કેટલા



www.babaisraeli.com

દિવસ રોકાવાના છે અને આગળ ક્યાં જવાના છે એ વાત ગુપ્ત રાખવામાં આવી હતી.

તેમના મહારાષ્ટ્ર તરફના પ્રયાણ અંગે પણ પૂરતી કાળજી લેવામાં આવી. તેઓ કાર દ્વારા મુંબઈ જાય એવું નક્કી કરવામાં આવ્યું. દિલ્હીથી જ તેમની સાથે આવેલા એક સાથીદાર શ્રી શિવકુમાર પણ તેમની સાથે હતા, જેઓ કોર્ટના ઍડવોકેટ અને શ્રી અટલબિહારી વાજપેયીના અંગત મંત્રી તરીકે કામ કરતા હતા. કટોકટીને કારણે તેમણે તેમની બહુ જાણીતી મૂછો કપાવી નાખી હતી. તેઓ પણ શ્રી નાનાજી સાથે જ મુંબઈ જવાના હતા. એક વિચાર એવો પણ થયો કે કારમાં જો કોઈ બહેન પ્રવાસમાં જોડાય તો કોઈને કશી જ શંકા ના આવે. કોઇ કુટુંબ પ્રવાસે નીકળ્યું છે એમ જ લાગે. આથી શ્રીમતી વિદ્યાબહેન ગજેન્દ્રગડકરને સાથે મોકલવાનું નક્કી કર્યું. તેઓ સહીસલામત મુંબઈ ગયાં, પરંતુ સંઘર્ષકાળમાં ફરી ગુજરાતમાં ન આવી શક્યાં.

## સંઘની પ્રશિક્ષણ-શિબિરો

સંઘ પરના પ્રતિબંધને ઠીક ઠીક સમય થઇ ગયો હતો. સંઘનું સંગઠન-કાર્ય જુદાં જુદાં સ્વરૂપોમાં જીવંત હતું, પરંતુ બદલાયેલ સંજોગોમાં સંઘનું મુખ્ય કાર્ય લોકશાહીની પુનઃસ્થાપના માટે અવિરત સંઘર્ષ કરવાનું હતું! આ અંગે કાર્યકર્તાઓના પ્રશિક્ષણની જરૂર પડે તે સ્વાભાવિક છે.

આ અંગે દરેક જિલ્લાના પસંદ કરેલા વીસ-પચ્ચીસ કાર્યકર્તાઓના આખા દિવસના શિક્ષણવર્ગો ગોઠવવામાં આવ્યા. ગુજરાતમાં બધી જ સ્વતંત્રતાઓ હોવા છતાં સંઘ એક પ્રતિબંધિત સંસ્થા હોઈ આ રીતે મળવામાં પણ કાળજી રાખવી પડતી હતી.

ગુજરાતમાં ૨૦ સ્થળે આવા કાર્યક્રમો થયા. કાર્યકરોને માર્ગદર્શન આપવા માટે ક્ષેત્રપ્રચારક વકીલસાહેબ પણ ગુજરાતના પ્રવાસે આવ્યા. તેમની પર મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સરકારનાં 'મિસા વૉરંટ' લટકતાં હતાં; આથી તેમણે ઝભ્ભા-ધોતીનો કાયમી પોશાક છોડી ભૂગર્ભ કાર્યક્રમને અનુરૂપ સામાન્ય પૅન્ટ-શર્ટનો પોશાક અપનાવી લીધો હતો. સંઘર્ષ દરમિયાન તેઓ 'ભાઈ' તરીકે ઓળખાતા.

એક દિવસની આ ૨૦ જેટલી શિબિરોમાં ગુજરાતના લગભગ ૫૦૦ ચુનંદા કાર્યકરોએ ભાગ લીધો. નવી પરિસ્થિતિમાં પડકારને પહોંચી વળવા સંઘ વધુમાં વધુ



www.babaisraeli.com

કેટલો ભોગ આપી શકે, તે માટે કાર્યકર્તાઓએ શું કરવું, કટોકટીથી ક્રોધે ભરાયેલા રાજકીય પક્ષો, સામાજિક સંસ્થાઓ, પ્રતિભાશાળી વ્યક્તિઓ વગેરે સાથે સંબંધો પ્રસ્થાપિત કરવા, કૉંગ્રેસમાં કટોકટીને કારણે અસંતુષ્ટ બનેલ કૉંગ્રેસી નેતાઓની પણ શોધખોળ કરી તેમની સાથે સંબંધ વધારવો, પ્રચારનાં માધ્યમો વિકસાવવાં, ગુજરાતના નાનામાં નાના સ્થાનથી માંડીને દેશના કોઈ પણ ભાગમાં થતી ગતિવિધિના સમાચારોની સૌને જાણ થાય તે માટે ભૂગર્ભસંપર્ક કેન્દ્રો ઊભાં કરવાં વગેરે અનેક વિષયો ઉપર શિબિરોમાં ચિંતન થયું. આ શિબિરોમાં શ્રી વકીલસાહેબ ભારપૂર્વક કહેતા કે "આ ધૈર્યનું યુદ્ધ (war of nerves) છે. જેઓ ધૈર્યથી પોતાને માથે આવેલ જવાબદારી બજાવતા રહેશે તેઓ અવશ્ય વિજયી થશે."

આ સમયે કેન્દ્રની સૂચનાથી ગુજરાતની પોલીસ પણ તેમને પકડવા પ્રયત્નશીલ હતી. ઑગસ્ટની મુલાકાત દરમિયાન તેઓ ૨૭ દિવસ ગુજરાતમાં રોકાયા અને સર્વશ્રી ચંદ્રકાન્ત દરુ, ભોગીલાલ ગાંધી, કે. ડી. દેસાઈ, ભાઈદાસભાઈ પરીખ અને વસંતભાઈ ગજેન્દ્રગડકર વગેરે અનેક આગેવાનોને મળ્યા.

આમ શરૂઆતમાં 'ભૂગર્ભસંપર્ક કેન્દ્ર' બનેલું ગુજરાત આગળ જતાં દેશવ્યાપી લડતની ગતિવિધિનું એક મહત્ત્વનું અંગ બની ગયું.



www.babaisraeli.com

# 'જનતા છાપું'

દેશમાં અનેકવિધ ગતિવિધિઓ ચાલી રહી હતી, પરંતુ કડક સેન્સરશિપને કારણે આ સમાચારો લોકો સુધી પહોંચી શકતા નહોતા. છાપામાં સરકારી સમાચારો સિવાય બીજું કશું જ જોવા મળતું ન હતું. આકાશવાણી પરથી એકધારા સરકારી સમાચાર અને વિરોધી નેતાઓ વિશે ભ્રમ ફેલાવનાર જુઠ્ઠા પ્રચાર જ સાંભળવા મળતા હતા.

સાચા સમાચારો ન મળવાને કારણે દરેકેદરેક વ્યક્તિ જાણે દેશથી છૂટી પડી ગઈ હોય એવો અનુભવ સૌને થતો હતો. આવે વખતે જનતાના ઉત્સાહને ટકાવી રાખવા સાચા સમાચારો લોકો સુધી પહોંચે એ ખૂબ અનિવાર્ય હતું. તે માટે 'ગુ.લો.સં.સમિતિ'એ લોકો સુધી સમાચારો પહોંચાડવા માટે એક ભૂગર્ભપત્રિકાનો પ્રારંભ કરવાનું નક્કી કર્યું. ત્રીજી જુલાઈ ૧૯૭૫થી 'જનતા છાપું' નામની એક ભૂગર્ભ પત્રિકા પ્રસિદ્ધ થઈ. આ પત્રિકાનું સંપાદન લો.સં.સમિતિના ગુજરાતના કન્વીનર શ્રી ભોગીલાલ ગાંધી સંભાળતા હતા. 'જનતા છાપું'ના પ્રચાર-પ્રસારમાં શ્રી હસમુખ પટેલ અને શ્રીમતી મંદાકિની પટેલ વિશેષ મદદ કરતાં હતાં.

૧૦

શરૂઆતમાં તો 'જનતા છાપું'માં ખાસ કરીને ઊડતા સમાચારો જ છપાતા હતા. સમાચારો નિયમિત રીતે મળી શકે તે માટે સંઘર્ષ સમિતિનું એવું કોઈ બહોળું વ્યવસ્થિત સંગઠન ન હતું. ગુજરાતમાં મુક્ત વાતાવરણ હોવા છતાંયે સમાચારોનું સંકલન થઇ શકતું નહોતું. આ સંજોગોમાં 'જનતા છાપું' વધારે



www.babaisraeli.com

સમૃદ્ધ બનાવવાની દૃષ્ટિથી સમાચાર-સંકલનનું કામ સંઘના કાર્યકરોએ સંભાળ્યું.

જુલાઈના બીજા સપ્તાહ સુધીમાં તો દેશનાં તમામ જિલ્લા-કેન્દ્રો વચ્ચે અરસપરસ ભૂગર્ભસંબંધો સ્થાપિત થઈ ગયા હતા, જેથી નિયમિત રીતે સમાચારોની આપલે થઈ શકતી હતી. ગુજરાતમાં પણ બધા જ તાલુકાઓમાં સમાચારો કેન્દ્ર સુધી પહોંચાડવા માટેનું તંત્ર ગોઠવાઈ ગયું હતું.

'જનતા છાપું' માટે આ વ્યવસ્થા ખૂબ ઉપયોગી થઇ. ખૂબ જ ઝડપથી નાનામાં નાની ઘટનાના સમાચારો પણ 'જનતા છાપું' લોકો સુધી પહોંચાડી દેતું થયું. દેશવ્યાપી સમાચારો એકત્ર કરવાની વ્યવસ્થા એટલી સુયોજિત અને ત્વરિત હતી કે ૧૪મી નવેમ્બરે સાંજે જે દેશવ્યાપી સત્યાગ્રહનો પ્રારંભ થયો તેના વિગતવાર સમાચારો ૧૬મી નવેમ્બરે યોજાયેલા જનતા મોરચાના સંમેલનમાં શ્રી ભોગીલાલ ગાંધી આપી શક્યા હતા. આ સમાચારોમાં સત્યાગ્રહ કરનાર ટુકડીના નેતાનું નામ, સત્યાગ્રહીઓની સંખ્યા, વિદાય આપનાર લોકોની સંખ્યા, ઉત્સાહ, પોલીસનાં વ્યવહાર વગેરેની સંપૂર્ણ માહિતી આવરી લેવામાં આવી હતી.

'જનતા છાપું' સમાચારોથી સમૃદ્ધ બનવાની સાથે સાથે તેનો બહોળો પ્રચાર થાય તેય એટલું જ જરૂરી હતું. શરૂઆતમાં આ માટે ટપાલ દ્વારા અનેક સ્થળોએ આ છાપું મોકલવાની વ્યવસ્થા થઈ. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કાર્યકર્તાઓને છાપું લઇને મોકલવામાં આવ્યા, પણ આટલા માત્રથી તેનો બહોળો પ્રચાર થાય તે શક્ય નહોતું. ટપાલ દ્વારા મોકલવાની પદ્ધતિ પ્રમાણમાં વધુ ખર્ચાળ અને જોખમી હતી; આથી જો કાર્યકર્તાઓ દ્વારા પ્રચાર-પ્રસારની વ્યવસ્થા ગોઠવાય, તો તેનો સદુપયોગ થાય; વળી 'જનતા છાપું' અયોગ્ય હાથોમાં જાય તેના કરતાં નાનામાં નાના ગામમાં બેઠેલા લોકશાહીપ્રેમી કાર્યકરના હાથમાં તે પહોંચે તેવો પ્રયત્ન કરવો જરૂરી હતો. આ કાર્ય માટે પણ સંઘનું સંગઠન જ વધુ ઉપયોગી થઇ શકે તેમ હતું.

'જનતા છાપું'ના પ્રચારની મોટા ભાગની જવાબદારી પણ સંઘના કાર્યકરોએ ઉઠાવી લીધી હતી. સંઘના કાર્યકરો નાનામાં નાના ગામમાં જઇને યોગ્ય વ્યક્તિ દ્વારા નક્કી કરેલ વ્યક્તિના હાથમાં છાપું પહોંચાડતા હતા.

ખૂબ ઓછા સમયમાં 'જનતા છાપું' સમાચારો માટેનું વિશ્વાસપાત્ર છાપું બની ગયું. લોકો કાગડોળે તેની રાહ જોતા. ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી તો જનતા છાપાએ સેન્સરશિપના ભુક્કા જ બોલાવી દીધા હતા.



www.babaisraeli.com

આમ છતાં પણ 'જનતા છાપું' લાંબા સમય સુધી ન ચાલી શક્યું. તે દર દસ દિવસે એક કે બે વાર પ્રસિદ્ધ થતું હતું. અંતમાં 'જનતા છાપું' જનતા સરકારના પતન પહેલાં જ બંધ થઇ ગયું. આ અરસામાં 'સાધના'એ પણ બધી જ જાતના સમાચારો છાપવાનો પ્રારંભ કર્યો હોઈ લોકોને ભૂગર્ભપત્રની આવશ્યકતા ઓછી જણાતી હતી. 'સાધના' દ્વારા તેમને બધા જ સમાચારો મળી રહેતા હતા.

'જનતા છાપું' માટે આવશ્યક સમાચારો, પ્રચાર-પ્રસાર માટેનું વ્યવસ્થિત તંત્ર, વિશાળ વાચકવર્ગ આ બધું હોવા છતાં તેના છાપકામનો પ્રશ્ન ઘણો વિકટ હતો.

'સાધના પ્રકાશન મુદ્રણાલય' અને 'ધરતી મુદ્રણાલય' જેવાં છાપખાનાં આ પ્રકારનું સાહિત્ય છાપવા હિંમત કરે તેવાં હતાં, પરંતુ આ બન્ને પ્રેસ એટલાં બધાં જાણીતાં હતાં કે તેમનો ઉપયોગ કરવામાં સામે ચાલીને જોખમ ઊભું કરવા જેવું હતું... આથી ઓછા જાણીતા પ્રેસની જરૂર ઊભી થઇ. મોરચાનું શાસન હોવાથી કેટલાક પ્રેસમાલિકો આ કાર્ય માટે તૈયાર પણ થયા.... છતાંય આવા પ્રેસ ઉપર પોલીસ ઘણી વાર આવી જતી. અમદાવાદમાં એક પ્રેસ પકડાઈ ગયું, તો વડોદરામાં પોલીસ આવી પહોંચતાં 'કંપોઝ' કરેલ છાપાના ફર્માને પઇ કરી નાખવો પડયો. આમ મોરચાની સરકાર હોવા છતાંય છાપકામની વ્યવસ્થા ઊભી કરવાનું ખૂબ મુશ્કેલ બની ગયું હતું.

પાછળથી સંઘના સુરતના કાર્યકર્તા શ્રી ચંપકભાઈ સુખડિયાની મદદથી સુરતમાં પ્રિન્ટિંગ પ્રેસની વ્યવસ્થા થઈ, ઉપરાંત શ્રી પ્રભુદાસભાઈના પ્રયત્નથી 'જનતા સમાચાર' અને બિપિનભાઈ દેસાઈ વગેરેના પ્રયત્નોથી 'દાંડિયો' પણ પ્રસિદ્ધ થવા લાગ્યાં, જોકે તેના પ્રસાર-પ્રચાર મર્યાદિત હતા.



www.babaisraeli.com

# 'મોરચા' સરકારના પતન પહેલાંનાં ભૂગર્ભ પત્રો



જયપ્રકાશને મોત તરફ ધકેલવાનું...

ષડ્યંત્ર કોનું?

જનતા છાપું

હિતેન્દ્રભાઇ: અસત્યનો અંચળો

ગુજરાત આંદોલનનો અધિકૃત અવાજ

જનતા છાપું

સમાચાર

લોકશાહીનો નિડર પ્રહરી

કટોકટી હઠાવો

કટોકટીથી આપણું અર્થતંત્ર સબળ થયું નથી

નિર્ભય

ઇંદિરાશાહીને પડકાર

સિંહાસન ખાલી કરો કિ જનતા આતી હૈ

અનુશાસન કે આતંક?

વાંચો અને વંચાવો

દાંડિયો

ઉમિયા માતાજીનો સંદેશ

દાંડિયો

જનતા સમાચાર

લોકશાહીનો નિડર પ્રહરી

વિશ્વના અંતરાત્માને અપીલ:


અભયની આહલેક જગવતા આચાર્ય કૃપાલાનીની અમદાવાદમાં

ઊઠો! જાગો! ધ્યેય પ્રાપ્તિ અર્થે અવિરત પ્રયાસ કરો.



www.babaisraeli.com

## સરકારી જુઠ્ઠાણાંનો જવાબ આપતાં ભૂગર્ભ પુસ્તકો






www.babaisraeli.com

# જનજાગરણનાં આગેકદમ

ગુજરાતમાં કટોકટી વિરુદ્ધ અનેક કાર્યક્રમો થયા. પ્રજાએ પણ પૂરતો સાથ અને સહકાર આપ્યા. ઘણું કરીને આ બધા કાર્યક્રમો 'લો. સં. સમિતિ' તરફથી થયા. 'લોકસંઘર્ષ સમિતિ'માં જનતા મોરચાના ઘટક પક્ષો ઉપરાંત રા. સ્વ. સંઘ., જે. પી.વાદીઓ, અપક્ષો વગેરેનો કાર્યક્રમોને સફળ બનાવવાનો પ્રયત્ન રહેતો.

ગુજરાતમાં 'લોકસંઘર્ષ સમિતિ'ના કાર્યક્રમો ઉપરાંત અનેકવિધ લોકશાહીપ્રેમી સંસ્થાઓ આગળ આવી. ક્મિલોપના ટેકાથી ખૂબ પાતળી બહુમતીથી ટકતી જનતા સરકારનું અસ્થિર ભાવિ હોવા છતાં અનેક સંસ્થાઓએ પોતાની આગવી રીતે કટોકટીનો પ્રતિકાર કર્યો. કોઇએ ઠરાવ પસાર કર્યા, કોઈએ નિવેદનો લખી મોકલ્યાં, કોઇએ સંઘર્ષ માટેની તૈયારી કરી, તો કોઈએ પ્રદર્શનોનું આયોજન કર્યું.

વળી, ગુજરાત તો લોકશાહીના દ્વીપ સમાન હતું. સમગ્ર દેશની નજર ગુજરાત સામે જ મંડાયેલી હતી; કારણ કે દેશભરમાં લોકશાહીમાં મરી પરવારી હતી ત્યારે ગુજરાતમાં મોરચા સરકારે લોકશાહીનો દીપ જલતો રાખ્યો હતો... આથી ગુજરાત રાજ્ય, ગુજરાત બહારના લોકશાહીપ્રેમી નાગરિકોનાં મિલન અને જાહેર અભિવ્યક્તિનું સ્થાન બની ગયું. અમદાવાદે નિર્ભયતાથી આ લોકશાહીપ્રેમી નાગરિકોની મહેમાનગીરી કરી. અમદાવાદમાં ઘણાં સંમેલનો યોજાયાં, જેમાં કટોકટીને પડકારવામાં આવી. દેશના નરબંકાઓને સૂત્રબદ્ધ થવામાં ગુજરાતની ભૂમિએ આગવું યોગદાન કર્યું.

૧૧



www.babaisraeli.com

૨૯મી જૂને અમદાવાદમાં મળેલ સર્વોદય મંડળની મીટિંગ બાદ ૩૦મીએ 'ગુજરાત વિધાનસભા જનતા પક્ષ' ઉપરાંત અનેક નાનીમોટી સંસ્થાઓએ કટોકટી વિરોધી ઠરાવ પસાર કર્યા.

વિદ્યાનગરની 'સરદાર પટેલ યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળ'ની તા.૧૯ જુલાઈ, '૭૫ની સામાન્ય સભાએ એક ઠરાવ પસાર કરી દેશની તત્કાલીન પરિસ્થિતિ માટે દુઃખની લાગણી વ્યક્ત કરી. આ સામાન્ય સભાએ નેતાઓની બિનશરતી મુક્તિ અને પ્રિ-સેન્સરશિપ વગેરે કાયદા રદ કરી લોકશાહી ઢબે કામકાજ થઇ શકે તેવું વાતાવરણ નિર્માણ કરવા સરકારને આગ્રહ કર્યો.

આ જ પ્રમાણે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પણ નિવૃત્ત ઉપકુલપતિ શ્રી ચન્દ્રવદન શાહના નેતૃત્વમાં અધ્યાપકો તથા પ્રિન્સિપાલો તરફથી એક આવેદનપત્ર તૈયાર કરીને રાષ્ટ્રપતિને મોકલવામાં આવ્યું. દક્ષિણ ગુજરાતના અધ્યાપકોએ મોકલાવેલ નિવેદને ભારે વ્યથાની લાગણી અનુભવતાં જણાવ્યું કે "આંતરિક કટોકટીને નામે વિભિન્ન રાજકીય પક્ષોના આગેવાનોની ધરપકડ કરવાના કૃત્યથી માંડીને અખબારી સ્વાતંત્ર્ય પર મનસ્વી નિયંત્રણો લાદવાનું, કેટલાક કાયદાઓને અદાલતના અધિકારથી પર જાહેર કરવાનું, નાગરિક-નાગરિક વચ્ચે ભેદ ઊભો કરવાનું, કાયદાના રાજ્યના આદર્શને ફગાવી દેવાનું અને આના જેવાં બીજાં કેટલાંક બિનલોકશાહી પગલાંથી ભારતના શાસકોએ લોકશાહીના પાયાના સિદ્ધાંતમાં અશ્રદ્ધા વ્યક્ત કરી છે તેનું અમને ભારે દુઃખ છે. બંધારણની મૂળભૂત ભાવનાઓનો હ્રાસ થતો જોઈ સ્વાભાવિક રીતે અમે બેચેન બન્યા છીએ."

ગુજરાત યુનિવર્સિટીના ૫૦૦ જેટલા અધ્યાપકો અને આચાર્યોએ પણ એક આવેદન પર સહીઓ કરી લોકશાહીની પુનઃસ્થાપનાની માગણી કરતું આવેદનપત્ર રાષ્ટ્રપતિને મોકલી આપ્યું. વિશેષ કરીને સર્વશ્રી બબાભાઈ પટેલ, વિષ્ણુભાઈ પંડ્યા, કે. ડી. દેસાઈ, પ્રવીણ શેઠ, નારાયણભાઈ ભાંડારી વગેરે પ્રાધ્યાપકો આ કામમાં અગ્રેસર રહ્યા.

સાતમી ઑક્ટોબરે પંકજ વિદ્યાલય, અમદાવાદમાં ગુજરાત આચાર્યમંડળે 'રાષ્ટ્રીય કટોકટી અને આપણો ધર્મ' એ વિષય પર એક પરિસંવાદનું આયોજન કર્યું. આ પરિસંવાદને અંતે ગુજરાત આચાર્યમંડળે એક નિવેદન પણ બહાર પાડ્યું, જેમાં લખ્યું હતું કે "રાષ્ટ્રમાં જાહેર કરવામાં આવેલી કટોકટીની સ્થિતિથી અમે ખૂબ બેચેની



www.babaisraeli.com

અનુભવીએ છીએ. અમને પ્રામાણિકપણે લાગે છે કે દેશનું હાલનું વાતાવરણ જોતાં કટોકટી ચાલુ રાખવા માટે કોઈ વાજબી કારણો નથી."

"વાણીસ્વાતંત્ર્ય એ લોકશાહીનો પ્રાણ છે. જો દેશનો અદનામાં અદનો નાગરિક પોતાને સાચું લાગતું હોય તે નિર્ભયપણે (અલબત્ત, ઉશ્કેરાટ કે હિંસાને ન જન્માવે તેવી ભાષામાં) ન ઉચ્ચારી શકે, તો લોકશાહી હયાત છે એમ કઇ રીતે કહી શકાય?

"આથી અમારી ચાર માગણીઓ છે :

(૧) દેશનેતાઓ સહિત કાર્યકરોને મુક્ત કરો.

(૨) અખબારી નિયંત્રણો દૂર કરો.

(૩) મૂળભૂત અધિકારો પાછા આપો.

(૪) કટોકટી ઉઠાવી લો.

"આશા છે કે કરોડોની જનતાના અંતરમાંથી ઊઠતી આ આકાંક્ષાઓને સરકાર વહેલી તકે પિછાની વિશ્વમાં એની પ્રતીતિ કરાવશે કે ભારતમાં લોકશાહી જીવતી છે."

'ગુજરાત હાઈકોર્ટ ઍડવોકેટ એસોસિયેશન સામાન્ય સભા'ની તા.૧૮ ઑક્ટોબર '૭૫ની મીટિંગમાં જાણીતા ધારાશાસ્ત્રી શ્રી ચંદ્રકાન્ત દરુએ શ્રી બી. બી. પટેલના ટેકાથી કટોકટી વિરુદ્ધ અને બંધારણીય સુધારાઓની વિરુદ્ધ એક ઠરાવ મૂક્યો જે સર્વાનુમતે પસાર થયો. ઠરાવમાં જણાવવામાં આવ્યું કે "આ સભાને જાણવા મળે છે તે મુજબ ભારતના બંધારણમાં હાલ જે સુધારા વિચારાઈ રહ્યા છે તેનાથી આમપ્રજાના અધિકારો ઉપર ઘણી માઠી અસરો પડનાર છે. સત્તાવાર રીતે આ સુધારા રજૂ થશે ત્યારે આ સભા એના વાજબીપણા વિશે, એની યોગ્યતા વિશે તથા તેના ઔચિત્ય વિશે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાનો પોતાનો અધિકાર હાલ પૂરતો મુલતવી રાખે છે; છતાં એસોસિયેશનની એવી દૃઢ માન્યતા છે કે આવા સુધારા બાબત રાજકીય તેમ જ અન્ય ક્ષેત્રના જાણકારો, નિષ્ણાત એવા વકીલો, સંસદીય ક્ષેત્રના જાણકારો તેમ જ વિરોધપક્ષના નેતાઓના અભિપ્રાયો જાણ્યા વિના સુધારા પસાર કરવાની દિશામાં કોઈ પણ પગલું ભરવું જોઇએ નહીં. કાયદાના લોકશાહી અમલ માટે આ વસ્તુ અત્યંત જરૂરી છે."

"આ મંડળ પુનઃ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા માગે છે કે લોકશાહી



www.babaisraeli.com

પ્રક્રિયાને અસરકારક રીતે ચલાવવી હોય તો તે માટે બંધારણમાં કોઈ પણ પ્રકારના સુધારા કરતા પહેલાં તે વિશે પ્રજા પોતાના મુક્ત અભિપ્રાય વ્યક્ત કરે તે અત્યંત જરૂરી છે. લાગતાવળગતાઓ સાથે પણ આ વિષયમાં સંવાદની પ્રક્રિયા ચાલવી જોઈએ.''

ધારાશાસ્ત્રીઓની જેમ જ ગુજરાતના કેળવણીકારોએ પણ લોકશાહીની લડતમાં પોતાનાથી શક્ય તેટલો ફાળો નોંધાવ્યો હતો. ગુજરાતના પ્રાથમિક-માધ્યમિક શિક્ષકો, અધ્યાપકો અને આચાર્યોના સંગઠિત પ્રયાસોથી ૧લી ફેબ્રુઆરી '૭૬ના રોજ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હૉલમાં યોજાયેલ સંમેલનમાં ગુજરાતભરના કેળવણીકારોએ ભાગ લીધો હતો. ત્યાં 'વિદ્યાગુર્જરી'નામની બધા જ કેળવણીકારોના પ્રયાસથી બનેલી એક સંસ્થા ઊભી થઈ. ગૂજરાત વિદ્યાપીઠના ઉપકુલપતિ શ્રી ધીરુભાઈ દેસાઈના અધ્યક્ષપદે મળેલ આ સંમેલનમાં ઍડવોકેટ શ્રી રામ જેઠમલાની તથા સર્વશ્રી પી. જી. માવળંકર, બાબુભાઈ પટેલ, દુર્ગાતાઈ ભાગવત, વિષ્ણુભાઈ પંડ્યા, મનુભાઈ પંચોળી, બી. કે. મજમુદાર, યશવંત શુક્લ, પ્રા. બબાભાઈ પટેલ વગેરેએ ભાગ લીધો હતો.

દુર્ગાતાઈ ભાગવતે પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે ''આપણે સાહિત્યકારો છીએ, આપણને રાજકારણ સાથે સંબંધ નથી; પરંતુ દેશમાં કલાકારની કલ્પનાશીલતા અને લેખકની સર્જકતા કુંઠિત થઇ જાય તેવું વાતાવરણ ઊભું થતું હોય તો આપણે પ્રેક્ષકની જેમ બેસી રહી શકીએ નહીં. જો સાહિત્ય-સ્વામીઓ સત્યનું નિર્ભય બનીને અનુસરણ કરે તો જ તે પોતાપણું જાળવી શકશે અને સમયના પડકારોને પહોંચી વળી શકશે. વર્તમાન પરિસ્થિતિ વિશે અસંમત થતા સાહિત્યકારોએ પોતાનાં માન કે ઇલકાબ-ચાંદ પાછાં વાળી પોતાની અસંમતિ વ્યક્ત કરવી જોઈએ.''

શ્રી માવળંકરે પોતાના પ્રવચનમાં દુ:ખ વ્યક્ત કરતાં કહ્યું હતું : ''આજે દેશમાં બુદ્ધિ પર જીવનારા નહીં, પણ બુદ્ધિ વેચનારાઓની સંખ્યા વધી રહી છે.''

આ સંમેલનોમાં પસાર કરેલ ઠરાવોમાં કટોકટી તત્કાળ ઉઠાવી લોકશાહીની પુન:સ્થાપનાની માગણી કરવામાં આવી હતી. 'વિદ્યાગુર્જરી'એ ફક્ત ઠરાવ પસાર કરીને ન અટકતાં લોકજાગૃતિના કાર્યક્રમો કરવા અંગેનો પણ એક ઠરાવ પસાર કર્યો હતો... તેના પ્રથમ પગલા તરીકે ૭મી ફેબ્રુઆરી ૧૯૭૬ના દિવસે 'લોકશાહી બચાવો' દિવસ ઊજવવામાં આવ્યો હતો.



www.babaisraeli.com

પ્રારંભમાં 'શિક્ષક પ્રતિકાર સમિતિ' તરીકે ઓળખાતી 'વિદ્યાગુર્જરી' સમિતિએ લોકશિક્ષણના અનેકવિધ કાર્યક્રમો કર્યા. ક્યારેક કાળી પટ્ટી પહેરીને તો ક્યારેક મૌન સરઘસ કાઢીને, ક્યારેક અમદાવાદના નહેરુ પુલના છેડે ઊભા રહી, લાલ ચોકડા કરેલ છાપાંના પહેરવેશ પહેરીને તો ક્યારેક ખૂબ પ્રચલિત અને લોકભોગ્ય બનેલ અસત્યનારાયણની કથાનો કાર્યક્રમ યોજી તેમણે કટોકટી વિરુદ્ધ જનમત કેળવ્યો. બીજી ઑક્ટોબરને નહેરુ પુલના છેડે કથાકારની અદાથી શ્રી ધનરાજ પંડિતે કરેલ અસત્યનારાયણની કથા ખૂબ આકર્ષણ જમાવી ગઇ. અનેકવિધ ભયની સામે આટલી હળવાશથી પ્રતિકાર કરવાની પદ્ધતિ નિર્ભયતાનો પાઠ શીખવનાર હતી. તૂટીફૂટી સંસ્કૃત ભાષામાં તૈયાર કરેલ અસત્યનારાયણની આ કથાના પ્રારંભમાં જ કહેવાતું :

"એકદા જંબુદ્વીપે ભરતખંડે ઇન્દ્રપ્રસ્થ નગરી મધ્યે તીનમૂર્તિ ભવને એક અતિક્રોધી, સત્તાક્ષુધિત રાજનૈતિક ધૂર્તતા ક્ષેત્રે પ્રવીણ ઇન્દિરા ગાંધી નામધારી ગંગાસ્વરૂપ મહિલા પ્રતિવસતિ સ્મ! તે મૃત્યુલોકસ્ય મહાદેવી ઇન્દિરા મૉસ્કો નામધારી આધુનિક વૈકુંઠસ્ય કોસિજીન નામસ્ય નૂતન વિષ્ણુદેવસ્ય ઉપાસના નિત્ય ભક્તિભાવપૂર્વક કરોતિ...' શ્રી બરુઆ ઉવાચ, 'હે કાલંજયી દિગ્વિજયી રિપુદલદમનકર્તા સ્વયં સાક્ષાત્ જ્યોતિસ્વરૂપ દેવલોકસ્ય અનંતકાલીન દેદીપ્યમાન આત્માસંવર્ધક સમરશ્રેષ્ઠ બહુબલધારી સ્વયંસંપૂર્ણ જગતનિયંતા સ્વામી (અર્થાત્ ઇન્દિરા) ગુર્જરભૂમિ મધ્યે મત દ્વારા સત્તાપ્રાપ્તિ યુદ્ધ અતિહીન માર્ગે દુર્દશાપૂર્ણ સ્થિતિ મધ્યે પરાજિતા ભવતિ! અસ્ય કૉમરેડા કલિયુગે લોકમત નામધારી શસ્ત્ર દ્વારા દૌર્બલ્યપૂર્ણ માર્ગે નષ્ટમ્ ભવેત્ તથા અસ્ય જન્મતઃ શત્રૂણામ્ મોરારજી, અટલબિહારી, એવમ્ પીલુ મોદી નામધારી પ્રતિક્રિયાપંથી અસુરાણામ્ રાજનૈતિક સમર્થકાઃ વિજયી ભવન્તિ...!'

"પરંતુ યે યે નરનારી એવં કલિયુગે નારાયણી દુર્ગાસમ પ્રધાનમંત્રીસ્ય વિરોધ કરિષ્યતિ તે તે નરનારીય 'મિસા' નામધારી અતિ દુઃખકારક નરક મધ્યે નષ્ટમ્ ભવતિ!

"વર્તમાનપત્રસ્ય લેખિની 'પ્રિસેન્સરશિપ' નામસ્તુ ભય એવં દંડ દ્વારા મૌના એવમ્ મૃતા ભવન્તિ, દૂરવાણી(ટેલિફોન), નભોવાણી(રેડિયો) એવં ચિત્રવાણી(ટી.વી.) નામસ્ય સર્વે પ્રચારમાધ્યમાઃ પરતંત્ર એવં ઇન્દિરાઆશ્રિત અસ્તિ. ઇન્દિરા મૃત્યુલોકે 'ઑર્ડિનન્સ સામ્રાજ્યસ્ય મહા-અધિષ્ઠાત્રિ' રૂપેણ શાસત પ્રારંભિષ્યતી!



www.babaisraeli.com

"અંતિમ વિજય નિશ્ચિતરૂપેણ પ્રજાપક્ષે અસ્તિ! અતઃ સ્વામી વિવેકાનંદ ઉવાચ : Awake, arise and wait not till the goal is reached. નામસ્ય જીવનસંજીવની હૃદયંગમ કૃત્વા ગાંધી સુભાષ એવં ભગતસિંહસ્ય ત્રિવિધ સમન્વયમાર્ગે નૂતન ભારતસ્ય નિર્માણાર્થે વર્તમાન કરમધ્યે સ્વમસ્તિષ્ક ગૃહીત્વા પ્રવૃત્તિશીલ ભવ!

"અતઃ અસત્યનારાયણસ્ય યોજના તે દ્વારા અસફલમ્ ભવિષ્યતિ । એવં અસત્યનારાયણ કથા સત્યં ન ભવિષ્યતિ ઇતિઃ 'જનશક્તિ વિજય' નામસ્ય તૃતીય અધ્યાયસ્ય મંગલ પ્રારંભ દ્વારા અસત્યનારાયણકથા સમાપ્ત ભવતિ ।"

એક ગંભીર અને સમગ્ર દેશ માટે ખૂબ જ આઘાતજનક નીવડેલી ઘટનાને પણ આમ કટાક્ષપૂર્ણ તેમ જ રમૂજી શૈલીમાં આલેખીને પ્રચાર કરવાની આવી એક રીત પણ તે દિવસોમાં અજમાવાતી હતી.

૨૭મી જુલાઈએ 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ની કાર્યવાહક સમિતિ તેમ જ ફેબ્રુઆરીમાં પોરબંદરમાં મળેલ ગુજરાતી સાહિત્ય પરિષદે શ્રી ગુલાબદાસ બ્રોકર દ્વારા અને આચાર્ય શ્રી યશવંત શુક્લના ટેકાથી મુકાયેલ સેન્સરશિપ વિરુદ્ધનો ઠરાવ પસાર કર્યો હતો : "લેખન, પ્રકાશન તથા અભિવ્યક્તિનાં સાધનો ઉપર મૂકવામાં આવેલ સેન્સરશિપ તથા અન્ય નિયંત્રણોથી પ્રજાને બંધારણે બક્ષેલા મૂળભૂત અધિકારોનો ભંગ થતો હોવાથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું અહીં પોરબંદરમાં યોજાયેલું ૨૮મું અધિવેશન ઊંડી વ્યથા અને ચિંતા અનુભવે છે; આથી આ અધિવેશન સરકારને આ નિયંત્રણો દૂર કરવાનો અનુરોધ કરે છે."

આ જ રીતે અમદાવાદમાં શ્રી કાંતિભાઈ દેસાઈના કન્વીનરપદે ચાલતી 'સમુત્કર્ષ' નામની નવી સંસ્થાએ પણ, કટોકટીનો હિંમતપૂર્વક સામનો કરવામાં આગળપડતો ભાગ ભજવનાર આગેવાનો શ્રી નારાયણ દેસાઈ અને શ્રી સી. ટી. દરુનાં 'કટોકટીની અસરો' ઉપર પ્રવચનોના બે સફળ કાર્યક્રમો યોજ્યા. આ કાર્યક્રમમાં અમદાવાદના જાગ્રત નાગરિકોએ મોટા પાયા પર ઉત્સાહભેર ભાગ લીધો.

૩૦મી નવેમ્બરે સુરતમાં ઉપરાષ્ટ્રપતિ શ્રી બી. ડી. જત્તીના આગમન સમયે સુરતના નાગરિકોએ શ્રી ગોલંદાજ, શ્રી ચંપકભાઈ સુખડિયા તથા શ્રી કાશીરામ રાણા (ધારાસભ્ય)ના નેતૃત્વમાં એક આવેદનપત્ર આપીને કટોકટી ઉઠાવી લેવાની માગણી કરી.



www.babaisraeli.com

૧૮મી જાન્યુઆરીએ સાબરમતી આશ્રમમાં પૂ.રવિશંકર મહારાજના પ્રમુખપદે ગુજરાતમાં કટોકટી સામે સંઘર્ષ કરી રહેલા કાર્યકર્તાઓનું એક સંમેલન યોજાયું. આ સંમેલનમાં શ્રી ચંદ્રકાંત દરુ, શ્રી ચૂનીભાઈ વૈદ્ય તેમ જ શ્રી વિષ્ણુભાઈ પંડ્યા હાજર રહ્યા હતા. સંમેલનમાં પરિસ્થિતિનો નિર્ભયતાથી સામનો કરવાની હાકલ કરવામાં આવી.

## ગુજરાતના ધારાશાસ્ત્રીઓનું સંમેલન

ગુજરાતમાં કેટલાક ધારાશાસ્ત્રીઓએ કટોકટીના સમર્થનમાં કાર્યક્રમો કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. ત્યારબાદ ૨૮-૨૯ ફેબ્રુઆરીએ અમદાવાદમાં ગુજરાતના ધારાશાસ્ત્રીઓનું એક વિશાળ સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં કટોકટીનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો અને લોકશાહીની પુનઃસ્થાપનાની જરૂરિયાત ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સાથે અખબારો પર લદાયેલી પ્રિસેન્સરશિપની ઉગ્ર શબ્દોમાં ઝાટકણી કાઢવામાં આવી હતી અને શરૂઆતથી જ સરકારની આપખુદશાહી નીતિઓના વિરોધમાં અવિરત સંઘર્ષ ખેલી રહેલાં 'સાધના' અને 'ભૂમિપુત્ર' એ બે નિર્ભયી પત્રોને અભિનંદન આપતો એક ઠરાવ યુવાન ધારાશાસ્ત્રી મહેન્દ્ર આનંદે શ્રી ભાસ્કર તન્નાના ટેકાથી રજૂ કર્યો હતો. કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે કે આ ઠરાવ સર્વસંમતિથી પસાર થયો હતો.

આ સમારોહમાં ખાસ ઉપસ્થિત રહેલ શ્રી નરેન્દ્રભાઈ નથવાણીએ પણ વિચારસ્વાતંત્ર્ય માટે લડતાં આવાં પત્રોની મહત્તાનો નિર્દેશ કર્યો હતો.

## 'અખબારી સ્વાતંત્ર્ય સંમેલન'

૨૪ સપ્ટેમ્બર '૭૫ના રોજ અમદાવાદમાં હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટમાં અખબારી સંમેલનના કન્વીનર શ્રી વિષ્ણુભાઈ પંડ્યાના નિમંત્રણથી એક સંમેલન બોલાવવામાં આવ્યું. પત્રકાર શ્રી પ્રહ્લાદભાઈ બ્રહ્મભટ્ટના અધ્યક્ષપદે યોજાયેલ આ સંમેલનમાં ગુજરાતનાં દૈનિક, અઠવાડિક, પાક્ષિક અને માસિકના તંત્રીઓ, સંપાદકો અને પત્રકારોએ ભાગ લીધો હતો.

સંમેલનમાં થયેલ ચર્ચાવિચારણા દરમિયાન પ્રિસેન્સરશિપના ઑર્ડરની મર્યાદામાં રહીને પણ જેટલું લખી શકાય તેટલું પણ નથી લખી શકાતું એ અંગે



www.babaisraeli.com

દુઃખ વ્યક્ત કરવામાં આવ્યું હતું. સંમેલને ગેરવાજબી અને આડેધડ સેન્સર કરવામાં આવતાં લખાણો અંગે પણ તીવ્ર પ્રકોપ ઠાલવ્યો હતો.

આ સંમેલનમાં રાષ્ટ્રપતિ શ્રી ફખ્રુદ્દીન અલી એહમદને એક પત્ર લખીને અખબારી સ્વાતંત્ર્યનાં મૂલ્યો જાળવવા પ્રીસેન્સરશિપ હઠાવી લેવાની માગણી કરવામાં આવી હતી. સંમેલને 'અખબારી સંકલન સમિતિ' નીમીને નાનાંમોટાં અખબારોની વર્તમાન પરિસ્થિતિમાં શી દશા થઇ છે અને તેમને કેવી કેવી મુશ્કેલીઓ પડે છે તે અંગે પગલાં ભરવા સૂચન કર્યું હતું.

આ સમિતિમાં શ્રી વિષ્ણુભાઈ પંડ્યા, શ્રી પ્રહ્લાદભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી કીર્તિદેવ દેસાઈ (કે.ડી.), શ્રી પ્રકાશ શાહ અને શ્રી દેવીપ્રસાદ રાવળનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## 'જનતા મોરચા સંમેલન'

દસ હજાર પ્રતિનિધિઓની ખીચોખીચ હાજરી સાથે અમદાવાદમાં પ્રાદેશિક જનતા મોરચાનું એક શાનદાર સંમેલન ૧૬મી નવેમ્બર '૭૫ ને રવિવારે મળ્યું હતું.

શ્રી ડી. કે. મજમુદારના અધ્યક્ષપદે મળેલ જનતા મોરચાના આ પ્રથમ સંમેલનમાં રાષ્ટ્રીય આગેવાનો શ્રી નાનાસાહેબ ગોરે, શ્રી એસ. એમ. જોશી, શ્રી શાંતિભૂષણ અને શ્રી મોહન ધારિયાની હાજરી નોંધપાત્ર હતી.

સંમેલનમાં હાજર રહેલ ભૂગર્ભ કાર્યકર શ્રી કર્પૂરી ઠાકુર સાથે ઓળખીતા લોકો આંખ મેળવી પ્રસન્નતા અનુભવતા હતા. દેશ આખો જ્યારે કારાગૃહ સમાન બની ગયો હતો ત્યારે ગુજરાતની ભૂમિ ઉપર રોજબરોજ કેન્દ્રીય તાનાશાહી સામે પોકારો ઊભા થતા હતા.

આ સંમેલનમાં ગુજરાતમાં સફળતાપૂર્વક ચાલી રહેલ જનતા મોરચા સરકાર અને વધુ ને વધુ મજબૂત બનતી મોરચાની સંસ્થાકીય પાંખને ભારતીય રાજકારણના વિકાસમાં એક શકવર્તી વિધાયક સીમાસ્તંભ તરીકે ઓળખાવવામાં આવી હતી. આ સંમેલન તાનાશાહીની ક્રૂર રીતરસમોથી હતાશાના પગથારે ઊભેલ રાષ્ટ્રના રાજકારણને પણ નવો ઉત્સાહ, નવી આશા અને નવી દિશા આપે તેવું હતું.

જનતા મોરચાના આ સંમેલનમાં લોકશાહી વિરુદ્ધનાં બળો સામે અંત સુધી લડી લેવાનો કોલ આપવામાં આવ્યો હતો.



www.babaisraeli.com

સંમેલનને ઠરાવો પસાર કરીને લોકશાહીની પુનઃસ્થાપના માટે કટોકટી ઉઠાવી લેવાની, નેતાઓની મુક્તિ, સંસ્થાઓ પરનો પ્રતિબંધ હઠાવી લેવાની અને પ્રિસેન્સરશિપ નાબૂદ કરવાની પણ માગણી કરી હતી. બીજા એક ઠરાવમાં ગુજરાતના અનુભવને ધ્યાનમાં લઇ રાષ્ટ્રીય હિતમાં રાષ્ટ્રીય સ્તરે જનતા મોરચાની રચના કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

સંમેલનમાં છૂટથી વહેંચાઈ રહેલ 'સત્યાગ્રહ સમાચાર' નામની ભૂગર્ભપત્રિકા સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી. એક તો પત્રિકા વહેંચનાર નિર્ભયતાથી પત્રિકા વહેંચતા હતા, બીજું ૧૪મી નવેમ્બરથી શરૂ થયેલ દેશવ્યાપી સત્યાગ્રહના દરેકેદરેક પ્રાંતના સમાચારોનો એમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. સમાચારોના અંધારપટ વચ્ચે ફક્ત ચોવીસ જ કલાકમાં આ પ્રકારે સમાચારો લોકો સુધી પહોંચાડવાની ભૂગર્ભવ્યવસ્થા સૌને માટે આશ્ચર્યપ્રદ હતી.

ગુજરાતમાં દિનપ્રતિદિન કટોકટીનો વિરોધ વધુ ને વધુ તીવ્ર થતો જતો હતો. અનેક નાનાંમોટાં સંમેલનો, સભાઓ, સરઘસો દ્વારા આ વિરોધ પ્રગટ કરવામાં આવતો હતો અને તે કારણે 'મોરચા સરકાર'ની વિરુદ્ધમાં બળાપો કરનારાઓની દિલ્હીની દોડધામ વધતી જતી હતી. આમ કેન્દ્ર માટે ગુજરાત એક ચિંતાનો વિષય બની ગયું હતું. તેથી તેને ચૂપ કરવા માટે કેન્દ્ર સરકાર તકની રાહ જોઈને બેઠી હતી... પરંતુ ગુજરાતને ક્યાં કોઈની પરવા હતી? એક શાયરે કહ્યું છે :

*'કહો ન ખુદાસે લંગર ઉઠા દે,*
*હમ તૂફાંકી જિદ દેખના ચાહતે હૈં!'*

ગુજરાતે કેન્દ્ર સરકાર સામે સંઘર્ષ ચાલુ જ રાખ્યો. ગુજરાતનાં સંમેલનોથી સંતોષ ન થતો હોય તેમ ગુજરાતની ભૂમિ પર તેણે દેશવ્યાપી સંમેલનો પણ યોજવા માંડ્યાં.

## 'નાગરિક સ્વાતંત્ર્ય પરિષદ'

૧૨મી ઑક્ટોબરે અમદાવાદમાં નાગરિક સ્વાતંત્ર્ય અંગેની એક અખિલ ભારતીય પરિષદ અમદાવાદની 'જનતાંત્રિક નાગરિક સમિતિ' તરફથી યોજવામાં આવી હતી. કટોકટીના સંદર્ભમાં આ એક ઐતિહાસિક પરિષદ હતી.

જાણીતા વિચારક અને ખ્યાતનામ ધારાશાસ્ત્રી શ્રી ચંદ્રકાન્ત દરુ અને



www.babaisraeli.com

શ્રી વસંત ગજેન્દ્રગડકરના વિશેષ પ્રયત્નોથી આ કાર્યક્રમનું આયોજન થયું હતું.

આ પરિષદનું ઉદ્દ્ઘાટન મુંબઈ હાઇકૉર્ટના માજી ન્યાયમૂર્તિ શ્રી એમ. સી. ચાગલાએ કર્યું હતું અને પ્રમુખસ્થાન સર્વોચ્ચ અદાલતના માજી મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી જે. સી. શાહે સંભાળ્યું હતું. આ સંમેલનને ન્યાયતંત્ર અને રાજકારણના સમર્થ વિચારકો શ્રી વી. એમ. તારકુંડે, શ્રી મીનુ મસાણી, શ્રી એસ. એમ. જોશી અને શ્રી મોહન ધારિયાનું માર્ગદર્શન મળ્યું હતું. દેશમાંથી ૪૦૦ જેટલા પ્રતિનિધિઓએ આ પરિષદમાં ભાગ લીધો હતો.

શ્રી ચાગલાએ પોતાના પ્રવચનમાં રાષ્ટ્ર પર આવી પડેલી આપત્તિ માટે દુઃખ વ્યક્ત કર્યું હતું અને સરકારની તાનાશાહી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમના પ્રવચનમાં તેમણે કહ્યું હતું કે "વિરોધપક્ષના કોઇ સભ્યો તરફથી કાવતરું નહોતું થયું; પરંતુ ખરું કાવતરું તો વડાપ્રધાન તરફથી જ થયું હતું. હું ફરીવાર કહેવા માગું છું કે વડાપ્રધાને વિરોધપક્ષના નેતાઓને જેલમાં ધકેલી દેવા માટે, અખબારો પર સેન્સરશિપ લાદવા માટે અને જનતાના મૂળભૂત અધિકારો ઝૂંટવી લેવા માટે જ આ કાવતરું રચ્યું હતું."

સત્યાગ્રહનું સમર્થન કરતાં તેમણે કહ્યું હતું કે "સત્યાગ્રહ એ કોઈ કાનૂનભંગ નથી. સત્યાગ્રહ શબ્દનો સૂચિતાર્થ જ અહિંસા અને સત્ય થાય છે. દુનિયાના રાજનૈતિક શબ્દકોશમાં મહાત્માજી આ શબ્દ લાવ્યા... પણ ગાંધીજીની વાત છોડી દે તો પણ હજી હમણાં જ સુપ્રિમ કૉર્ટે ઠરાવ્યું છે કે સત્યાગ્રહ સંપૂર્ણ રીતે કાયદેસર છે." બંધારણના નામે કરાતી વાતો ઉપર તેમણે આકરા પ્રહારો કરતાં કહ્યું હતું, "સરમુખત્યારશાહીનું સૌથી ભૂંડું સ્વરૂપ હોય તો તે બંધારણીય સરમુખત્યારશાહી છે. મારું ચાલે તો ઇન્દિરા ગાંધી જે કરે છે તે બધું બંધારણીય રીતે બરોબર છે એવું કહેવા કે એવા ભ્રમમાં રાચવા કરતાં આખા બંધારણને ફગાવી દેવાય તે પસંદ કરીશ." આ પરિષદમાં શ્રી સોલી સોરાબજી, શ્રી કે. ડી. દેસાઈ, શ્રી શાંતિલાલ શાહ (મૅનેજિંગ ટ્રસ્ટી, 'જન્મભૂમિ') તથા શ્રી વિષ્ણુભાઈ પંડ્યાએ કટોકટી અને પ્રિસેન્સરશિપ વિરુદ્ધ ઠરાવો રજૂ કર્યા, જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા.

શ્રી એમ. સી. ચાગલાના તેજસ્વી ભાષણે સરકારને એટલી ઉગ્ર બનાવી દીધી કે તેમનું ભાષણ છાપવા માટે 'સાધના' અને 'ભૂમિપુત્ર' ઉપર કડક સેન્સરશિપના અને અંક-જપ્તીના આદેશ ટપકી પડ્યા.



www.babaisraeli.com

સંઘર્ષ સમિતિમાં કાર્ય કરતા સંઘના કાર્યકરોએ શ્રી ચાગલાના ભાષણને દેશના ખૂણેખૂણે પહોંચાડવાનો નિર્ધાર કર્યો. શ્રી ચાગલાના ભાષણની ભૂગર્ભપત્રિકાઓ છાપવામાં આવી, જેની ૧ લાખ જેટલી નકલો દેશના અન્ય ભાગોમાં તૈયાર થઈ. એ જ સંમેલનમાં અધ્યક્ષસ્થાનેથી બોલતાં શ્રી જે. સી. શાહે કહ્યું કે "ધ્યેયનિષ્ઠ અને સદ્‌ગુણી વ્યક્તિઓને બદલે તકવાદી ભ્રષ્ટાચારી રાજપુરુષોના હાથમાં દેશની ધુરા આવી પડે એના જોખમ સામે સાવચેત રહેવું જોઈએ અને જનતંત્રને ફક્ત વહીવટી પદ્ધતિ જ નહીં, પણ જીવનપદ્ધતિ તરીકે જ લેખવી જોઈએ."

સંમેલનની અસાધારણ સફળતામાં શ્રી દરુસાહેબ ઉપરાંત જાણીતા ધારાશાસ્ત્રી શ્રી હરિભાઈ શાહ, કામદાર આગેવાન શ્રી પ્રસન્નદાસ પટવારી, શ્રી દશરથલાલ ઠાકર, શ્રી અરુણભાઈ દિવેટિયા, શ્રી પ્રવીણભાઈ શાહ તથા શ્રી જયંતીભાઈ પટેલ ઉપરાંત સંઘના કેટલાક કાર્યકરોનો પરિશ્રમ મુખ્ય હતો.

## વિરાટ જનસભા

૧૨મી ઑક્ટોબરે નાગરિક સ્વાતંત્ર્ય પરિષદ પૂર્ણ થયા પછી 'ગુજરાત જનતંત્ર સમાજ' તરફથી એક જાહેર સભા યોજાઈ હતી. સેન્સરશિપ વચ્ચે પણ આ સભાના સમાચારો ઘેરઘેર પહોંચી ગયા હતા અને એક વિરાટ સભા યોજાઈ ગઈ. ગુજરાતમાં પ્રથમવાર જ રાષ્ટ્રીય નેતાઓની આ સભા હતી. શરૂઆતથી જ નિર્ભયતાપૂર્વક સંઘર્ષ કરનાર શ્રી વી. એમ. તારકુંડે સભાનું વિશેષ આકર્ષણ હતા. શ્રી એસ. એમ. જોશીએ પોતાના પ્રવચનમાં જનતા મોરચાને વિજયી બનાવનાર જનતાને ધન્યવાદ આપ્યા હતા. આ સભાને શ્રી પુરુષોત્તમ માવળંકર તથા શ્રી મોહન ધારિયા વગેરેએ સંબોધન કર્યું હતું.

આ સભામાં 'જનતંત્ર સમાજ' તરફથી શ્રી દરુએ નવી રચાનારી કૉર્પોરેશનને ખાનપુરના મેદાનને 'જયપ્રકાશ ચોક' નામ આપવાનો પહેલો ઠરાવ કરવા અનુરોધ કર્યો હતો.

## બંધારણ બચાવો – પરિષદ

બંધારણમાં મનફાવતા સુધારા કરીને મૂળભૂત માળખું બદલી નાખવાના કહેવાતા પ્રયાસોની સામે નવી દિલ્હીની બાર કાઉન્સિલે કરેલ સખત વિરોધના પગલે



www.babaisraeli.com

પગલે અમદાવાદમાં પણ ધારાશાસ્ત્રીઓની એક 'બંધારણ બચાવો પરિષદ' પહેલી જાન્યુ.એ મળી હતી.

બંધારણના સૂચિત સુધારાઓથી નાગરિકના અધિકારો ઝૂંટવાશે અને ન્યાયતંત્રને સરકારનું પેટા-અંગ બનાવી નાગરિકન્યાય પર તરાપ મુકાશે એવું સ્પષ્ટ મંતવ્ય આ પરિષદમાં વિવિધ આગેવાન ધારાશાસ્ત્રીઓએ રજૂ કર્યું હતું. આ પરિષદમાં બાર એસોસિયેશનના પ્રમુખ શ્રી રામ જેઠમલાણી, 'સિટિઝન્સ ફૉર ડેમૉક્રસી'ના મંત્રી શ્રી તારકુંડે, પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી શ્રી શાંતિભૂષણ, શ્રી ચંદ્રકાંત દરુ વગેરેએ નાગરિકોને આ તથાકથિત બંધારણ-સુધારાની ભ્રમજાળ ભેદવા અપીલ કરી હતી. આ પરિષદમાં શ્રી કૃષ્ણકાંતે પણ ખાસ હાજરી આપી હતી. એક ઠરાવમાં કટોકટી હટાવ્યા પછી જ મુક્ત વાતાવરણમાં બંધારણ-સુધારાની ચર્ચા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

## રૅડિકલ હ્યૂમેનિસ્ટોનું સંમેલન

સત્તા માટેની ખેંચતાણના રાજકારણથી નિર્લેપ રહી કેળવણી દ્વારા માનવ-મૂલ્યોની પ્રસ્થાપનાનો આગ્રહ રાખનાર રૅડિકલ હ્યૂમેનિસ્ટોના મંડળનું બીજું દ્વિવાર્ષિક સંમેલન અમદાવાદમાં ૨૬ થી ૨૮ ડિસેમ્બર દરમિયાન મળ્યું હતું.

સંમેલનના ઉદ્‌ઘાટક શ્રી તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રી, પ્રમુખ જે. બી. એમ. વાડિયા ઉપરાંત શ્રી તારકુંડે, શ્રી જી. ડી. પારિખ, શ્રી વી. બી. કર્ણિક, શ્રી મણિબહેન કારા, શ્રી દરુ, પ્રા. શ્રી એ. બી. શાહ, પ્રા. સી. આર. એમ. રાજા, આર. એલ. નિગમ જેવા અગ્રણી હ્યૂમેનિસ્ટોએ એમાં ભાગ લીધો હતો... ઉપરાંત આંતરરાષ્ટ્રીય હ્યૂમેનિસ્ટો અને એથિકલ યુનિયનના પ્રો. પૉલ કર્ટ્ઝ પણ ખાસ હાજર રહ્યા હતા. શ્રી જયપ્રકાશજી અને બીજાઓએ શુભેચ્છાસંદેશા પાઠવ્યા હતા.

કટોકટી અને મૂળભૂત અધિકારો તથા સ્વાતંત્ર્ય પર આવેલ કાપના સંદર્ભમાં આ સંમેલન અતિ મહત્ત્વનું હતું. ત્રણ દિવસ ચાલેલા આ સંમેલનને અંતે પસાર કરવામાં આવેલ ઠરાવમાં કટોકટીના પગલાને અતિ દુઃખદ ગણાવવામાં આવ્યું હતું. આ ઠરાવમાં લોકસભાની ચૂંટણીઓ જેમ બને તેમ વહેલી યોજાય તેવી માગણી પણ કરવામાં આવી હતી. ગુજરાતમાં આ પ્રકારનાં સંમેલનોથી એક નવી જ આબોહવા ઊભી થઈ હતી. કૉલેજો, યુનિવર્સિટીઓ, શિક્ષણસંસ્થાઓ અને ન્યાયાલયો આવા



www.babaisraeli.com


કોઈ ને કોઈ વિવાદથી ગાજતાં રહ્યાં હતાં. નવનિર્માણ સમયે સક્રિય બનેલ અધ્યાપકમંડળ કે બીજાં મંડળો ચૂપ હતાં, પણ યુવકો, અધ્યાપકો-વકીલો ખૂબ સક્રિય હતા. તે પરંપરા ગુજરાતમાં કટોકટીના સીધા અમલ (૧૩ માર્ચ '૭૬) પછી પણ રહી. વિદ્યાગુર્જરીએ એ દિવસોમાં પણ ડૉ. અશોક મહેતાનું જાહેર ભાષણ રાખ્યું હતું. દુર્ગાતાઈ ભાગવતે સુરત યુનિવર્સિટીમાં અધ્યાપકોને સંબોધ્યા હતા.

આમ સભા-સંમેલનોએ જનજાગરણનું કાર્ય અવિરત ચાલુ રાખ્યું હતું.



www.babaisraeli.com


# કેટલાંક પુસ્તકો જે કાયદેસર છપાયાં, પણ પ્રતિબંધિત થયાં!






www.babaisraeli.com

# અપપ્રચારનો ભંડો ફોડતાં ભૂગર્ભ પુસ્તકો






www.babaisraeli.com

# કારોબારીથી કૉમનવેલ્થ

૧૨

ગુજરાતમાં અવારનવાર ભૂગર્ભ નેતાઓનું આવવું-જવું હવે સામાન્ય બની ગયું હતું. ભૂગર્ભ નેતાઓને પણ જાણે ફાવટ આવી ગઈ હોય એમ તેઓ ખૂબ હિંમતથી અનેક કામો સાથે રહીને કરતા-કરાવતા.

કેટલાક ભૂગર્ભ નેતાઓ ગુજરાતમાં ધામો નાખીને જ રહ્યા હતા, જ્યારે દેશવ્યાપી ભૂગર્ભ ચળવળને લોકસંઘર્ષ સમિતિના નેજા નીચે ચલાવનાર નેતાઓની ક્વચિત જ ઊડતી મુલાકાતો થતી હતી.

આ ઊડતી મુલાકાતો લેનારાઓમાં સંઘના અ. ભા. નેતા શ્રી મોરોપંતજી પિંગળે, સંસ્થા કૉંગ્રેસના શ્રી રવીન્દ્ર વર્મા, 'ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન'ના શ્રી રાધાક્રિશ્નન, જનસંઘના શ્રી સુબ્રહ્મણ્યમ સ્વામી અને શ્રી સુંદરસિંહજી ભાંડારી, મજદૂર સંઘના શ્રી દત્તોપંતજી ઠેંગડી વગેરેનું સપ્ટેમ્બર અને ઑક્ટોબર માસમાં ગુજરાતમાં આવવાનું થયું.

આ દિવસોમાં સરકાર સામે વ્યાપક જનઆંદોલન માટેનો વિચાર ચાલતો હતો. એની શક્યતાઓનો વિચાર કરવા આ નેતાઓ આખાયે દેશનો પ્રવાસ કરી યોજનાને આખરી સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરતા હતા.

શ્રી રવીન્દ્ર વર્માનો એક પુત્ર હરિ – જે અગાઉ તેમની સાથે રહીને સ્કૂલમાં અભ્યાસ કરતો હતો, પરંતુ કટોકટી અને શ્રી વર્મા પરના વૉરન્ટને કારણે ઘેર રહીને શાંતિથી અભ્યાસ



www.babaisraeli.com

કરવાની શક્યતાઓ નહિવત્ હોવાથી જેને અમદાવાદમાં અભ્યાસ કરવા માટે મૂકવામાં આવ્યો હતો – એક જાણીતા રાજકીય નેતાને ત્યાં રહીને અભ્યાસ કરતો હતો. આને કારણે પણ શ્રી રવીન્દ્ર વર્માનું ગુજરાતમાં આવવાનું વારંવાર બનતું.

શ્રી વર્મા ગુજરાતની મુલાકાત દરમ્યાન સુરેશના નામથી ઓળખાતા. શરૂઆતમાં તેમણે ખાસ કોઈ વેશપરિવર્તન કર્યું નહોતું. સામાન્ય રીતે ખાદીનો ઝભ્ભો, લેંઘો પહેરતા. ઠીંગણા કદના, શ્યામવર્ણા શ્રી વર્મા ક્યારેક સફારી સૂટ ધારણ કરતા હતા...ગૉગલ્સ પણ ક્યારેક પહેરતા. એકાદ મુલાકાતમાં તેમની શક્તિનો અંદાજ ખોટો પડે તેવા અતિ નમ્ર સ્વભાવના વર્માજી સાથે અમારે સપ્ટેમ્બર માસમાં પરિચય થયો. દિલ્હીથી જ સંઘના ભૂગર્ભ નેતાઓ પાસેથી તેઓ ગુજરાતમાં સંઘના પ્રાંતપ્રચારક શ્રી કેશવરાવ દેશમુખજીને મળવા માટેનાં સરનામાં અને આવશ્યક માહિતી લઈને આવ્યા હતા. શ્રી વસંતભાઈ દ્વારા મારો તેમની સાથે પ્રથમ પરિચય થયો.

તેમની વાતચીતમાં દેશની સ્થિતિની અને આંદોલન કરવાની શક્યતાઓની માહિતી મળી. સંઘની સંગઠન-વ્યવસ્થાથી અને સંઘ દ્વારા દેશભરમાં ગોઠવાયેલી ભૂગર્ભવ્યવસ્થાથી તેઓ ખૂબ પ્રસન્ન હતા. શ્રી દેશમુખજી પાસેથી પણ તેમણે ગુજરાતની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. સરકારના પતનની શક્યતાઓનો વિચાર કરતાં એવા પતન બાદ સંઘ કેટલી શક્તિથી કામ ચલાવી શકશે તેનો પણ વિચાર થયો.

શ્રી વર્મા તેમની ગુજરાત મુલાકાત વખતે અનેક આગેવાનોને મળ્યા. જનતા મોરચાના ઘટક પક્ષોના નેતાઓ, લોકસંઘર્ષ સમિતિના કાર્યકરો ઉપરાંત શાસક કૉંગ્રેસમાં કામ કરતા પણ કટોકટીથી નારાજ થયેલ અસંતુષ્ટોને પણ તેમનું મળવાનું થતું હતું.

## જનસંઘની કારોબારી મળી

કટોકટીને પરિણામે જનસંઘના સૌ નાનામોટા કાર્યકરો જેલમાં ધકેલાઈ ગયા હતા, પરંતુ અમુક નેતાઓ ધરપકડથી બચીને ભૂગર્ભમાં ચાલ્યા ગયા હતા. આ સ્થિતિમાં રાષ્ટ્રની સ્થિતિનો વિચાર કરવા અ. ભા. કારોબારીની મીટિંગ કરવાનું શક્ય બન્યું નહોતું અને જો એવી બેઠક યોજાય તો બાકીના રહ્યાસહ્યા પણ પકડાઈ જાય તેવી ધાસ્તી હતી.



www.babaisraeli.com

આવી સ્થિતિમાં ગુજરાતનું વાતાવરણ ઓછું ભયજનક હોઈ ઑક્ટોબરની ૧૨મીએ અમદાવાદમાં એક ભૂગર્ભ મીટિંગ ગોઠવવાનું નક્કી થયું. ૧૨મી તારીખે મીટિંગ રાખવાની પાછળ એક ખાસ કારણ હતું. જનસંઘની કારોબારી માટે આવનાર સભ્યોમાંના મોટા ભાગના સભ્યો ભૂગર્ભ પ્રવૃત્તિ સંભાળી રહ્યા હતા. તે બધાને પકડવા સરકાર આકાશપાતાળ એક કરી રહી હતી. બીજા કેટલાક કારોબારીના સભ્યો એવા હતા કે જેમની પર વૉરંટ નહોતાં, પરંતુ તેઓ ખૂબ જાણીતા હતા. આવા બંને પ્રકારના કાર્યકરોની મીટિંગો સાથે રાખવામાં અનેક જોખમો હતાં; વળી જે નેતાઓ ભૂગર્ભમાં નહોતા તેમની પર પોલીસનો જાપ્તો તો હતો જ. તેમની દરેકે-દરેક ગતિવિધિની સરકાર માહિતી રાખતી હતી. બે-ચાર કલાક માટે આવો જાપ્તો રાખનારને અંધારામાં રાખવાનું શક્ય હતું, પરંતુ બે-ચાર દિવસ માટે આમ કરવાથી સરકાર વધારે જાગ્રત થાય અને તપાસ કરે તો કાંઈક નવી મુશ્કેલીઓ આવી પડે એવો સંભવ હતો.

આ બધી મુશ્કેલીઓનો વિચાર કરી ગુજરાત જનસંઘના નેતાઓએ એક આબાદ યોજના ઘડી કાઢી. આ યોજના પ્રમાણે જેમના પર વૉરંટ નથી તેવા કાર્યકરોને ૧૨મી ઑક્ટોબરે અમદાવાદમાં મળેલ 'અખિલ હિન્દ નાગરિક સ્વાતંત્ર્ય પરિષદ'નાં નિમંત્રણ મોકલવામાં આવ્યાં અને તેમણે પણ 'નાગરિક સ્વાતંત્ર્ય'માં ભાગ લેવા માટે જ અમદાવાદ જઈ રહ્યા છે તેવું વાતાવરણ ઊભું કર્યું.

બીજી બાજુ જે ભૂગર્ભ નેતાઓ હતા તેમણે બની શકે તો બે દિવસ પહેલાં જ અમદાવાદ આવી જવું એમ નક્કી થયું. દિલ્હીથી અમદાવાદ આવનારે સાબરમતી ઊતરવાનું હતું અને મુંબઈથી અમદાવાદ આવનારે મણિનગર સ્ટેશને ઊતરવાનું હતું. આવનાર નેતાઓ ગુજરાત માટે પરિચિત હોવા છતાં વેશ-પરિવર્તનને કારણે ન ઓળખી શકાવાની શક્યતાઓ પણ હતી; આથી આવનાર દરેક ભૂગર્ભ કાર્યકરને સ્ટેશન પર ઊતર્યા પછી 'ઇલસ્ટ્રેટેડ વીકલી'નો એક અંક હાથમાં રાખીને ઊતરવાની સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત તેમને સામા લેવા જનાર કાર્યકરના હાથમાં સફેદ રૂમાલ રાખવામાં આવ્યો હતો, જેથી આવનાર વ્યક્તિ પણ તેમને ઓળખી શકે. આ પ્રકારની સૂચનાઓ વ્યવસ્થિત રીતે અપાઈ ગઈ હતી.

નિશ્ચિત તારીખે સૌ કાર્યકરો અમદાવાદ આવવા રવાના થયા. કોઈ જાણીતા કાર્યકરો તેમને લેવા જાય તે ઠીક નહીં, તેથી ઓછા પરિચિત મિત્રો અથવા બહેનો


www.babaisraeli.com

જ તેમને લેવા માટે જતી હતી.

૧૨મી પહેલાં તો સર્વશ્રી સુંદરસિંહજી ભાંડારી, સ્વામી, ખુરાના, ધનરાજ ઓઝા, જગદીશપ્રસાદ માથુર, રાજેન શર્મા વગેરે અનેક ભૂગર્ભ નેતાઓ અમદાવાદમાં આવી ગયા અને સલામત સ્થળે પહોંચી પણ ગયા.

નિવાસસ્થાન સંબંધમાં પણ વિશેષ કાળજી લેવામાં આવતી. એક નિવાસસ્થાન પર બેથી વધુ કાર્યકરોને ન રાખવા, જેથી એકીસાથે વધારે લોકોને પકડવાના સંજોગો ઊભા થતા રોકી શકાય. જેઓ જાહેરમાં કામ કરી રહ્યા હતા તેમની નિવાસવ્યવસ્થા પણ જાહેર રીતે ગોઠવવામાં આવી.

મીટિંગનું સ્થળ ખૂબ જ કાળજીપૂર્વક નક્કી કરવામાં આવ્યું જેથી આસપાસના લોકોને પણ ખબર ન પડે. જેઓ જાહેરમાં કામ કરી રહ્યા હતા તેવા કાર્યકર્તાઓને સવારે અર્ધા કલાક માટે એચ. કે. કૉલેજના હૉલમાં યોજાયેલ નાગરિક પરિષદના કાર્યક્રમમાં મોકલવામાં આવ્યા, જેથી દેશભરમાંથી અમદાવાદમાં ઊતરી પડેલ ઇન્ટેલિજન્સ સ્ટાફ તેમની નોંધ લે અને શંકાનું કોઈ વાતાવરણ ન બને. થોડોક સમય ત્યાં રહ્યા પછી કાળજીપૂર્વક નક્કી કરેલા કાર્યકર્તાઓ સાથે ત્યાંથી વિદાય થઈને જુદા-જુદા નક્કી કરેલા ઘરે પહોંચવાનું અને આમ સફળતાપૂર્વક સૌને મીટિંગના સ્થળે પહોંચવાનું હતું. ભૂગર્ભ કાર્યકર્તાઓને મીટિંગના સ્થળે લઈ આવવાનું પ્રમાણમાં વધારે સરળ હતું. આ કામ સફળતાપૂર્વક પાર પડ્યું.

આટલી ઝીણવટભરી કાળજી રાખ્યા પછી પણ આવા સ્થળે મીટિંગ ત્રણ કલાકથી વધારે સમય નહોતી રખાતી. સવારની મીટિંગનું સ્થાન એક, ભોજન-વ્યવસ્થા સૌની પોતપોતાના નિવાસસ્થાન પર અને ભોજન પછીની મીટિંગ બીજે સ્થળે એવી વ્યવસ્થા હતી. આમ દરેક મીટિંગ વખતે મીટિંગનું સ્થળ પણ બદલાઈ જતું.

એ દિવસોમાં કેન્દ્ર સરકાર એવો દૃઢ મત ધરાવતી હતી કે બધા ભૂગર્ભ નેતાઓ ગુજરાતમાં રહે છે... આથી ગુજરાતના પ્રવેશમાર્ગો પર પણ કડક જાપ્તો રહેતો; ઉપરાંત 'અખિલ હિંદ નાગરિક સ્વાતંત્ર્ય પરિષદ'માં અન્ય પ્રાંતોમાંથી આવનાર સભ્યોની માહિતી એકત્ર કરવા દરેક રાજ્યનો ઇન્ટેલિજન્સ સ્ટાફ તેમ જ કેન્દ્રીય ગુપ્તચર ખાતાના અધિકારીઓનો મોટો કાફલો અમદાવાદમાં ખડકાયો હતો.

સરકારની આટલી બધી તકેદારી હોવા છતાંય અમદાવાદમાં ૩૦ કરતાંય



www.babaisraeli.com

વધારે રાષ્ટ્રીય કક્ષાના નેતાઓ જેમાં ભાગ લઈ રહ્યા હતા તેવી ભૂગર્ભ મીટિંગ સફળ રીતે પૂરી થઈ.

આ મીટિંગમાં દિવંગત નેતા શ્રી કામરાજ તેમ જ કટોકટીના અત્યાચારોને સહીને જેલમાં જ શહાદતને વહોરી લેનારા કાર્યકરોને શ્રદ્ધાંજલિ આપતો એક ઠરાવ પસાર કરવામાં આવ્યો. બીજા એક ઠરાવમાં કટોકટીનાં કારણો અને તે પછીની રાજકીય સ્થિતિની સમીક્ષા કરવામાં આવી. ઠરાવમાં વધુમાં એમ પણ જણાવવામાં આવ્યું કે જનસંઘના સૌ કાર્યકરોએ લોકસંઘર્ષ સમિતિના બધા જ કાર્યક્રમોને સફળ બનાવવા માટે પૂરી તાકાતથી મદદ કરવી. પક્ષના કાર્યકરોને સરકારે ફેંકેલા પડકારને ઉઠાવી લઈને વિજય પ્રાપ્ત થાય ત્યાં સુધી સંઘર્ષરત રહેવાની અપીલ કરવામાં આવી.

આ મીટિંગમાં આવેલ ડૉ. સ્વામીએ ભાવનગરની મુલાકાત પણ લીધી. હું અને ડૉ. સ્વામી કાર લઈને કેટલાંક અગત્યનાં કામો અંગે ભાવનગર પહોંચ્યા. ત્યાંના રોકાણ દરમિયાન ભાવનગરના કાર્યકરોની એક મીટિંગ પણ થઈ. આ મીટિંગમાં ડૉ. સ્વામીએ દેશમાં ચાલી રહેલ ભૂગર્ભ આંદોલનના પ્રભાવની અનેક ઘટનાઓ વર્ણવી વિજયના વિશ્વાસ સાથે કાર્યકરોને જરા પણ હતાશ થયા વગર કામ કરવાની અપીલ કરી.

## અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ

જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહમાં અમદાવાદમાં અ. ભા. વિદ્યાર્થી પરિષદના કાર્યકરોની એક મીટિંગ થઈ. વિદ્યાર્થી પરિષદ ઉપર પણ શ્રીમતી ગાંધીનો સવિશેષ રોષ હતો. પરિણામે આ વિદ્યાર્થી સંગઠનના નાનામોટા કાર્યકર્તાને પણ પકડી લેવામાં આવ્યા હતા. આમ છતાંયે ઘણા વિદ્યાર્થી કાર્યકરો ભૂગર્ભમાં ચાલ્યા ગયા હતા. દેશવ્યાપી ભૂગર્ભ આંદોલન દ્વારા વિદ્યાર્થીને ચેતનવંત અને નિર્ભય બનાવી સંઘર્ષ માટે સંગઠિત કરવાનો તેઓ પ્રયત્ન કરતા હતા. વિદ્યાર્થી પરિષદના આવા સંઘર્ષરત કાર્યકરોની એક મીટિંગ પણ એટલી જ કાળજીથી કરવામાં આવી.

આ મીટિંગમાં દેશના ખૂણેખૂણેથી ૫૦ જેટલા પ્રમુખ કાર્યકર્તાઓ અમદાવાદ આવી પહોંચ્યા હતા. વિદ્યાર્થી-સંગઠનોમાં ગુપ્તચર ખાતાના માણસોની પહોંચ વધારે હોય છે તેવા અનુભવને કારણે આ મીટિંગ પછી પણ પાછા જનાર દરેક કાર્યકર્તા સહીસલામત પોતાના કાર્યક્ષેત્રમાં પહોંચી જાય ત્યાં સુધીની જવાબદારી ગુજરાતે


www.babaisraeli.com

માથે લીધી હતી.

આ ભૂગર્ભ મીટિંગ હતી ને તેની વ્યવસ્થા ગુજરાત વિદ્યાર્થી પરિષદના કાર્યકરો સર્વશ્રી નારાયણભાઈ ભાંડારી, ચન્દ્રકાંત શુક્લ, નટવરભાઈ રાજગુરુ વગેરેએ સંભાળી હતી.

આ મીટિંગમાં વિદ્યાર્થીઓને વધુમાં વધુ સક્રિય કરવા માટેની યોજનાઓ બનાવવામાં આવી; ઉપરાંત વિદ્યાર્થી જૂથો પોતાના પ્રશ્નો માટે પણ હિંમતથી ઊભાં રહે તેવો પ્રયત્ન કરવાનું નક્કી થયું. સંઘર્ષમાં વિદ્યાર્થીઓ દ્વારા થતી ગતિવિધિની અને કટોકટીને નામે વિદ્યાર્થીઓ ઉપર કરવામાં આવતા અત્યાચારોની વિગતોસભર માહિતી આપતી ભૂગર્ભપત્રિકાઓ દરેક કૉલેજ-સ્થાન પર તૈયાર કરી વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચવાનો કાર્યક્રમ નક્કી થયો.

આ ઉપરાંત ગુજરાતમાં કેન્દ્રીય લો. સં. સમિતિના રાષ્ટ્રીય નેતાઓની એક ભૂગર્ભ બેઠક પણ અમદાવાદમાં થઈ.

## કૉમનવેલ્થ કૉન્ફરન્સ

ઑક્ટોબર માસના અંતમાં દિલ્હીમાં કૉમનવેલ્થ દેશોના સંસદીય પ્રતિનિધિઓનું એક વિશાળ સંમેલન યોજાયું. લોકશાહીને નામે રોજ નવા વટહુકમો દ્વારા અસ્તિત્વ ટકાવી રહેલ તાનાશાહી સરકાર વિશ્વમાં પોતાની પ્રતિભા જરા પણ ઝાંખી ન પડે તે માટે પ્રચારનાં બધા જ નાટકો કરશે તેની પૂરી શક્યતા હતી. તે વિરોધપક્ષને અને જે.પી.ને બદનામ કરવામાં પાછું વાળીને નહીં જુએ એ સૌ જાણતા હતા-અને બન્યું પણ એવું જ! શ્રીમતી ગાંધીની સરકારે આ કૉન્ફરન્સનો ઉપયોગ પોતે લીધેલાં પગલાં સાચાં ઠેરવવાના પ્લૅટફૉર્મ તરીકે કર્યો. પોતે લોકશાહીનાં રક્ષક હોવાનો મોટો ડોળ પણ તેમણે કર્યો.

વિરોધપક્ષો પહેલેથી જ આવું કાંઈક થવાની શક્યતા જોતા હતા – આથી સપ્ટેમ્બર-ઑક્ટો.માં અમદાવાદ આવેલ લો. સં. સમિતિના નેતાઓએ પણ સરકાર તરફથી થનારા જુઠ્ઠા પ્રચારનાં તથ્યો અને હકીકતો સામે વિરોધ કરવાનો નિર્ણય કર્યો હતો.

આ યોજના અનુસાર કટોકટીની રાજકીય સમીક્ષા, સરકાર તરફથી આચરવામાં આવેલ અત્યાચારો, વિરોધપક્ષોનો લોકશાહી દૃષ્ટિકોણ વગેરેની


www.babaisraeli.com

માહિતીવાળી નાનીનાની પુસ્તિકાઓ અંગ્રેજી ભાષામાં તૈયાર કરવી અને જો સરકાર કોઈ જુઠ્ઠાણાનો આશરો લેવાનું શરૂ કરે તો આ સાહિત્ય તેમની વચ્ચે વહેંચવું એમ નક્કી થયું. આટલી મોટી સંખ્યામાં ગેરકાયદે પુસ્તિકાઓ તૈયાર કરવી એ પણ જવાબદારીભર્યું અને મુશ્કેલ કામ હતું. કેન્દ્રીય લો. સં. સમિતિ તરફથી આ કામ ગુજરાતમાં સંઘના કાર્યકરોને સોંપવામાં આવ્યું. પુસ્તકો છપાવી દિલ્હી સુધી પહોંચાડવાની જવાબદારી અમારે માથે હતી.

આ માટે પાંચ પુસ્તિકાઓ તૈયાર રાખવાની હતી :

1. Indian Press Gagged
2. Facts (Nail Indira's Lies)
3. 20 Lies of Mrs. Anti-Gandhi
4. 'When Disobedience to Law is a Duty' – Mahatma Gandhi
5. A Decade of Economic Chaos

જનસંઘના કાર્યાલય-મંત્રી શ્રી બચુભાઈ ઠાકરની મદદથી અમે આ કામ પાર પાડ્યું. એ દિવસોમાં ગુજરાતમાં મોરચા સરકાર હોવા છતાંય ભૂગર્ભ સાહિત્યની શોધખોળ માટે અવારનવાર પ્રિન્ટિંગ પ્રેસ પર દરોડા પડતા જ હતા. આવી મુસીબતોમાં પણ ગુજરાતમાં કેટલાંક પ્રેસ ગમે તે મુસીબતો આવે તોયે સહન કરવાની તૈયારી સાથે હજારોની સંખ્યામાં આ પુસ્તકો છાપવા માટે તૈયાર થયાં.

પુસ્તકો તૈયાર તો થયાં, પણ આટલી મોટી સંખ્યામાં તે દિલ્હી પહોંચાડવાં એ પણ એક સમસ્યા હતી. આ માટે પણ હિંમતવાન અને ચપળ કાર્યકર્તાઓને રેલવેમાર્ગે દિલ્હી મોકલવામાં આવ્યા. કપડાંની બૅગમાં, બિસ્તરામાં એમ છુપાવીને પુસ્તકો દિલ્હી સુધી પહોંચાડ્યાં. આ પુસ્તકોનો ઉપયોગ કૉન્ફરન્સમાં આવેલ વિદેશી પ્રતિનિધિઓ ઉપરાંત ચંડીગઢમાં ભરાનાર શાસક કૉંગ્રેસના અધિવેશનમાં પણ કરવાનો હતો.

પુસ્તકો સહીસલામત દિલ્હી પહોંચ્યા પછી પણ કૉન્ફરન્સમાં આવેલ સદસ્યો સુધી આ સાહિત્ય પહોંચાડવામાં મુશ્કેલી હતી. એક તો સરકાર બધી રીતે જાગ્રત હતી; ઉપરાંત કૉન્ફરન્સમાં ભાગ લઈ રહેલા ભારતીય પ્રતિનિધિઓમાં ઘણું કરીને શાસક કૉંગ્રેસી સભ્યો જ હતા. આ કૉન્ફરન્સમાં ગુજરાત વિધાન સભાના પ્રતિનિધિ તરીકે મોરચાના જનસંઘ ઘટકના કચ્છ માંડવીના ધારાસભ્ય શ્રી સુરેશ મહેતાને



www.babaisraeli.com

મોકલવામાં આવ્યા હતા. દિલ્હીમાં કટોકટી વિરુદ્ધના સાહિત્યના વિતરણનું આ કામ ગુજરાત પ્રતિનિધિ શ્રી સુરેશ મહેતાના માથે આવ્યું. તેમણે હિંમતથી અને ખૂબ કાળજીથી સરકારનાં જુઠ્ઠાણાંનો ભંડો ફોડતું લો. સં. સમિતિ દ્વારા પ્રસિદ્ધ થયેલું આ સાહિત્ય બધા જ સભ્યો સુધી પહોંચાડી દીધું. સરકાર જાગે તે પહેલાં જ બધું પતી ગયું અને સરકાર હાથ ચોળતી રહી ગઈ. આમ ગુજરાતમાં ઘડાયેલ એક યોજના પૂર્ણ રીતે સફળ બની.

## કૉન્ફરન્સના સભ્યોની ગુજરાત મુલાકાત અને ધરપકડો

કૉમનવેલ્થ કૉન્ફરન્સમાં ભાગ લેવા આવેલ સભ્યો ભારતદર્શન માટે પણ નીકળવાના હતા; આથી કેન્દ્રીય લો. સં. સમિતિ તરફથી જ્યાં જ્યાં આ કૉન્ફરન્સના સભ્યો જાય ત્યાં ત્યાં ભારતની લોકશાહીપ્રેમી જનતા તરફથી કટોકટી વિરુદ્ધ ચાલી રહેલ પ્રતિકારનાં દર્શન કરાવવાનો એક કાર્યક્રમ ઘડાયો હતો. આ કાર્યક્રમ ગુજરાત માટે તો ખૂબ સરળ હતો, પણ અન્ય રાજ્યોમાં આ કાર્ય કરનાર લો. સં. સમિતિના કાર્યકરોને પાછળથી ખૂબ માર મારવામાં આવ્યો હતો.

ગુજરાતમાં પણ ભાઈબીજના દિવસે અમદાવાદના એરપૉર્ટ ઉપર કૉન્ફરન્સના સભ્યોના આગમન સમયે જ સૂત્રો અને પ્લેકાર્ડ દ્વારા ભારત સરકારની લોકશાહીવિરોધી રીતરસમ સામે પ્રજાની અસંમતિનાં દર્શન કરાવવાનો કાર્યક્રમ સંઘના કાર્યકરોએ ગોઠવ્યો. કાર્યક્રમ માટે સંઘના કાર્યકરો એરપૉર્ટ પર પહોંચ્યા; પરંતુ વિમાનના આવતા પહેલાં જ મોરચા સરકારે જાહેર કરેલી નીતિઓની વિરુદ્ધ જઈને અમદાવાદના પોલીસ કમિશનરે બધાની ધરપકડ કરી લીધી.

આ ધરપકડોમાં સંઘના ૩૫ જેટલા કાર્યકરો ઉપરાંત દેખાવોનો જાત-અહેવાલ લેવા માટે ત્યાં ગયેલા 'સાધના'ના તંત્રી શ્રી વિષ્ણુભાઈ પંડ્યાની, જ્યારે તેઓ સંસદસભ્ય શ્રી માવળંકર સાથે વાત કરતા હતા ત્યારે, ધરપકડ કરી લીધી. 'મોરચા'ના ઘટક પક્ષોમાં આના તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા. પાછળથી સૌને છોડી મૂકવામાં આવ્યા. પરંતુ સરકારના મનસ્વી વર્તન સામે અનેક લોકોએ વિરોધ કર્યો. જનસંઘના શ્રી વસંતભાઈએ પણ મુખ્યમંત્રીને એક પત્ર લખી આ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો. શ્રી વિષ્ણુભાઈએ પણ પત્ર લખ્યો અને ગૃહસચિવે લેખિત માફી માગી તથા સંઘર્ષ સમિતિની બેઠકમાં પણ દિલગીરી વ્યક્ત કરી.



www.babaisraeli.com

'ગુ. લો. સં. સમિતિ'એ તાનાશાહી વિરુદ્ધ ગુજરાતમાં ચાલી રહેલ આંદોલનની સમજ આપતું અને તાનાશાહીના ઉદ્‌ગમસ્થાનની ઘટનાઓ આલેખતું એક વિસ્તૃત આવેદનપત્ર તૈયાર કર્યું. આ આવેદનપત્ર પણ બધા જ સભ્યોને આપવાનું હતું.

## ડૉ. સ્વામીની મુલાકાત


'કેન્દ્રીય લો. સં. સમિતિ' તરફથી ડૉ. સ્વામીને કૉમનવેલ્થના સભ્યોને મળીને ભારતમાં લોકશાહી પર આવી પડેલ આફતોની માહિતી આપી બીજા દેશોના પ્રતિનિધિઓના દૃષ્ટિકોણ અંગે ચર્ચા કરવાનું કામ સોંપાયું હતું. આ કામ માટે ડૉ. સ્વામીએ ગુજરાત પસંદ કર્યું. ડૉ. સ્વામી ભૂગર્ભમાં હોઈ આ કામ સિફતથી કરવાનું હતું. આ ઉપરાંત રા. સ્વ. સંઘ તરફથી 'R.S.S. and Emergency' અંગેનો એક વિસ્તૃત અહેવાલ પણ સૌ સભ્યોને આપવાનો હતો. આ કામ ધારાસભ્ય શ્રી અશોક ભટ્ટ દ્વારા કરવાનું નક્કી થયું.

ડૉ. સ્વામીની મુલાકાતો માટે કામા હોટેલમાં પ્રતિનિધિઓ સાથે જ એક રૂમ પહેલેથી રાખી લીધી હતી – આથી બધા સાથે તેમનું મળવાનું શક્ય બન્યું. તેમની સાથે શ્રી વિષ્ણુભાઈ પંડ્યા પણ હતા. અનેક પ્રતિનિધિઓ ડૉ. સ્વામીની હિંમત જોઈ ચકિત થઈ ગયા અને તેમણે ભારતના સંઘર્ષમાં તેમનો નૈતિક ટેકો હોવાની વાત પણ કરી. આ વાતચીતો અને પ્રચારસામગ્રી જોયા પછી મૉરેશિયસના પ્રતિનિધિએ તો કહ્યું પણ ખરું કે "અમે ગુજરાતમાં આવ્યા ત્યારે લાગ્યું કે અમે સ્વતંત્રતાના દ્વીપમાં છીએ, પણ તમે તો આખા દેશને સંઘર્ષનો દ્વીપ બનાવી દીધો છે!"



www.babaisraeli.com

# તાત્ત્વિક વિવેચન કરતાં ભૂગર્ભ પુસ્તકો






www.babaisraeli.com

## સંઘ પરના સરકારી આક્ષેપોનો જવાબ આપતી ભૂગર્ભ પુસ્તિકાઓની હારમાળા!






www.babaisraeli.com

# સત્યાગ્રહની તૈયારીઓ

'લોકસંઘર્ષ સમિતિ'ના મંત્રી તરીકે કાર્યભાર સંભાળતા ભૂગર્ભનેતા શ્રી નાનાજી દેશમુખને પકડવામાં સરકારને સફળતા મળી હતી. શ્રી નાનાજીના પકડાઈ જવાથી સંઘર્ષના કાર્યક્રમમાં થોડીક રુકાવટ પણ ઊભી થઈ હતી. એક તો નાનાજીએ ભૂગર્ભવાસ દરમ્યાન જ આખા દેશનું ભ્રમણ કરી સંઘર્ષમાં કામ કરનારાઓની શક્તિ અને સ્થિતિનો અભ્યાસ કરી લીધો હતો. તેમણે સત્યાગ્રહની યોજના અંગે પણ દરેક પ્રાંતના કાર્યકરોને મળીને વિગતવાર ચર્ચા કરી તેની સફળતાનો અંદાજ પણ બાંધી લીધો હતો. આ બધી તૈયારીઓ પછી તેને અમલમાં મૂકતા પહેલાં જ તેમની ધરપકડ થઈ ગઈ હતી.

એક વહેલી સવારે શ્રી રવીન્દ્ર વર્મા અમદાવાદ આવી પહોંચ્યા. તેમનો મારા નિવાસસ્થાન પર ફોન આવ્યો. તેઓ મને પ્રકાશના ઉપનામથી જાણતા હતા. તેમણે સંઘના પ્રાંતપ્રચારક શ્રી કેશવરાવ દેશમુખને મળવાની ઇચ્છા વ્યક્ત કરી. તેમના ફોન પરથી તેઓ કંઈક અગત્યના કામે આવ્યા હોય તેવું લાગ્યું. તેઓ ઉતાવળમાં પણ હતા. શ્રી શંકરસિંહજી વાઘેલા એક જ કલાકમાં શ્રી રવીન્દ્ર વર્માને લઈને અમારા મુલાકાતના સ્થળે આવી પહોંચ્યા.

૧૩

પહેલા કરતાં શ્રી રવીન્દ્ર વર્મા ઉર્ફે સુરેશ આજે વધારે બદલાયેલા લાગતા હતા. હંમેશ માટે ખૂબ હળવાશભર્યા મૂડમાં જોવા મળતા શ્રી વર્મા કંઈક વધુ ગંભીર લાગતા હતા. તેમણે વેશપરિવર્તન પણ ઠીક ઠીક કર્યું હતું. મુસ્લિમ દાઢી અને માથે



www.babaisraeli.com

ફેઝ કેંપમાં શ્રી વર્મા સાવ નવી જ વ્યક્તિ લાગતા હતા.

સંઘર્ષને ઘણું મોટું નુકસાન થયું હોય તેવા ઉદાસ વ્યથિત ભાવથી શ્રી નાનાજી પકડાઈ ગયાના સમાચાર શ્રી વર્માએ આપ્યા. આ સમાચાર અમારે માટે પણ નવા હતા. નાનાજી સાથેના ભૂગર્ભ સંપર્કકેન્દ્રોનાં સરનામાં પણ સરકારના હાથમાં પહોંચી ગયાં હોવાની શંકા તેમણે વ્યક્ત કરી. હવે અમારે સૌએ જૂનાં સરનામાં અને મુલાકાતોનાં સ્થળોનો ઉપયોગ બંધ કરવાની સૂચનાઓ આપવાની હતી... ફરીથી નવી વ્યવસ્થા પણ ગોઠવવાની હતી.

શ્રી વર્માના ચહેરા પરની ગંભીરતાનું બીજું એક કારણ વાતચીતમાં પાછળથી અમારા ધ્યાનમાં આવ્યું. નાનાજીની ધરપકડ પછી 'લો. સં. સમિતિ'ના મંત્રી તરીકેની બધી જ જવાબદારી હવે તેમના માથે આવી હતી. સંઘર્ષરત દેશના કાર્યકરોનું નેતૃત્વ એ ખૂબ મોટી જવાબદારીનું કાર્ય હતું. તેઓ ગંભીર જવાબદારીના ભાર નીચે દબાયેલા હોય તેવું સ્પષ્ટ લાગતું હતું. આ મુલાકાતમાં તેમણે ભાવિ સત્યાગ્રહ અંગે અમારી સાથે વિચારવિમર્શ કર્યો. વાતચીત પતાવી થોડા જ સમયમાં અમે છૂટા પડ્યા. થોડાક જ દિવસ બાદ સત્યાગ્રહ અંગે વિગતે વાતચીત કરવા માટે ગુજરાતના પ્રવાસે આવવાનું નક્કી કરી તેઓ ગુજરાત બહાર જવા રવાના થયા.

અમે ફરી વાર નાનાજીના પકડાઈ ગયા પછીની સ્થિતિનો વિચાર કરવા માટે મળ્યા...અ. ભા. સંપર્ક માટેનાં અમદાવાદનાં કેન્દ્રોને 'જૂની વ્યવસ્થા રદ કરી છે'ના સંદેશા પહોંચાડી દીધા. ઉપયોગમાં લેવાતાં જૂનાં સંપર્કકેન્દ્રો પર ભૂગર્ભ પ્રવૃત્તિનો અણસાર આવે તેવું કોઈ સાહિત્ય કે અન્ય સામગ્રી રહી ન જાય તેની કાળજી લેવામાં આવી.

અમે સૌએ મળીને નાનાજી પકડાઈ ગયાના સમાચાર કોઈને પણ ન આપવાનો નિર્ણય કર્યો. નેતાઓના એક પછી એક પકડાઈ જવાના પ્રસંગો નાના કાર્યકરોના મનોબળ ઉપર અસર ન કરે તે હેતુથી આમ કરવાનું વિચાર્યું હતું; લગભગ આખા દેશમાં આ પ્રમાણે કરવામાં આવ્યું. એક પણ ભૂગર્ભપત્રિકામાં નાનાજીની ધરપકડના સમાચાર છાપવામાં આવ્યા નહોતા. નાના નાના કાર્યકરો પણ નાનાજી બહાર છે તેમ માનીને સંઘર્ષની વાતો લોકો સુધી પહોંચાડતા હતા.

નાનાજીની ધરપકડના સમાચારો બહાર પાડીને લોકોનું મનોબળ તોડવાનો પ્રયત્ન કરવાની સરકારને ફરજ પડી. ખૂબ મોડેથી સરકારે દરેક છાપામાં અને રેડિયો



www.babaisraeli.com

પરથી નાનાજીની ધરપકડના સમાચારો આપ્યા. ત્યારપછી જ ભૂગર્ભ પત્રિકાઓમાં નાનાજીની ધરપકડનો વિગતવાર અહેવાલ અપાયો.

## શ્રી રાધાકિશ્નનજી સાથે મુલાકાત

થોડાક દિવસો પછી ફરીથી શ્રી વર્મા અમદાવાદ આવ્યા. અગાઉ નક્કી થયા પ્રમાણે અમારે સત્યાગ્રહ અંગે વિગતવાર વાતચીત માટે બેસવાનું હતું. લાંબો સમય વાતચીત માટે રોકાવાનું હોઈ સંઘના એક કાર્યકર ડૉ. વણીકરને ત્યાં ભોજન અને મીટિંગ ગોઠવાયાં. આ મીટિંગમાં શ્રી વસંતભાઈ ગજેન્દ્રગડકર, શ્રી રવીન્દ્ર વર્મા, 'ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન'ના શ્રી રાધાકિશ્નનજી, શ્રી કેશવરાવજી દેશમુખ અને હું (નરેન્દ્ર મોદી) એમ પાંચ જણ ભેગા થયા.

આ મીટિંગમાં સત્યાગ્રહ માટેની અનુકૂળ તારીખ, ગુજરાતમાં સત્યાગ્રહનું સ્વરૂપ, વધુમાં વધુ કેટલા તાલુકાઓમાં સત્યાગ્રહનું વાતાવરણ નિર્માણ કરી શકાય, સત્યાગ્રહના સમાચારો લોકો સુધી પહોંચાડવા માટે વિશેષ ભૂગર્ભપત્રિકા, સત્યાગ્રહ દરમ્યાન જ ગુજરાતમાં ચૂંટણીઓ હોઈ સત્યાગ્રહની ચૂંટણી પર અસર, રાજકીય પક્ષના કાર્યકરો સત્યાગ્રહમાં કેટલો ફાળો આપી શકે તેની શક્યતા, સત્યાગ્રહીઓની સંભવિત સંખ્યા, મોરચા સરકાર તરફથી સત્યાગ્રહીઓ સાથેનો સંભવિત વ્યવહાર વગેરે અનેક વિષયોની વિગતવાર ચર્ચા થઈ.

આ ઉપરાંત ગુજરાતની નજીકનાં અન્ય રાજ્યોને પણ ગુજરાત કઈ રીતે મદદરૂપ થઈ શકે તેનો પણ વિચાર કરવાનો હતો. સત્યાગ્રહની તારીખ જાહેર થયા પછી સરકાર વધુ કડક બનીને સત્યાગ્રહ પહેલાં જ અનેકોને પકડી લઈ, સત્યાગ્રહ નિષ્ફળ બનાવવા પ્રયત્ન કરશે તેવી પૂરેપૂરી શક્યતા હતી, વળી સત્યાગ્રહ અને લોકજાગૃતિ માટે મોટા પ્રમાણમાં સાહિત્ય તૈયાર કરીને પહોંચાડવું એ પણ એક સમસ્યા હતી. સરકાર જુદાં જુદાં છાપખાનાં પર તકેદારી રાખે એ પણ સ્વાભાવિક હતું. આ સંજોગોમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશને ગુજરાત કેવી રીતે મદદરૂપ થઈ શકે તેનો વિચાર કરવામાં આવ્યો.

## ગુજરાત લો. સં. સમિતિ

'ગુજરાત લો. સં. સમિતિ'ના કન્વીનર શ્રી ભોગીલાલ ગાંધી સમિતિનું



www.babaisraeli.com

સંગઠનમાળખું વધારે વ્યવસ્થિત કરવાના પ્રયત્નમાં લાગી ગયા. ગુજરાતનાં મુખ્ય મુખ્ય સ્થાનો પર આ અંગે ચર્ચાવિચારણા કરવા માટે દિ. ૭, ૮ અને ૯મી સપ્ટેમ્બરે રાજકોટ, વડોદરા, અમદાવાદ અને સુરત વગેરે બધા જ જિલ્લાઓના કાર્યકરોની અલગ અલગ મીટિંગો રાખવામાં આવી. આ સંગઠન-સંમેલનમાં સર્વશ્રી દિનેશભાઈ, આર. કે. અમીન, શંકરસિંહ વાઘેલા, બ્રહ્મકુમાર ભટ્ટ તથા ભોગીલાલ ગાંધીએ હાજર રહી માર્ગદર્શન આપ્યું હતું.

સત્યાગ્રહના દિવસો દરમિયાન જ ગુજરાતમાં ચૂંટણીઓ આવતી હોવાથી મોટા ભાગના રાજકીય પક્ષોના કાર્યકરોનું ધ્યાન ચૂંટણીઓમાં હતું. ચૂંટણી પણ સંઘર્ષના એક ભાગ તરીકે જ લડવાનો મોરચાએ નિર્ણય લીધો હતો. ચૂંટણીઓની સાથે સાથે સત્યાગ્રહનું પણ આગવું મહત્ત્વ હોઈ સર્વશ્રી ભોગીભાઈ અને વસંતભાઈ ચૂંટણીઓ ઉપરાંત સત્યાગ્રહ માટે પણ એટલા જ આગ્રહી હતા.

સત્યાગ્રહની ઘણી મોટી જવાબદારી સંઘના સ્વયંસેવકોએ પણ લીધી હતી. દરેક જિલ્લામાં નિયમિત રીતે નક્કી કરેલ ટુકડીઓ પહોંચે, સંઘર્ષ સમિતિએ નક્કી કરેલ પદ્ધતિ પ્રમાણે જ અહિંસક સત્યાગ્રહ થાય, સત્યાગ્રહ પછી જો સરકાર તરફથી ખોટાં ચાર્જશીટ રજૂ કરવામાં આવે તો લડી લેવા વકીલોની પૅનલ તૈયાર રાખવી વગેરે અનેક વિષયોની ચર્ચા માટે સંઘર્ષ સમિતિના કન્વીનર શ્રી ભોગીભાઈ ગાંધી સંઘના પ્રાંતપ્રચારક કેશવરાવજીને પણ મળ્યા. સંઘર્ષકાર્ય દરમ્યાન તેમનું અવારનવાર મળવાનું થતું અને યોજનાઓ ઘડી કાઢવામાં આવતી.

## 'શાદી તય હો ગઈ હૈ'

સત્યાગ્રહના પ્રારંભની તારીખ તથા તેનાં સ્વરૂપ અને સમયમર્યાદા નક્કી કરવા માટે ઑક્ટોબરના અંતમાં દિલ્હીમાં 'લો. સં. સમિતિ'ની ભૂગર્ભ બેઠક યોજાઈ.

આ બેઠકમાં અનેક ચર્ચાઓને અંતે ૧૪મી નવેમ્બરે સત્યાગ્રહનો પ્રારંભ કરવાનો નિર્ણય લેવાયો. આ દિવસનું પણ ભારતના જાહેર જીવનમાં વિશિષ્ટ મહત્ત્વ હતું. લોકશાહી જીવનમૂલ્યો માટે જીવન પર્યંત સંઘર્ષ ખેલનાર સ્વ. શ્રી પંડિત નહેરુનો આ જન્મદિવસ હોઈ તેમની જ દીકરી શ્રીમતી ગાંધી સામે એ જ જીવનમૂલ્યોની પુનઃસ્થાપના માટે અતિવ્યાપક સત્યાગ્રહનો પ્રારંભ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.



www.babaisraeli.com

સત્યાગ્રહ અંગેની તારીખ સરકાર પાસે પહેલેથી જ પહોંચી ન જાય તે માટે ખાસ કાળજી રાખવામાં આવી–નહીં તો સરકાર અગાઉથી અનેક કાર્યકરોને પકડીને 'મિસા'માં ધકેલી દે. સંઘર્ષ સમિતિ તરફથી ચોથી નવેમ્બરે નિશ્ચિત કરેલ ફોન ઉપર સંદેશાની રાહ જોતા બેસવાનું દરેક પ્રાંત-કેન્દ્રને કહેવામાં આવ્યું હતું. સત્યાગ્રહ નક્કી થયાનો સંદેશો 'શાદી તય હો ગઈ હૈ'ના કોડમાં આવવાનો હતો.

હું પણ અમદાવાદમાં એક ફોન ઉપર દિલ્હીના ફોનની રાહ જોતો બેઠો. સવારથી જેની કાગડોળે રાહ જોવાતી હતી તે ફોનસંદેશો છેક રાત્રે મળ્યો. જરૂરી સંકેતો પછી જાણવા મળ્યું કે '૧૪ નવેમ્બરકો શાદી તય હો ગઈ હૈ!'

## સાહિત્યના ઢગ ખડકાયા

સત્યાગ્રહ કરવાનું નક્કી થઈ ગયા પછી સંઘે પૂરેપૂરી તાકાતથી લોકશાહીની રક્ષા માટે સંઘર્ષ-સમિતિના નેતૃત્વમાં સત્યાગ્રહપર્વમાં ભાગ લેવાનો નિર્ધાર કર્યો. સત્યાગ્રહ પૂર્વે સત્યાગ્રહને લગતું સાહિત્ય–ચોપાનિયાં, પોસ્ટરો વગેરે–તૈયાર કરવાના કામમાં બધા લાગી ગયા.

રાજસ્થાનમાંથી સંઘના એક પ્રચારક શ્રી કિશનભૈયા–જેઓ ભૂગર્ભમાં હતા– રાજસ્થાન 'લો. સં. સમિતિ' તરફથી સાહિત્ય છપાવવા માટે અમદાવાદ આવ્યા. બે લાખ પત્રિકા હિન્દીમાં તૈયાર કરીને રાજસ્થાન પહોંચાડવાની હતી. આ પણ અમારે માટે એક પડકાર જ હતો. હું અને જનસંઘના સંગઠનમંત્રી શ્રી નાથાભાઈ ઝઘડા આ કામ માટે પ્રેસની શોધમાં લાગી ગયા. ગુજરાતમાં હિન્દી ભાષામાં આટલું બધું સાહિત્ય છાપી શકે તેવાં ઘણાં ઓછાં પ્રેસ હોય અને જ્યાં સગવડ હોય તે પ્રેસ કદાચ આવું સાહિત્ય છાપવાની ના પણ પાડે. પ્રેસના બધા જ કામદારો વિશ્વાસુ હોવા જોઈએ. કાર્યની દરેક રીતે ગુપ્તતા જળવાવી જોઈએ. બે દિવસની સતત શોધખોળ પછી એક પ્રેસમાલિક આ કામ માટે તૈયાર થયા. અમને થયું, ચાલો ગંગા નાહ્યા! એક વાર છાપકામ થઈ ગયા પછી આગળ જોયું જશે. સાહિત્ય તૈયાર થવા લાગ્યું. બે લાખ પત્રિકાઓનો ઢગ ખડકાયો.

સાહિત્ય તૈયાર થયા પછી અમદાવાદમાં જુદી જુદી ચાર જગાઓ પર લાવીને મૂકી દેવામાં આવ્યું. સાહિત્યને સફળતાપૂર્વક રાજસ્થાન સુધી પહોંચાડવામાં શ્રી કિશનભૈયા સાથે મળીને યોજના ઘડી કાઢી. રાજસ્થાનના દરેક જિલ્લામાંથી બે



www.babaisraeli.com

કાર્યકરોને તેમની સાથે ખાલી બિસ્તર લઈને અમદાવાદ પહોંચવાની સૂચનાઓ મોકલી દીધી. સૂચના પ્રમાણે નિશ્ચિત તારીખે કાર્યકરો નિર્ધારિત સ્થળે આવી પહોંચ્યા. દરેકને તેમના જિલ્લા પ્રમાણેનું સાહિત્ય ફાળવી આપવામાં આવ્યું. આ સાહિત્ય તેમણે તેમની સાથેના બિસ્તરામાં કાળજીપૂર્વક ગોઠવવાનું હતું, જેથી બહારથી જોનારને કશો ખ્યાલ ન આવે. બબ્બે વ્યક્તિની ટુકડીમાં બધાએ રેલવે તેમ જ બસના જુદા જુદા માર્ગો દ્વારા પોતાના સ્થાન પર જવાનું હતું; વળી સાથેના કાર્યકરે આ કામમાં સક્રિય સહાય ન કરવી, પ્રવાસ દરમ્યાન પણ જેમની પાસે સાહિત્ય છે તે કાર્યકર્તા સાથે અપરિચિતની જેમ જ વ્યવહાર કરી તેની સુરક્ષિતતા અંગે ધ્યાન રાખવું એમ નક્કી થયું. સંજોગોવશાત્ જો કદાચ એક કાર્યકર પકડાઈ જાય તો સાથેના કાર્યકરે યોગ્ય જગાએ માહિતી પહોંચાડવાના કામમાં લાગી જવું–એમ પણ નક્કી થયું.

આમ સુરક્ષાનો બધો જ વિચાર કરીને સૌને વિદાય કરવામાં આવ્યા. સદ્‌ભાગ્યે એટલા મોટા પ્રમાણમાં બે પ્રાંતો વચ્ચે હેરફેર થવા છતાં એક પણ જગાએ કોઈ કમનસીબ બનાવ ન બન્યો. ૧૪મી નવેમ્બર પહેલાં તો રાજસ્થાનનાં ગામડાં સુધી ઢગલાબંધ સાહિત્ય હેમખેમ પહોંચી ગયું. જ્યારે આ સાહિત્યનું વિતરણ થયું ત્યારે પોલીસ આશ્ચર્યમાં પડી ગઈ અને તેણે રાજસ્થાનનાં છાપખાનાં પર આડેધડ દરોડા પાડવા માંડ્યા.

મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશનું સાહિત્ય પણ ગુજરાતમાં છપાતું હતું. મહારાષ્ટ્રનું સાહિત્ય સુરતમાં અને મધ્યપ્રદેશનું સાહિત્ય દાહોદ-ગોધરામાં છાપવામાં આવ્યું. દાહોદ-ગોધરામાં તૈયાર થયેલ પત્રિકા અને પોસ્ટરો મધ્યપ્રદેશ મોકલવાનું પ્રમાણમાં ઘણું સરળ હતું, પરંતુ સુરતથી મુંબઈ માટે રાજસ્થાનની જેમ જ કાળજી લેવી પડે તેમ હતું. સુરતમાં બધું સાહિત્ય છાપવાની વ્યવસ્થા સંઘના વિભાગપ્રચારક શ્રી નરેન્દ્રભાઈ પંચાસરાએ અને શ્રી ચંપકભાઈ સુખડિયાએ સંભાળી લીધી હતી.

સુરતમાં છપાયેલ સાહિત્ય કાર્યકર્તાઓ સાથે મુંબઈ મોકલવું પ્રમાણમાં જોખમી લાગતાં આ સાહિત્ય રેલવે-પાર્સલો દ્વારા મોકલવાનો નિર્ણય લેવાયો. આ માટે સુરતમાં પાર્સલ રવાના કરનાર પેઢી તરીકે એક બોગસ કંપની ઊભી કરવામાં આવી. સેલ્સટેક્સ નંબર સહિતનાં તેનાં લેટરપેડ તૈયાર કર્યાં, બિલબુકો બનાવી. તે જ પ્રમાણે મુંબઈમાં માલ લેનાર એક કંપની ઊભી કરી ભળતું જ પાટિયું લગાવી થોડાક દિવસ માટે કામકાજ પણ શરૂ કરવામાં આવ્યું. આમ બંને બોગસ કંપનીઓનાં નામથી



www.babaisraeli.com

માલ લેવા અને મોકલવાની વિધિ દ્વારા બધું જ સાહિત્ય મુંબઈ પહોંચતું થયું. આ વ્યવસ્થાની સરકારને ગંધ પણ ન આવી અને કામ સહીસલામત રીતે પૂરું થયું.

ગુજરાતમાં પણ સત્યાગ્રહ માટેનું જરૂરી સાહિત્ય નક્કી કરેલ ચાર કેન્દ્રો ઉપર છાપીને તૈયાર કરવામાં આવ્યું. ગુજરાતનાં ગામડાં સુધી આ સાહિત્ય પહોંચતું કરવામાં આવ્યું. સત્યાગ્રહને લગતાં પોસ્ટરો પણ તૈયાર કરીને ચોંટાડવામાં આવ્યાં. ૧૪મી નવેમ્બરથી સત્યાગ્રહનો પ્રારંભ થશે તેનો પ્રચાર ૧૦મી નવેમ્બર પછી ભીંત પર સૂત્રો લખીને કરવામાં આવ્યો. ગુજરાતનાં ગામડે-ગામડે સંઘના કાર્યકરો ભીંતપત્રો લખવા માટે ઘૂમી વળ્યા. ભીંતપત્રોનું આ કામ કરવા જતાં એલિસબ્રિજના સંઘના સ્વયંસેવક શ્રી પ્રકાશ મહેતા અને બીજા બે જણને પોલીસે પકડી લીધા. પોરબંદરમાં પણ આ રીતે ત્રણ કાર્યકરો પકડાઈ ગયા. તેમના પર D.I.R. હેઠળ કેસ ચલાવવામાં આવ્યો.

## સત્યાગ્રહીઓની વ્યવસ્થા

સત્યાગ્રહ જાહેર થઈ જવા માત્રથી સત્યાગ્રહ થઈ જાય એવા એ દિવસો નહોતા; વળી સત્યાગ્રહ એકાદ-બે દિવસ માટે નહીં, પણ સતત અઢી માસ સુધી ચલાવવાનો હતો. આ માટે કાર્યકર્તાઓને વ્યવસ્થિત પ્રયત્નો કરવા પડતા; આથી સંઘર્ષ સમિતિના જિલ્લાના મુખ્ય કાર્યકરોએ સત્યાગ્રહમાં ન જોડાતાં ટુકડીઓની વ્યવસ્થા, પ્રચાર-વ્યવસ્થા, પકડાયા પછી જેલ સાથેનો સંપર્ક વગેરે કામ માટે બહાર રહેવું તેવું નક્કી થયું–જોકે જિલ્લાના મોટા ભાગના મુખ્ય મુખ્ય કાર્યકરો રાજકીય પક્ષો સાથે જોડાયેલા હોવાથી ચૂંટણીના કામમાં રોકાયેલા હતા, એટલે સત્યાગ્રહને લગતી બધી જ વ્યવસ્થા સંઘના સ્વયંસેવકો અને પ્રચારકોએ સંભાળી લીધી હતી.

સત્યાગ્રહ માટે દેશભરમાં એક જ વ્યવસ્થાનો વિચાર થયો હતો. તે પ્રમાણે દરેક જિલ્લાના કાર્યકરે પોતાના જિલ્લા-કેન્દ્રમાં આવીને સત્યાગ્રહ કરવાનો હતો; આથી નાનાં નાનાં ગામના સત્યાગ્રહીઓને તૈયાર કરીને જિલ્લા-કેન્દ્ર સુધી લાવવા, ત્યાં તેમની રહેવા-જમવાની વ્યવસ્થા કરવી, સત્યાગ્રહીઓના સરઘસનો માર્ગ નક્કી કરવો, પોલીસને જણાવવું વગેરે કામમાં સત્યાગ્રહી જેટલા જ બીજા સત્યાગ્રહમાં ન જોડાનારને કામે લાગવું પડતું હતું. આ માટે ખૂબ મોટી શક્તિની જરૂર પડે...પરંતુ ગુજરાતમાં મોરચા સરકારને કારણે આ બધી વ્યવસ્થા સરળતાથી થઈ જતી. જ્યારે



www.babaisraeli.com

અન્ય રાજ્યોમાં સત્યાગ્રહની બધી માહિતીઓ છેક છેલ્લી ઘડી સુધી ગુપ્ત રાખવી પડતી હતી. ગુપ્તતા ન સચવાય ને સત્યાગ્રહ પહેલાં જ ટુકડી પકડાઈ જાય તો પાછળ બીજી ટુકડી પણ તૈયાર રાખવી પડતી. આવું જોખમી કામ પણ બધાં રાજ્યોમાં સંઘના સ્વયંસેવકોએ સારી રીતે પૂરું કર્યું હતું.

ગુજરાતમાં ૧૪મી નવેમ્બર પહેલાં આવશ્યક બધી જ તૈયારીઓ થઈ ગઈ હતી.



www.babaisraeli.com

# યાદગાર સત્યાગ્રહ પર્વ

સત્યાગ્રહની શરૂઆત કરતાં પહેલાં જ સત્યાગ્રહના ઉદ્દેશોની માહિતી સરકારને જણાવવાનો સંઘર્ષ સમિતિએ નિર્ણય કર્યો. 'લો. સં. સમિતિ'ના મંત્રી શ્રી રવીન્દ્ર વર્માએ આ અંગે ૪ નવેમ્બર '૭૫ના રોજ શ્રીમતી ગાંધીને એક પત્ર લખ્યો. આ પત્રમાં તેમણે આખીયે પરિસ્થિતિની વિશદ છણાવટ કરી 'લો. સં. સમિતિ'એ સત્યાગ્રહનો માર્ગ પસંદ કરવાનાં કારણો જણાવ્યાં. તેમણે પત્રમાં લખ્યું કે "કટોકટી જાહેર કર્યાને આજે ચાર માસની અવધિ વીતી ગઈ છે. અમે એવી આશામાં રાહ જોતા હતા કે આખરે સદ્‌બુદ્ધિનો જય થશે અને તમે તમારાં પગલાં પાછાં ખેંચશો, પણ અમારી આશા ઠગારી નીવડી છે. આજે જ્યારે અમારા માટે ન્યાયના બધા જ માર્ગો બંધ થયા છે ત્યારે લોકો દુઃખદાયક પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે ને ધીમે ધીમે સ્વાતંત્ર્યથી વંચિત થતા જાય છે, ત્યારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનાં જીવન અને ઉપદેશ સિવાય બીજો કોઈ માર્ગ અમને દેખાતો નથી. ગાંધીજીએ આપણને નિર્ભય બનવાનું અને અસત્ય તથા અન્યાય સામે નહીં ઝૂકવાનું તથા ગુલામીમાં ભાગીદાર ન બનવાનું કહ્યું છે. એમણે આપણને લોકોના હકોનું રક્ષણ કરવાનું શીખવ્યું અને સત્યાગ્રહ દ્વારા સાચા સમાજને માટે ઝઝૂમવાનું શીખવ્યું. આપણી પાસે બીજો કોઈ માર્ગ નથી, બીજું કોઈ હથિયાર નથી. ઘસાતી જતી આપણી સ્વતંત્રતાના સરમુખત્યારશાહી તરફ ઝોકના અને જે તંત્રમાં કર્મચારીઓ ઉપરાંત પદદલિત લોકોને ચૂસવામાં આવે છે અને પૈસાદાર,

૧૪



www.babaisraeli.com

ભ્રષ્ટાચારી અને સત્તાધારી લોકો આપસ-આપસમાં સત્તાના લાભની વહેંચણી કરી સત્તા ઉપર પોતાની પકડ ટકાવી રાખે છે એવા તંત્રના આપણે મૂક સાક્ષી ન બની શકીએ; તેથી સરમુખત્યારશાહી તરફના ઝોકને ખાળવા માટે અને ગરીબ અને દલિત લોકો પોતાનો વિકાસ સાધી શકે એવી નવી વ્યવસ્થા લાવવા માટે અમારી પાસે શાંતિમય અહિંસક સત્યાગ્રહના કાર્યક્રમો સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી.

જે ઉદ્દેશોની પ્રેરણાથી ૬ઠ્ઠી માર્ચના દિવસે લોકમોરચો સંસદભવન આગળ ગયો હતો તે જ ઉદ્દેશો અમારા સત્યાગ્રહના પણ છે.

અલ્લાહાબાદ હાઈકોર્ટના ચુકાદા પછી તમે જે પરિસ્થિતિ નિર્માણ કરી છે તેને પરિણામે અમે તમને આવાહન કરીએ છીએ કે તમે -

(૧) કોર્ટના ચુકાદાને માન આપો અને લોકશાહી ધોરણો અને પરંપરા અનુસાર તમારા પદનો ત્યાગ કરો.

(૨) કટોકટી પાછી ખેંચી લો.

(૩) મૂળભૂત અધિકારો પાછા આપો.

(૪) કટોકટીના નામ હેઠળ જે રાજકીય વ્યક્તિઓને અટકાયતમાં રાખવામાં આવી છે અથવા સજા કરવામાં આવી છે તે બધાને મુક્ત કરો.

(૫) કાયદાની યોગ્ય કાર્યવાહી અને અદાલતના ચુકાદા સિવાય કોઈ પણ સંગઠન ઉપર પ્રતિબંધ ન મૂકવો જોઈએ એ સિદ્ધાંતનો સ્વીકાર કરીને આર.એસ.એસ. જેવાં સંગઠનો સામે જે કાંઈ પુરાવા હોય તે સાથે તપાસ માટે અદાલતી સમિતિ નીમો.

(૬) બધા બંધારણીય સુધારા અને કાયદા જે ૨૫મી જૂન પછી પસાર કરવામાં આવ્યા હતા અને જેમણે અદાલતી સત્તા ઉપર અંકુશ મૂક્યો હતો, જેમાં કાયદાની સામે બધા સરખા છે એ તત્ત્વોનો ઈનકાર કરવામાં આવ્યો હતો અને જેમણે વડાપ્રધાનને કાયદાના અંકુશમાંથી મુક્તિ આપી હતી તે રદ કરો.

(૭) અખબારોની સ્વતંત્રતા પાછી આપો. અમે ફરીથી કહેવા માંગીએ છીએ કે અમારો સત્યાગ્રહ સંપૂર્ણ રીતે શાંતિપૂર્ણ અને અહિંસક રહેશે. તે દિવસે રાષ્ટ્રમાં ઉપવાસ અને પ્રાર્થનાની અપીલ સાથે સત્યાગ્રહનો આરંભ થશે. અમે આપને પણ વિનંતી કરીએ છીએ કે આપ પણ એ દિવસે પ્રાર્થના અને આત્મખોજમાં ગાળો, જેથી અમે કઈ અભિલાષા અને તમન્નાથી સત્યાગ્રહના આ કાર્યક્રમમાં ઝંપલાવીએ



www.babaisraeli.com

છીએ તેનું સમ્યક્ જ્ઞાન આપને થાય – એવી તમન્ના જે હજારો લોકોને ઝૂકવાને બદલે ઝઝૂમવાની પ્રેરણા આપશે અને લોકશાહી, સમાજવાદ અને લોકોની વિરુદ્ધના કાવતરામાં ભાગીદાર બનવાને બદલે કારાવાસ ભોગવવાનું પસંદ કરશે." આટલી સ્પષ્ટ વાત છતાંય સરકાર તરફથી કોઈ જ પ્રત્યુત્તર ના મળ્યો. આખરે ૧૦ દિવસ પછી ૧૪ નવેમ્બરના ઐતિહાસિક દિવસથી સત્યાગ્રહનો પ્રારંભ થયો.

## ગુજરાત જંગે ચઢ્યું

સત્યાગ્રહ પૂર્વે જ ગુજરાતમાં સત્યાગ્રહનો નાદ ગુંજી ચૂક્યો હતો. ઠેર ઠેર સભાઓમાં સત્યાગ્રહ માટે આવાહન અપાયાં હતાં. પત્રિકા, પોસ્ટરો અને ભીંતપત્રોએ પણ વાતાવરણમાં એક નવી ચેતના જગાવી હતી. દેશ આખામાં નિર્ભયતાનો નાદ ગુંજશે એવી આશા પણ બંધાઈ હતી. ૧૪મી નવેમ્બરની પહેલી ટુકડીમાં જવા માટે યુવકોમાં સ્પર્ધા જામતી હતી.

૧૪મીએ ગુજરાતના બધા જિલ્લાનાં મુખ્ય મથકો ગાજી ઊઠ્યાં હતાં. ઠેરઠેર સત્યાગ્રહીઓની વિદાય માટે સભાઓ થઈ હતી અને સત્યાગ્રહીઓને બિરદાવવામાં આવ્યા હતા. ૧૪મીએ અમદાવાદમાં સંઘર્ષ સમિતિના કન્વીનર શ્રી ભોગીભાઈના નેતૃત્વમાં સત્યાગ્રહનો પ્રારંભ થયો હતો. સત્યાગ્રહીઓને જાહેર વિદાય આપવામાં આવી હતી. એમાં સંઘના ગુજરાત પ્રાંત બૌદ્ધિક પ્રમુખ શ્રી વિનાયકરાવ વણીકર પણ હતા.

અમદાવાદના પ્રસિદ્ધ માણેકચોકમાં સત્યાગ્રહીઓની વિદાય માટેની એક વિશાળ સભામાં હજારો નાગરિકો હાજર રહ્યા હતા. ફૂલહારથી તેમણે તેમનો લોકશાહી પ્રેમ વ્યક્ત કર્યો હતો. એ વિદાયસભામાં શ્રી ઇન્દુભાઈ પટેલ, સૂર્યકાંત પટેલ તથા શ્રી વસંતભાઈ ગજેન્દ્રગડકર પણ હાજર હતા.

સત્યાગ્રહીઓ એક વિશાળ સરઘસ સાથે આકાશવાણી કેન્દ્ર પાસે પહોંચ્યા. ત્યાં મહાત્મા ગાંધીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવીને 'જનતા બુલેટિન'નું વાચન કર્યું અને સરકારી કાયદાનો સવિનય ભંગ કરીને ધરપકડ વહોરી લઈ બધા જ સત્યાગ્રહીઓએ 'ભારતમાતાકી જય', 'તાનાશાહી મુર્દાબાદ', 'લોકશાહી ઝિંદાબાદ'ના ગગનભેદી સૂત્રોચ્ચારોથી વાતાવરણ ધમધમાવી દીધું.

અમદાવાદ જિલ્લાનો સત્યાગ્રહ ધોળકામાં થયો. ત્યાં કાંતિભાઈ કાપડિયાની



www.babaisraeli.com

આગેવાની હેઠળ આઠ સત્યાગ્રહીઓએ સત્યાગ્રહ કર્યો. ગામના આ સત્યાગ્રહને જોવા માટે જનતા ખૂબ ઉત્સુક હતી. ત્યાંના સત્યાગ્રહીઓને અમદાવાદની સાબરમતી જેલમાં જ લાવવામાં આવતા હતા.

સાબરકાંઠા જિલ્લાનો સત્યાગ્રહ હિંમતનગરમાં વલ્લભભાઈ દોશીની આગેવાનીમાં થયો. ત્યાં સત્યાગ્રહ કરતા પહેલાં જે. પી.ના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યાં પણ એકત્રિત થયેલા વિશાળ જનસમુદાયે સત્યાગ્રહીઓને વિદાય આપી હતી.

મહેસાણામાં જિલ્લાનાં સાત જુદાં જુદાં ગામોમાંથી આવેલ સત્યાગ્રહીઓનું નેતૃત્વ શ્રી શ્યામાપ્રસાદ શાસ્ત્રીએ લીધું હતું. જે જે ગામોમાંથી સત્યાગ્રહીઓ આવ્યા તે દરેક ગામમાં જાહેર વિદાયના કાર્યક્રમો થયા.

સત્યાગ્રહના સમાચાર જાણી આબુમાં ગુપ્તવાસ કરતા એક કપિલદેવ સ્વામી પોતાની વ્યક્તિગત સાધના છોડીને જનજાગૃતિ માટે મેદાનમાં આવ્યા. ભગવાધારી, એકવડિયું શરીર, માથે મુંડન, લાંબી ચોટી અને અણીદાર નાકવાળા આ સ્વામીજીની વાણી આગ વરસાવતી હતી.

બનાસકાંઠા જિલ્લામાં પાલનપુરમાં શ્રી ભેરુપ્રતાપ શાસ્ત્રીના નેતૃત્વમાં આઠ સત્યાગ્રહીઓએ સત્યાગ્રહ કર્યો.

કચ્છ જિલ્લાએ ભુજથી સત્યાગ્રહનો પ્રારંભ કર્યો. ૭૮ વર્ષના શ્રી નારાયણ ગોસ્વામી તથા શ્રી રતનસિંહભાઈ સેજપાલ સહિત સાત સત્યાગ્રહીઓએ કાનૂનભંગ કરી ધરપકડ વહોરી લીધી.

જામનગર જિલ્લાના ૧૦ સત્યાગ્રહીઓએ શ્રી દિનેશકુમાર વ્યાસના નેતૃત્વમાં સત્યાગ્રહ કર્યો. આ સત્યાગ્રહીઓને વિદાય આપવા માટે વિશાળ જનમેદની એકઠી થઈ હતી – ખાસ કરીને કૉલેજના વિદ્યાર્થીઓ ત્યાં હાજર હતા.

રાજકોટ જિલ્લાનો સત્યાગ્રહ રાજકોટ આકાશવાણી કેન્દ્ર સામે થયો. રાજકોટના સુપ્રસિદ્ધ ડૉક્ટર શ્રી પી. વી. દોશી (જેઓ રા. સ્વ. સંઘના ગુજરાતના પ્રાંત સંઘચાલક છે)ના નેતૃત્વમાં ૧૫ સત્યાગ્રહીઓએ સત્યાગ્રહ કર્યો. ત્યાં સત્યાગ્રહીઓને વિદાય આપવા નવા ચૂંટાયેલ મેયર શ્રી અરવિંદભાઈ મણિયારના અધ્યક્ષપદે એક વિશાળ સભા ગોઠવાઈ હતી. રાજકોટ જિલ્લાના બધા જ સત્યાગ્રહીઓને ૧૫ દિવસ સુધી 'અન્ડર ટ્રાયલ' તરીકે જેલમાં રાખવામાં આવતા



www.babaisraeli.com

હતા. ત્યારપછી જ તેમના પર કેસ ચાલતો હતો.

જૂનાગઢ જિલ્લામાં, જિલ્લાના કાર્યકર શ્રી ભાનુભાઈ શુક્લની આગેવાની હેઠળ ૭ સત્યાગ્રહીઓએ સત્યાગ્રહ કર્યો હતો. અમરેલીમાં અમરેલીના દશ સત્યાગ્રહીઓએ શ્રી મગનભાઈ રણછોડભાઈના નેતૃત્વ હેઠળ સત્યાગ્રહ કર્યો.

લીંબડીમાં સુરેન્દ્રનગર જિલ્લાના ૧૧ કાર્યકરોએ પ્રભુદાસ પરમારના નેતૃત્વમાં સત્યાગ્રહ કર્યો હતો. તે વખતે લીંબડીમાં યોજાયેલ વિશાળ સભાને શ્રી બલભદ્રસિંહ રાણા અને શ્રી દિલાવરસિંહ રાણાએ સંબોધી હતી.

ભાવનગર જિલ્લાના સત્યાગ્રહીઓએ ભાવનગર આવી ધારાસભ્ય શ્રી મણિભાઈ ગાંધીની આગેવાની હેઠળ સત્યાગ્રહ કર્યો હતો.

ખેડા જિલ્લામાં નડિયાદના સુપ્રસિદ્ધ ડૉક્ટર શ્રી અરવિંદભાઈ વ્યાસના નેતૃત્વમાં ૧૨ વ્યક્તિઓએ સત્યાગ્રહનો આરંભ કર્યો. ત્યાંના બધા જ રાજકીય આગેવાનોએ તે સત્યાગ્રહીઓને બિરદાવ્યા હતા ને સમાજને નિર્ભય બનવાની હાકલ કરી હતી.

આદિવાસી કહેવાતો પંચમહાલ જિલ્લો પણ પાછળ ન રહ્યો. ત્યાં ગોધરાને સત્યાગ્રહનું કેન્દ્ર બનાવવામાં આવ્યું. ઍડ્વોકેટ શ્રી હર્ષદભાઈ વ્યાસ અને શ્રી વાસુદેવભાઈના નેતૃત્વમાં આઠ સત્યાગ્રહીઓએ કૂચ કરી હતી.

વડોદરા જિલ્લાના કાર્યકર્તાઓએ વડોદરા આકાશવાણી ભવનને તેમનું લક્ષ્ય બનાવ્યું. ડૉ. ભોગીભાઈ પટેલના નેતૃત્વમાં ૧૨ સત્યાગ્રહીઓએ 'જનવાણી'નું વાચન કરી સરકારી સેન્સરશિપના કાયદાનો ભંગ કરી ધરપકડ વહોરી લીધી.

ભરૂચમાં અજયભાઈ જોશીના નેતૃત્વમાં ૬ કાર્યકરોએ ઉત્સાહભેર સત્યાગ્રહ કર્યો. સત્યાગ્રહીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા, જ્યાં તેમને સાત દિવસની સજા થઈ.

સુરત જિલ્લાનો સત્યાગ્રહ સુરતમાં થયો. સુરતના વ્યાપારી શ્રી ઇન્દ્રકાંતભાઈ શાહે ૧૨ સત્યાગ્રહીઓની આગેવાની લીધી હતી.

વલસાડ જિલ્લાના સત્યાગ્રહનો પ્રારંભ વલસાડ-પારડીના આગેવાન ખેડૂત, સામાજિક કાર્યકર અને સંઘના જિલ્લા સંઘચાલક શ્રી બળવંતભાઈના નેતૃત્વમાં આરંભાયો.

સત્યાગ્રહપર્વના પ્રથમ દિવસે જ ગુજરાતમાં માત્ર ગાંધીનગર જિલ્લા સિવાય



www.babaisraeli.com

બધા જ જિલ્લાઓમાં ૧૮ સ્થળે સત્યાગ્રહ થયો ને ૧૭૦ સત્યાગ્રહીઓએ આગેકદમ કર્યાં. ગુજરાતે પણ દેશ સાથે તાલ મિલાવ્યો. ૧૫મીની બપોર સુધીમાં તો દેશનાં બધાં જ રાજ્યોના સમાચાર મળી ગયા. આ સમાચારની સર્વત્ર જાણ કરવા માટે જનતા મોરચાનું પ્રથમ પ્રાદેશિક સંમેલન બરાબર કામમાં આવી ગયું. ‘સત્યાગ્રહ સમાચાર’ નામની ૧૦,૦૦૦ પત્રિકાઓ તૈયાર કરીને મોરચાના સંમેલનમાં દૂરદૂરથી આવેલા હજારો કાર્યકરો વચ્ચે વહેંચી દેવામાં આવી.

આ જ પ્રકારે બીજા સપ્તાહમાં સત્યાગ્રહ આરંભાયો. લગભગ બધાં જ સ્થળો ઉપર ૨૧મીએ સત્યાગ્રહ થયો. અમદાવાદમાં અધ્યાપક શ્રી જયંતીભાઈ પટેલ, શ્રી સિદ્ધાર્થ ભટ્ટ અને વિદ્યાર્થી કાર્યકર શ્રી રાજેન્દ્ર દવે તથા શ્રી વરદરાજ પંડિતની આગેવાનીમાં ૨૩ સત્યાગ્રહીઓએ સત્યાગ્રહ કર્યો. આવી રીતે વડોદરામાં ૧૧, રાજકોટમાં ૧૬, નડિયાદમાં ૧૧, મહેસાણામાં ૧૪, ભાવનગરમાં ૭, જૂનાગઢમાં ૨૦, દાહોદમાં ૬, પાલનપુરમાં ૭, જામનગરમાં ૩ અને સુરેન્દ્રનગરમાં ૪ સત્યાગ્રહીઓએ પોતાની માગણીના સમર્થનમાં ધરપકડ વહોરી લીધી.

૨૬મી નવેમ્બરે શ્રીમતી ગાંધીની તાનાશાહીને પાંચ વર્ષ પૂરાં થતાં હતાં. એ દિવસે ગુજરાતભરની બહેનોએ સત્યાગ્રહમાં સામેલ થવાનો નિર્ણય કર્યો. કુકર્મોથી કુખ્યાત બનેલ એક મહિલાને ગુજરાતની બહેનોના પડકારનો આ દિવસ હતો. ૨૬મીએ અમદાવાદના રાયપુર ચકલામાંથી બહેનો અને ભાઈઓની એક ટુકડી સત્યાગ્રહ માટે વિદાય લેવાની હતી, ત્યાંના સત્યાગ્રહીઓનો આંકડો ૩૩ બહેનો અને ૨૧ ભાઈઓ સુધી પહોંચ્યો.

સત્યાગ્રહમાં ભાગ લેનારાંમાં ખાડિયાની ચડતીપડતીનાં સાક્ષી સમાન ૭૫ વર્ષનાં વૃદ્ધા શારદાબહેન ભટ્ટ પણ હતાં, તો વળી ૧૫-૧૭ વર્ષની કન્યાઓ પણ હતી. સંઘ પરિવારમાં ઉછેર પામેલ કૉલેજકન્યા ઊર્મિલાબહેન રાવલ હતાં, તો છેલ્લાં ૨૦ વર્ષથી ગુજરાતના જાહેર જીવન સાથે સંકળાયેલ સંઘ પરિવારમાંથી સૌ. શાંતાબહેન ગજેન્દ્રગડકર, સૌ. કમળાબહેન પંચાલ, સૌ. વિજુબેન તાંબે પણ હતાં. આમ બહેનો પણ મેદાને ચડી હતી.

ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે,
માથું મેલો સાચવવા સાચી ટેકને રે!

અને



www.babaisraeli.com

*હરિનો મારગ છે શૂરાનો,*
*નહીં કાયરનું કામ જોને!*

– જેવા ચેતનવંતા ગીતનાદ સાથે આ સત્યાગ્રહી ટુકડીએ આકાશવાણી પહોંચી સત્યાગ્રહ કર્યો અને અમદાવાદની બહેનો સ્વેચ્છાએ જેલમાં પહોંચી. ૨૬મીએ સુરતે પાણી બતાવ્યું. કૉર્પોરેશનમાં નવા જ ચૂંટાયેલા શ્રી ચંપકભાઈ સુખડિયાએ ૧૫ બહેનો સહિત ૩૬ સત્યાગ્રહીઓ સાથે સત્યાગ્રહ કર્યો. સત્યાગ્રહીઓને વિદાય આપવા ગયેલી વિશાળ જનમેદનીને શ્રી જયંતીભાઈ રેશમવાલા, શ્રી કાશીરામ રાણા, શ્રી બિપિનભાઈ દેસાઈ, વિદ્યાર્થી આગેવાન સુરેન્દ્ર વાણાવાલા તથા શ્રી મંગળસેન ચોપરા વગેરેએ સંબોધી.

૧૪ નવેમ્બરથી શરૂ થયેલ સત્યાગ્રહમાં, ૨૬મી નવેમ્બર સુધીમાં તો સુરતમાંથી ૧૫ મહિલાઓ સહિત ૪૭, વડોદરામાં ૬ મહિલાઓ સહિત ૪૬, પંચમહાલમાં ૫ મહિલાઓ સહિત ૨૨, નડિયાદમાં ૫૯ મહિલાઓ સહિત ૮૨, અમદાવાદ જિલ્લામાં ૧૬, બનાસકાંઠામાં ૪૯, સાબરકાંઠામાં ૧૨, મહેસાણામાં ૧૦ મહિલાઓ સહિત ૫૩, કચ્છમાં ૧૯, જામનગરમાં ૨૧, રાજકોટમાં ૪૮, જૂનાગઢમાં ૪૪, અમરેલીમાં ૧૧, ભાવનગરમાં ૫ મહિલાઓ સહિત ૩૭ અને સુરેન્દ્રનગરમાં ૨૧ સત્યાગ્રહી મળીને ૧૫ જ દિવસમાં ૪૮ ટુકડીઓમાં ૬૨૩ સત્યાગ્રહીઓએ સત્યાગ્રહ કર્યો.

ગુજરાતના વિદ્યાર્થીઓએ પણ સત્યાગ્રહપર્વને આગવી રીતે ઊજવ્યું. અમદાવાદના ૧૯ વિદ્યાર્થીઓએ ૫મી ડિસેમ્બરે વીર વિનોદ કિનારીવાલાની ખાંભી પાસેથી ગુજરાત યુનિવર્સિટીના કૉર્ટ મેમ્બર શ્રી જગદીશ બારોટ તથા શ્રી ભગીરથ દેસાઈની આગેવાની હેઠળ પ્રતિજ્ઞાવાચન કર્યા બાદ સત્યાગ્રહકૂચ આદરી. સરઘસ આગળ વધતું જતું હતું. એચ. એ. કૉલેજ, લૉ કૉલેજ તથા જી.એલ.એસ. આર્ટ્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે કૉલેજિયન યુવતીઓએ સૌ સત્યાગ્રહી યુવકોને કુમકુમતિલક કર્યાં તથા હારતોરાથી સ્વાગત કર્યું. સત્યાગ્રહીઓનું સરઘસ યુનિ.ના પટાંગણમાં આવી પહોંચતાં શ્રી ન. ઉ. રાજગુરુ, પ્રા. જે. કે. પટેલ અને શ્રી વિષ્ણુભાઈ પંડ્યાએ સત્યાગ્રહીઓનું અભિવાદન કરીને શુભાકાંક્ષા પાઠવી હતી. ત્યારબાદ સત્યાગ્રહીઓએ ધરપકડ વહોરી લીધી હતી. વિદ્યાર્થી સત્યાગ્રહીઓનો કેસ વિદ્યાર્થી કાર્યકર અને યુવાન ધારાશાસ્ત્રી શ્રી અરુણ ઓઝા લડ્યા હતા.



www.babaisraeli.com

આ જ પ્રમાણે દક્ષિણ ગુજ. યુનિ., વડોદરાની એમ. એસ. યુનિવર્સિટી અને વિદ્યાનગર યુનિવર્સિટીના પ્રાંગણમાં પણ વિદ્યાર્થીઓએ પ્રભાવ ઊભો કરવા સત્યાગ્રહો કર્યા હતા. ૨૬મી જાન્યુ.એ ભારતનો પ્રજાસત્તાક દિન લો. સં. સમિતિ દ્વારા શરૂ થયેલ દેશવ્યાપી સત્યાગ્રહનો છેલ્લો દિવસ હતો. સત્યાગ્રહના છેલ્લા દિવસ સુધી ભારતના ૩૦૦ જિલ્લાઓમાં સતત સત્યાગ્રહ ચાલ્યો. આ બેથી અઢી માસ સુધી સત્યાગ્રહીઓએ ઊંઘ હરામ કરી નાખી. આખા દેશમાં એક લાખ કરતાં પણ વધુ સત્યાગ્રહીઓએ જેલવાસનો સ્વીકાર કર્યો.

અમદાવાદમાં અને વડોદરામાં કામદાર આગેવાનોના નેતૃત્વમાં વિશેષ ટુકડીઓએ સત્યાગ્રહ કર્યો. 'અમદાવાદ ડેરી યુનિયન'ના ૧૩ કામદારોએ શ્રી જગદીશ ત્રિપાઠીની આગવાનીમાં સેન્સર અધિકારીની કચેરી સામે સત્યાગ્રહ કર્યો. વડોદરામાં ભારતીય મજદૂર સંઘના આગેવાન શ્રી કેશવભાઈ ઠક્કરના નેતૃત્વમાં ૫૧ કામદારોએ સત્યાગ્રહ કરી કહેવાતી ગરીબોની હિતરક્ષક સરકારના જુલ્મોનો વિરોધ કરી લોકશાહીની પુનઃસ્થાપનાની માગણી કરી.

ગુજરાતમાં સત્યાગ્રહના છેલ્લે દિવસે સત્યાગ્રહનું વિશિષ્ટ આયોજન થયું. ગુજરાતના બધા જ જિલ્લાઓમાંથી એક એક સત્યાગ્રહી ટુકડી અમદાવાદ આવી. ૨૬મીએ બપોરે ૩ વાગ્યે વસંત ચોકમાં એકઠી થયેલ જનમેદનીને ધારાસભ્ય શ્રી અશોક ભટ્ટે સંબોધન કર્યું અને શ્રી ચીમનભાઈ શુક્લ, શંકરસિંહ વાઘેલા તથા ધારાસભ્યો શ્રી ભવાનસિંહ, શ્રી ગાભાજી ઠાકોર અને શ્રી અશોક ભટ્ટના નેતૃત્વમાં એક વિશાળ સરઘસ અમદાવાદમાં આકાશવાણી ભવન સુધી પહોંચ્યું. 'યે મસ્તાને કહાં ચલે? ઈન્દિરાકી જેલમેં,' 'લાલ ગુલામી છોડકર બોલો વંદેમાતરમ્', 'તૂ તીર આજમા, હમ જિગર આજમાયેં'નાં સૂત્રોથી આકાશવાણી વિસ્તાર ગાજી ઊઠ્યો. ગુજરાતભરમાંથી આવેલ ૩૫૦ જેટલા સત્યાગ્રહીઓએ શ્રી ચીમનભાઈ શુક્લના નેતૃત્વમાં સત્યાગ્રહપત્રિકા વાંચીને ધરપકડ વહોરી લીધી.

લગભગ અઢી માસ ચાલેલ આ સત્યાગ્રહમાં ગુજરાતના ૧૬૭ તાલુકાઓમાંથી ૧૭૩ ટુકડીઓએ સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. આ રીતે ૨૭૩ મહિલાઓ સહિત ૨,૩૨૫ સત્યાગ્રહીઓએ સત્યાગ્રહ કર્યો અને જેલ વહોરી લીધી.

(સત્યાગ્રહના વિગતવાર આંકડા પરિશિષ્ટ-૨માં છે.)



www.babaisraeli.com

## સત્યાગ્રહનો પ્રચાર

ગણ્યાગાંઠ્યા કાર્યકરો સત્યાગ્રહ કરી જેલમાં બેસી જાય તો તેટલાથી તેનું કામ પૂરું થતું નથી. સત્યાગ્રહની વાત જનહૃદયને સ્પર્શે નહીં ત્યાં સુધી અને તે માટે સમાજનું પરોક્ષ યોગદાન ના હોય ત્યાં સુધી એ સત્યાગ્રહ અધૂરો જ કહેવાય. આ માટે લોકો સુધી સત્યાગ્રહની વાત પહોંચે તે પણ ખૂબ જ જરૂરી હતું; આથી ગુજરાતમાં સત્યાગ્રહના સમય દરમિયાન સત્યાગ્રહોના સમાચાર આપતી એક વિશેષ ભૂગર્ભપત્રિકા 'સત્યાગ્રહ સમાચાર' પ્રસિદ્ધ કરવાનું નક્કી થયું. આ પત્રિકામાં ગુજરાતના અને દેશના સત્યાગ્રહીઓના સમાચાર અપાતા હતા. સંઘના કાર્યકરો દ્વારા ગોઠવાયેલ ભૂગર્ભ વ્યવસ્થા પ્રમાણે નિયમિત રીતે આ સમાચારો અમને મળતા હતા. શ્રી વિષ્ણુભાઈ પંડ્યા આ ભૂગર્ભપત્રિકાનું સંપાદનકાર્ય સંભાળતા હતા. ભૂગર્ભપત્રિકાનું મૅટર તૈયાર થઈ ગયા પછી તેની આઠ નકલો કરવામાં આવતી. ગુજરાતનાં આઠ જુદાં જુદાં સ્થાનો પર આ નકલો મોકલાવીને ત્યાં જે તે વિસ્તારની આવશ્યકતા પ્રમાણે સત્યાગ્રહ અંગેની ભૂગર્ભપત્રિકાઓ છાપીને નાનામાં નાનાં ગામો સુધી પહોંચાડવામાં આવતી. સત્યાગ્રહ ચાલ્યો તે દરમ્યાન સત્યાગ્રહના સમાચારોની આવી એક લાખ નકલ દર અઠવાડિયે છપાતી. 'જનજાગૃતિ', 'જનતા સમાચાર', 'લોક સમાચાર', 'તણખા', 'સંઘર્ષ સમાચાર', 'સત્યાગ્રહ સમાચાર' વગેરે નામોથી ઓળખાતી પત્રિકાઓ ગુજરાતના ઘરે ઘરે પહોંચાડવાનો વ્યવસ્થિત પ્રયાસ થતો.

છાપીને તૈયાર થયેલ ભૂગર્ભ સાહિત્ય દરેક રીતે અમૂલ્ય હોઈ તે ગેરવલ્લે ના જાય તેની પણ કાળજી લેવાતી. આ માટે સંઘના સ્વયંસેવકો જ મોડી રાત્રે દરેક ઘરમાં એક પત્રિકા સરકાવી દેતા. વહેલી સવારે ઊઠતાં જ પત્રિકા યોગ્ય હાથમાં પહોંચી જતી. સત્યાગ્રહના સમાચારોના પ્રચારમાં 'સાધના'એ પણ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. 'સાધના' એકમાત્ર એવું અખબાર હતું કે જે અંત સુધી સત્યાગ્રહના સમાચારો છાપતું હતું, વળી 'સાધના' દેશભરની બધી જ જેલોમાં અને દરેક પ્રાંતમાં જતું હોવાથી સત્યાગ્રહના સમાચારો નાગરી લિપિમાં છાપવાનું પણ શરૂ કરવામાં આવ્યું. સત્યાગ્રહનાં પ્રારંભસ્થાન અને સમયની જાણ લોકોને થાય તે માટે પણ વિશેષ પ્રયત્નો કરવા પડતા હતા. આ માટે ગુજરાતમાં મોટાં મોટાં શહેરોમાં ૧,૦૦૦ કરતાં પણ વધારે બ્લૅકબોર્ડ તૈયાર કરવામાં આવ્યાં હતાં, જેની ઉપર તે વિસ્તારના સ્વયંસેવકો સમાચાર લખતા હતા. આ ઉપરાંત સ્કૂલ-કૉલેજમાં



www.babaisraeli.com

ભણતા સ્વયંસેવકોને પણ એવી સૂચના આપવામાં આવી હતી કે દરેક ક્લાસના બ્લૅકબોર્ડ ઉપર લડતના સમાચારો અને કાર્યક્રમની સૂચનાઓ લખવી. આ પદ્ધતિ કશા પણ ખર્ચ વગરની, જોખમો પણ ઓછાં અને બહોળો પ્રચાર સહેલાઈથી કરી શકાય તેવી પુરવાર થઈ. મોરચા સરકારના પતન પછી પણ આ પદ્ધતિનો ઉપયોગ સતત ચાલુ રહ્યો. આમ વ્યાપક પ્રચારબળ ધરાવતાં આવાં નાનાં નાનાં સાધનો ઉપર સરકારનું ધ્યાન કદી ન ગયું.

## સત્યાગ્રહનો વિશેષ પ્રભાવ

સંઘર્ષના પ્રારંભકાળથી લઈને પરિવર્તન સુધી થયેલ પ્રતિકારના અનેકવિધ કાર્યક્રમોમાં સંઘર્ષનું આગવું મહત્ત્વ રહ્યું છે. સામર્થ્યહીન સદ્વિચાર પણ અંતે નપુંસક થઈ જતો હોય છે. સદ્વિચાર ભલે થોડાક સમય માટે દુર્વિચારોને પરાજિત ન કરી શકે, પણ અંત સુધી પૂરા સામર્થ્ય સાથે સદ્વિચારનું અડગ ઊભા રહેવું એ જ પરિણામકારી હોય છે. સત્યાગ્રહ દ્વારા લોકશાહી જીવન-મૂલ્યોના જતન માટે ફના થઈ જવાની ખેવના રાખનારાઓએ પુરવાર કર્યું કે તેમનો સદ્વિચાર ફક્ત સુષુપ્ત વિચાર જ નહીં, એક સક્રિય સામર્થ્યવાન વિચાર છે. ગમે તેવા કપરા સંજોગોમાં પણ તે પોતાના પ્રભાવ દ્વારા સમાજને નિર્ભીક બનાવીને જ જંપશે. સત્યાગ્રહ દરમિયાન જ કોઈ પરિવર્તન આવી જશે અને શુભ પરિણામો જોવા મળશે એવી આશા સત્યાગ્રહ કરનારને કે સત્યાગ્રહનું આયોજન કરનાર 'લો. સં. સંમતિ'ને પણ નહોતી. સત્યાગ્રહના વિચાર પાછળ સમાજના નિર્ભીક મરજીવાઓની સાત્ત્વિક શક્તિનો સાક્ષાત્કાર સરકારને કરાવવાનો હેતુ હતો – અને બન્યું પણ તેવું જ. સમાજનો વિશ્વાસ દઢ થયો કે ગમે તેવા કપરા સંજોગોમાં પણ માણસ ધારે તો પોતાની માન્યતાઓ માટે અડગપણે ઊભો રહી શકે છે.

ગુજરાતના સત્યાગ્રહની એક ઊણપનો ઉલ્લેખ પણ કરવો જેવો છે. બીજા અર્થમાં એ રાજકીય પક્ષોની મનોવૃત્તિની ખામી દર્શાવે છે. પ્રારંભમાં સત્યાગ્રહ અને ચૂંટણીઓ સાથે સાથે હતાં. રાજકીય કાર્યકરો ચૂંટણીમાં પરોવાયેલા હતા, પણ ચૂંટણીઓ પૂરી થયા પછી પણ સત્યાગ્રહ ખાસા એક મહિના સુધી ચાલુ હતો. રાજકીય કાર્યકરોએ પોતાની જવાબદારી સમજીને સત્યાગ્રહને પણ મહત્ત્વ આપવું જોઈતું હતું, જે ન થયું. રાજકીય કાર્યકરોના ઘડતરની કચાશનાં એમાં દર્શન થાય



www.babaisraeli.com

છે. પરિવર્તનના પાયા સમાન બની રહેલ આ સત્યાગ્રહ સમયે ગુજરાતના રાજકીય કાર્યકરોએ અને પક્ષોએ પીઠ બતાવી એનાથી વધારે ખરાબ શું હોઈ શકે?

સત્યાગ્રહની સફળતા માટે અન્ય પ્રાંતોની જેમ જ ગુજરાતમાં પણ સંઘે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સત્યાગ્રહી ટુકડીઓ તૈયાર કરવાથી માંડીને પ્રચાર સહિતની બધી જ કાર્યવાહી ઘણી જહેમત ઉઠાવી પાર પાડી હતી. આપણા રાષ્ટ્રની ચેતના જાગ્રત છે, સક્રિય છે અને ગમે તેવાં અનિષ્ટોનો પણ સામનો તે કરી શકે તેમ છે એ વાત સિદ્ધ થઈ અને માટે જ સત્યાગ્રહ દરમ્યાન જ 'લો. સં. સમિતિ'ના મંત્રી રવીન્દ્ર વર્માએ તેમના પત્રમાં લખ્યું હતું :

'The satyagrah has succeeded in increasing mass awareness, intensifying the will to resist, initiating our confidence, breaking through the fear of censorship and reaching millions of people with the message of resistence and satyargrah.'

[આ સત્યાગ્રહે લોકજાગૃતિને દૃઢ બનાવી છે, પ્રતિકારના નિર્ણયને વધુ તીવ્ર બનાવ્યો છે, ભયભીતતાને હઠાવવાની શરૂઆત કરી છે, આત્મવિશ્વાસને મજબૂત બનાવ્યો છે, સેન્સરશિપના હાઉને ખુલ્લો પાડ્યો છે અને લાખો લોકો સુધી પ્રતિકાર અને સત્યાગ્રહના સંદેશને પહોંચાડી દીધો છે.] સત્યાગ્રહના આયોજકોએ સત્યાગ્રહનું કરેલું આ મૂલ્યાંકન ખરેખર યથાર્થ છે.



www.babaisraeli.com

# સત્યાગ્રહ સમયે લોકપ્રિય બનેલ ભૂગર્ભ પત્રો

## સત્યાગ્રહ સમાચાર ૫

# એક લાખ સત્યાગ્રહીઓથી દેશભરની જેલો ઊભરાઇ!

વાંચો... ... અને ... વંચાવો.

## જ ન જા ગૃ તિ

સત્યાગ્રહીઓની વાજુયંબી વજૂઆર..

## સત્યાગ્રહ સમાચાર : ૩

હિલા દો તખ્ત સત્તાકા
ઊઠા દો જૂઠકા ચિલમન
મિટા દો ખાલ મેં હસ્તી
યહી ઉમ્મિદ કરતે હૈં!
રુકો મત જેલકે ડર સે
બજા દો યુધ્ધકા ડંકા
બઢો હિંમત સે તુમ આગે
જલી હૈ ઇન્દિરા-લંકા!

સારે દેશકી યે તૈયારી, બમ્બા બમ્બા અટલબિહારી!

જયપ્રકાશ ઝીંદાબાદ, સારા દેશ તુમ્હારે સાથ!

## સત્યાગ્રહ સમાચાર

હિલાદો તખ્ત સત્તાકા
ઉડાદો જૂઠકા ચિલમન;
મીટાદો ખાલમેં હસ્તી,
યહી ઉમ્મીદ કરતે હૈ
રૂકો મત જેલકે ડરસે,
બજા દો યુદ્ધકા ડંકા;
બઢો હીંમત સે તુમ આગે,
જલી હૈ ઇન્દીરા-લંકા.

સારે દેશકી હૈ તૈયારી, બમ્બા બમ્બા અટલબિહારી
જયપ્રકાશ ઝીંદાબાદ, સારા દેશ તુમ્હારે સાથ

## સંઘર્ષ સમાચાર

સમગ્ર દેશમાં એલાઇ રહેલ સત્યાગ્રહનો નિર્ણાયક જંગ

## જિલ્લાના સત્યાગ્રહના સમાચારો

–તો હોશ કરો,
દિલ્હીકે દેવો! હોશ કરો...
સબ દિન ન મોહિની
ચલનેવાલી હૈ,
ગર્મ હોતી જાતી હૈ
દિશાકી સાંસે
ધરતી ફિર કોઇ આગ
ઉગલને વાલી હૈ!

### રાષ્ટ્રવ્યાપી સત્યાગ્રહ યજ્ઞનો આરંભ

• કોણ કહે છે જનતાશાસક કોંગ્રેસની અને કટોકટીની સાથે છે? ૧૪મી એ, સત્યાગ્રહના આરંભ દિવસે જ ૩૦૦ જિલ્લાઓ માંથી ૫૦૦૦ સત્યાગ્રહીઓ પકડાયા!



www.babaisraeli.com

# ગુજરાતને આંગણે નરબંકા

૧૫

સત્યાગ્રહ દરમિયાન પણ લો. સં. સમિતિનું અખિલ ભારતીય કામ સંભાળનાર નેતાઓનો પ્રવાસ ચાલુ જ હતો. પ્રવાસ દરમિયાન તેઓ સત્યાગ્રહની ગતિવિધિનો પૂરેપૂરો અભ્યાસ કરી બીજા ચરણનો વિચાર કરવા માટે મળવાના હતા. ભૂગર્ભ આંદોલનના એક મુખ્ય નેતા શ્રી દત્તોપંતજી ઠેંગડી આ અંગે ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં ગુજરાતના પ્રવાસે આવ્યા. તેમના આ પ્રવાસના અનેક ઉદ્દેશ હતા. એક તો પોતે ભારતીય મજદૂર સંઘના આગેવાન હોઈ સત્યાગ્રહમાં વધુ ને વધુ કામદારો ભાગ લે તે માટે તેઓ કામદાર નેતાઓને મળતા હતા. ગુજરાતની મુલાકાત દરમ્યાન તેઓ વડોદરા અને અમદાવાદના કામદાર નેતાઓને મળ્યા. અમદાવાદમાં 'મજૂર મહાજન સંઘ'ના આગેવાન શ્રી મનહરભાઈ શુક્લ, શ્રી શાંતિલાલ શાહ તથા મોરચા સરકારના પ્રધાન શ્રી નવીનચંદ્ર બારોટને પણ તેઓ મળ્યા.

તેમની મુલાકાતમાં દેશવ્યાપી સત્યાગ્રહની અસરો, સત્યાગ્રહની વ્યાપકતા, પ્રજાનો જુસ્સો, સરકારનો વ્યવહાર વગેરે અનેક વિષયો ઉપર ચર્ચા થઈ. આ દિવસોમાં સમાન વિચારવાળાં મજૂર-સંગઠનો એક પ્લૅટફૉર્મ ઉપર આવીને કામ કરે તેવો વિચાર વેગ પકડી રહ્યો હતો તે માટે પણ તેઓ પ્રયત્નશીલ હોઈ 'મજૂર મહાજન' આવાં સંગઠનોના એકીકરણમાં કેવો અને કેટલો ફાળો આપી શકે તે પ્રશ્ન મુખ્યત્વે ચર્ચાયો. આ ઉપરાંત, દેશવ્યાપી સત્યાગ્રહમાં મજૂર મહાજને



www.babaisraeli.com

પણ પોતાનો સક્રિય ફાળો આપવો જોઈએ તેવો શ્રી ઠેંગડીજીનો આગ્રહ હતો.

જુદાં જુદાં મજૂર સંગઠનોની એકતા માટે પ્રયત્નશીલ શ્રી ઠેંગડીજી વડોદરામાં પણ ખાસ ઉદ્દેશથી આવ્યા હતા. એ દિવસોમાં વડોદરામાં 'હિંદ મજદૂર સભા'નું એક સંમેલન ભરાયું હતું, તેથી તેમના નેતાઓને ગુજરાતમાં મળી શકાય એ હેતુથી તેઓ વડોદરામાં બે દિવસ રોકાયા હતા. આ રોકાણ દરમિયાન મજૂર-સંગઠનોની એકતા અંગે વ્યાપક વિચારણા થઈ અને તેની અસર HMSના એ સંમેલન પર પણ થઈ. HMSના નેતાઓએ આ દિશામાં વિચાર કરવો શરૂ કર્યો.

આ ઉપરાંત દત્તોપંતજીનો બીજાં બે કામો અંગે પણ વિચારવિમર્શ કરવાનો હેતુ હતો... એક તો ડિસેમ્બરની આખરે અમદાવાદમાં વિરોધપક્ષના સંસદસભ્યોની એક મીટિંગ થવાની હતી. તે જ સમયે દેશના ભૂગર્ભનેતાઓની પણ એક મીટિંગ રાખવા અને તેની વ્યવસ્થા કરવા માટે સંઘના કાર્યકરો સાથે તેમણે વિચારવિમર્શ કર્યો. 'લોકસંઘર્ષ સમિતિ'ની અખિલ ભારતીય ભૂગર્ભ મીટિંગની વ્યવસ્થા એક મોટી જવાબદારી હતી. એ કામ કેન્દ્રીય સંઘર્ષ સમિતિ તરફથી અમોને સોંપાયું.

બીજું એક કામ, પવનારમાં શ્રી વિનોબાજીના સાંનિધ્યમાં થનાર ૨૫મી ડિસેમ્બરના સંમેલનનું હતું.

કેન્દ્રીય લો. સં. સમિતિ તરફથી સંમેલનમાં ભાગ લેવા જનાર દરેક વ્યક્તિને મળીને તેને દેશની સાચી પરિસ્થિતિથી વાકેફ કરવાનું અને પવનારના સંમેલન દરમિયાન તેઓ લોકશાહી માટે પૂરક નિર્ણયો લેવામાં મદદરૂપ થાય તેમ કરવાનું નક્કી થયું હતું. સાથે સાથે ગુજરાતમાં સંઘના કાર્યકરો પર કેન્દ્રીય લો. સં. સમિતિ તરફથી પવનાર સંમેલનમાં વહેંચવા માટે મોટા પ્રમાણમાં ભૂગર્ભસાહિત્ય તૈયાર કરીને અમદાવાદથી પવનાર પહોંચાડવાની જવાબદારી પણ હતી. છાપવા માટેનું બધું સાહિત્ય તૈયાર કરી આપી શ્રી દત્તોપંતજી ગુજરાતમાંથી દિલ્હી તરફ વિદાય થયા. ત્યારબાદ જવાબદારીભર્યાં આ કાર્યોને ખૂબ ઓછા પ્રમાણમાં પૂરાં કરવાની જવાબદારી અમારા શિરે હતી.

### પવનાર ભણી...

આ અંગે વિચાર કરવા સંઘના અમદાવાદના વિભાગ-પ્રચારક શ્રી ભાસ્કરરાવ દામલે, પ્રાંત-પ્રચારક શ્રી દેશમુખજી અને હું અમદાવાદમાં મળ્યા. સાહિત્ય છપાઈને



www.babaisraeli.com

તૈયાર થઈ ગયું. જુદી જુદી જાતના ભૂગર્ભસાહિત્યની લગભગ ૫,૦૦૦ પ્રતો અમારે પવનાર પહોંચાડવાની હતી. અનેક વિષયોને લગતી નાની નાની પુસ્તિકાઓ તૈયાર કરવામાં આવી હતી. આ પુસ્તિકાઓમાં સરકારે આચરેલ અમાનુષી વ્યવહારની ઘટનાઓ, જેલમાં મૃત્યુ પામેલાઓની વિગતો, તેમના પરિવારોની વિગતો, સરકારે વિરોધપક્ષો અને સંઘ વિરુદ્ધ ફેલાવેલ જૂઠાણાંના પ્રત્યુત્તરો, દેશવ્યાપી સત્યાગ્રહની વિગતો વગેરેનો સમાવેશ થતો હતો.

અમદાવાદથી પવનાર પહોંચવા માટે લગભગ ૩૬ કલાકનો પ્રવાસ કરી આટલું મોટું 'જોખમ' હેમખેમ પવનાર પહોંચાડવાનું હતું; વળી પવનારના કાર્યક્રમના મહત્ત્વની હવા પણ અનેક રીતે ઊભી થઈ હતી. જનતા અને સરકાર બંનેનું ધ્યાન એ તરફ હતું. સંમેલનના વાતાવરણને પોતાની તરફ વાળવા માટે સરકાર પહેલેથી જ પ્રયત્નશીલ હતી... એટલે સરકારી સાધનોનો ઢગ તો ત્યાં ખડકાયો જ હોય! તેની આંખમાં ધૂળ નાખીને આ બધું કામ કરવાનું હતું. સાહસની સાથે સાથે સાવચેતી રાખવાનું પણ અનિવાર્ય હતું.

અમે ખૂબ વિચાર કરી એવો નિર્ણય કર્યો કે કોઈ બહેનને જો આ કાર્ય સોંપવામાં આવે તો કોઈને પણ શંકા ન જાય અને સરળતાથી કાર્ય પતાવી શકાય... એમાંય જો કોઈ મહારાષ્ટ્રીય બહેન હોય તો વધુ સારું! આવું વિચારી અમે અમદાવાદના સંઘ પરિવારનાં શ્રીમતી સુભગાબહેન સંજીવનભાઈ દેવધરને પવનાર મોકલવાનું નક્કી કર્યું. અમે તેમને બધી વાત કરી. જરા પણ ખચકાટ વગર આ પડકારને ઉપાડી લઈ, તેઓ પવનાર જવા માટે તૈયાર થયાં.

આટલું નક્કી કર્યા પછી સહીસલામત રીતે ક્યાં ઊતરવું, લેવા માટે કોણ આવશે, કોઈ લેવા ન આવે તો ક્યાં પહોંચવું વગેરે વ્યવસ્થાઓ અમારે કરવાની હતી. નાગપુર સાથે સંપર્ક કરી સામાન લઈને જનાર વ્યક્તિની ઓળખ વગેરે તેમને આપી દીધું. નાગપુર પહેલાંના અજની સ્ટેશને સામાન સાથે ઊતરી જવું એવો નિર્ણય થયો. લેવા આવનાર વ્યક્તિને ઓળખવા માટે કોડવર્ડ પણ નક્કી કર્યો. આ ઉપરાંત અમદાવાદથી નાગપુર સુધીના માર્ગમાં બધું સહીસલામત હોવાની ખાતરી પણ કરતાં રહેવું એવું નક્કી થયું. એ પ્રમાણે મુખ્ય મુખ્ય સ્ટેશનો ઉપર કોઈ ને કોઈ કાર્યકર્તા, સુભગાબહેનને પણ ખબર ન પડે એવી રીતે, ડબ્બામાં સલામતીની તપાસ કરી લેતા.

સલામતીની વ્યવસ્થા જોનાર ઉપર શંકા ન આવે તે માટે અલગ અલગ નુસખા



www.babaisraeli.com

પણ કાર્યકર્તાઓએ અજમાવ્યા. કોઈ છાપાના ફેરિયાના વેશમાં એકાદ સ્ટેશન સુધી સાથે રહ્યું તો વળી કોઈ પેન વેચવાના બહાને બધી તપાસ કરી આવ્યું.

નિશ્ચિત સમયે સુભગાબહેનને લેવા માટે, નક્કી કરેલ અજની સ્ટેશન પર, જાણે તેમનાં જ સગાંવહાલાં હોય એમ એક પરિવાર નાનાં બાળકો સહિત આવ્યો. બહારના કોઈ સગાને લેવા માટે સ્વજનો આવ્યાં છે એમ જોનારને લાગે તેવું કુદરતી વાતાવરણ ઊભું કરવામાં સૌ સફળ થયાં. બધું જ કાર્ય નિર્વિઘ્ને પાર પડ્યું. પવનારમાં સાહિત્ય વહેંચવાની બધી વ્યવસ્થા નાગપુરના સ્વયંસેવકોએ સંભાળી.

સુભગાબહેન નાગપુર જવા વિદાય થયાં, એ દિવસ પણ યાદ રહી જાય એવો છે. બહેનની હિંમત પણ જબરી! જતા પહેલાં જ એ પકડાઈ જાય તો શું? તેમ ન થાય એ માટે તેમની પૂરતી વ્યવસ્થા કરી લીધી. કદાચ વર્ષે બે વર્ષે પણ પાછાં ન અવાય! પોલીસ રિમાન્ડ પર લેવાય તેની પણ પૂરી તૈયારી, મનમાં જરા પણ ભય નહીં... કર્તવ્ય કરવાનો મોકો મળ્યાનો અદ્‌ભુત આનંદ!

એમના વિદાય થતા પહેલાં હું એમને મળવા ગયો હતો. એમનો જુસ્સો જોઈ મને પણ આનંદ થયો હતો. મેં પણ જુસ્સાદાર વાતો કરી, ચહેરા પર હિંમતનાં કૃત્રિમ આવરણો પણ ચડાવ્યાં, તેમ છતાં હૃદયમાં સતત ચિંતા હતી. એક બહેનને સિંહના દાંત ગણવા મોકલનાર પૈકી હું પણ એક હતો. ન કરે નારાયણ ને કાંઈ અશુભ થાય તો આ પરિવાર ઉપર કેટકેટલી આફતો ઊતરશે તેની કલ્પનામાત્રથી પણ મન હચમચી ઊઠતું હતું. બીજી તરફ મનમાં અહોભાવ પણ હતો – સંઘના કાર્યનો અને સંઘના સંસ્કારોનો!

યોજકોના શબ્દ ઉપર દેશ માટે ફના થવા માટે દરેક પળે તૈયાર રહેનાર કેટકેટલા પરિવારો સંઘે નિર્માણ કર્યા હશે! હા, દેશ માટે કુરબાન થવાની તક શોધતા હજારો પરિવારો અમારા વિજયના વિશ્વાસની મૂડી હતા, એની પતીજ તો આવી કસોટીની કારમી પળે જ થઈ શકે ને!

## પ્રાર્થના, પૂજા અને યજ્ઞો

૭મી ડિસેમ્બરે રા. સ્વ. સંઘના સરસંઘચાલક શ્રી બાળાસાહેબ દેવરસનો જન્મદિવસ હતો. તેઓ કટોકટીની શરૂઆતથી જ યરવડા જેલમાં હતા. તેમના દીર્ઘાયુ માટે દેશવ્યાપી પ્રાર્થનાઓ યોજવાનો અને શુભેચ્છા-સંદેશા મોકલવાનો કાર્યક્રમ



www.babaisraeli.com

ગુજરાતે ઘણા ઉત્સાહથી ઊજવ્યો હતો.

આ કાર્યક્રમ, સરકારના પ્રતિબંધ છતાં મજબૂત અસ્તિત્વ ધરાવતા અને કટોકટી સામેની લડતમાં પોતાનો ભાગ ભજવતા સંઘના અસ્તિત્વને, પ્રજા અને સરકાર સુધી પહોંચાડવાના એક ભાગરૂપ હતો.

બીજી તરફ, જે.પી.નું ચિંતાજનક સ્વાસ્થ્ય અનેકોના મનને અશાંત કરી રહ્યું હતું. રોજબરોજ લથડતી જતી એમની તબિયત એ ખરેખર ચિંતાનો વિષય હતો... આથી પૂ. રવિશંકર મહારાજની સૂચનાથી તે જ દિવસે (૭મી ડિસેમ્બરે) જે.પી.ના દીર્ઘાયુ માટે ગુજરાતમાં ઠેરઠેર જાહેર પ્રાર્થના-સભાઓનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું.

આ મુજબ ૭મી ડિસેમ્બરે લડતના આત્મા અને લડતની શક્તિના પ્રતીક સમા બે મહાપુરુષોના દીર્ઘાયુ માટે ઠેરઠેર પ્રાર્થનાસભાઓ થઈ. ગુજરાતનાં પંદર જેટલાં શહેરોમાં સત્યનારાયણપૂજાના કાર્યક્રમો પણ થયા. આ કાર્યક્રમોમાં પણ વિવિધતા વર્તાઈ આવતી હતી. વડોદરાના વાડી વિસ્તારમાં જાહેર રીતે સત્યનારાયણપૂજાનું આયોજન થયું. વાડી વિસ્તારના સૌ નાગરિકોનો આ કાર્યક્રમમાં સક્રિય સહયોગ રહ્યો. પ્રસાદ માટેની આવશ્યક સામગ્રી દરેકેદરેક ઘરમાંથી મળી હતી. પ્રજામાનસનો આનાથી વધારે પ્રબળ પુરાવો કયો હોઈ શકે? આ કાર્યક્રમોમાં શ્રી જે. પી. અને શ્રી દેવરસજીના ફોટા મૂકીને નીચે મુજબનો સંકલ્પ કરવામાં આવ્યો –

"अद्यतने शुभदिने राष्ट्रीय स्वयंसेवक संघस्य प्रतिषेधनिवृत्त्यर्थम्, लोकशाहीपुन:स्थापनार्थं, पू. बालासाहेब: पू. जे. पी. महोदय: पू. मोरारजीभाई प्रभृतीनाम् दीर्घायु:प्राप्त्यर्थम्, संपूर्णविश्वस्य समुत्कर्षसिद्ध्यर्थम् श्री सत्यनारायणपूजनम् करिष्ये।"

આ કાર્યક્રમોમાં ૧૫,૦૦૦ જેટલા નાગરિકોએ ભાગ લીધો. સિદ્ધપુર, નડિયાદ જેવાં સ્થળોએ મહારુદ્ર યજ્ઞો પણ કરવામાં આવ્યા, જેમાં હજારો નર-નારીઓએ લોકનેતાઓના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. આ ઉપરાંત ગુજરાતનાં ગામડે ગામડે જાહેર પ્રાર્થનાસભાઓ પણ થઈ.

શ્રી દેવરસજીના જન્મદિન નિમિત્તે ગુજરાતના ૭,૦૦૦ નાગરિકોએ તેમને પત્રો લખી શુભેચ્છા વ્યક્ત કરી. આ નિમિત્તે ગુજરાતમાં લોકશાહીની લડત અને સંઘની ભૂમિકા સ્પષ્ટ કરવા માટે વ્યાપક જનસંપર્કના કાર્યક્રમો દ્વારા સંઘના સ્વયંસેવકોએ



www.babaisraeli.com

ગુજરાતના ૪૦,૦૦૦ જેટલા નાગરિકોનો વ્યક્તિગત સંપર્ક કરી લડતનો ખ્યાલ આપ્યો.

## અટલજીને શુભેચ્છા

૨૫મી ડિસેમ્બરે અટલબિહારી વાજપેયીનો જન્મદિવસ હતો. જેલમાં અટલજીનું સ્વાસ્થ્ય પણ બગડી ગયું હતું... ત્રણ ત્રણ ઑપરેશનો થયાં હતાં. જેલવાસ ભોગવી રહેલ નેતાઓની સતત ચિંતા કરતી પ્રજાને અટલજીની તબિયતના સમાચારોએ વધુ વ્યથિત કરી. તેમના જન્મદિને પણ ગુજરાતમાં ઠેરઠેર જાહેર સભાઓ અને પ્રાર્થનાસભાઓ યોજવામાં આવી... ગુજરાતમાંથી હજારો શુભેચ્છાસંદેશા પહોંચ્યા.

'સાધના'એ 'કારાગારની પેલી પાર' શીર્ષક હેઠળ અટલજીનું છેલ્લું ભાષણ અને છેલ્લો લેખ છાપ્યાં, જેણે ઘણાંનાં રૂંવાં હચમચાવી મૂક્યાં! કેટલાંકે રડતા હૃદયે પૂછ્યું, " 'છેલ્લું' કેમ લખ્યું?"

## ગુજરાતને આંગણે દેશભરના નરબંકા

૧૯૭૫ની સાલના અંતિમ દિવસો ગુજરાત માટે વિશેષ મહત્ત્વના હતા. ૨૯ અને ૩૦ ડિસેમ્બરે લોકસભા અને રાજ્યસભાના વિરોધપક્ષના સંસદસભ્યોની ગાંધીનગરમાં એક મીટિંગ મળી, જેમાં શ્રી ઉમાશંકર જોશી, શ્રી કૃષ્ણકાંત તથા શ્રી પુરુષોત્તમ માવળંકર એ ત્રણ અપક્ષ સભ્યોનો પણ સમાવેશ થતો હતો.

આ બેઠકની બીજી પણ એક વિશિષ્ટતા હતી. આવડી મોટી સંખ્યામાં મળેલી આ બેઠક વખતે લોક સંઘર્ષ સમિતિના ભૂગર્ભનેતાઓ શ્રી રવીન્દ્ર વર્મા, ડૉ. સ્વામી, શ્રી દત્તોપંતજી, શ્રી સુંદરસિંહજી ભાંડારી પણ ગાંધીનગરમાં હાજર હતા. ભૂગર્ભનેતાઓ બેઠકમાં આવેલ અન્ય નેતાઓને અવારનવાર અલગ અલગ રીતે મળી લેતા હતા. સંસદસભ્યોની મીટિંગની વ્યવસ્થા જે પ્રગટ રીતે કરવાની હતી તે શ્રી ઇન્દુભાઈ પટેલ અને શ્રી દિનેશભાઈ શાહે સંભાળી લીધી હતી, જ્યારે ભૂગર્ભનેતાઓની રહેવા-મળવાની વ્યવસ્થાની બધી જ જવાબદારી સંઘના કાર્યકરોને માથે હતી.

બે દિવસ ચાલેલી આ મીટિંગમાં કેટલાક નક્કર નિર્ણય લેવાયા. ૫મી



www.babaisraeli.com

જાન્યુઆરી '૭૬થી શરૂ થનાર સંસદની બેઠકમાં 'જનતા મોરચા બ્લૉક' તરીકે અલગ બેસવાનો નિર્ણય એ પૈકીનો જ એક નિર્ણય હતો...સાથે સાથે સંસદમાં પ્રભાવશાળી રોલ માટેની વ્યૂહરચના પણ નક્કી કરાઈ.

પાછળથી આ નિર્ણયની જાહેરાત બેઠકમાં હાજર રહેલ શ્રી એન. જી. ગોરેએ પત્રકારો સમક્ષ કરી હતી. આ પત્રકાર-પરિષદમાં ભૂગર્ભનેતા શ્રી કર્પૂરી ઠાકુરે પણ હિંમતપૂર્વક હાજર રહી સૌને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. શ્રી ગોરેએ પોતાના નિવેદનમાં કહ્યું હતું કે ગુજરાતના જનતા મોરચાના સફળ પ્રયોગે અમને સંસદમાં પણ 'જનતા બ્લૉક' રચવાની પ્રેરણા આપી છે. આ બેઠકમાં નવો રચાનાર 'જનતા બ્લોક' સંસદમાં અધ્યક્ષની ચૂંટણીમાં ભાગ લે તેવો નિર્ણય પણ થયો હતો.

૨૯, ૩૦ તારીખની સંસદસભ્યોની એ બેઠક પછી ૩૧મીએ અમદાવાદમાં લો. સં. સમિતિની અખિલ ભારતીય બેઠક મળવાની હતી, એની ખૂબ ઓછા લોકોને જાણ હતી. આ બેઠકમાં સંઘર્ષ સમિતિના ૩૫ જેટલા નેતાઓ પહેલી વાર એકીસાથે ગુજરાતની ધરતી પર મળવાના હતા. બેઠકમાં આવનાર 'લોકસંઘર્ષ સમિતિ'ના નેતાઓમાંથી અર્ધા વૉરંટવાળા ભૂગર્ભનેતાઓ હતા, બાકીના વૉરંટ વગરના હતા; જેમની પર સતત દેખરેખ રાખવામાં આવતી હતી. માટે જ દિ. ૨૯, ૩૦ની સંસદસભ્યની બેઠક પછી આ બેઠક રાખીને કેન્દ્ર સરકારને ઉલ્લુ બનાવવામાં સફળતા મળી; જેમની પર દેખરેખ રાખવામાં આવતી હતી તેવા નેતાઓના 'ગુજરાત આગમન'થી સરકારને એમ લાગ્યું કે સંસદસભ્યોની બેઠકમાં હાજરી આપવા તેઓ ગુજરાતમાં એકત્ર થયા હશે.

આ બેઠકની વ્યવસ્થા ખૂબ જવાબદારીભરી હતી. જનસંઘના સંગઠન મંત્રી શ્રી નાથાલાલ ઝઘડા સાથે મળીને અમે બેઠક અંગેની યોજના ઘડી કાઢી હતી. બેઠક અમદાવાદમાં ગોઠવાય તેવું નક્કી કરવામાં આવ્યું. ૨૯-૩૦ દરમ્યાન આવી ગયેલ અને ૩૧મીની બેઠક માટે આવનાર ભૂગર્ભકાર્યકરોને અમે ૩૦મીની રાત સુધીમાં અલગ અલગ પરિવારોમાં રહેવા મોકલી દીધા. બાકી રહેલા નેતાઓ પૈકી કેટલાક ગાંધીનગર તો કેટલાક અમદાવાદ જનસંઘ કાર્યાલયમાં રહ્યા. આખો દિવસ ચાલનાર આ બેઠકમાં એક વાર બેઠકમાં આવ્યા પછી સાંજ સુધી બધાએ સાથે જ રહેવાનું હતું. ભૂગર્ભકાર્યકરોને બેઠકના સ્થળ સુધી નિરાંતે પહોંચતા કરી દીધા, પરંતુ સૌને ત્યાં લઈ જવાની વ્યવસ્થા કાળજીપૂર્વક કરવાની હતી. એમાંય શ્રી દિગ્વિજય



www.babaisraeli.com

નારાયણસિંગ જેવા ખાસા લાંબા પહોળા વ્યક્તિત્વને તો જોઈને જ કુતૂહલ થાય...તેમને છૂપી રીતે લઈ આવવાનું મુશ્કેલ હતું.

આ ઉપરાંત, સંઘર્ષ સમિતિના એક ભૂગર્ભનેતાએ બીજી પણ એક સૂચના આપી, જેણે અમારી ચિંતા વધારી દીધી. સૂચના પણ અનપેક્ષિત અને અમારે માટે આશ્ચર્યજનક હતી, તે એ કે – "આ બેઠકમાં ભાગ લઈ રહેલ અમુક અમુક વ્યક્તિઓ બહુ શંકાસ્પદ છે. સંભવ છે કે તેઓ શ્રીમતી ગાંધીને ખુશ કરવા માટે સરકારને માહિતી પહોંચાડતા હોય... આથી તેઓ બેઠકના સ્થળ સુધી પહોંચે નહીં ત્યાં સુધી તેઓ શા માટે જઈ રહ્યા છે વગેરે અંગે કશી જ માહિતી તેમને આપવી નહીં." આ સાંભળી પહેલાં તો અમને ધ્રાસકો જ પડ્યો. જો સહેજ પણ ભૂલ કરી તો આવી બન્યું! ગુજરાતને માથે કાળી ટીલી જ લાગી જાય ને!

અમે સ્થિતિની ગંભીરતા સમજી નવેસરથી વિચાર કરવા બેઠા. યોજના નક્કી થઈ ગઈ. કશી જ મુસીબત નહીં આવે એવા વિશ્વાસ સાથે તેનો અમલ કરવાનું અમે શરૂ કર્યું. તરત જ અમદાવાદમાં સંઘના જે જે કાર્યકરોનાં બે બારણાંવાળાં મકાન હોય તેનું લિસ્ટ તૈયાર કરી દીધું. જાણીતા નેતાઓને આવાં મકાનોમાં લઈ જવાનું નક્કી કરી કયા ઘરે કોણ જશે તે ગોઠવી કાર્યકર્તાઓને કામે લગાડી દીધા. શહેરના અંદરના વિસ્તારનાં ઘર બહુ ઉપયોગમાં આવે તેવાં હતાં. શહેરની અંદરનાં ઘરોનું એક બારણું એક પોળમાં હોય તો બીજું બારણું બીજી પોળમાં! નક્કી કર્યા પ્રમાણે બધા જાણીતા નેતાઓને આવાં મકાનોમાં લઈ જવામાં આવ્યા. થોડીક વાર ત્યાં મુકામ કરી બીજે બારણે આવી ઊભેલ કારમાં બેસાડી તેમને બેઠકના સ્થળભેગા કરી દીધા આગળના બારણાવાળાને ધ્યાનમાં પણ ન આવે કે અંદર ગયેલ માણસ કેમ પાછો ન આવ્યો!

સવારે ૯ વાગતા સુધીમાં તો બધાને બેઠકના સ્થળે એકઠા કરી અમે નિરાંતનો દમ ખેંચ્યો.

હવે શ્રી જ્યોર્જ ફર્નાન્ડિઝ એકલા જ આવવાના બાકી હતા. તેમને લેવા જનાર કાર્યકર્તા તેમને લઈને થોડાક મોડા આવ્યા... પણ એમના આવતા સુધીમાં તો નેતાઓએ એક જુદો જ નિર્ણય લઈને અમને સૂચના આપી કે શ્રી જ્યોર્જ આવે તો તેમને ઉપર લાવવા નહીં, તેઓ નીચે જ રોકાય અને એમના આગમનની અમને સૂચના આપવી. આ વળી એક નવા સમાચાર આવી પડ્યા... ત્યાં તો શ્રી જ્યોર્જ



www.babaisraeli.com

આવી પહોંચ્યા. અમે બેઠકમાં ખબર મોકલાવી. શ્રી રવીન્દ્ર વર્મા, શ્રી એસ. એમ. જોશી વગેરે તેમને મળવા નીચે ગયા. બેઠકમાંનાં કેટલાકનો એવો મત હતો કે કેટલીક શંકાસ્પદ વ્યક્તિઓને જોતાં શ્રી જ્યૉર્જ બેઠકમાં હાજર રહેશે તો તેમનો પહેરવેશ તેમ જ તેમના સાથે રહેવાથી બીજી અનેક વાતો પણ બહાર આવશે, જે સરકાર સુધી પહોંચવાની પૂરી શક્યતા હતી... આથી તેમણે બેઠકમાં ન બેસવું. થોડીક વાતચીત પછી શ્રી જ્યૉર્જ તરત જ પાછા ફર્યા, જોકે બેઠક પૂરી થયા પછી શ્રી રવીન્દ્ર વર્મા, શ્રી એસ. એમ. જોશી અને શ્રી દત્તોપંતજી ઠેંગડીને લઈને હું શ્રી જ્યૉર્જના નિવાસસ્થાને પહોંચ્યો. દિવસભરની બેઠકમાં થયેલી ચર્ચાવિચારણાની શ્રી જ્યૉર્જને માહિતી આપવામાં આવી.

બેઠક દરમિયાન હિંસક-અહિંસક પદ્ધતિનો એક મુદ્દો વિગતે ચર્ચાયો હતો. આ અંગે પણ તેમની સાથે વાત થઈ. ગાંધીવાદી મૂલ્યો સ્વીકારીને જ લડત લડવાના સંઘર્ષ સમિતિના સ્પષ્ટ આગ્રહની અને હિંસક પદ્ધતિઓ સાથે 'સંઘર્ષ સમિતિ' સહમત નથી, એ વાતની પણ એમને જાણ કરવામાં આવી.

સંઘર્ષ સમિતિની દિવસભર ચાલેલ બેઠકમાં અનેક મહત્ત્વના નિર્ણયો લેવાયા. દેશવ્યાપી સત્યાગ્રહની સમાજ, સરકાર અને જેલવાસી બંધુઓ પરની અસરો અંગે વિચાર થયો. સત્યાગ્રહ શરૂ થયાને લગભગ દોઢ માસ પૂરો થયો હતો અને સરકારની કલ્પના કરતાં અનેકગણા સત્યાગ્રહીઓ જેલ જવા માટે આગળ આવ્યા હતા. સરકાર માટે આ સૌથી મોટું આશ્ચર્ય હોવાના અહેવાલોની પણ નોંધ લેવામાં આવી. આ બેઠકમાં સમિતિએ સત્યાગ્રહ અંગે સંતોષ વ્યક્ત કર્યો.

આ બેઠકમાં બીજો અગત્યનો નિર્ણય પાંચમી જાન્યુઆરીથી શરૂ થતી સંસદની બેઠક વખતે સંસદ સામે સત્યાગ્રહ કરવાનો હતો. તે માટે દેશભરના સત્યાગ્રહીઓ જુદી જુદી ટુકડીઓમાં દિલ્હી પહોંચી સત્યાગ્રહ કરે એમ નક્કી થયું હતું, પણ પાછળથી આ નિર્ણય રદ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, વિદેશમાં સરકાર દ્વારા ચાલતા અપપ્રચારનો જવાબ અપાય તેવી નક્કર યોજના બનાવી તે માટે ડૉ. સ્વામીને વિદેશ મોકલવાનો નિર્ણય થયો – જોકે તે નિર્ણય બેઠકમાં બધાની હાજરી વચ્ચે જાહેર કરવામાં આવ્યો નહોતો. જ્યાં સુધી શ્રી સ્વામી વિદેશ ન પહોંચે ત્યાં સુધી આ વાત ખૂબ ઓછા લોકો જાણે તેવો જ પ્રયત્ન કર્યો હતો.

આ બેઠકમાં એક ત્રણ સભ્યોની કમિટી બનાવવામાં આવી, કારણ કે સંઘર્ષ


www.babaisraeli.com

સમિતિની આવી મીટિંગો વારંવાર કરવાનું શક્ય ન હોવાથી આ કમિટીને બધા જ નિર્ણયો કરવાની સત્તા આપવામાં આવી. આ ત્રણ સભ્યો સર્વ શ્રી રવીન્દ્ર વર્મા – દત્તોપંતજી ઠેંગડી અને એસ. એમ. જોશી હતા. આમ, ગુજરાતની ધરતી પર આ પ્રકારના અનેક મહત્ત્વના નિર્ણયો લેવાયા.

જોકે આટલેથી અમારી ભૂગર્ભબેઠકનું કામ પત્યું નહોતું. પહેલી અને બીજી જાન્યુઆરી '૭૬ એ બે દિવસ માટે બીજી એક અગત્યની ભૂગર્ભબેઠક પણ અમદાવાદમાં યોજાઈ હતી. જનસંઘના ભૂગર્ભકાર્યકરોની આ બેઠક હતી. આ બેઠકમાં દરેક પ્રાંતમાંથી જનસંઘના બે ભૂગર્ભનેતા આવવાના હતા... ઉપરાંત અખિલ ભારતીય ભૂગર્ભનેતાઓ તો ખરા જ. શ્રીમતી ગાંધીને નાકે દમ લાવી દેનાર ૭૦ જેટલા પ્રમુખ સંઘર્ષવીરો બે દિવસ ચાલેલી આ બેઠકમાં એકઠા થયા હતા. સરકારના ક્રૂરમાં ક્રૂર કાયદાઓની જરા પણ પરવા કર્યા વગર અંતિમ વિજય સુધી લડી લેવાના ખમીરવાળા હજારો જનસંઘ-કાર્યકરોના તેઓ માર્ગદર્શક અને નેતા હતા. જોકે આ મીટિંગની વ્યવસ્થા માટે કોઈ મુશ્કેલીઓ નહોતી, કારણ આ મીટિંગમાં ભાગ લેનાર બધા જ છેલ્લા છ માસથી ભૂગર્ભબેઠકો કરીને ટેવાઈ ગયા હતા... આથી કયાં કયાં ભયસ્થાનો હોય છે અને કેટલી કાળજી લેવાની હોય છે વગેરે અનેક વાતોથી એ બધા સુપરિચિત હતા. જનસંઘની આ બેઠકમાં લો. સં. સમિતિના મંત્રી શ્રી રવીન્દ્ર વર્મા પણ હાજર હતા. આમ એક જ સપ્તાહમાં ગુજરાતની ભૂમિ પર ૧૦૦ કરતાં પણ વધારે ભૂગર્ભકાર્યકર્તાઓ એકત્ર થયા હતા.

આ ઉપરાંત દિલ્હીના માજી મેયર શ્રી કેદારનાથજી સાહની પણ અવાર-નવાર ગુજરાતના પ્રવાસે આવતા. તેઓ મુખ્યત્વે Misaમાં પકડાયેલ કાર્યકર્તાઓના પરિવારોની આર્થિક વ્યવસ્થા સંભાળતા હતા. આ કામ માટે તેઓ દેશભરમાં સતત ફરતા રહી યોગ્ય વ્યવસ્થા કરતા. શ્રી સાહની પણ ભૂગર્ભવાસ દરમિયાન જ વિદેશમાં પહોંચી ગયા હતા.

આમ અનેકવિધ પ્રવૃત્તિઓ ગુજરાતમાં ચાલતી હતી. ગુજરાતમાં મોરચા સરકાર હતી, છતાંયે સરકારને જરા પણ ગંધ ન આવે તેની કાળજી લેવામાં આવતી હતી...આથી ગુજરાતને કારણે કોઈ પણ ભૂગર્ભનેતાને ક્યારેય મુશ્કેલીઓ આવી નહોતી. હા, એક વાર શ્રી રવીન્દ્ર વર્મા થોડીક મુસીબતમાં મુકાયા હતા. તેમના પુત્ર હરિ પાસેથી મળેલી માહિતી પ્રમાણે તેઓ જાન્યુઆરીમાં મુંબઈ જતા હતા. વલસાડ



www.babaisraeli.com

સ્ટેશને તેમની પૂછપરછ થઈ. સરકારી માણસોએ તેઓ રવીન્દ્ર વર્મા હોવાની દહેશત વ્યક્ત કરી. શ્રી વર્માએ હિંમતપૂર્વક સાફ ઈનકાર કરી દીધો. શ્રી વર્માના નિર્ભીક વ્યવહારથી તપાસ કરનારા પણ મૂંઝાઈ ગયા અને તેમની વાત માની લઈને તેમને આગળ જવા દેવામાં આવ્યા. શ્રી વર્માએ હવે ત્યાં રહેવાનાં જોખમોનો વિચાર કરી આગળના સ્ટેશને ઊતરી જવાનો નિર્ણય કર્યો. પછી તેઓ ટ્રકમાં બેસી મુંબઈ ગયા... જ્યારે બીજી બાજુ, અહીંની ભૂગર્ભબેઠક પતાવી દિલ્હી પહોંચેલા શ્રી સુંદરસિંહજી ભાંડારી થોડાક જ દિવસોમાં પટણા તરફ જતાં પકડાઈ ગયા.



www.babaisraeli.com

# જુદા જુદા પ્રાંતોમાં પ્રગટ થતા ભૂગર્ભ સાહિત્યની ઝલક

## जन वाणी

लोकनायक पटना में ।

## विचार कण (७)

दासता नहीं ! दमन नहीं ! स्वाधीनता !!

A SAMITI

WARAJ

वार

## जनता समाचार



## संग्राम

In 1787, after their delegates in Philadelphia signed the new United States Constitution, a woman approached Benjamin Franklin, "Well, Doctor," she asked, "What have we got, a republic or a monarchy?" Franklin Replied "A republic, if you can keep it." "Those who would give up essential liberty to purchase a little temporary safety deserve neither liberty nor safety".

## अरुणोदय

जायें तो जायें कहाँ, तुही बता ऐ आसमाँ
न है कोई दोस्त, न रहा वो जहाँ

## लोक - शक्ति

प्रधान मंत्री निराशा और कुंठा से

जनता पुलिस का विरोध करने लगी

…गी सत्य हो-
…अमर हो-'

संग्राम

…व दंवरस-
चिन्तन

सर्वोदय कार्यकर्ताओं के आपसी
विचार-विमर्श के लिए

## PUBLIC SERVANT

Vol No. XVII-5 CALCUTTA 16th Dec. 76 Paise 10

**Ordered Constitution Indira Gandhi's Unrestricted Rule**



www.babaisraeli.com

# જુદા જુદા પ્રાંતોમાં પ્રગટ થતા ભૂગર્ભ સાહિત્યની ઝલક






www.babaisraeli.com

# એક વધુ નિશાન...ગુજરાત

ચાર મ્યુનિસિપલ કૉર્પોરેશનોની ચૂંટણીમાં મોરચાના જ્વલંત વિજય પછી જિલ્લા પંચાયતોની ચૂંટણીઓમાં નાનાંનાનાં ગામો સુધી મોરચાનો પ્રવેશ અને ગુજરાતના જિલ્લે જિલ્લે ગુંજેલ સત્યાગ્રહનો નાદ ગુજરાતના કૉંગ્રેસી આગેવાનોને ઊંચાનીચા કરી મૂકતા હતા. છેક નવનિર્માણ આંદોલનથી ગુજરાતની પ્રજાને પાઠ ભણાવવા તલપાપડ બનેલ કૉંગ્રેસીઓએ દિવસરાત ગુજરાતની મોરચા સરકાર વિરુદ્ધ કાદવ ઉછાળવામાં કશું જ બાકી નહોતું રાખ્યું. તામિલનાડુની જેમ જ ગુજરાત સરકારને પણ પદભ્રષ્ટ કરાવવા માટે તેઓ થનગની રહ્યા હતા.

તામિલનાડુનો માર્ગ ગુજરાતમાં મોંઘો પડશે તેવું કેન્દ્ર સરકાર જાણતી હતી...આથી પક્ષપલટા પ્રવૃત્તિને વેગ મળે તે માટે લીલી ઝંડી અપાઈ ગઈ હતી અને આવશ્યક સાધનસામગ્રી પૂરી પાડવાનાં વચનો પણ અપાઈ ગયાં હતાં. આ પરિસ્થિતિમાં 'લોકસંઘર્ષ-સમિતિ' અને જનતા મોરચા પક્ષે પણ જનજાગૃતિના કાર્યક્રમો દ્વારા પક્ષપલટા સામે ગુજરાતની જનતાનો અણગમો પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો.

૧૧મી જાન્યુઆરીએ મળેલી જનસંઘની કારોબારીમાં આ અંગે ૨૬ જાન્યુઆરીથી ૧૧ ફેબ્રુઆરી સુધી 'જનજાગૃતિ પખવાડિયું' ઊજવવાનું નક્કી થયું. આ કાર્યક્રમ મુજબ જિલ્લા અને તાલુકાઓનાં ૨૦૦ જેટલાં સંમેલનો યોજી, ગામડે ગામડે સભાઓ કરી, લોકોને જાગ્રત કરવાનો વ્યાપક કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. જનસંઘના આ કાર્યક્રમને ખૂબ સફળતા મળી.

૧૬



www.babaisraeli.com

આ જ પ્રમાણે ૧૫મી ફેબ્રુઆરીએ અમદાવાદમાં 'લોકસંઘર્ષ સમિતિ'ના સભ્યો અને નિમંત્રિતોની એક મીટિંગ શ્રી નારાયણ દેસાઈના પ્રમુખપદે મળી, જેમાં સત્યાગ્રહની સમીક્ષા થઈ, આગામી કાર્યક્રમો વિચારાયા અને સરકાર તોડાવવાના કૉંગ્રેસી પ્રયત્નો જોતાં વ્યાપક જનસંપર્ક અને જનજાગૃતિના કાર્યક્રમો યોજવાનું નક્કી થયું; ઉપરાંત ૨૯મી ફેબ્રુઆરીએ શ્રી મોરારજીભાઈનો જન્મદિવસ હોવાથી તે દિવસે વિશિષ્ટ કાર્યક્રમો યોજવાનું પણ નક્કી થયું. ગુજરાતમાં જે.પી. સ્વાસ્થ્યનિધિની પણ વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવી.

૭મી ફેબ્રુઆરીને દિવસે 'લોકશાહી બચાવો' દિવસ ઊજવવાનું નક્કી થયું. આ દિવસે ગુજરાતમાં ઠેર ઠેર સભાઓ અને બેઠકો યોજી કૉંગ્રેસીઓ દ્વારા રચાઈ રહેલા કાવતરાથી પ્રજાને અવગત કરવી અને ગુજરાતના રાજ્યપાલને હજારો તાર-પત્રો-ઠરાવો મોકલી તેમ જ સરઘસો કાઢી લોકશાહીને શોભે તેવો વ્યવહાર કરવા આગ્રહ કરવામાં આવ્યો.

આમ, જાન્યુઆરી માસથી જ ગુજરાત પર આવી પડનાર આફતનાં એંધાણ વરતાતાં હતાં. હવે જાણે કુદરત પણ ગુજરાતની કસોટી કરવા ઈચ્છતી હોય તેમ જનતા મોરચાની રચનામાં જેમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો, જેઓ મોરચા સરકારને સંઘર્ષપથ પર દોરનારાઓ પૈકીના એક હતા અને કટોકટી જાહેર થયા પછી સતત સંઘર્ષ કરતા જ રહ્યા હતા એવા શ્રી વસંતભાઈ ગજેન્દ્રગડકરનું ૧૬મી ફેબ્રુઆરીએ અવસાન થયું. ગુજરાતના જાહેર જીવનમાંથી સેવાનું વ્રત લેનાર એક રાજકારણી ઓછો થયો. શ્રી ચીમનભાઈ શુક્લે તેમને શોકાંજલિ આપતાં પ્રવચનમાં કહ્યું તેમ "જ્યારે લોકતંત્રના સંઘર્ષ માટે એક-એક સિપાહીની જરૂર છે ત્યારે એક સેનાપતિનું ચાલ્યા જવું એ સૌથી વધારે કમનસીબ અને દુઃખદ છે. કટોકટીના કારણે તેમના વર્ષોજૂના મિત્રો શ્રી વકીલસાહેબ વગેરે ભૂગર્ભમાં હોવાને કારણે અંતિમ દર્શન માટે પણ ન આવી શક્યા!" (જોકે વાસ્તવિકતા તો એ હતી કે શ્રી વકીલસાહેબ ભૂગર્ભમાં હોવા છતાં આ પ્રસંગે ચુપચાપ એમનાં અંતિમ દર્શન કરી શક્યા હતા. પરંતુ સાવચેતીની દૃષ્ટિએ આ બાબતને ગુપ્ત રાખવામાં આવી હતી!)

આ જ દિવસોમાં લડતને માથે પણ આફત ઊતરી આવી. એક પછી એક નેતાઓ પકડાવા લાગ્યા. ૧૨મી ફેબ્રુઆરીએ 'લોકસંઘર્ષ સમિતિ'ના મંત્રી શ્રી રવીન્દ્ર વર્મા પકડાઈ ગયા અને તેમની સાથે તેમની વ્યવસ્થા સંભાળતા સંઘના મુંબઈના



www.babaisraeli.com

કાર્યકરો પણ પકડાઈ ગયા. 'લોકસંઘર્ષ સમિતિ' માટે આ મોટો ફટકો હતો. ગુજરાત માટે પણ આ સમાચાર ખૂબ દુ:ખદ હતા. શ્રી વર્માની સંપૂર્ણ કામગીરી સાથે ગુજરાતના સંઘર્ષ કાર્યકર્તાઓનો ઠીકઠીક ઘરોબો બેસી ગયો હતો. શ્રી વર્માનું સમન્વયવાદી વ્યક્તિત્વ સંઘર્ષ ઉપરાંત ગુજરાત મોરચા સરકારના બધા પક્ષો માટે પણ માર્ગદર્શક હતું.

## 'સંઘર્ષ સમિતિ'ના નવા મંત્રી

શ્રી વર્માના પકડાઈ જવાથી સંઘર્ષ સમિતિના નવા મંત્રી નીમવાનો વિચાર ચાલુ થયો. ખૂબ યોગ્ય વ્યક્તિ આ કામ સંભાળે તેવું સંઘર્ષ સમિતિના નેતાઓ વિચારી રહ્યા હતા.. આથી શ્રી વર્મા પછી તેમના સ્થાને શ્રી દત્તોપંતજી ઠેંગડીને આ કાર્ય સંભાળવાનું આવ્યું – જોકે આ વ્યવસ્થા વચગાળાની હતી, કારણ, શરૂઆતથી જ ભૂગર્ભમાં રહી આંદોલન ચલાવનારાઓમાંના તેઓ પણ એક હોઈ સરકાર તેમને પણ પકડવા માટે પ્રયત્નશીલ બને તેમ હતું... બીજી બાજુ સમિતિ કોઈ પણ ભોગે દત્તોપંતજીને ગુમાવવા તૈયાર નહોતી.

હવે પછી શ્રી નારાયણ દેસાઈ આ કામ સંભાળે તેવો મત 'લોકસંઘર્ષ સમિતિ'ની કેન્દ્રીય નેતાગીરીમાં વ્યાપક હતો. દરેક રીતે તેમનું વ્યક્તિત્વ યોગ્ય હોઈ શ્રી એસ. એમ. જોશી અને શ્રી દત્તોપંતજી ઠેંગડીએ તેમની સાથે વાત કરીને આગળ વધવાનું નક્કી થયું. એ અરસામાં ૨-૩ માર્ચે સર્વોદય નેતાઓનો એક અખિલ ભારતીય કાર્યક્રમ ગુજરાતમાં ભરૂચ પાસેના શુક્લતીર્થમાં હતો. દેશભરના મુખ્ય મુખ્ય સર્વોદયી મિત્રો ભેગા મળી દેશની તત્કાલીન સ્થિતિમાં જે. પી., વિનોબાજી વગેરેની ભૂમિકાઓનો સવિસ્તર વિચાર કરી રહ્યા હતા. શ્રી નારાયણ દેસાઈ પણ અહીં હોવાથી લો.સં. સમિતિના આ બન્ને નેતાઓ ગુજરાતમાં આવ્યા. શ્રી દત્તોપંતજી અને શ્રી એસ. એમ. જોશી બન્ને આ સંમેલનમાં એક દિવસ હાજર રહ્યા. અનેક વિષયોની અધિકૃત માહિતી પણ મળી...ઉપરાંત બન્ને નેતાઓએ શ્રી નારાયણ દેસાઈ સાથે તેઓ સંઘર્ષ સમિતિના મંત્રી તરીકે કાર્ય સંભાળે તેવી વાતચીત કરી... પરંતુ શ્રી દેસાઈએ આ કાર્ય વધારે અઘરું અને ભૂગર્ભમાં રહીને કરવાનું હોવાથી તે માટે પોતાની અશક્તિ દર્શાવી અને 'લોકસંઘર્ષ સમિતિ'ના મંત્રીપદનો ભાર વધુ યોગ્ય એવી વ્યક્તિને સોંપવાની સલાહ આપી. શ્રી ઠેંગડીજી આ કાર્યભાર સંભાળે તેવો



www.babaisraeli.com

તેમણે આગ્રહ પણ રાખ્યો.

શ્રી નારાયણભાઈએ સંઘર્ષને પૂરક થાય તેવું સાહિત્ય પોતે પ્રસિદ્ધ કરી શકશે તેમ કહ્યું. આ વિચારમાંથી જ ગુજરાતમાં હિન્દી ભાષામાં 'યકીન' નામનું અઠવાડિક શ્રી નારાયણ દેસાઈના તંત્રીપદે બારડોલીથી શરૂ થયું.

લોકસંઘર્ષ સમિતિએ હવે મંત્રી વિશે ફરીથી નિર્ણય કરવાનો હતો. આ વખતે નવી વ્યૂહરચના નક્કી કરવામાં આવી. જેમના પર વૉરંટ નહોતું તેવા શ્રી દિગ્વિજય નારાયણસિંહ બહારનાં કાર્યો માટે મંત્રી તરીકેની ફરજ બજાવે અને ભૂગર્ભ આંદોલનના મંત્રી તરીકેની જવાબદારી શ્રી દત્તોપંતજી સંભાળે એવી વ્યવસ્થા કરવામાં આવી. આ વ્યવસ્થા વધુ અનુકૂળ છે તેવું પણ અનુભવે લાગ્યું. સરકાર હવે શ્રી દિગ્વિજય નારાયણસિંગ પૂરતી જ જાગ્રત હતી; વળી તેમને પકડવાનું પણ સરકારને જરૂરી ન લાગ્યું. બીજી તરફ શ્રી દત્તોપંતજી બધો જ કારભાર સંભાળતા હતા. પાછળથી ૧૩મી મેએ શ્રી જયપ્રકાશજીએ સંઘર્ષ સમિતિની પુનર્રચનાની જાહેરાત કરી... તે પ્રમાણે 'લોકસંઘર્ષ સમિતિ'ના ચેરમૅન તરીકે શ્રી એસ. એમ. જોશી અને ત્રણ મંત્રીઓ તરીકે શ્રી દત્તોપંતજી ઠેંગડી, શ્રી દિગ્વિજય નારાયણસિંગ અને શ્રી લોકનાથ જોશીને કામ સોંપવામાં આવ્યું. સંઘર્ષના અંત સુધી આ સૌએ લોકસંઘર્ષ સમિતિનું નેતૃત્વ સંભાળ્યું.

## બૅંગલોરમાં પણ ગુજરાત

ગુજરાતમાં હિતેન્દ્રભાઈ દેસાઈના નેતૃત્વમાં કૉંગ્રેસીઓ કોઈ પણ ભોગે સરકાર તોડવા માટે કૃતનિશ્ચયી હતા. 'આજ તૂટે, કાલ તૂટે'ના વાતાવરણમાં સરકારનું કામ ચાલતું હતું...ત્યાં જ ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી આવી. ગુજરાતના જનતા મોરચા પક્ષે રાજ્યસભા માટે બૅંગલોર જેલમાં મિસાવાસ ભોગવી રહેલા જનસંઘના અખિલ ભારતીય પ્રમુખ શ્રી એલ.કે.અડવાણીને પસંદ કરીને કેન્દ્ર સરકારને છંછેડી. બૅંગલોરના સત્તાવાળાઓએ પણ શ્રી અડવાણીજીને ઉમેદવારીપત્ર ભરતા રોકવા માટે જાતજાતના ઉપાયો અજમાવ્યા.

આ કાર્ય અંગે ગુજરાતના તે વખતના વસવાટપ્રધાન શ્રી મકરંદભાઈ દેસાઈ બૅંગલોર પહોંચ્યા. તેમની સાથે મુંબઈના જનસંઘ કાર્યકર શ્રી અમર જરીવાલા પણ જોડાયા. તેમણે શ્રી અડવાણીજીના સંપર્ક માટે પ્રયત્ન કર્યો; પરંતુ ત્યાંના ગૃહમંત્રીએ



www.babaisraeli.com

જેલ-મુલાકાત આપવાનો સાફ ઇનકાર કર્યો. ઊઘડતા ન્યાયાલયે શ્રી દેસાઈએ જાણીતા ધારાશાસ્ત્રી શ્રી સંતોષ હેગડે દ્વારા 'રિટ' દાખલ કરી અને શ્રી અડવાણીજીને ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરવા માટે પેરોલ પર છોડવાની માગણી કરી. થોડાક જ સમય પછી બીજી પણ એક 'રિટ' દાખલ કરવામાં આવી કે ચૂંટણીના કામ અંગે શ્રી અડવાણીજીની મુલાકાત પણ મળવી જોઈએ. આમ મામલો કોર્ટ સુધી પહોંચ્યો.

બીજી તરફ શ્રી બાબુભાઈએ દિલ્હીમાં તે વખતના ગૃહપ્રધાન શ્રી રેડ્ડી સાથે વાત કરી, જનતા મોરચાના ઉમેદવાર શ્રી અડવાણીને ચૂંટણી લડવા પૂરતી સહાય આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. કોર્ટે માગણીએ મંજૂર કરી, પરંતુ શ્રી અડવાણીજીએ પેરોલ પર છૂટવાનો ઇનકાર કર્યો. કાનૂની જંગમાં સરકારનો પરાજય થયો અને શ્રી અડવાણીજીનો નૈતિક વિજય થયો. આમ, શ્રી અડવાણીજીને બૅંગલોરથી અમદાવાદ નવમી માર્ચે વિમાન દ્વારા, અટકાયત હેઠળ લાવવામાં આવ્યા અને તેમને ગાંધીનગરમાં વી.આઈ.પી. ગેસ્ટહાઉસમાં રાખવામાં આવ્યા, જ્યાં ઉમેદવારીપત્ર ભરવાની જરૂરી વિધિઓ કરવામાં આવી. આમ ગુજરાતે બૅંગલોરને પણ પડકારી અડવાણીજીને રાજ્યસભામાં ચૂંટીને મોકલ્યા.

## કૉંગ્રેસીઓની વ્યૂહરચના

દિન-પ્રતિદિન કૉંગ્રેસીઓનો ગુજરાત સરકાર તૂટવા વિશેનો પોતાનો વિશ્વાસ દૃઢ થતો જતો હતો. સુરતના ધારાસભ્ય શ્રી શંભુભાઈ પટેલે પાટલી બદલીને તેનો પ્રારંભ કર્યો. ગુજરાત સરકાર તૂટ્યા પછી પણ ગુજરાતમાં શાંતિ જળવાઈ રહે એ માટે મોરચા સરકાર પ્રયત્નશીલ હતી તો બીજી બાજુ કૉંગ્રેસીઓની વ્યૂહરચના સરકારને પદભ્રષ્ટ કરવાની સાથે તેને બદનામ પણ કરવાની હતી! પાટલીબદલુઓ દ્વારા મોરચા સરકાર તેના ભારથી તૂટી રહી છે એવી હવા ઊભી કરવામાં આવી અને ગુજરાત બિનલોકશાહી વલણો અપનાવે છે, હિંસાને ઉત્તેજન આપે છે વગેરે વાતો કરી સરકારને વધુમાં વધુ બદનામ કરવાના કૉંગ્રેસી પ્રયત્નો બળવત્તર બનતા ગયા; પણ આ બધાયથી વધારે ઊહાપોહ 'સુરંગ પ્રકરણ' વિશે ઊભો કરી સરકારને બદનામ કરવાનો પ્રયત્ન થયો. ગુજરાતના કેટલાક કૉંગ્રેસીઓ અને એક સંસદસભ્ય દ્વારા 'સુરંગ પ્રકરણ'ની પૂર્ણ માહિતી કેન્દ્ર સરકાર અને CBIને અપાઈ હતી.

ગુજરાતના કૉંગ્રેસીઓની અને કેન્દ્ર સરકારની સંયુક્ત યોજના એવી હતી કે



www.babaisraeli.com

ગુજરાત સરકારના પતનની શક્યતાઓના બે દિવસ પૂર્વે જ 'સુરંગ પ્રકરણ' સંબંધી વ્યક્તિઓ અને તેમના નેતા શ્રી જ્યૉર્જ ફર્નાન્ડિઝ વગેરેને મુદ્દામાલ સાથે પકડી પાડવા. આમ થાય તો સરકારના પતનની સાથે જ મોરચાને બદનામ કરવાનો જરૂરી મસાલો પણ મળી જાય. અમુક કારણોસર તેમને સફળતા પણ મળી, પરંતુ શ્રી જ્યૉર્જ તેમના હાથમાં ન આવ્યા. સુરંગની શક્તિથી કેન્દ્ર સરકાર જેટલી ચિંતિત હતી તેના કરતાં શ્રી જ્યૉર્જના બહાર રહેવાથી તે વધારે ચિંતિત હતી.

અંતે કૉંગ્રેસીઓ તેમની વ્યૂહરચનામાં સફળ થયા. મોરચાના ધારાસભ્યો પાટલી બદલીને કાંઈક અંશે સ્વાર્થ, કાંઈક અંશે સત્તાલોલુપતા તો વળી કાંઈક અંશે મિસા વગેરેના ભયને કારણે લોકશાહીનો નાશ કરવામાં નિમિત્ત બન્યા. દિન-પ્રતિદિન મોરચાના ધારાસભ્યોની સંખ્યા ક્રમશઃ ઘટતી જ ગઈ અને અંતે મોરચા સરકારનો ૧૨મી માર્ચે વિધાનસભામાં પરાજય થતાં મુખ્યપ્રધાન શ્રી બાબુભાઈ જ. પટેલે સામે ચાલીને રાજ્યપાલને સરકારનું રાજીનામું સુપરત કરી દીધું. આ બાજુ સરકારનું રાજીનામું અપાયા પછી કૉંગ્રેસીઓએ 'સુરંગ પ્રકરણ'ની કાગારોળ ચારે બાજુ શરૂ કરી મૂકી.

સરકારનું પતન નિશ્ચિત બનતાં જ નવી પરિસ્થિતિનો વિચાર કરવા ૧૧મી માર્ચે શ્રી બી. કે. મજમુદારને ત્યાં 'લોકસંઘર્ષ સમિતિ'ની એક મીટિંગ મળી. આ બેઠકમાં 'ગુજરાત લોકસંઘર્ષ સમિતિ'ના કન્વીનર શ્રી ભોગીલાલ ગાંધી હાજર નહોતા; કારણ કે તેમનું સ્વાસ્થ્ય ખૂબ કથળી ગયું હતું. સરકારના પતન પછી જેલમાં જવાનું થાય તો ત્યાં સારવારની શક્યતા પણ નહિવત્ હશે એમ માની તેઓ સરકારના પતન પૂર્વે જ અજાણ્યે સ્થળે ચાલ્યા ગયા હતા.

આ મીટિંગમાં અમે સૌ મિત્રો નવી પરિસ્થિતિનો વિચાર કરી રહ્યા હતા. અનેક વિષયો પર ચર્ચા ચાલતી હતી...ત્યાં જ જનસંઘના પ્રદેશમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા આવી પહોંચ્યા. તેઓ ગાંધીનગરથી આવતા હતા અને તેમની પાસે ઘણી માહિતી હતી. સરકારના પતનની તેમણે વાત કરી. અમે પણ ઝડપથી વાતચીતો-ચર્ચાવિચારણા પૂરી કરી. હવે ફરી ક્યારે મળાશે તે વિશે બધાય અનિશ્ચિતતા અનુભવતા હતા. બેઠકમાં હાજર રહેલા સૌ કાર્યકર્તાઓ થોડા સમય પછી જેલમાં હશે તે પણ ચોક્કસ હતું... આથી આ સભા એક અર્થમાં તો વિદાયસભા જેવી જ બની ગઈ. સ્વતંત્ર ભારતમાં જ હવે તો ફરી એકમેકને મળીશું એવી પારસ્પરિક



www.babaisraeli.com

શુભેચ્છાઓ પાઠવવામાં આવી. સંઘર્ષ સમિતિના સાથીઓ એ જાણતા જ હતા કે અમે જેલમાં જવા કરતાં બહાર રહી સંઘર્ષને જીવતો રાખવાનો પ્રયત્ન કરી શકીશું.... આથી સૌએ અમોને વિશેષરૂપે શુભેચ્છાઓ પાઠવી. બેઠકમાં હાજર રહેલાઓમાંથી થોડાકને બાદ કરતાં બાકી સૌએ જેલમાં જવાની તૈયારીઓ કરવાની હતી, જ્યારે અમારા જેવા જેઓ મિસાને પણ પડકારવાનો નિર્ણય કરી ચૂક્યા હતા, તેમણે ભૂગર્ભવાસ માટેની યોજના બનાવવાની હતી.

બેઠક પછી તરત જ શ્રી નાથાલાલ ઝઘડા, શ્રી શંકરસિંહ વાઘેલા અને હું ગાંધીનગર પહોંચ્યા. સરકારના પતન પછી કોણે શું કરવું અને ક્યાં મળવું તથા મકરંદભાઈએ ભૂગર્ભમાં રહેવું વગેરે બાબતો નક્કી થઈ...આથી સરકારના પતન પછી તરત જ તેમણે ગાંધીનગર છોડવું વગેરે યોજનાઓ નક્કી કરી અમે રાત્રે જ અમદાવાદ પહોંચી ગયા.

રા. સ્વ. સંઘના ગુજરાત પ્રાંત કાર્યકરોની એક મીટિંગ પ્રાંતપ્રચારક શ્રી દેશમુખજીએ તત્કાળ બોલાવી અને નવી સ્થિતિ અંગે આવશ્યક નિર્ણયો કરી લીધા. સૌ કોઈ યોગ્ય સ્થળે ગોઠવાઈ ગયા. હવે અમારા ભૂગર્ભવાસનો નવો તબક્કો શરૂ થયો. હવે અમારે મિસાની સતત લટકતી તલવાર નીચે ખૂબ જ સાવચેતીથી કામ કરવાનું હતું.

બીજે દિવસે બાબુભાઈએ રાજીનામું આપ્યાના સમાચારો આવી ગયા. એક અનોખા દ્વીપ સમું ગુજરાત તાનાશાહી સલ્તનતનો શિકાર બન્યું. ઇતિહાસનાં પાનાંમાં એક વધુ કાળું પ્રકરણ ઉમેરાયું.



www.babaisraeli.com

# મિસાનો કોરડો વીંઝાયો

૧૩મી માર્ચે સાંજે ગુજરાતની મોરચા સરકારે રાજીનામું આપ્યું. ગુજરાત શાંત રહ્યું. નફરતની લાગણી વ્યાપક હતી, પણ ક્યાંય કોઈ હિંસક બનાવ બન્યો નહીં. જનજીવન સામાન્ય હતું...તેમ છતાંય ગુજરાતમાં આડેધડ ધરપકડોનો દોર શરૂ થયો હતો.

૧૩મીની મધ્યરાત્રિથી જ ગુજરાતમાં ઠેરઠેર ધરપકડો કરવામાં આવી. દેશનાં અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ સંઘ, જનસંઘ અને વિદ્યાર્થી પરિષદના કાર્યકરોને નિશાન બનાવવામાં આવ્યા...ઉપરાંત, થોડાક સર્વોદયી કાર્યકરો અને સમાજવાદી પક્ષના કાર્યકરોની પણ ધરપકડ કરી લેવામાં આવી. રાતભર ધરપકડોના સમાચારો આવતા ગયા. ભૂગર્ભમાં ચાલ્યા ગયેલા સંઘના કાર્યકર્તાઓને પકડવા માટે સંઘના અનેક કાર્યકર્તાઓનાં ઘર ખટખટાવવામાં આવ્યાં. અમદાવાદથી સંઘના એક પણ કાર્યકરને પોલીસ પકડી ન શકી... બધા સહીસલામત રહીને પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા હતા. સંઘનો એક પણ કાર્યકર્તા ન પકડાવાને કારણે સરકાર અકળાઈ ઊઠી. હવે આડેધડ દરોડા પાડીને પરિવારજનોને ડરાવવાનો-ધમકાવવાનો પ્રયત્ન શરૂ થયો. જેમનાં વૉરંટ નહોતાં એવા કાર્યકરોનાં ઘરમાં પણ અમારા જેવા કાર્યકરોને શોધવા માટે ઝડતી કરવામાં આવી. એક કાર્યકર ડૉ. શ્રી વિશ્વનાથ વણીકરના ઘરે તો તિજોરી ખોલવા માટે પણ મજબૂર કર્યા... જાણે ભૂગર્ભ કાર્યકરો તિજોરીમાં ન સંતાઈ ગયા હોય! શ્રી કાંતિભાઈ મોદીને ત્યાં તો

૧૭



www.babaisraeli.com

રાતે બધાંને જગાડીને વ્યક્તિગત પૂછપરછ કરવામાં આવી. તેમને ત્યાં દૂધ ઠંડું કરવાનાં ફ્રિઝ પણ ઉઘાડીને જોયાં! શ્રી સંજીવનભાઈ દેવધરને ત્યાં અનાજના કોઠારમાં પણ લાકડીઓ ખોસીખોસીને જોવામાં આવ્યું કે અનાજની નીચે તો કોઈ સંતાયું નથી ને! શ્રી હરિશ્ચન્દ્ર પંચાલ બહારગામ હતા, તેમના નામનું વૉરંટ પણ નહોતું અને ઘરમાં તેમનાં પત્ની શ્રીમતી કમળાબહેન પંચાલ એકલાં હોવા છતાં રાતે બે વાગ્યે પોલીસે ઘર ખોલાવ્યું, માળિયા સુધી ખૂંદી વળ્યા...સાથે મહિલા પોલીસ પણ નહીં...૨૦ થી ૨૫ જેટલા પુરુષ-પોલીસોએ એક કલાક સુધી બહેનનો વિચાર કર્યા વિના હાહાકાર મચાવી દીધો... ભૂગર્ભમાં ગયેલ સંઘના કાર્યકરોની માહિતી મેળવવા પ્રશ્નોની ઝડી વરસાવી. એ જ રીતે ગોવિંદરાવ ગજેન્દ્રગડકરનું ઘર પણ ખોલાવ્યું. તેઓ તો પોતાની ધરપકડ કરવા આવ્યા છે એમ સમજી જેલવાસની પૂર્વતૈયારી પણ કરવા લાગ્યા...પણ પોલીસે તો બીજાઓને માટે જ તેમનું ઘર ખોલાવ્યું હતું. ઘરની પૂરી ઝડતી લીધી. ધરપકડ માટે ગયેલ પોલીસે સંઘના એક કાર્યકર શ્રી ગોવિંદરાવ સહસ્રભોજનીનું બાવડું ખેંચતાં તેમનો હાથ ઊતરી ગયો... રાત્રે ને રાત્રે જ તેમને હાડવૈદ પાસે લઈ જવામાં આવ્યા.

મોરચા સરકાર સમયે સંઘના જે કાર્યકરોને D.I.R.માં પકડવામાં આવ્યા હતા તેમને હવે Misaમાં પકડી લેવામાં આવ્યા. રાજકોટમાં સંઘના પ્રાંત સંઘચાલક ડૉ. શ્રી પી. વી. દોશી સાથે પોલીસે અમાનવીય વ્યવહાર કર્યો હતો. એક ગુનેગાર કરતાં પણ વધારે ભૂંડો વ્યવહાર કરવામાં પોલીસને શરમ આવી નહોતી. જેલમાં લેવા માટેનો સામાન પણ સાથે લેવા દેવામાં ન આવ્યો. કૉલર પકડીને તેમને ઢસડી લાવી પોલીસવાનમાં ધક્કામુક્કી કરી ચડાવી દેવાયા. આવું તો ઘણાં સ્થળોએ બન્યું હતું. રાજકોટમાંથી સૌપ્રથમ એક બહેન કુ. દર્શના પંડ્યાને પણ પકડવામાં આવી. કુ. દર્શના ગુજરાતમાં સૌપ્રથમ મહિલા મિસાવાસી બની હતી. આ બહેનનો ગુનો એટલો જ કે તેણી વિદ્યાર્થી પરિષદની કાર્યકર્ત્રી હતી અને નવનિર્માણ આંદોલન વખતે આમરણાંત ઉપવાસ પર બેઠી હતી.

લગભગ એક અઠવાડિયા સુધી દરરોજ સંઘના કાર્યકરોને ત્યાં પોલીસદરોડા એ જાણે નિત્યક્રમ બની ગયો હતો. ગુજરાતમાં ઠેરઠેર પોલીસે આ પ્રક્રિયા જારી રાખીને ભયનું સામ્રાજ્ય ફેલાવ્યું. આટઆટલી મહેનત પછી પણ તેઓ ભૂગર્ભ કાર્યકરોને ન તો પકડી શક્યા કે ન તો તેમની માહિતી સુધ્ધાં મેળવી શક્યા.



www.babaisraeli.com

પહેલા દિવસથી જ રોજબરોજની સ્થિતિનો વિચાર કરવા માટે ભૂગર્ભ-આંદોલન ચલાવનાર પૈકી શ્રી કેશવરાવજી દેશમુખ, શ્રી નાથાભાઈ ઝઘડા, શ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી વિષ્ણુભાઈ પંડ્યા અને હું નિયમિત રીતે મળતા હતા; પરંતુ સરકારના પતન પછી બીજે જ દિવસે અમારા એક પ્રમુખ સાથી શ્રી વિષ્ણુભાઈ પંડ્યાને પકડવામાં પોલીસને સફળતા મળી. ભૂગર્ભમાં રહી છેવટ સુધી લડત ચલાવવાના વિચારવાળાઓમાંથી તેમની ધરપકડ સૌપહેલી હતી. શ્રી વિષ્ણુભાઈની ઠીકઠીક પૂછપરછ થઈ. નવા પકડાનાર દરેકને કંઈક નવા પ્રશ્નો તો પુછાતા જ અને તે પ્રશ્નો ભૂગર્ભ કાર્યકર્તાઓ વિશેની માહિતીને લગતા જ રહેતા. કલાકો સુધી પૂછપરછ ચાલતી, પણ એકેય કાર્યકર્તા જરાય મચક આપતા નહોતા.

ધરપકડ પછી પણ પકડાયેલ કાર્યકરોના મનોબળ ઉપર કોઈ અસર નહોતી. શ્રી વિષ્ણુભાઈએ પકડાતાની સાથે જ પોતાના અધિકાર માટે સંઘર્ષ આદર્યો...રાજ્યપાલને તાર કરી પોતે પીએચ.ડી. કરતા હોઈ પ્રથમ વર્ગ આપવા માગણી કરી – તો ખંભાતમાંથી પકડાયેલ કાર્યકર્તાઓએ હાથકડીઓ પહેરવાનો ઇનકાર કરી દીધો. અમદાવાદમાં રાજકીય કાર્યકરોના પણ 'મિસાકેદી' તરીકે એક ગુનેગારની જેમ ફોટા પાડવામાં આવતા. સંઘના એક પ્રમુખ કાર્યકર ડૉ. શ્રી વિનોદે પોલીસ સ્ટેશનમાં જ ફોટા પાડવાની પદ્ધતિ સામે જંગ માંડ્યો. સરકારનાં દરેક જાતનાં દબાણો પછી પણ તેમણે ફોટા ન પડાવ્યો તે ન જ પડાવ્યો. તેમને શિક્ષા કરવાની અનેક ધમકીઓ આપવામાં આવી. અંતે પોલીસને પોતાની મમત છોડવી પડી. મોટા ભાગના કાર્યકરોએ સર્ચવૉરંટ વગર ઘરની ઝડતી ન લેવા દીધી. કેટલાક કાર્યકરોએ મિસા વૉરંટ જ્યાં સુધી ન બતાવવામાં આવે ત્યાં સુધી પોલીસવાનમાં બેસવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો અને પોલીસને વૉરંટ રજૂ કરવાની ફરજ પડી... તો ડીસાના હરિભાઈ પ્રજાપતિ જેવા સંઘના કેટલાક કાર્યકરોએ પોલીસ સમક્ષ હાજર થવાની પત્રિકાઓ તૈયાર કરીને વહેંચી હજારોની જનમેદની એકત્ર કરી અને સૌની વચ્ચે જ ધરપકડ થાય તેવો પ્રયત્ન કરી Misa સામે પણ હિંમતથી ઊભા રહી શકાય છે તેવો ઉત્કૃષ્ટ દાખલો બેસાડી, નિર્ભય વ્યવહાર દાખવ્યો ને હાજર રહેલી જનમેદનીમાં પણ નિર્ભયતાનો સંચાર કર્યો.

અણધારી ધરપકડોએ કેટલાક પરિવારોને હતાશ પણ બનાવી મૂક્યા હતા. જેલનાં દુઃખોની કલ્પના કરતાં પણ મિસાની અચોક્કસ મુદ્દત ભલભલા પરિવારોને



www.babaisraeli.com

હચમચાવી નાખે તેવી હતી... આથી મિસાની ઝપટમાંથી બચવા કેટલાકે રાજીનામાનો હીન રસ્તો પણ અપનાવ્યો. રાજકીય પક્ષોના કાર્યકરોનાં રાજીનામાંનો ધોધ છાપાંમાં વહેતો થયો. કેટલાક કાર્યકરોએ રાજીનામાની એક નકલ પોલીસસ્ટેશન અને બીજી નકલ ધરપકડ કરવાના કામમાં મદદરૂપ થતા કૉંગ્રેસી કાર્યકરોને મોકલી આપી બચવાનો બેશરમ પ્રયાસ પણ કર્યો. જોકે અખબારોમાં રાજીનામાની વાતો જેટલા પ્રમાણમાં પ્રસિદ્ધ થતી હતી તેમાં ઘણું કરીને ખોટા પ્રચારનું પ્રમાણ વધારે રહેતું હતું. નવનિર્માણ વખતે આગળ આવેલા કહેવાતા નેતાઓ હવે ૨૦ મુદ્દાનાં લટકણિયાં લઈને ફરતા થઈ ગયા હતા. અત્યાર સુધી મીંદડી બનીને જીવતા કૉંગ્રેસીઓએ આડેધડ ખોટી ખોટી અરજીઓ કરી સંઘના કાર્યકરોને પકડાવવા માટે દિવસરાત મહેનત કરી અને પરિણામે શ્રી દામુભાઈ પંચાસરા જેવા અનેક કાર્યકરોને માટે પોલીસસ્ટેશનના ધક્કા રોજની ક્રિયા થઈ પડી હતી – એક વાર ઇન્કવાયરી તો બીજી વાર જવાબ આપવા માટે અને ત્રીજી વાર ઓળખ માટે! આમ સતત ભય ઉપજાવવા માટેનો પ્રયત્ન થતો હતો.

સરકારના પતનના ઘણા સમય પહેલાંથી અસ્વસ્થ તબિયતને કારણે આરામ માટે ગુજરાત બહાર ગયેલ શ્રી ભોગીભાઈ ગાંધીને પકડવા તેમના ઘરે અવારનવાર પોલીસનાં ઝુંડ ઊતરી પડતાં. તેમના ઘરમાં રહેતા શ્રી હસમુખ પટેલ તથા કુ. મંદાકિની દવે પર પ્રશ્નોની ઝડી વરસતી, ધમકીઓ પણ અપાતી.

અખબારોની દૃષ્ટિએ જોઈએ તો સરકારનો સૌથી વધુ ગુસ્સો 'સાધના' સાપ્તાહિક ઉપર પહેલેથી જ હતો...તેમાંય વિશેષ કરીને ખૂબ વેચાણ પામેલ ભૂગર્ભ પુસ્તક 'કટોકટી... ઇન્દિરાની અને ઍડૉલ્ફ હિટલરની' 'સાધના'માં જ છપાતું હોવાની શંકાથી 'સાધના' પર ૧૦૦ કરતાં વધારે પોલીસમૅનોએ દરોડો પાડ્યો.

'સાધના પ્રકાશન મુદ્રણાલય' જે જગ્યાએ આવેલું છે તે ખમાસા વિસ્તાર પોલીસથી ઘેરાઈ ગયો. ઘણીઘણી તપાસ કર્યા પછી પણ કંઈ જ હાથ ન લાગ્યું. 'સાધના પ્રકાશન મુદ્રણાલય'ના મૅનેજર શ્રી પન્નાલાલ સ્વસ્થતાપૂર્વક જવાબો આપ્યે જતા હતા. 'કટોકટી'ના પુસ્તક અંગે વારંવાર પૂછપરછ કરી, પણ બોલે તે બીજા! સતત ત્રણ કલાકની જહેમત પછી પણ કશું મળ્યું નહીં. સરકાર હાથ ઘસતી રહી ગઈ. આ જ રીતે એક બીજું પ્રેસ 'ધરતી મુદ્રણાલય' પણ પોલીસ માટે શંકાસ્પદ બન્યું હતું. ત્યાં પણ 'સાધના'ની જેમ જ પોલીસનાં ધાડાં ઊતરી આવ્યાં. ખૂબ તપાસને



www.babaisraeli.com

અંતે છાપરામાંથી સરકાર વિરુદ્ધની એક આઠ પાનાંની પુસ્તિકા પોલીસને હાથ લાગી. હવે 'ધરતી મુદ્રણાલય' પર તવાઈ શરૂ થઈ. તેના માલિક શ્રી માણેકલાલ ડી. પટેલની DIR હેઠળ ધરપકડ કરવામાં આવી... સરકારે પ્રેસને સીલ લગાવ્યું.

બારડોલીની 'સુરુચિ છાપશાળા' પર પણ આફત ઊતરી. કટોકટીના દિવસોમાં જ અહીં કાયદેસર રીતે સંઘર્ષને સહાયક એવું સાહિત્ય અવારનવાર છપાતું હતું. વળી 'यकीन' નામનું હિંદી છાપું પણ ત્યાંથી છપાવા માંડ્યું. અને પરિણામે સરકાર વીફરી. છાપશાળા સાથે સંબંધિત શ્રી મોહનભાઈ પરીખ, શ્રી ભાઈદાસભાઈ પરીખ તથા શ્રી નારાયણભાઈ દેસાઈ DIRમાં ઝડપાયા.

## મર્મસ્થાનો પર ચોટ

ઘણા પ્રયત્નો પછી પણ સરકારી તંત્ર ભૂગર્ભકાર્યકરોને પકડવામાં સફળ થયું નહોતું... તેમ છતાંય તેના પ્રયત્નો અસફળ જ ગયા હતા એમ પણ નહીં. ગુજરાત સરકારના પતન પછીના પ્રથમ સપ્તાહમાં જ ભૂગર્ભ વ્યવસ્થાની એક અગત્યની સંપર્કવ્યક્તિ ઉપર ચોટ થઈ. આ ચોટ અમારે માટે આશ્ચર્યપ્રેરક તથા વિઘ્નપ્રદ નીવડી. સરકારે અમારા ભૂગર્ભકાર્યના એક સહયોગી સ્વયંસેવક શ્રી નવીનભાઈ ભાવસારની ધરપકડ કરી. શ્રી નવીનભાઈને ત્યાં ભૂગર્ભકાર્ય સંબંધિત કેટલીક અગત્યની ટપાલ આવતાની સાથે જ પોલીસે દરોડો પાડ્યો. અમારું એક ભૂગર્ભ સરનામું સરકાર પાસે કેવી રીતે પહોંચ્યું તે અમારે માટે આશ્ચર્યપ્રદ હતું. બીજાં સરનામાં તથા સંપર્કકેન્દ્રો પણ કદાચ પકડાઈ ગયાં હોય તેવી શંકા પણ અમને થઈ. શ્રી નવીનભાઈની મુદ્દામાલ સાથે ધરપકડ થઈ. તેમની સાથે શ્રી પરીન્દુ ભગત (કાકુ), શ્રી ગોવિંદરાવ ગજેન્દ્રગડકર અને શ્રી વિનોદ ગજેન્દ્રગડકરને પણ પૂછપરછ માટે પકડવામાં આવ્યા. ધરપકડ કરાયેલ સૌની સતત પૂછપરછ કરવામાં આવી. આવેલ પત્રો પર નામ હતું 'પ્રકાશ'. (આ પુસ્તકના લેખકનું ભૂગર્ભનામ 'પ્રકાશ' હતું.) સરકાર આ નામ જાણી ગઈ. હવે લેખકની માહિતી માટે ધરપકડ કરાયેલ સૌને જાતજાતની ધમકીઓ આપવામાં આવી. ધરપકડ કરાયેલ ગજેન્દ્રગડકર પરિવારના પિતા-પુત્રની ધરપકડની માહિતી પણ તેમના પરિવારજનોને આપવામાં ન આવી. અનેક તરકીબો પછી પણ પોલીસને કોઈ માહિતી ન મળી અને શ્રી નવીનભાઈ પર DIRનો કેસ કરવામાં આવ્યો.



www.babaisraeli.com

બીજી તરફ ગુજરાતનાં તેમ જ દેશભરનાં બધાં જ ભૂગર્ભકેન્દ્રોને અમદાવાદનો સંપર્ક કાપી નાખવાની સૂચના આપવાના કામમાં અમે પ્રવૃત્ત થયા. સરકાર હવે આગળ વધારે પગેરું ન શોધી શકે તે માટે લગભગ એક અઠવાડિયા સુધી ગુજરાતમાં આવતા બધા જ બહારના સંદેશા બંધ થઈ ગયા. લગભગ એક જ સપ્તાહમાં નવી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ભૂગર્ભસંપર્ક ફરીથી ગોઠવી દેવાયા.

આ ઓછું હોય તેમ બીજી જ મધ્યરાત્રિએ અમારા એક અગત્યના સ્થાન પર પણ પોલીસનાં ધાડાં ઊતરી આવ્યાં. અર્ધી રાત્રે ઘરની ઝડતી લેવામાં આવી. સદ્ભાગ્યે કોઈ પણ કાર્યકર્તા ત્યાંથી ન પકડાયા; પરંતુ ઘરમાંથી કટોકટી વિરુદ્ધની એક પુસ્તિકાનું બંડલ પોલીસને હાથ લાગ્યું. ઘરમાલિક શ્રી ગોવિંદરાવ તાંબેની ધરપકડ કરવામાં આવી. બીજી બાજુ સંદેશા અંગેના કેટલાક અગત્યના પત્રો શ્રીમતી વિજુબહેન તાંબે પાસે હતા. તે તેમણે ૫૦ પોલીસની આંખમાં ધૂળ નાખી વગે કરી દીધા હતા. આમ તેમણે અમારી ઘણી મોટી ચિંતા હળવી કરી નાખી હતી. શ્રી તાંબેની ખૂબ જ પૂછપરછ કરવામાં આવી. પ્રશ્નો પણ એક જ ધારા... ભૂગર્ભ કાર્યકરોની માહિતી અને આ પુસ્તકો ક્યાંથી આવ્યાં? અમારી તરફથી પણ એક લાઈન નક્કી કરી દેવામાં આવી હતી કે ખૂબ પૂછપરછ થાય તો 'સ્વ. શ્રી વસંતભાઈ ગજેન્દ્રગડકર તેમના સ્વર્ગવાસ પહેલાં આ સાહિત્ય આપી ગયા હતા' એમ કહેવું અથવા જેઓ મિસામાં પકડાઈ ગયા છે તેવાનાં નામ આપી દેવાં, જેથી નવા પ્રશ્નો ઊભા જ ન થાય. બધા પાસેથી એકધારા જવાબો સાંભળીને પોલીસ અધિકારીઓ પણ અકળાઈ ઊઠતા હતા!

'કટોકટી' પુસ્તિકા છાપનાર પ્રેસને શોધવા માટે સરકાર આતુર હતી. શ્રી તાંબે પાસેથી પકડાયેલ બંડલ ઉપર બાંધવા માટે ઝીલ ટ્રેડર્સની બિલબુકોનાં રફ પેપર્સ વપરાયાં હતાં... આથી પોલીસે રિલીફ રોડ ઉપરના 'ઝીલ ટ્રેડર્સ' પર રેડ પાડી. ત્યાંથી કંઈ ન મળ્યું, પણ 'ઝીલ ટ્રેડર્સ' બિલબુક જ્યાં છપાવે છે તે પ્રેસની ઝડતી લેવાનું નક્કી થયું. ઝીલ ટ્રેડર્સની બિલબુકો 'સાધના પ્રકાશન મુદ્રણાલય'માં છપાતી હતી... આથી ફરી પોલીસનો કાફલો 'સાધના પ્રકાશન મુદ્રણાલય' પર ઊતરી આવ્યો, પણ કાંઈ જ હાથમાં ન આવ્યું. ચારેતરફથી ધરપકડોના સમાચારો આવતા ગયા. ધરપકડો પણ આડેધડ થતી હતી. જૂનાગઢના જનસંઘી આગેવાન શ્રી નારસિંહભાઈ પઢિયારની ધરપકડ કરીને સંતોષ ન માનનાર સરકારે તેમના ૧૬



www.babaisraeli.com

વર્ષના S.S.C.માં અભ્યાસ કરતા પુત્ર મહેન્દ્ર પઢિયારની પણ ધરપકડ કરી; તો વડોદરામાં સંઘના વિભાગ સંઘચાલક બાબુરાવજી આપ્ટેની ૮૦ વર્ષની ઉંમરે પણ ધરપકડ કરવામાં આવી. ભરૂચમાંથી એક કથાકાર ગદાધર મહારાજની ધરપકડ કરવામાં આવી. તેમનો દોષ ગણો તો એટલો જ હતો કે નવનિર્માણ શહીદોની તર્પણવિધિ એક બ્રાહ્મણના નાતે તેમણે કરાવી હતી. ધરપકડો માટેનું કોઈ ચોક્કસ ધોરણ નહોતું. વેરભાવ અને સ્થાનિક કૉંગ્રેસી કાર્યકરોની તુષ્ટિ એ જ ધરપકડનું કારણ!

સરકારના પતન પછીના એક જ માસમાં ગુજરાતમાંથી ૨૭૫ કાર્યકરોની મિસા હેઠળ ધરપકડ કરવામાં આવી. સાબરમતી, વડોદરા, ભાવનગર, રાજકોટ, જામનગર, ભુજ, સુરેન્દ્રનગર, પાલનપુર અને મહેસાણા મળી ગુજરાતની કુલ ૯ જેલોમાં બધા મિસા કેદીઓને રાખવામાં આવ્યા.

આ ધરપકડો મુખ્યત્વે સંઘ, જનસંઘ, સમાજવાદી પક્ષ અને વિદ્યાર્થી પરિષદના કાર્યકરોની હતી... પરંતુ મોરચા સરકારના મંત્રીઓની ધરપકડ કરવામાં આવી ન હતી. સરકારે એક નવો નુસખો શરૂ કર્યો હતો. તત્કાલીન માજી મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જ. પટેલ, માજી મંત્રીઓ શ્રી કેશુભાઈ પટેલ, શ્રીમતી હેમાબહેન આચાર્ય, રાજકોટના મેયર શ્રી અરવિંદભાઈ મણિયાર અને ઍગ્રો.ના ચેરમૅન શ્રી હરિસિંહજી ગોહિલ ઉપર ૨૪ કલાક વૉચ રાખવાનું શરૂ થયું. આ નેતાઓ જ્યાં જ્યાં જાય ત્યાં ૬ થી ૭ પોલીસની મોટર સાથે જ હોય! તેમની દરેક પ્રવૃત્તિની નોંધ લેવાતી હતી. તેઓ જેમને મળવા જતા હતા તેમની પાછળથી પૂછપરછ કરવી, ધરપકડની ધમકી આપવી વગેરેથી ભયનું વાતાવરણ ઊભું કરવાનો પ્રયત્ન શરૂ થયો.

સૌ ભૂગર્ભ કાર્યકરોની પ્રારંભની ગતિવિધિ પણ ખૂબ ઓછી રહી. તત્કાળ તો સમાચારો એકત્ર કરી પોલીસની Line of actionનો અભ્યાસ અમારે માટે મહત્ત્વની બાબત હતી. ભૂગર્ભ કાર્યકરોને પકડવા માટે તેમ જ સરકાર વિરુદ્ધની કોઈ પણ પ્રવૃત્તિને રોકવા માટે પોલીસ કઈ દિશામાં પ્રયત્ન કરી રહી હતી તે અમારા ધ્યાનમાં આવી ગયું... પૂર્ણ માહિતી મળતાં અમારી પણ Line of action નક્કી કરી દીધી. બને ત્યાં સુધી પોલીસે નક્કી કરેલી વ્યૂહરચનાનાં કેન્દ્રો કાળજીપૂર્વક ટાળવાનો વિચાર મુખ્ય રહેતો.

સરકારના પતન પછીના થોડાક દિવસો ચારેતરફ ભયનું સામ્રાજ્ય, એક પછી



www.babaisraeli.com

એક ધરપકડો, રોજ નવી નવી અફવાઓ, છાપાંમાં 'સુરંગ પ્રકરણ'નો ઊહાપોહ નિસ્તેજ બની ગયેલ જનતાની ચિંતામાં વધારો કરતાં હતાં; જ્યારે ગઈ કાલ સુધી વાઘની જેમ નિવેદનો કરતા કેટલાક રાજકીય કાર્યકરો ધરપકડના ભયથી હવાવાલા બ્લૉક (શાસક કૉંગ્રેસની કચેરી)ના આંટા મારી-અમારા જેવાનું મનોરંજન પૂરું પાડતા હતા, તેમના પર દયા વરસાવ્યા સિવાય બીજું થઈ પણ શું શકે? ગઈ કાલ સુધી જેઓ અમારી સાથે ફોન કરવા આતુર રહેતા હતા તેવાઓ હવે ફોન ઉપર કોઈ ભૂગર્ભકાર્યકરનો અવાજ સંભળાતાં જ ધ્રૂજી ઊઠતા. અને ત...ત...ફ...ફ.. કરી રિસીવર મૂકી દેતા. કોઈ પેરોલ પર છૂટીને આવ્યું હોય તેની સાથે વાતચીત કરતાં પણ આડોશીપાડોશીઓ અચકાતા હતા!

આમ સમગ્રતયા વિચારીએ તો વાતાવરણ જ જાણે બદલાઈ ગયું હતું... અમારો તો દઢ વિચાર હતો, દઢ નિર્ધાર હતો – 'લક્ષ્યપ્રાપ્તિ સુધી ફનાના પંથે આગેકદમ...' અને તે માટે અમારો અતૂટ વિશ્વાસ પણ હતો...

*कर्मवीर के आगे पथ का हर पत्थर साधक बनता है।*
*दीवारें भी दिशा बनातीं मानव जब आगे बढ़ता है ॥*

– અને એ શ્રદ્ધા સાથે જેલના અને જેલ બહારના, મિસાની લટકતી તલવાર સાથે ભૂગર્ભમાં કાર્ય કરનાર અને કાર્ય કરતાં કરતાં પકડાઈ જવાય તો 'દેખા જાયેગા'ના દઢ નિર્ધારવાળા સૌએ નવી સ્થિતિના પડકારને પહોંચી વળવા ફરી એક વાર 'સમર્પણયજ્ઞમાં હોમાઈ જઈશું તો શું (?)' નો સહેજે પણ વિચાર કર્યા વગર આ દેશની બીજી આઝાદીના સંઘર્ષપથ પર દોટ મૂકી!



www.babaisraeli.com

# સળિયા પાછળની મુક્તિયાત્રા

૧૮

અર્ધી રાતે ઘર ઉઘડાવીને કાર્યકરોને ઊંચકી જતી પોલીસ પકડાનાર કે તેમના પરિવારને કશી જ માહિતી આપવા તૈયાર નહોતી અને ધરપકડ વખતની સ્થિતિ તરફ તો જુએ જ કોણ?

એક ડૉક્ટર મિત્ર કેટલાક સમયથી બીમાર હતા. અર્ધી રાતે 'ડૉક્ટર છે કે?'ની બૂમ સાંભળી કોઈક દરદી આવ્યું હશે એમ માની તેઓ પોતાનું કર્તવ્ય સમજી પોતે બીમાર હોવા છતાં પણ નીચે ઊતર્યા. બસ, તે નીચે ગયા તે ગયા જ... ત્યાંથી જ તેમને સીધા પોલીસથાણે લઈ જવામાં આવ્યા! આવું જ એક વેપારી મિત્રના વિશે પણ બન્યું. પોતાની દુકાન સવારમાં ઉઘાડ્યા પછી તેમને સંદેશો મળ્યો કે 'થાણા ઉપર થોડુંક કામ છે માટે તમને બોલાવે છે.' તે ભાઈ પેઢીનાં પાટિયાં આડાં કરીને થાણે ગયા. બસ, ગયા તે ગયા, એક વર્ષ સુધી પાછા જ ન આવ્યા!

ડાંગ જિલ્લાના એક કાર્યકર મિત્ર બહારગામથી પોતાને ગામ જતા હતા ને રસ્તામાં જ તેમની ધરપકડ થઈ. ઘરનાં લોકો તો રાહ જુએ કે દીકરો બહારગામ રોકાઈ ગયો હશે.

આ અને આવી કેટલીય ઘટનાઓ બનવા પામી હતી. જેલમાં લઈ જતા પહેલાં બધાને સ્થાનિક થાણા ઉપર જ લઈ જવાતા હતા. થાણા ઉપર આઠથી દસ કલાક રહેવું પડતું હતું. ત્યાં કોઈ જ વ્યવસ્થા નહીં. અરે, વડોદરામાં તો પકડાયેલ સૌને ભયાનક ડાકુઓ સાથેના વર્તનની જેમ કડક સૂચનાઓ સાથે Border Secutity Forceના હવાલે કરવામાં આવ્યા, તેથી



www.babaisraeli.com

પેશાબપાણી માટે પણ જવા ન દે. અમદાવાદમાં પણ ૧૩મી માર્ચની ધરપકડો પછી ગાયકવાડની હવેલીની સી.આર.પી. ઘેરી વળી હતી.

૧૪મી માર્ચની સાંજથી જ જુદી જુદી જેલોમાં જાણે મેળો ભરાવા લાગ્યો. બધા જ જૂના કાર્યકરો હોઈ અવનવાં સંસ્મરણો યાદ કરી પરિચય તાજો કરતા, ક્યારેક તો 'ભારત માતાકી જય'નો નાદ કરી જેલની દીવાલોને ગુંજતી કરી દેવાતી...જાણે પરવાનાઓનો જ મેળો જોઈ લો! જેમને અગાઉ જેલમાં આવવાનું થયું હતું તેઓ સૌ જૂનાં સંસ્મરણો તાજાં કરવા મથતા હતા...વળી, જેલ એટલે જેલ! તેમાં વળી વ્યવસ્થા કેવી? એક એક બૅરેકમાં ૨૬થી ૩૦ વ્યક્તિઓને પૂરવામાં આવેલી... એથી વધુ પણ ખરા! મચ્છર ને માંકડનો તો કોઈ પાર જ નહીં. એમાંય ઉનાળાના દિવસો... ગરમી કહે મારું કામ! આ પણ ઓછું હોય તેમ સાંજે બૅરેક બંધ કરી દેવાય તે બીજે દિવસે છેક સવારે છ વાગ્યે ખૂલે. ત્યાં સુધી ૨૦'x૩૦'ના ઓરડામાં ૨૬થી ૩૦ વ્યક્તિઓ લગભગ એકબીજાને અડીને જ પથારી કરીને પડી રહેતી... અને સૂવા માટેની પથારી પણ કેવી! કેદીને મળે છે તેવી જ ચટાઈ, એક ધાબળો, એક નાળિયેરનાં છોતરાં ભરેલું ઓશીકું અને એક ચાદર! માંકડ-મચ્છર ઊંઘવા તો દે જ શેના! શરૂઆતમાં તો આમ જ રાત પસાર થતી.

વાંચવાની પણ મુશ્કેલી. આખી રૂમમાં એક જ વીજળીનો ગોળો... તે પણ ઘણો ઊંચો. નહિવત્ પ્રકાશમાં જ વાંચવાનું તો અશક્ય જ બની જતું. જમવા માટેની પણ એવી જ સ્થિતિ. સામાન્ય કેદીને ઍલ્યુમિનિયનનાં જે થાળી અને ટંબલર અપાતાં તે જ રાજકીય કેદીઓને પણ અપાતાં હતાં. ભોજનમાં પણ સામાન્ય કેદીની જેમ સૂકી તથા રેતી-કચરાથી યુક્ત રોટલી અને મરચું, મસાલા વગરનું થોડુંક બાફેલું શાક ને મોટે ભાગે શાકને બદલે દાળ અને સવારમાં કાંજી અને મુઠ્ઠી ચણા. કોઈ કેદી ઓછો ન થાય તેની કાળજી માટે જેલમાં નિયમિત રીતે 'ગિનતી' – ગણતરી – થાય. જેલના જમાદારો પણ અભણ. આટલી મોટી સંખ્યામાં ગણતાં તો દશ વાર તે ભૂલ કરે. બૅરેક બંધ થતાં અને સવારે ખૂલતાં જ આ ગણતરી કરનાર જમાદાર આવી જાય! બધાએ બબ્બેની જોડીમાં ગણતરી પૂરી ન થાય ત્યાં સુધી બેસી રહેવું પડે અને ત્યારે જ તે ગણી શકે. શરૂઆતમાં તો કાગળ-પત્ર લખવાની પણ મનાઈ. સમય જોવા માટે ઘડિયાળ પણ નહીં. દાઢી બનાવવાનો સામાન પણ નહીં. તેલ નહીં, કપડાં ધોવા સાબુ નહીં કે સૂકવવા દોરી નહીં. આવી ઘણી સામાન્ય આવશ્યકતાઓ



www.babaisraeli.com

પૂરી કરવા માટે પણ જેલ અધિકારીઓ તૈયાર નહીં. એટલે એ મેળવવા માટે પણ 'ભૂખ હડતાલ' પર ઊતરી જવાનો વારો ગુજરાતની લગભગ બધી જેલોમાં આવ્યો.

પકડાયેલ સૌ રાજકીય કાર્યકરોને તેમના સ્થાનથી દૂર રાખવાની દૃષ્ટિથી અમદાવાદમાંથી પકડાયેલ સૌને વડોદરા, ભાવનગર, રાજકોટ અને ભુજની જેલોમાં વહેંચી દેવામાં આવ્યા હતા. રાજકોટના સૌને સાબરમતીમાં અને મહેસાણા જિલ્લાના થોડાક પાલનપુર અને બાકીના મહેસાણા જેલમાં... સુરતના બધા સાબરમતીમાં અને પંચમહાલ, ભરૂચ તથા વલસાડ જિલ્લાના કેદીઓને વડોદરા જેલમાં રાખવામાં આવ્યા હતા.

શરૂઆતથી જ જેલોમાં એક વ્યવસ્થા ગોઠવાઈ જાય તો જેલજીવનના સમયનો વધુમાં વધુ સદુપયોગ થાય એવું પ્રયત્નપૂર્વક થયું. સાબરમતી જેલમાં રાજકોટના શ્રી પ્રવીણભાઈ મણિયાર, વડોદરા જેલમાં રાજકોટના શ્રી ચીમનભાઈ શુક્લ, ભાવનગર જેલમાં શરૂઆતથી શ્રી વિષ્ણુભાઈ પંડ્યા અને પાછળથી ભૂગર્ભવાસી શ્રી શંકરસિંહ વાઘેલાની ધરપકડ થતાં તેઓ... ભુજ જેલમાં, શ્રી સૂર્યકાંત આચાર્ય... રાજકોટ જેલમાં તો ડૉ. આર. કે. શાહ શરૂઆતમાં એકલા જ હતા, પાછળથી સંખ્યા વધતાં શ્રી મંગલસેન ચોપરા, મહેસાણા સબજેલમાં શ્રી બાલક્રિશ્ન શુક્લ, પાલનપુર જેલમાં ડીસાના શ્રી હરિભાઈ પ્રજાપતિ વગેરે ઈન્ચાર્જ તરીકે નક્કી થયા. કાર્યક્રમોનું આયોજન, જેલ ઑથોરિટી સાથે વાતચીત, જેલ બહારના ભૂગર્ભકાર્યકરો સાથે સંબંધો જાળવી રાખવાની યોજના, જેલમાંથી બધા જ સમાચારો બહાર જાય અને બહારના સમાચારો અંદર આવે તે માટે આ સૌ પ્રમુખ વ્યક્તિઓની જવાબદારી રહેતી. જેલમાં રાજકીય કેદીઓ અનેક કાર્યક્રમો દ્વારા વ્યસ્ત રહેવા ઉપરાંત જેલ ઑથોરિટી સાથે સંઘર્ષ એ પણ શરૂઆતમાં નિત્યક્રમ બની ગયો હતો. અનેક નાનીમોટી કાયદેસરની માગણીઓ માટે સંઘર્ષ કરવો પડતો.

જેલમાં સંઘના સ્વયંસેવકોની સંખ્યા ઘણી વધારે હતી... આથી બધા જ કાર્યક્રમોમાં તેમનો ફાળો પણ સવિશેષ હતો. અંદર રહ્યે રહ્યે પણ સંઘર્ષની ચેતનવંત ભૂમિકા જાળવી રાખવી એ પણ અગત્યની વાત હતી. એક રીતે આ જે.ટી.સી. (Jail Training Camp) હતો. આ માટે અવારનવાર અનેકવિધ વિષયો ઉપર ચર્ચાના કાર્યક્રમો થતા હતા. સવારે ૫.૩૦ વાગે પ્રાતઃસ્મરણથી પ્રારંભ થતા કાર્યક્રમો રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી એક પછી એક ઉત્સાહપૂર્વક ચાલ્યે જ જતા હતા. આ



www.babaisraeli.com

કાર્યક્રમોનાં સ્વરૂપ પણ વિવિધ રહેતાં. ઉત્સાહપૂર્વકની રમતો, રમતો ન રમી શકનારાઓનો સતત બેત્રણ કલાક ચાલવાનો કાર્યક્રમ, વ્યક્તિગત રીતે શરીરવિકાસમાં રસ ધરાવનારાઓના આસનો, યોગ વગેરેના એકધારા પ્રયાસો, અવારનવાર રમતગમતની સ્પર્ધાઓ–ક્યારેક એક વૉર્ડના રાજકીય કેદીઓ બીજા વૉર્ડના રાજકીય કેદીઓ સાથે તો ક્યારેક રાજકીય કેદીઓ વિરુદ્ધ સજા પામેલ ગુનેગાર કેદીઓ વચ્ચે યોજાતી.

આધ્યાત્મિક ઉન્નતિમાં રસ ધરાવતા અનેક મિત્રો પૂજા, પાઠ અને ધ્યાનમાં સમય ગાળતા. સાબરમતી જેલમાં શ્રી દિલાવરસિંહજી રાણા દ્વારા ચાલતા ગીતા, રામાયણ અને મહાભારતના સામૂહિક પાઠો તો કેટલાક સાથીઓની જપ, જાપની કઠોર તપશ્ચર્યા જેલના વાતાવરણને સૂક્ષ્મતા તરફ દોરી જતી.

જેલના વાતાવરણને હર્યુંભર્યું રાખવા માટે અનેકવિધ હળવા કાર્યક્રમો તો ખરા જ. ગીતોની મહેફિલમાં હૃદયસ્પર્શી ગીતોથી માંડી જુસ્સાદાર દેશભક્તિનાં ગગનભેદી ગીતો, શ્રી બ્રહ્મકુમાર ભટ્ટનો ખૂબ જ લોકપ્રિય બનેલ શાસ્ત્રીય સંગીતનો જલસો, તો ભક્તિરસથી સભર ભક્તિગીતોની રમઝટ જામતી.

આપણે ત્યાં તો વાર-તહેવાર પણ ક્યાં શોધવા જવા પડે છે? જેલમાં ગમે ત્યાંથી પણ આવા પ્રસંગો શોધી કાઢતા. સાથીઓના જન્મદિન, નેતાઓના જન્મદિન, ઈતિહાસની વિશાળ તવારીખો, ઐતિહાસિક મહાપુરુષોના જીવનસંબંધિત વિશેષ દિવસો વગેરેની એક લાંબી યાદી તૈયાર કરી તદ્અનુસાર અનેકવિધ ચર્ચાના કાર્યક્રમો ગોઠવાતા. ક્યારેક વ્યક્તિગત જીવનના વિશેષ પ્રસંગો કહેવાના કાર્યક્રમો અનેકો માટે પ્રેરણાદાયક બની રહેતા.

જુદી જુદી વિચારધારા ધરાવનાર સૌ અહીં એકત્ર આવેલ હોવાથી એકબીજાના દૃષ્ટિકોણ સમજવાના સામૂહિક પ્રયાસો પણ થતા. દરેક પક્ષની કોઈ ને કોઈ વ્યક્તિ આ ભૂમિકા સમજાવવાનો પ્રયત્ન કરતી. સામેથી પ્રશ્નોત્તરી તો ખરી જ. મુક્તચર્ચા દ્વારા એકબીજા અંગેના અનેક પૂર્વગ્રહો દૂર થયા, સમાન વૈચારિક તત્ત્વો સાથે નજદીક આવવાનું પણ સરળ બન્યું.

જેલજીવનમાં કશુંય કૃત્રિમ લાંબો સમય ચાલી શકે જ નહીં. જેલ તો એક્સ-રે મશીન જેવી છે. થોડાક જ સમયમાં વ્યક્તિ તેના અસલી સ્વરૂપમાં પ્રગટ થયા વગર રહી શકે જ નહીં. જેલમાં નાની વ્યક્તિઓની મોટાઈ અને મોટી વ્યક્તિઓની



www.babaisraeli.com

નાનપ બધી જ પ્રગટ થયાં.

જેલમાં બપોરના ભોજન પછી બહારથી આવેલ જુદા જુદા સમાચારો અધિકૃત રીતે જાહેર કરવાનો કાર્યક્રમ રહેતો. આ કાર્યક્રમમાં દરેક મિસાવાસી અચૂક હાજર રહી સમાચારો જાણવાની પોતાની જિજ્ઞાસા સંતોષવાનો પ્રયત્ન કરતો. શરૂઆતમાં ભોજન અંગેની ફરિયાદો અંગે સતત સંઘર્ષ થતો. પાછળથી રાજકીય કેદીઓનાં રસોડાં અલગ કરવામાં આવ્યાં. તેની વ્યવસ્થા પણ રાજકીય કેદીઓ પોતે જ સંભાળતા. સાબરમતી જેલમાં રસોડા પ્રમુખ શ્રી જયસિંહરાવ અકોલકરનાં વખાણ તો આજે પણ લોકો કરતા સંભળાય છે. ભાવનગરમાં મંગળદાસ માહેશ્વરી, પ્રેમજીભાઈ ચૌહાણ, ઓછાબોલા યુવાન મહેન્દ્ર મશરૂ, રતિભાઈ મસાલાવાળા અને પ્રભુદાસ રાણિંગાએ 'ભોજનરસ' બહેલાવ્યો હતો.

જેલમાં રહેતા સૌ ભિન્નભિન્ન વિચારધારાના હોઈ ગરમાગરમ ચર્ચાઓ ગમે તેટલી તીવ્રતાએ પહોંચે તો પણ ભાઈચારો ગજબનો! સંઘના કાર્યકરોને મુસ્લિમોના દુશ્મન બનાવવાનો પ્રયત્ન કરતી કૉંગ્રેસી રીતરસમોનો ભંડો જેલમાં સંઘ-કાર્યકરોના તેઓ પ્રત્યેના વ્યવહારથી ફૂટી ગયો. સંઘના કાર્યકરોનો મુસ્લિમ મિત્રો સાથે ભાઈચારો પણ અદ્‌ભુત હતો! નમાજ પઢતા હોય ત્યારે પૂર્ણ અદબ જાળવવાની! રમજાન મહિનામાં સંઘના કાર્યકરો રાત્રે બે વાગ્યે ઊઠીને બધા જ મુસ્લિો મિત્રો માટે રસોઈ કરતા. વડોદરા જેલમાં શ્રી શંકરસિંહ વાઘેલા જમાતે ઇસ્લામીના કાર્યકરો પાસેથી ઉર્દૂ ભાષા પણ શીખ્યા. જમાતના મિત્રો પણ બધા કાર્યક્રમોમાં સામેલ થતા.

જેલમાંથી અમને નિયમિત રીતે સમાચારો મળતા...ઉપરાંત બહારથી પણ સમાચારો નિયમિત અંદર પહોંચતા. આ બધુ કામ જેલ ઑથોરિટીના ધ્યાનમાં ન આવે તે રીતે કરવું પડતું હતું. આ માટે અનેક ઉપાયો કરવામાં આવતા. આ બધી પદ્ધતિઓનો ઉલ્લેખ આજના તબક્કે અસ્થાને છે, પરંતુ અમારી ભૂગર્ભવ્યવસ્થા એટલી ચોક્કસ રહેતી કે લંડનથી બી.બી.સી.ના પ્રવક્તા શ્રી રત્નાકર ભારતીયે ભારતની જેલમાંના તેમના એક મિત્ર માટે ભૂગર્ભમાર્ગ દ્વારા મોકલાવેલ પત્ર તેમના મિત્રને જેલમાં પહોંચ્યો હતો અને ફક્ત ચાર જ દિવસમાં તેનો જવાબ શ્રી રત્નાકરને લંડનમાં મળી ગયો! કોઈ પણ માહિતી અમે ગુજરાતની દરેક જેલમાં ફક્ત ૨૪ કલાક કરતાં પણ ઓછા સમયમાં પહોંચાડી શકતા. જેલની માહિતી પણ અમારી પાસે પૂરેપૂરી રહેતી હતી. રોજના કાર્યક્રમો, દરેક કાર્યકરની વ્યક્તિગત મનઃસ્થિતિ,



www.babaisraeli.com

કઈ બૅરેકમાં કેટલા કાર્યકરો છે, દરેકની બહારથી શી અપેક્ષા છે, કેટલા પેરોલ પર છે આ પ્રકારની માહિતી પણ પૂર્ણ રહેતી.

એ વિગતો એટલી ચોક્કસ રહેતી કે એ બધા કાગળો સાથે જો કોઈ પકડાઈ જાય તો તેની પર જેલ તોડવાનો ઇરાદો રાખવાના ગુના હેઠળ તેને ગુનેગાર તરીકે સાબિત કરી શકાય!

આ માહિતીમાં જેલનું પૂરેપૂરું ચિત્ર, પ્રવેશમાર્ગો, સંત્રીઓનાં નિવાસસ્થાનો, જેલના બધા જ પોલીસ જમાદારો, જેલ અધિકારીઓ વગેરેની સંખ્યા, તેમનો નિત્યક્રમ, તેમની વિચારધારા વગેરે બધી જ માહિતી અંદરના કેટલાક ઉત્સાહી મિત્રો જ એકત્ર કરીને બહાર મોકલી આપતા. આ ઉપરાંત બહાર ચાલતા ભૂગર્ભઆંદોલન માટે અંદરના મિત્રોનો પણ ઉપયોગ કરવામાં આવતો. 'જનસત્તા'માં દર શુક્રવારે 'રાહુલ'ના નામે પ્રસિદ્ધ થતી કૉલમ 'સમયના હસ્તાક્ષર'નું મૅટર ભાવનગર જેલમાંથી શ્રી વિષ્ણુભાઈ પંડ્યા જ લખીને બહાર મોકલતા. જુદા જુદા report (અહેવાલ) કેન્દ્રીય લો. સં. સમિતિને મોકલવાના હોઈ તેની rough કૉપી જેલમાં મોકલાતી અને ત્યાંથી યોગ્ય રીતે અંગ્રેજીમાં અનુવાદ થઈને બહાર આવતી. ભૂગર્ભસાહિત્ય માટે પણ આવશ્ય પુરવઠો જેલમાંથી મળી રહેતો. 'સાધના'માં છપાતા બંધારણ સુધારાવિષયક બધા જ લેખો શ્રી ચંદ્રકાંત દરુએ જેલમાંથી જ લખેલા અને મોકલ્યા હતા. ડૉ. સ્વામીની વિગતવાર માહિતી આપતી એક પુસ્તિકા તૈયાર કરવાની હતી. તે માટે આવશ્યક સાહિત્ય, પાછળથી વડોદરા જેલમાં રહેલા શ્રી વિષ્ણુભાઈ પંડ્યાને પહોંચતું કરવામાં આવ્યું. તે પુસ્તક એક જ દિવસમાં લખાઈને બહાર આવ્યું, જે તાત્કાલિક છપાઈને ચાર જ દિવસમાં સમગ્ર ગુજરાતમાં વહેંચાઈ ગયું! જેલના મિત્રો નિયમિત રીતે બી.બી.સી.ના સમાચારો સાંભળી શકે એ માટેની વ્યવસ્થા પણ ગોઠવાઈ હતી.

જેલની પણ એક સાયકૉલોજી હોય છે. દરેકને કંઈક સમાચાર જાણવાની અપેક્ષા-ઉત્કંઠા હોય છે. એક અર્થમાં તો બહારથી આવતા સમાચારો જ જેલવાસીઓના ખોરાક સમાન બનીને તેમને ટકાવી રાખતા હતા. આ માટે અમારે નિયમિત રીતે સમાચારનો પુરવઠો જેલમાં પૂરો પાડવો પડતો હતો. સમાચારો ન હોય તો ''આજ કોઈ સમાચાર નથી'' એવો સંદેશો પણ પહોંચાડવો તો પડે જ. અનેક પ્રકારનાં ભૂગર્ભપ્રકાશનો જેલમાં મોટી સંખ્યામાં પહોંચતાં કરાતાં. વિદેશમાંથી


www.babaisraeli.com

પ્રસિદ્ધ થતું 'સત્યવાણી' તથા દુનિયામાં જે જે છાપામાં ભારતની કટોકટી વિરુદ્ધની માહિતી છપાઈ હોય તેનાં કટિંગ્ઝની ફોટો કૉપી વિદેશથી અમારી પાસે પહોંચતાં. અહીં તેની ઝેરોગ્રાફી દ્વારા આવશ્યક નકલો કરાવી જેલમાં પહોંચતી કરવામાં આવતી. દરેક રાજ્યમાં અલગ અલગ ભૂગર્ભપત્રિકાઓ પ્રસિદ્ધ થતી. ગુજરાતની ભૂગર્ભપત્રિકા અને કટોકટી વિરુદ્ધ લખતાં છાપાંમાં ગુજરાતી 'સાધના', 'ભૂમિપુત્ર', મરાઠી 'સાધના' વગેરે પ્રકાશનો જેલમાં પહોંચી જતાં. મહારાષ્ટ્રની પ્રસિદ્ધ યરવડા જેલમાંથી તો નિયમિત રીતે એક ભૂગર્ભછાપું પ્રસિદ્ધ થતું હતું.

## જેલમાં કૅપ્સ્યૂલ

જેલમાં ગયા પછી લોકતંત્રની લડતનો મૂળ વિચાર સતત પ્રગટ થતો. સાબરમતી જેલમાં કેટલાક મિત્રોએ એક વિશેષ કાર્યક્રમ કર્યો. જેલમાં જ કટોકટીનો કાળો ઇતિહાસ અને તે માટે લડી રહેલ મિસાવાસીઓની યાદી સાથેનો એક લેખ તૈયાર કરી આ બધી સામગ્રી સુરક્ષિત રહે તે રીતે જેલમાં જ ઊંડો ખાડો ખોદી અંદર ઉતારવાની યોજના બનાવી આવશ્યક સામગ્રી એકઠી કરી લીધી. લેખ તૈયાર કરી કાચની એક બરણીમાં બધા કાગળો પૅક કરી જેલની જ ભૂમિમાં ખાડો ખોદી અંદર ઉતારવાનો સફળ કાર્યક્રમ થયો. આ વાતની ખૂબ ઓછા રાજકીય કેદીઓને ખબર હતી; પરંતુ અંદરનો જ કોઈ સાથી ફૂટી જવાથી જેલ ઑથોરિટી પાસે માહિતી પહોંચી ગઈ. બસ, પછી તો પૂછવું જ શું! જેલ જમાદારો અને અધિકારીઓનાં ધાડાં ઊતરી આવ્યાં.

અગાઉની માહિતીને આધારે જમીન ખોદીને બરણી બહાર કાઢવામાં આવી. તપાસ શરૂ થઈ. જેમણે સાહિત્ય લખવામાં મદદ કરી હતી તે બધાના અક્ષરો પકડાઈ ગયા. બીજા પણ કેટલાક આગેવાનો આમાં સંડાવાયા હશે એમ માની ૧૦ વ્યક્તિઓને જેલબદલીની સજા કરવામાં આવી! તેમાં શ્રી ચકુભાઈ ડોડિયાને ભુજ, રતનલાલ ગુપ્તાને જામનગર, કનુભાઈ પુનાતરને મહેસાણા, ડૉ. છતલાણીને પાલનપુર, નરેન્દ્ર તિવારીને જૂનાગઢ, અંબુભાઈ બારદાનવાળાને ભાવનગર, મંગલસેન ચોપરાને રાજકોટ અને ડૉ. શ્રી સંઘવીને સુરેન્દ્રનગરની જેલમાં ખસેડવામાં આવ્યા.

આ ઉપરાંત, સંઘર્ષના સમર્થનમાં ઉપવાસ કરવા, સરકારને બંધારણસુધારા વિરુદ્ધ આવેદનપત્રો મોકલવાં, વિનોબાજીને દરેક જેલની સાચી સ્થિતિની માહિતી


www.babaisraeli.com

મોકલવી વગેરે અનેક કાર્યક્રમો થતા જ.

દિ. ૨૫મી જૂન ૧૯૭૬ને દિવસે કટોકટીને એક વર્ષ પૂરું થતું હતું. જે સમયે કટોકટીનો નિર્ણય લેવાયો હતો તે જ સમયે ૨૫મી તારીખની મધ્યરાત્રીએ કટોકટીનો નૈતિક વિરોધ પ્રગટ કરવાનો કાર્યક્રમ નક્કી થયો. બરાબર ૧૨ના ટકોરે મધ્યરાત્રીએ ગુજરાતની બધી જ જેલો એકસાથે કટોકટી વિરુદ્ધનાં સૂત્રોથી ગાજી ઊઠી! જેલ અધિકારીઓ તો ગભરાઈ જ ગયા. તરત જ બંદોબસ્ત કડક બનાવી દેવામાં આવ્યો.

આવી વિકટ પરિસ્થિતિમાં પણ ઘણા મિત્રો જેલમાં પણ તેમના વિનોદી સ્વભાવથી વાતાવરણ ઘણું હળવું બનાવી મૂકતા હતા. સાબરમતી જેલના તખુભાની વાતો તો બહાર અમારા સુધી પહોંચતી ત્યારે પણ હાસ્યની છોળો ઉડાડી જતી. એક વાર પોતે જ્યોતિષી હોવાનો દાવો કરતા મિત્રે કેટલીક ચિઠ્ઠીઓ તૈયાર કરી. તેમાં કોણ ક્યારે છૂટશે તેની માહિતી હતી. બધાએ એક પછી એક ચિઠ્ઠી ઉપાડીને વાંચવાની હતી. જેમને જે તારીખ આવે ત્યારે તે છૂટશે એવો તેમનો અભિપ્રાય હતો. કમનસીબે એક મિત્રને જૂન '૭૮માં છૂટવાની તારીખ આવી. તેમના તો બિચારાના હોશકોશ ઊડી ગયા. પાછળથી ખબર પડી કે પેલા જ્યોતિષી ભાઈની આ તો માત્ર મજાક જ હતી.

એક વાર એક મિત્રે સવારે સ્નાન કરતી વખતે જેલના જમાદાર સાંભળે તે રીતે આગલી રાતે તેમને આવેલ સ્વપ્નની વાત કહેવા માંડી. જાણે હજારો માણસો જેલ તોડવા આવતા હતા... જેલ તૂટી... જોરદાર રમખાણ થયું... બધા જ નાસી છૂટ્યા. આ પ્રકારની તેમની વાતચીતથી જેલ અધિકારીએ તેમને તેડાવ્યા. બસ, પૂછપરછ શરૂ થઈ... જેલ તોડવા કોણ આવવાનું છે? કેટલા લોકો? કોણ કોણ આવશે? ક્યારે આવશે? આ માહિતી ક્યાંથી આવી? આમ પ્રશ્નો જ પ્રશ્નો, પણ જવાબ માત્ર એટલો : "આ તો સ્વપ્નું હતું"... સ્વપ્નની વાત હોવા છતાં જેલ-અધિકારીઓએ સાવચેતીનાં પગલાં શરૂ કર્યાં... ઠેરઠેર સંત્રીઓ વધારી દીધા...સુરક્ષાનો કડક બંદોબસ્ત ગોઠવી દીધો.

આમ સરકાર સ્વપ્નની વાતોથી પણ ડરી જતી.

**અત્યાચારો**

ભારતની બીજી જેલોની જેમ કેદીઓ ઉપર લાઠીચાર્જ ભલે ન થયા હોય,



www.babaisraeli.com

પણ એક યા બીજી રીતે કોઈ ને કોઈ અત્યાચારો તો થતા જ હતા. જાણીતા ધારાશાસ્ત્રી શ્રી ચંદ્રકાંત દરુને જામનગરની જેલમાં એકલા રખાયા હતા અને કોઈ પણ જાતની સુવિધાઓ આપવામાં આવી નહોતી, એટલું જ નહીં, જામનગરની જેલમાં રાજકીય કેદીઓને પણ કામ કરવાની ફરજ પાડવામાં આવતી હતી, જે છેવટ સુધી ચાલુ જ રહ્યું હતું. ગુજરાતની જેલોમાં મિસા હેઠળ રાખવામાં આવેલ વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે પણ સરકારે ચેડાં કર્યાં. સૌને પરીક્ષાનાં ફોર્મ ભરવા દેવામાં આવ્યાં, કેટલાકે તનતોડ મહેનત પણ કરી, અને પરીક્ષાટાંકણે પરીક્ષા માટે પેરોલ આપવાનો ઈન્કાર કરી દીધો. સરસ્વતીની આરાધના કરતા આ સાધકોનું એક વર્ષ ભારતમાતાનાં ચરણોમાં સમર્પિત થયું. જામનગર જેલમાં 'સાધના'ના પ્રેસ-મૅનેજર શ્રી પન્નાલાલની તબિયત એટલી બધી કથળી કે તે મોતને આરે આવીને ઊભા... છતાંયે યોગ્ય સારવાર ન આપવામાં આવી. મહામુસીબતે જ્યારે તેમને પેરોલ મળી ત્યારે અમદાવાદમાં સારી સારવારને કારણે તેઓ બચી શક્યા. કમળાનો રોગ તો જાણે જેલોમાં ઘર જ કરી ગયો હતો. વડોદરામાં અનેક મિત્રો તેના ભોગ બન્યા પછી જેલની સારવાર રોગીને બચાવવા કરતાં તેને મોત તરફ જ ધકેલવામાં સહાય કરતી. સાબરમતી જેલમાં તો બે કાર્યકરો શ્રી હરિવદન ભટ્ટ અને શ્રી ભેરુમલનાં જીવન રોળાઈ ગયાં. શ્રી બી. કે. મજમુદારને સુરત જેલમાં એકલા રખાયા. પ્રથમ વર્ગની કોઈ સુવિધા જ નહીં. તબિયત ખૂબ કથળી... અંતે પેરોલ પર છોડ્યા. આવા તો અનેક પરિવારો હતા જેઓ પોતાના પરિવારજન પર આવેલ મિસાનો આઘાત જીરવી ન શકતાં મોતને ભેટ્યા હતા. અમદાવાદના સંઘના એક કાર્યકર શ્રી દેવેન્દ્રભાઈ શાહ શરૂઆતથી જ મિસામાં. ઘરમાં કમાનારી એક વ્યક્તિ. વૃદ્ધ માતાપિતા સાથે વિશાળ પરિવાર. મિલમાં નોકરી કરી જીવન જીવતા... કોઈ બૅન્કબૅલેન્સ પણ ક્યાંથી હોય? દીકરાના જેલવાસથી ઘરની સ્થિતિ કફોડી બની... છતાં ત્યાગ પણ કેવો! બાળકોના અભ્યાસ માટે પૈસા મોકલવામાં આવે તો પણ તેઓ લેવા તૈયાર નહીં... ઘરનાં સૌ કહે કે "કોઈ વધુ જરૂરવાળા પરિવારને પહોંચાડજો". દીકરો છૂટે એ માટે સતત ચિંતા. પોલીસવાળાઓ પેરોલ પર છોડાવવા માટે રૂા. ૩૦૦ની લાંચ માંગે. પૈસા લાવવા ક્યાંથી? અનેક ચિંતાઓએ તેમનાં તન અને મનને ભાંગી નાંખ્યાં અને પરિણામે તેઓ માનસિક સ્વસ્થતા પણ ગુમાવી બેઠા... દિવસરાત દીકરાનું રટણ જ કર્યા કરે. ડૉક્ટરના report છતાં દીકરાને પેરોલ નહીં. પોલીસનું ખિસ્સું ગરમ ન થાય ત્યાં



www.babaisraeli.com

સુધી પેરોલ કેવી... પેરોલ ન મળી તે ન જ મળી. આ માટે વૃદ્ધ પિતાએ પોતાના જેલવાસી દીકરાનું રટણ કરતાં કરતાં જ અંતિમ શ્વાસ છોડ્યો. દીકરાને જેલમાં ખબર પહોંચી. મૃત પિતાના અગ્નિસંસ્કાર માટે પેરોલ મળી... રહેમદિલ સરકારે જાણે ઉપકાર કર્યો!

જમાતે ઇસ્લામીના એક કાર્યકર ભાઈ. તેમનાં પત્નીને પહેલેથી જ બ્લડપ્રેશરનું દર્દ. પત્નીની બગડતી જતી તબિયતના સમાચારો વડોદરા જેલ પર આવતા રહેતા. તેઓ આખરે પેરોલ મેળવવામાં સફળ તો થયા, પણ રૂા. ૫,૦૦૦ રોકડા જમા કરાવવાની શરતે. ૫,૦૦૦ રૂ. જેટલી માતબર રકમ આવો નાનકડો કાર્યકર ક્યાંથી આપી શકે? સૌ મિત્રોએ વ્યવસ્થા કરી. આખરે રકમ જમા કરાયા પછી જ તેઓ પેરોલ ઉપર જઈ શક્યા... સદ્નસીબે પત્નીને મળી શક્યા. તેમણે ખુદાનો પાડ માન્યો.

ભરૂચના સંઘના એક કાર્યકર. ઘરમાં માબાપ નહીં. પોતાની એકની એક બહેનની બીમારીના સમાચાર આવ્યા. બહેન માટે તો આ ભાઈ જ સર્વસ્વ હતા. તેમના જેલ જવાથી થયેલ માનસિક આઘાત બહેન ન સહી શક્યાં. ડૉકટરનાં પ્રમાણપત્રો સહિત ભાઈએ પેરોલની અરજી કરી. વારંવાર સરકારને reminders લખ્યાં. અડોશીપડોશીઓ છેક ગાંધીનગર સુધી ધક્કા ખાઈને સરકારના બહેરા કાન ઉપર માનવતાના ધોરણે દયા કરવાની અરજ કરી આવ્યા. જેલમાં ભાઈની સ્થિતિ કફોડી બની. બહેનની સ્થિતિની ચિંતામાં દિવસરાત પેરોલની રાહમાં ઝૂર્યા કરે અને એક દિવસ અચાનક તાર આવ્યો : "બહેન પરલોક સિધાવી ગયાં છે." જેલનું વાતાવરણ સૂમસામ બની ગયું. અનેકોની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં. બીજે દિવસે સરકારે પેરોલ મંજૂર કર્યાનું, બહેનના મોતની યાદ આપતું ફરફરિયું આપ્યું અને ત્યારે તો બહેનના અગ્નિસંસ્કારની રાખ પણ ઠરી ગઈ હતી.

હંમેશાં જેલનું વાતાવરણ ઉત્સાહજનક રાખતા એક મિત્ર માટે વહેલી સવારે તાર આવ્યો. તાર હતો પેરોલની મંજૂરીનો. કદીયે પેરોલની અરજી ન કરનારને પેરોલનું આશ્ચર્ય થયું. અનેક વિચારો સાથે તેઓ ગયા. બહાર નીકળતાં તેમને ખબર પડી કે તેમનાં પત્નીને હૃદયરોગનો હુમલો થયો છે. તેઓ સીધા જ હૉસ્પિટલ પહોંચ્યા. બેશુદ્ધ પત્નીને જોઈ... અકાળે વૃદ્ધ થયેલું તેનું શરીર જાણે મિસાએ આચરેલ મૂર્તિમંત ખાનાખરાબી! પત્નીની બીમારી લંબાઈ, પણ પેરોલ પૂરી થવા આવી... આથી ડૉક્ટરનો દાખલો લઈ જાતે ગાંધીનગર પહોંચ્યા. કદીયે પેરોલ ન માંગનાર તેમણે



www.babaisraeli.com

પહેલી જ વાર પત્નીની તબિયત ખાતર પેરોલ લંબાવવા રૂબરૂ વિનવણી કરી. બદલામાં આઘાતજનક જવાબ મળ્યો : 'જો મિસામાં આટલી સહેલાઈથી પેરોલ મળે તો મિસાનું મહત્ત્વ શું?' જાણે માણસાઈ મૃત્યુ પામી ગઈ. જવાબ આપનાર અધિકારી કટોકટીના નશામાં માણસ જ મટી ગયો હતો. પેરોલ ન જ લંબાઈ...જેને સુખદુઃખના સહભાગી થવાના કૉલ આપ્યા હતા તે અર્ધાંગનાને ડૉક્ટરો અને ભગવાનને ભરોસે મૂકી અમર લોકતંત્રની આરાધના માટે જેલમાં પાછા આવ્યા. જેલ અને દવાખાનાનું નાનું શું અંતર પણ તેમના માટે હજારો માઈલ લાંબું થઈ ગયેલું.

સંઘના પ્રાંતસંઘચાલક ડૉ. પી. વી. દોશી પ્રારંભથી જ સાબરમતી જેલમાં હતા. પેરોલ પર ન જવાના આગ્રહી. પણ અચાનક જ તેમની પુત્રીના ઑપરેશનની સ્થિતિ આવી ઊભી. હવે ઘેર ગયા વગર છૂટકો નહોતો. ઘરનાં સૌએ પેરોલ માટે અરજી કરી હતી... મિત્રોની આગ્રહભરી વિનંતી પછી તેઓ પેરોલ પર જવા તૈયાર થયા. પેરોલ મંજૂર થઈ, પણ માનવતાહીન બનેલ અધિકારીઓ અડપલું કર્યા વગર અટકે શાના? પેરોલમાં એક શરત હતી કે ડૉ. દોશીએ પેરોલ દરમ્યાન રાજકોટમાં પ્રવેશ ન કરવો. કેવો વિચિત્ર કાનૂન! દીકરીના ઑપરેશન માટે પેરોલ તો મળી, પણ રાજકોટમાં થનાર ઑપરેશન વખતે રાજકોટમાં જ પ્રવેશ નહીં. આનાથી વધારે માનસિક વેદના આપવાનો બીજો કયો નુસખો હોઈ શકે?

સંઘના એક અધિકારી રાજકોટના શ્રી પ્રવીણભાઈ મણિયારને જેલમાં જ રમતાં રમતાં પગે ઈજા થઈ. ઑપરેશન જરૂરી હતું. પેરોલ માટે અરજી કરી. પેરોલ મળી ખરી, પણ તેમને સૌરાષ્ટ્રના સાત જિલ્લાઓમાં પ્રવેશબંધી ફરમાવવામાં આવી. આવી સ્થિતિમાં વ્યક્તિ પોતાના ઘરથી બહાર રહીને ઑપરેશન પણ કેવી રીતે કરાવી શકે?

સાબરમતી જેલમાં એકમાત્ર મહિલા મિસાબંદી કુ. મંદાકિની દવેને નાની નાની આવશ્યકતાઓ માટે પણ છેવટ સુધી સંઘર્ષ કરવો પડ્યો. તેમને ગુનેગાર મહિલાકેદીઓ સાથે એકલાં રાખવામાં આવ્યાં. ભારતની બીજી જેલોમાં રાજકીય કેદીબહેનોને દિવસમાં એક વાર સામૂહિક પ્રવચનોના કાર્યક્રમોમાં જવા દેવામાં આવતાં, જ્યારે મંદાબહેનને તેટલી છૂટ પણ આપવામાં ન આવી. મુદ્દત માટે કૉર્ટમાં લઈ જવાતા રાજકીય કેદીઓ સાથે અને જેલોમાંથી સારવાર માટે હૉસ્પિટલમાં લઈ જવાતા રાજકીય કેદીઓ સાથે હાથકડીઓ પહેરાવવાના ધાંધિયાં રોજના થઈ ગયા હતા. જેલ-અધિકારીઓ હાથકડીઓ પહેરાવવા માટે મમતે ચડે અને રાજકીય કાર્યકરો



www.babaisraeli.com

વિરોધ કરીને વિજય મેળવે એ જાણે બધી જ જેલોની રોજની સ્થિતિ હતી. જેલમાં 'સુરંગ પ્રકરણ' માટે પકડાયેલ અને પાછળથી મિસામાં રાખવામાં આવેલ બધા જ કેદીઓને બીજા કેદીઓથી જુદા રાખવામાં આવતા. એકબીજાને મળવા પણ દેવામાં આવતા નહીં. દેશની કોઈ પણ જેલમાં ન કરવામાં આવ્યું હોય એવું એક દુષ્કૃત્ય ગુજરાતની જેલો માટે સરકારે કર્યું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જેટલા પણ કાર્યકરોને પકડવામાં આવ્યા હતા તે બધાને બાકી રાજકીય કાર્યકરોથી જુદા પાડવામાં આવ્યા... અને કડકાઈ પણ એટલી જ.

સંઘના કાર્યકરોનું મનોબળ તોડવા માટે સરકારે લીધેલ આ પગલું પણ કોઈ પરિણામ ન લાવી શક્યું. બે તબક્કામાં ગુજરાતમાંથી પકડાયેલ ૫૨૯ રાજકીય કાર્યકરોની (ધરપકડની વિગતવાર માહિતી 'પરિશિષ્ટ ૨'માં છે) એક વર્ષ સુધી ચાલેલ સામૂહિક તપશ્ચર્યાનો ઇતિહાસ અનોખો જ છે. તેમાંના બે સ્વર્ગસ્થો વિશે વાત ન કરીએ તો આ વાત અધૂરી રહી જાય.

ભટ્ટકાકાના હુલામણા નામથી ઓળખાતા સુરતના જાણીતા આગેવાન જનસંઘી કાર્યકર શ્રી હરિવદનભાઈ ભટ્ટની ૧૩મી માર્ચે ધરપકડ કરી સાબરમતી જેલમાં લાવવામાં આવ્યા. તેમની ધરપકડ થઈ ત્યારે તેઓ બીમાર હતા. ૬૦ વટાવી ચૂકેલા ભટ્ટકાકાને પથારીવશ અવસ્થામાં જ પકડવામાં આવ્યા હતા. આમ તો છેલ્લાં કેટલાંક વર્ષોથી રાજકારણને રામરામ કરી દીધા હતા, પણ વર્ષો સુધીનો એમનો મૂલ્યોની જાળવણી અર્થેનો સંઘર્ષ તેમની નિવૃત્તિની શક્યતાનો સ્વીકાર ક્યાંથી કરવા દે... અને માટે જ તો પોલીસના ચોપડે તેમનું નામ ચાલુ જ હતું. છેલ્લાં કેટલાંક વર્ષોથી ભક્તિમાં ગળાડૂબ ભટ્ટકાકા નિયમિત રીતે તાપીને કિનારે હોમ-હવનમાં સમય ગાળતા... હવે સ્વાસ્થ્ય પણ લથડી ગયું હતું.

નિર્દય અધિકારીઓ મિસાનો આંકડો વધારીને કૉંગ્રેસીઓની ખુશામતમાં મશગૂલ હતા. તેમને આ બધાની પરવા ક્યાંથી હોય? સાબરમતી જેલમાં ભટ્ટકાકાની બીમારી વધતી ચાલી. મનના મજબૂત, સુરતના રાંદેર વિસ્તારના એકલવીર ભટ્ટકાકા શરીરથી થાકી ગયા હતા... જેલોમાં અડચણનો પણ પાર નહીં.

બીમાર ભટ્ટકાકાની સારવારની દરકાર પણ કોણ કરે? તેઓ કમળાના રોગમાં સપડાયા. થોડાક દિવસમાં તો તેઓ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા થઈ ગયા. સરકારે સામેથી તેમને પેરોલ આપવાની દરખાસ્ત મૂકી. તેમણે પેરોલનો ઇનકાર



www.babaisraeli.com

કર્યો... આથી તેમને વધુ સારવાર માટે અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા.

સિવિલમાં પણ એ જ દશા. ત્યાં કૉફેપોસા નીચે આવેલ તંદુરસ્ત દાણચોરોને બાદશાહી સારવાર મળતી અને મિસા હેઠળ આવેલ આ રાજકીય કાર્યકર મૃત્યુની પથારીએ પડ્યો હતો ત્યાં સુધી કમળાના રોગની જરૂરી દવાઓ પણ આપવામાં આવી નહીં. કમળા માટે ખરીદાયેલ ખાસ ઇન્જેક્શનો પણ તેમને અપાયાં નહોતાં, આવશ્યક ગ્લુકોઝ સૅલાઈન પણ આપવામાં આવ્યું નહોતું.

ગંભીર માંદગીના બિછાને પડેલા સ્વાતંત્ર્યસેનાની બ્રિટિશ સલ્તનત સામેની લડત કરતાં વધારે વ્યાકુળતા આ વખતે અનુભવતા હતા. આથીયે વધુ દુઃખ એ વાતનું છે કે માંદગીના બિછાનેથી મૃત્યુ પહેલાં તેમણે તેમનાં પત્ની શ્રીમતી સુશીલાબહેનને મળવાની ઇચ્છા વ્યક્ત કરી હતી; પરંતુ કોઈ કહેતાં કોઈએ એ તરફ ધ્યાન આપ્યું નહીં. માનવતાથી પ્રેરાઈ છેવટે એક બીમાર રાજકીય કેદીએ જેલમાં સુરતના અટકાયતી ધારાસભ્ય શ્રી કાશીરામ રાણાને પત્ર લખ્યો. આ પત્ર પણ જેલમાં ક્યાંક દબાઈ ગયો, જે ભટ્ટકાકાના મૃત્યુ પછી જ શ્રી રાણા સુધી પહોંચ્યો. અનેક માનસિક વેદનાઓ વચ્ચે ભટ્ટકાકાએ આખરે ૧૩મી એપ્રિલે સંઘર્ષનો ભાર સાથીઓના ખભે મૂકી આ દુનિયામાંથી વિદાય લીધી.

શ્રી ભેરુમલ ગેહાણી જૂનાગઢ જિલ્લાના બાંટવા ગામના એક નાનકડા સિંધી વ્યાપારી. ભારત દેશના ભાગલા પછી પોતાની જન્મભૂમિ સિંધ છોડીને મા ભારતીની ગોદમાં જ જીવન વિતાવવાની અમર આશાથી નિર્વાસિત બની ગુજરાતને આંગણે આવ્યા અને બાંટવા જેવડા નાનકડા ગામમાં સ્થિર થયા. નાનપણથી જ સંઘના સક્રિય કાર્યકર પ્રેમાળહૃદયી શ્રી ગેહાણી પરિશ્રમ કરવામાં પણ એવા જ કઠોર, પડછંદ શરીર, માથે ટૂંકા વાળ, ભરાવદાર અણિયાળી મૂછો, પ્રભાવી વ્યક્તિત્વ. ૧૦મી જુલાઈની રાત્રીના ૪ વાગ્યે 'તમારું અગત્યનું કામ છે' તેમ કહી પોલીસસ્ટેશને લઈ જવામાં આવ્યા. ભેરુમલજી પ્રથમથી જ ડાયાબીટીસ અને બ્લડપ્રેશરના દર્દી તો હતા જ. આવી બીમાર અવસ્થામાં તેઓ થાણે પહોંચ્યા. ત્યાં તેમને મિસા નીચે ધરપકડ કરવામાં આવ્યાના સમાચાર આપવામાં આવ્યા. તેમનો ગુનો એક જ હતો કે તેઓ સંઘ પરના પ્રતિબંધ પૂર્વે બાંટવામાં સંઘના નગર – કાર્યવાહ તરીકે કામ કરતા હતા. પોલીસથાણેથી જ તેમને જૂનાગઢ મોકલી આપવામાં આવ્યા.



www.babaisraeli.com

જૂનાગઢમાં મિસા હેઠળ ધરપકડ કરવાનો હુકમ મળ્યો. ત્યાંથી તેમને સાબરમતી જેલમાં ખસેડવામાં આવ્યા. અગાઉથી બીમાર ભેરુમલજીનું સ્વાસ્થ્ય કથળી ગયું. તેમને સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. અહીં યોગ્ય સારવારનો સદંતર અભાવ!!

તેમની હાલત ગંભીર થતાં ડૉક્ટરોએ જેલમાં પાછા મોકલી આપ્યા. જેલના દરવાજે પહોંચતાં પહોંચતાં જ તેમને ખૂબ જ ઊલટીઓ થઈ. જેલસત્તાવાળાઓએ ગૃહખાતાને ફોન કરી તાત્કાલિક ૧૫ દિવસની પેરોલ માંગતાં ગૃહખાતાએ ૫-૮-'૭૬ થી ૨૦-૮-'૭૬ સુધીની પેરોલ મંજૂર કરી. ભેરુમલજીને જેલના બારણે જ પેરોલની જાણ કરવામાં આવી. તેમનો સામાન પણ વૉર્ડર સાથે મંગાવી દીધો. તેમને અંદર જવા પણ ન દીધા. આ ગંભીર હાલતમાં તેઓ કોઈના પણ સહારા વગર મહાપરાણે બાંટવા પાછા પહોંચ્યા. અહીં આવ્યા પછી તેમને જૂનાગઢ હૉસ્પિટલમાં દાખલ કરવા પડયા, પણ તબિયતમાં કોઈ સુધારો ન થયો અને ૩૦મી ઑગસ્ટે તેમને અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. અહીં તેમની કિડની ખરાબ થઈ ગયાના સમાચાર મળ્યા. કિડની સાફ કરાવવાનો ખર્ચ અઠવાડિયે ૩૦૦ રૂપિયા થતો હતો. નબળી એવી આર્થિક સ્થિતિ આ ખર્ચને ક્યાંથી પહોંચી વળે? કટોકટીના અત્યાચારોને કારણે મોતના મુખમાં આવી ઊભેલ શ્રી ભેરુમલજીએ ૪૬ વર્ષની નાની વયે ૨૯મી સપ્ટેમ્બરે સૌ સાથીઓને છોડી આ દુનિયામાંથી વિદાય લીધી.

જીવનમૂલ્યો માટે જીવનભર ઝઝૂમનાર એક વધુ સાથી આઝાદીની બીજી લડતના શહીદોની યાદીમાં ઉમેરાયો!

"ધન્ય ધન્ય હૈં ઉન્હેં જો ભારત પે
અપના તનમનધન દે ચુકે,
ભારતકે લિએ બેચૈન હુએ,
ભારતકે લિએ બલિદાન હુએ!"


www.babaisraeli.com

# વણથંભ્યો સંઘર્ષ... પ્રતિકાર

મોરચા સરકારના પતન પછી મિસાના આડેધડ બેફામ ઉપયોગથી ઊભો કરવામાં આવેલ કૃત્રિમ ભય પણ ગુજરાત પચાવી ગયું. એક જ મહિનામાં તો ગુજરાત ફરીથી સંઘર્ષ માટે બેઠું થઈ ગયું. મોરચા સરકારના તત્કાલીન માજી મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જ. પટેલ સહિત બધા મંત્રીઓ ઠેર ઠેર પ્રવાસ કરી કાર્યકરો અને પ્રજાને નિર્ભયતાનો સંદેશો પહોંચાડતા. મોટી મોટી સભાઓ પર તો સરકારી અંકુશ હતા, પરંતુ નાના સ્વરૂપનાં સંમેલનો પર પ્રતિબંધ ન હોઈ તેનો વધુમાં વધુ ઉપયોગ કરવામાં આવ્યો. આ ગ્રૂપ બેઠકોએ નવી ચેતનાનો સંચાર કર્યો.

સરકારના પતન પછી તરત જ રાજકોટના પ્રસિદ્ધ કૉનોટ હૉલમાં શ્રી કેશુભાઈ પટેલના નેતૃત્વમાં મોરચાના કાર્યકરોનું એક સંમેલન યોજાયું. શ્રી બાબુભાઈ પટેલ, શ્રી દિનેશ શાહ, શ્રી બ્રહ્મકુમાર ભટ્ટ વગેરે સૌનું આ સંમેલનને માર્ગદર્શન મળ્યું. એક તરફ ધરપકડો ચાલુ હોય ત્યારે આ પ્રકારનું સંમેલન ગુજરાતની નિર્ભયતાનો પુરાવો જ છે.

શ્રીમતી હેમાબહેન આચાર્ય અને વિદ્યાબહેન ગજેન્દ્રગડકર ચારેતરફ પ્રવાસ કરી બહેનોનાં સંમેલનોમાં હાજરી આપતાં. દરેક મિસાવાસીના પરિવારની મુલાકાત લઈ પરિવારની બહેનોને એક સ્વજનની જેમ આશ્વાસન અને હિંમત આપતાં. તેમનાં બલિદાનો કદી પણ એળે નહીં જાય એવો દૃઢ વિશ્વાસ આ પરિવારોની હિંમતમાં વધારો કરતો. હેમાબહેન

૧૯



www.babaisraeli.com

બેવડી જવાબદારી સંભાળી રહ્યાં હતાં. તેમના પતિ શ્રી સૂર્યકાંતભાઈને પહેલેથી જ મિસામાં પકડી લેવાયા હતા... આથી તેમને બધા મોરચે કામ સંભાળવું પડતું.

૧૬મીએ અમદાવાદમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ચૂંટાયેલ ગુજરાતના બધા જ સભ્યોનું એક સંમેલન શ્રી બાબુભાઈની અધ્યક્ષતામાં યોજાયું હતું. આ સંમેલનમાં શ્રી બાબુભાઇએ સ્પષ્ટ વાત કરી કે સ્થાનિક સ્વરાજ્યની આ કે તે સંસ્થા ઉપર આપણો કબજો રહે યા નહિ તે અગત્યનું નથી; પરંતુ ન્યાય અને નીતિમત્તાનાં ધોરણો ટકી રહે તે આપણે હંમેશાં જોતા રહેવાનું છે, કારણ કે ખરેખર તો તે જ મહત્ત્વપૂર્ણ બાબત છે.

કટોકટીનું ૧ વર્ષ પૂર્ણ થતું હોઈ ૨૬મી જૂને 'ગુજરાત જનતા મોરચા'નું એક વિશાળ સંમેલન અમદાવાદમાં કટોકટી વિરુદ્ધ લડવાની તેની શક્તિનાં દર્શન કરાવી ગયું. આ સમેલનમાંથી ઊભો થનાર જનજાગૃતિનો સંદેશ ગુજરાતને ચૂપ નહીં રહેવા દે એ ભયથી સત્તાધીશો તેને નિષ્ફળ બનાવવા મેદાને પડ્યા. પોલીસવાનોએ શેરીએ શેરીએ ફરી સરઘસ પર પ્રતિબંધ જાહેર કર્યો, અખબારોને સંમેલન અંગેના સમાચાર છાપવા માટે મનાઈ ફરમાવવામાં આવી, શહેરની પોળોમાં લખાતાં બ્લૅકબૉર્ડ પાસે સરકારી સંત્રી ગોઠવાઈ ગયા અને છતાંય ગુજરાતનાં ગામેગામથી ફના થવાનું પણ લઈ બેઠેલા કાર્યકરોનાં ટોળેટોળાં અમદાવાદમાં સરદાર કૉંગ્રેસ ભવનના પટાંગણમાં ઊતરી પડ્યાં હતાં. બહાર ખૂંખાર પોલીસ બંદોબસ્ત હતો – જાણે મોટો જંગ જીતવા નીકળ્યા ન હોય!

આ સંમેલનમાં શ્રી કૃપાલાણીજી, મહેન્દર કૌર અને તરતમાં જ જેલમાંથી છૂટેલ શ્રી અશોક મહેતા પણ આવી પહોંચ્યાં. આ ઉપરાંત આ વિશાળ સંમેલનને શ્રી બાબુભાઈ પટેલ, શ્રી આર. કે. અમીન, શ્રી મનુભાઈ પટેલ અને શ્રી બ્રહ્મકુમાર ભટ્ટ વગેરેએ સંબોધ્યું હતું.

સંમેલનને અંતે માજી મુખ્યમંત્રી શ્રી બાબુભાઈના નેતૃત્વમાં જનતા મોરચાના ધારાસભ્યો, સંસદસભ્યો તથા ગુજરાત મોરચાની પ્રાંતિક કારોબારીના સભ્યો સરઘસાકારે રાજભવન જવા નીકળ્યા. વચ્ચે જ તેમને અટકાવવામાં આવ્યા. હજારો નાગરિકોના જયનાદો વચ્ચે ૬૨ નેતાઓએ ધરપકડ વહોરી લીધી.

આ કાર્યક્રમની સફળતા માટે ભૂગર્ભસંપર્ક કેન્દ્રો દ્વારા ગામડે ગામડે સમાચારો પહોંચી ગયા હતા... ઉપરાંત પ્રાંતભરમાં કટોકટી અને તાનાશાહી વિરુદ્ધ પોસ્ટર્સ



www.babaisraeli.com

લગાવવાનો કાર્યક્રમ પણ કરવામાં આવ્યો. ગુજરાતના દરેક નાનામોટા ગામ સુધી એક જ રાતમાં પોસ્ટર્સ લાગી ગયાં. ૨૬ જૂનના કાળા દિવસ નિમિત્તે શ્રી જયપ્રકાશજીએ ભારતની પ્રજાજોગ એક સંદેશો મોકલ્યો હતો. ગુજરાતમાં આ સંદેશાની ૫૦ હજાર કરતાં પણ વધારે પત્રિકાઓ તૈયાર કરી ગુજરાતના નાગરિકો સુધી પહોંચાડવામાં આવી. ૨૫મી જૂનની રાત્રિએ પોલીસના કડક બંદોબસ્ત છતાંય ગુજરાતના ભૂગર્ભકાર્યકરો આ કામ વ્યાપક રીતે પાર પાડી શક્યા – જોકે આવા કામમાં થોડાક નુકસાનની તૈયારી પણ રાખવી જ પડે. મહેસાણા, રાજકોટ અને પોરબંદરમાંથી ૯ કાર્યકરો પોસ્ટર્સ લગાવતાં પકડાઈ ગયા. રાજકોટ અને પોરબંદરના કાર્યકરોને ૧૫ દિવસ સુધીના રિમાન્ડ પર લઈ ખૂબ જ માર મારવામાં આવ્યો. ૧૫ વર્ષની ઉંમરના પોરબંદરના એક સ્વયંસેવક શ્રી પ્રદીપ કારિયાને minor હોવા છતાં ૧૪ દિવસના રિમાન્ડ પર લઇ અસહ્ય મારપીટ કરવામાં આવી હતી. રિમાન્ડ દરમ્યાન તેમના પિતાની મુલાકાત કે ઘરેથી ભોજન પણ આપવા દેવામાં ન આવ્યું; પરંતુ પંદર વર્ષના પ્રદીપે હિંમતપૂર્વક ચૌદ દિવસ સુધી કટોકટીના કાળપુરુષોનો સામનો કર્યો... ન તો તેણે માફી માગી કે ન તો તેણે પોસ્ટર્સ અંગેની માહિતી આપી. તેમના જ એક સાથી શ્રી વીરજીભાઈ પરમારને પોલીસ પકડી ન શકી, પણ માહિતી મેળવીને વીરજીભાઈના મોટાભાઈને તેમના ઘર પાસે જ મહોલ્લાના લોકોની હાજરીમાં જ માર મારવામાં આવ્યો. દર બે-ત્રણ કલાકે ઘરની ઝડતી માટે પોલીસનાં ધાડાં ઊતરી પડતાં. પકડાયેલ જમનભાઈ કારિયાને એટલો માર મારવામાં આવ્યો હતો કે તે આજે બન્ને કાનથી બહેરા થઈ ગયા છે. પોસ્ટર ચોડતાં ચોડતાં જ પકડાઈ ગયેલ ૨૦ વર્ષના તરુણ શ્રી શશિકાન્ત જોષીને પોલીસથાણે લઈ જતા હતા ત્યાં જ તે ડઝન જેટલી પોલીસના હાથમાંથી છટકીને ભાગી છૂટ્યો. તેના પિતાજી શ્રી વેલજીભાઈની ધરપકડ કરવામાં આવી. તેમની પાસેથી ઘી અને પૈસાની માગણી કરવામાં આવી. અંતે શશિકાંતને હાજર થવું પડ્યું. પોલીસને થાપ આપનાર શશિકાંત ઉપર પોલીસનો પહેલેથી જ રોષ હતો. તેને તો જાણે ખોરાક જ મળી ગયો... શશિકાંતનાં પગનાં તળિયાં તોડી નાંખ્યાં. તેને આજે પણ તેનો દુખાવો સહેવો પડે છે. મોંના જડબા ઉપર એટલો તો માર મારવામાં આવ્યો કે આજે પણ તેને દાંતની અસહ્ય વેદના થાય છે.

રાજકોટમાંથી સંઘના એક કાર્યકર શ્રી હરીશભાઈ નાયકની પણ ધરપકડ થઈ.



www.babaisraeli.com

સરકાર પાસે કોઈ નક્કર પુરાવા નહોતા; છતાંય તેમને પોસ્ટર પહોંચતાં કરવાના ગુનાસર પકડી ૧૫ દિવસના remand પર લેવામાં આવ્યા. એક ગુનેગારની જેમ હાથકડી પહેરાવી, દોરડાં બાંધી તેમને લઈ જવાયા. રિમાન્ડ દરમ્યાન રાતદિવસ માનસિક ત્રાસ આપવામાં આવ્યો. તેમની મારપીટ કરતાં તેમનાં ચશ્માં ભાંગી ગયાં. કોઈ માહિતી ન મળતાં તેમના ભાઈને પણ પકડવામાં આવ્યા. ધંધુકાનો નવયુવાન... નામ ઝીણાભાઈ, ક્યારેક સંઘ શાખા ઉપર જવાનું થયું હશે. સંઘનું ખાસ કંઈ જ્ઞાન પણ નહીં. સંઘના કાર્યકરોને ઓળખે. ગરીબ પરિવારના આ ઝીણાભાઈને સંઘના અમદાવાદ વિભાગપ્રચારક શ્રી અનંતરાવજી કાળે પ્રત્યે આદરની લાગણી, તેઓ ભૂગર્ભમાં છે એમ જાણતાં જ મદદ કરવાની તત્પરતા વ્યક્ત કરી. ઝીણાભાઈને છૂટક કામ અંગે અમદાવાદ આવવાનું થતું આથી તેમને સંદેશાની આપલેનું કામ સોંપાયું. ઝીણાભાઈ ખૂબ ગૌરવ અને કાળજીથી આ કામ સંભાળતા. અચાનક એક વાર માણેકચોકમાં લીંબુ વેચનાર સાથે બોલાચાલી થતાં પોલીસ આવી ... લઘરવઘર કપડાંમાં સાવ સામાન્ય લાગતો ગરીબ પરિવારનો ઝીણાભાઈ પોલીસની ખફામરજીનો ભોગ બન્યો. બજારમાં જ પોલીસે ધોલધપાટ કરી.. ગુંડો છે... ખિસ્સાકાતરુ છે.... લોફર છે... વગેરે અનેક ઉપનામોથી નવાજી.... તેની પાસેની થેલી... ખિસ્સાં વગેરે ફંફોસ્યું. કમનસીબે તેની પાસેથી એક ચિઠ્ઠી અને 'મુક્તવાણી'ના થોડાંક અંક પકડાયા. બસ, પછી તો પોલીસો ગેલમાં આવી ગયા. પોલીસથાણે પૂછપરછ માટે લઈ ગયા. ઝીણાભાઈનો એક જ જવાબ... બસમાંથી એક કાગળની કોથળી જડી હતી... તેમાં પાંચ રૂપિયાની નોટ હતી એટલે મેં લઇ લીધી... બાકી આ બધું શું છે તેની મને ખબર નથી... હું ભણેલો નથી. પણ, પોલીસ માને તો ને? કશું જ જાણવા ન મળતાં પોલીસે third degree treatment શરૂ કરી. ખૂબ જ માર મારવામાં આવ્યો. મારતાં મારતાં પોલીસો પણ થાકી ગયા, પણ ઝીણાભાઈ ન ડગ્યો તે ન જ ડગ્યો. ઝીણાભાઈની સહનશક્તિ પણ ગજબની. પોલીસને પણ હવે તેઓ નિર્દોષ હશે એમ માનવાની ફરજ પડી. મોડી રાત્રે તેને છોડી દીધો. શારીરિક અત્યાચારોથી ઝીણાભાઈ લગભગ બેહોશ જ થઈ ગયો હતો. પણ ધંધુકામાં આ બધી વાત પહોંચાડવી જોઈએ એ ઇરાદાથી શરીર અને મનને મજબૂત બનાવી રાત્રે ને રાત્રે ટ્રકમાં ધંધુકા પહોંચ્યો. બધી વાત કરી... જાણે ઝીણાભાઈનું કર્તવ્ય પૂરું થયું હશે એમ વાત પૂરી થતાં તે નંખાઈ ગયો.. બેહોશ થઈ ગયો. શરીરમાં અસહ્ય પીડા



www.babaisraeli.com

થતી હતી. રાત્રે ને રાત્રે તેને હૉસ્પિટલમાં દાખલ કરવો પડયો. ઝીણાભાઈએ ધાર્યું હોત તો પોતાની જાતને બચાવવા ઘણી માહિતી આપી શક્યા હોત પણ... ના... ગરીબ ઘરના આ યુવાનમાં પણ ખુમારી હતી. લોકશાહી માટેની વેદના હતી અને માટે જ તે અસહ્ય યાતનાઓ સહન કરતો રહ્યો. મહેસાણામાંથી શ્રી શંકરસિંહ વાઘેલાના નાનાભાઈ કનુસિંહ વાઘેલા અને સંઘના બીજા એક કાર્યકર શ્રીકાંત કાટદરેની ધરપકડ થઈ. ધરપકડ કરનાર પોલીસને ઇનામ આપવામાં આવ્યું. આ બન્નેને રિમાન્ડ ઉપર લઈ ખૂબ જ માર મારવામાં આવ્યો. તેમની ધરપકડ પછી શ્રીકાંતના નિવાસસ્થાનની ઝડતી લીધી. એક ડાયરી હાથ આવી, જેમાં કેટલીક મીટિંગોની વિગતો, પકડાયેલાઓનાં સરનામાં વગેરે હતું. પણ "આ તો બધું જૂનું છે" એવા સતત જવાબથી કશી કાર્યવાહી ન થઈ શકી. ડાયરી ૧૯૭૧ના વર્ષની હતી – પણ વિગતો તાજી હતી! આવા અત્યાચારો વચ્ચે પણ સંઘના કાર્યકરો હિંમતપૂર્વક જહેમત ઉઠાવી ૨૬ જૂનનો વિરોધ પ્રગટ કરીને જ જંપ્યા. ૨૬મી જૂને ગુજરાતની જેલોમાં પણ ઉપવાસ અને જેલોમાં શહીદ થયેલાઓને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમો થયા.

મોરચાના વધતા જતા પ્રભાવ અને જનતાના નિર્ભીક વ્યવહારને દબાવવા માટે ગુજરાતમાં દિલ્હીના કૉંગ્રેસીઓનાં ધાડાં એક પછી એક આવવા લાગ્યાં. મોરચાના સફળ કાર્યક્રમોથી છંછેડાયેલી કેન્દ્ર સરકારે વધુ ધરપકડોનો હુકમ કર્યો. ૨૪મી જૂને શ્રી દરુની ધરપકડ સાથે ધરપકડના બીજા દોરનો પ્રારંભ થયો. જુલાઈના બીજા સપ્તાહ સુધીમાં તો મિસાનો આંકડો ૫૦૦ સુધી પહોંચી ગયો. મિસાનો આ બીજો હુમલો પ્રમાણમાં જોરદાર હતો. બીજી હરોળના પણ ઘણા કાર્યકરો પકડાઈ ગયા હતા. ભૂગર્ભકાર્ય સાથે સંબંધમાં રહી અગત્યની ભૂમિકા ભજવી રહેલ અનેકો અંદર ચાલ્યા ગયા હતા. એક અર્થમાં અમારે ભૂગર્ભવ્યવસ્થા નવેસરથી ગોઠવવી પડે તેવી સ્થિતિ નિર્માણ થઈ હતી. તેમ છતાંય આ હુમલો અમારે માટે જીવલેણ નહોતો. ૨૫ દિવસમાં તો અમે ફરી બેઠા થઈ ગયા. નવી સાજસજ્જા સાથેનું ભૂગર્ભતંત્ર ફરીથી ગોઠવાઈ ગયું. આ દિવસોમાં ગુજરાતની ચેતનાને અખંડ જાગ્રત રાખનાર 'સાધના' ઉપર ભયાનક આફત ઊતરી આવી. કંપોઝિટરથી માંડી ટ્રસ્ટીઓ સુધી કોઈને પણ બાકી ન રાખતાં બધાયને પકડવામાં આવ્યા.

સરકાર તોડવામાં મશગૂલ કૉંગ્રેસીઓ ફરીથી સરકાર ન બનાવી શક્યા.



www.babaisraeli.com

ગુજરાતનાં લોકહિતોને ધ્યાનમાં લઈ મોરચાએ છાયા મંત્રીમંડળની રચના કરી, જે વખતોવખત ભેગા મળી ગુજરાતના પ્રશ્નો અંગે વિચાર કરી રાજ્યપાલશ્રીને યોગ્ય પગલાં લેવા માટે પોતાનો અભિપ્રાય મોકલતું.

મોરચા સંમેલનમાં નક્કી થયા પ્રમાણે ગુજરાતમાં ૧,૦૦૦ જનસભાઓના લક્ષ્યાંકને પૂરો કરવા માટે શ્રી બાબુભાઈ ઠેરઠેર જઇ સભાને સંબોધતા હતા. તેમણે નિર્ભયતાથી અહાલેક જગાવી. હવે તેમની ધરપકડ કરવા માટે કૉંગ્રેસીઓ કાગારોળ મચાવી રહ્યા હતા.

૯મી ઑગસ્ટે અમદાવાદમાં વિનોદ કિનારીવાળાની ખાંભીએ ક્રાંતિદિન ઊજવવાનો હતો, ત્યાં સરકારે પ્રતિબંધ ફરમાવી શ્રી બાબુભાઈ અને તેમની સાથેના ૫૧ કાર્યકરોને પકડી લીધા, જેમાંથી ૪૬ને DIRમાં અને બાબુભાઈ સહિત પાંચ વ્યક્તિઓને Misaમાં રાખવામાં આવ્યા. વારંવારની ધરપકડોથી જેલો પણ ભરાઈ ગઈ. સાબરમતી જેલની સંખ્યા એટલી બધી વધી ગઈ કે ત્યાં રહેવા માટે તંબૂ બાંધવા પડ્યા અને કેટલાક રાજકીય કેદીઓને તંબૂમાં રહેવું પડતું.

'સાધના' બંધ થતાં સંઘર્ષના સમાચારો લોકો સુધી પહોંચાડવા માટે હવે ગુજરાતમાં પણ એક નિયમિત ભૂગર્ભપત્રની આવશ્યકતા ઊભી થઈ; આથી તરત જ 'મુક્તવાણી' નામનું એક ભૂગર્ભપત્ર શરૂ કરવામાં આવ્યું. 'ખબરદાર'ના નામથી આ પુસ્તકના લેખકે 'મુક્તવાણી'ના તંત્રી તરીકેની કામગીરી પણ સંભાળી. હવે ગુજરાતમાં સાચા સમાચારો માટે 'મુક્તવાણી' એક માત્ર આધાર બની ગયું.

જનતા મોરચા દ્વારા ૧૫ ઑગસ્ટથી ૩૦ ઑગસ્ટ દરમ્યાન દાંડી સુધીની સંઘર્ષકૂચ યોજાઈ. ૬૭૦ કિ.મી.ની આ લાંબી કૂચનું નેતૃત્વ સરદારપુત્રી કુ. મણિબહેન પટેલે કર્યું. અમદાવાદના સરદાર પટેલ ભવનથી પ્રારંભ થયેલ આ કૂચમાં જોડાતા સાથીઓને ડી.આઈ.આર. હેઠળ પકડી લેવામાં આવતા હતા. કુ.મણિબહેનની ધરપકડનાં જોખમો પણ સરકાર જાણતી હતી, આથી તેમની ધરપકડ ન કરાઈ. કૂચ દરમ્યાન સેંકડો પોલીસોની હાજરી છતાં વિશાળ જનસમૂહની હાજરી, ગભરાટનું નામનિશાન પણ નહીં. આ લાંબી કૂચ દરમ્યાન ૫૬ સ્થાનો પર પ્રતીક સત્યાગ્રહો થયા, જેમાં ૯૬ કાર્યકરો પકડાયા. સંઘર્ષની આ કૂચે નવ જિલ્લાઓમાં નવું જોમ આણ્યું. સંપૂર્ણ અહિંસક રીતે પાર પડેલ આ કૂચને બદનામ કરવા અંતિમ દિવસે પોલીસે પોતાનું પોત પ્રકાશ્યું. વલસાડના નાગરિકોને ઉશ્કેરવા માટે ફળિયામાં બેઠેલ



www.babaisraeli.com

નાગરિકો પર નિર્દય રીતે લાઠીચાર્જ કરવામાં આવ્યો. કુ. મણિબહેન સફળતાપૂર્વક દાંડી સુધી પહોંચ્યાં.

રાજકોટમાં વિદ્યાર્થી પરિષદના કાર્યકરોએ અવનવા કાર્યક્રમો કર્યા. જનજાગૃતિ સાથે સાથે સંઘર્ષ પ્રવૃત્તિ પણ ચલાવ્યે રાખી. રાજ્યપાલશ્રી કે. કે. વિશ્વનાથનની રાજકોટ મુલાકાત ટાણે રાજકોટ વિદ્યાર્થી પરિષદના કાર્યકરોએ એક આવેદનપત્ર આપી ગુજરાતમાં મિસામાં પકડાયેલ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને તત્કાળ છોડી દેવાની માગણી કરી. આ આવેદનપત્ર પર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૨,૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ હસ્તાક્ષર કર્યા હતા.

Radical Humanist અને 'જનતંત્ર સમાજ'ના સંયુક્ત ઉપક્રમે ઑક્ટોબર માસના ત્રણ રવિવારોએ ૪૪મા બંધારણસુધારા અંગે એક ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું. શ્રી ઉમાશંકર જોશી, શ્રી દિનેશ શુક્લ, શ્રી માવળંકર, શ્રી કે.ડી.દેસાઈ વગેરેએ આ કાર્યક્રમને માર્ગદર્શન આપ્યું.

૨૧મી નવેમ્બરે ગુજરાતના યુવાનોનું એક અનોખું સંમેલન અમદાવાદમાં થયું. આ સંમેલનમાં જેલોમાંથી મુક્ત થયેલ શ્રી પીલુ મોદી અને શ્રી બાબુભાઈ પટેલ હાજર રહેવાના હતા,પરંતુ ૨૧મી નવેમ્બરની સવારે જ સંમેલન ભરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો. યોજકોએ પણ આબાદ રીતે સરકારને ગફલતમાં નાખી સરકારે જાહેર કરેલ પ્રતિબંધિત વિસ્તાર બહાર બારેજડીમાં સંમેલન કરવાનો નિર્ણય કર્યો. સંમલનમાં ભાગ લેવા આવી રહેલ યુવાનોને પોલીસ રોકે ન રોકે ત્યાં તો તેમને ખાનગીમાં બારેજડી પહોંચી જવાનો સંદેશો મળી જતો. બારેજડી પહોંચવાની સૂચના વાયુવેગે યુવાનોમાં પ્રસરી ગઈ. જેમને જે કંઈ સાધન મળ્યું તે સાધન દ્વારા ૫૦૦ કરતાં પણ વધુ યુવકો બારેજડી પહોંચી ગયા.

શ્રી બાબુભાઈ, શ્રી પીલુ મોદી અને શ્રી કે.ડી.દેસાઈ પણ પોલીસને થાપ આપી બારેજડી પહોંચ્યા. ત્યાં એકઠા મળેલ યુવકોનો ઉત્સાહ અનેરો જ હતો. શ્રી બાબુભાઈ અને શ્રી પીલુ મોદીએ યુવકોની સભાને સંબોધન કર્યું. યુવકોના આ સંમેલનમાં આ પુસ્તકના લેખકે પાઠવેલ સંદેશાનું વાચન પણ થયું અને સેંકડો પોલીસોની હાજરીમાં સંઘના કાર્યકર્તાઓ શ્રી પ્રફુલ્લ રાવલ અને શ્રી બિપિનભાઈ શાહે આ સંદેશો યુવાનોને વહેંચ્યો. આ સંદેશો યુવાનોને બગાવતનું આવાહન કરતો હતો –



www.babaisraeli.com

યુવાનો!

આપ ભારતમાતાના લાડીલા છો, ભાવિ ભારતના આશા-અંકુર છો. વિશ્વવિજયી ભારતમાતાનાં સંતાનો, વિચારો! આજે આપણને કઇ દિશામાં ધકેલવામાં આવી રહ્યા છે? આપનું ભવિષ્ય શું છે? અને જો આજે નહીં ચેતો તો કાલે તમારે કોનો અને કઇ પરિસ્થિતિનો સામનો કરવાનો છે તેનો પણ વિચાર કરી લેજો.

આપ ભાવિ ભારતના કર્ણધાર છો, કારણ, આજનો યુવાન કાલના સમાજનો અને દેશનો નેતા છે... તો પછી આજની સમસ્યાઓનું નિરાકરણ કરી રાષ્ટ્રને તેજસ્વી બનાવવાની જવાબદારી કોની છે? જવાબ સ્પષ્ટ છે – આપની.

આજે છળકપટો દ્વારા દેશને મૂંગો બનાવી દેવાયો છે. આવતી કાલે આવી દાસતામાં કોને જીવવું પડશે? આપને જ. આજની ગરીબી, બેરોજગારી, અશિક્ષા, અનૈતિકતા, ભ્રષ્ટાચાર અને દમનની પરાકાષ્ઠા કાલે કોને પરેશાન કરશે? આપને. આજે લોકશાહીને નષ્ટ કરી તાનાશાહીનો જે પથ પ્રશસ્ત કરવામાં આવી રહ્યો છે, કાલે તે પથ પર ઘેટાંબકરાંની જેમ કોને ચાલવું પડશે? આપને. આજે દેશમાં ચાલી રહેલ સ્વાતંત્ર્યની બીજી લડાઈમાં આપે આપનું ઉચિત યોગદાન ન આપ્યું તો આવતી કાલે લખાનારો ઇતિહાસ કોને ભાંડશે? આપને જ. એ શહીદોના રક્તની કિંમત આંકવામાં અસમર્થ લોકોની સૂચિમાં ઇતિહાસકાર કોનું નામ લખશે? આપનું.

યુવાનો! આપ હંમેશાં યાદ રાખો, આપની ભૂમિકા ઇતિહાસના લેખક કે પાઠકની નહીં, ઇતિહાસના નિર્માતાની છે. કાળપુરુષ પોતાના કાળપટ પર પ્રતિદિન ભાવિ ઇતિહાસના અક્ષરો અંકિત કરે છે. તેને સામગ્રી પૂરી પાડવાનું કામ કોનું છે? – આપનું.

આ દેશનો ઇતિહાસ સૂકી શાહી અને કલમથી લખાય કે ભારતીય તરુણના હૃદયરક્તથી? બહેનોની રાખીની પવિત્રતાથી અને સતીઓના સિંદૂરથી? એનો નિર્ણય કોણ કરશે? – આપ.

લોકશાહીના વિજય અને તાનાશાહીના પરાજય વચ્ચે માત્ર એક કદમનું અંતર રહી ગયું છે. તે કદમ આગળ ધપાવીને વિજયશ્રીને વરવાનું કામ કોનું છે? – આપનું.

આજે અબળાની જેમ અસહાય બની ઊભેલી ભારતમાતાના બંદી લાડલાઓને મુક્ત કરવાનું પવિત્ર કાર્ય કોનું છે? આપનું. આટલું મોટું કર્તવ્ય, આટલો મોટો પડકાર, આટલા વ્યાપક અને અસહ્ય અત્યાચારો, આટલી બધી બેચેની અને વિવશતા વચ્ચે



www.babaisraeli.com

ઊભેલા આપ, ભારતમાતાના યુવાન સપૂતો! ભાવિ સુવર્ણકાળના તમે કલાકાર છો.

ક્યાંથી આપ સંઘર્ષનો શુભારંભ કરશો? વિરોધીને ઓળખી તેને અનુકૂળ શસ્ત્ર ઉઠાવવું જ પડશે. યુવાનો! અગર જો આપ આગળ નહીં આવો તો ભારતીય ક્રાંતિ દિશાભ્રષ્ટ થઇ જશે. અગર આપે આ પડકાર ન સ્વીકાર્યો તો આવતી કાલ તમને યુવાન માનવા તૈયાર નહીં થાય, કારણ, સાચા યુવાનોએ તો યુગયુગથી જુલમનો સામનો કર્યો છે. યુવાનો કદીયે અત્યાચારો-અન્યાય સામે ઝૂક્યા નથી, રુક્યા નથી કે થાક્યા નથી.

તો પછી આજે મૌન કેમ છો? યૌવનની ઉજ્જ્વળ પરંપરામાં એક વધુ સુવર્ણકડી જોડવાની ઐતિહાસિક ક્ષણ આપના દ્વાર પર ટકોરા મારી રહી છે. ઊઠો, જાગો અને ભારતમાતાની આઝાદીની આ બીજી લડાઈમાં કૂદી પડો!

દોસ્તો! હમ સબ આઝાદીકે બાદકી પૈદાઇશ હૈં.

ગુલામીમેં દમ તોડના હમેં મંજૂર નહીં, દમ લગાકર ગુલામી તોડના હમારા કામ હૈ.... યહી યૌવન હૈ!

આપનો યુવાન
ભૂગર્ભસાથી

આ સંમેલન પૂર્ણ થતાં પહેલાં જ પોલીસે અહીં પણ ૧૪૪મી કલમની જાહેરાત કરી શ્રી વિનોદ ગાડીત, નિમેષ ભટ્ટ સહિતના ૧૦૦ જેટલા યુવકોને પકડી લીધા.

ચારેતરફ જેલોમાંથી સૌને મુક્ત કરી રહ્યાની સરકારી કાગારોળ ચાલુ હતી ત્યારે પણ ગુજરાતમાં ધરપકડો ચાલુ જ હતી. 'ગુજરાત સંઘર્ષ સમિતિ'ના કન્વીનર શ્રી ભોગીભાઈ ગાંધી અસ્વસ્થ હોવાને કારણે મુંબઈમાં અજાણ્યા સ્થળે આરામ કરી રહ્યા હતા. ત્યાંથી પોલીસે તેમની ડી.આઈ.આર.માં ધરપકડ કરી અમદાવાદની કોર્ટમાં હાજર કર્યા. પ્રારંભથી જ સંઘર્ષ સાથે જોડાયેલ શ્રી રાજેન્દ્ર દવે, કુ. મંદાકિની દવે, હસમુખ પટેલ અને અતુલ શાહને શરૂમાં DIRમાં અને પાછળથી Misaમાં પકડવામાં આવ્યા. અવારનવાર ભૂગર્ભ કાર્યકરો પણ પોલીસને હાથ આવી જતા. અનેક પ્રકારની પૂછપરછ પછી તેમને જેલમાં મોકલી દેવાતા.

આવી વિકટ સ્થિતિમાં પણ સંઘના કાર્યકરોને લડત માટેનું નવું જોમ મળી રહે તે માટે ૧૫થી ૨૦ જેટલા કાર્યકરોના બેથી ચાર દિવસના તાલુકા પ્રમાણેના શિબિરોનું આયોજન પણ થતું હતું. આ શિબિરોમાં ચુનંદા કાર્યકરોને પ્રવેશ મળતો.



www.babaisraeli.com

ભૂગર્ભ કાર્યકરો પણ આ શિબિરોમાં હાજર રહી નવા સંદર્ભની લડતમાં વધુ ને વધુ કઇ રીતે અસરકારક બની શકાય તે અંગે માર્ગદર્શન આપતા. આ શિબિરો માટેની અમારી પદ્ધતિઓ પણ અનોખી હતી. ગુજરાતમાં ચાલતી સેવાસંસ્થાઓના કોઈ કાર્યક્રમો હોય તો સંઘના કાર્યકરોને આ સેવાસંસ્થાઓમાં વૉલંટિયર તરીકે જોડાઈ જતા. સેવાકાર્યની સાથે સાથે અલગથી કોઈને પણ ખબર ન પડે તેમ વૉલંટિયર તરીકે જોડાઈ જવાનું કહેવામાં આવતું. ઓછા જાણીતા ભૂગર્ભકાર્યકરો પણ એમાં જોડાયેલ સંઘના કાર્યકરો નિયમિત રીતે મળી સંઘર્ષ-ચિંતન કરતા. મહેસાણા જિલ્લાના જામળા ગામમાં થયેલ નેત્રયજ્ઞ 'વિશ્વ હિન્દુ પરિષદ'ના કાર્યકરોએ આયોજિત કર્યો હતો. આ નેત્રયજ્ઞમાં સંઘના ૪૦ જેટલા કાર્યકરો ૭ દિવસ સુધી સાથે રહી નેત્રયજ્ઞના કામ સાથેસાથે રાષ્ટ્રયજ્ઞમાં હોમાઈ જવાની યોજનાઓ પણ બનાવતા. સંઘના મહેસાણા વિભાગના સહપ્રચારક ખોડાભાઈ પટેલ ઉર્ફે શ્રી લાલજીભાઈ પંચાલ, શ્રી અરુણભાઈ શાહ ઉર્ફે શ્રી વિજય પટેલ ભૂગર્ભમાં હોવા છતાં આ સૌની વચ્ચે રહી તેમને માર્ગદર્શન આપતા. ખેરાલુ તાલુકાના સુદાસણા ગામમાં થયેલ નેત્રયજ્ઞમાં પણ સંઘના ૨૦ જેટલા કાર્યકરો પહોંચી ગયા. આવા પ્રશિક્ષણ-શિબિરો તો ગુજરાતમાં ક્યાંક ને ક્યાંક ચાલુ જ રહેતા. ઉત્તર ગુજરાતના ૨૦ જેટલા પ્રમુખ વિદ્યાર્થી કાર્યકરોના પ્રશિક્ષણ માટે આબુમાં એક સાત દિવસનો કેમ્પ કરવામાં આવ્યો. આ કેમ્પમાં સંઘના પ્રાંતપ્રચારક અને પુસ્તકના લેખક પણ સહચિંતનના હિસ્સેદાર બન્યા. અમદાવાદના ૨૦ જેટલા કાર્યકરોની એક ટુકડી સૌરાષ્ટ્રના સાઇકલ-પ્રવાસે ઊપડી. માર્ગમાં નાનાં નાનાં સ્થાનો ઉપર કટોકટીના અત્યાચારોની માહિતી આપતી આ ટુકડી જુદાં જુદાં સ્થળોએ વિરામ માટે પણ રોકાતી. ત્યાં યોગ્ય કાર્યકર્તા પહોંચી જતો અને જુદા જુદા વિષયો ઉપર વાતચીત કરી હરતીફરતી આ સંઘર્ષશાળાને માર્ગદર્શન આપતો. દ. ગુ. યુનિ. તરફથી જુદાં જુદાં સર્વેક્ષણોમાં ભાગ લઈ રહેલા શ્રી હિમાંશુ ભટ્ટની આગેવાનીમાં દક્ષિણ ગુજરાતના સ્વયંસેવકોએ અનેક ગામડાંનો સંપર્ક કર્યો. યુનિ.નું નામ અને સંઘર્ષનું કામ!

મંદિર હોય, ટ્રેનનો ડબ્બો હોય કે મોટાં શહેરોમાં ફરતા ટૂરિસ્ટ કોચ હોય, નિશ્ચિત સ્થળોએ અમારા કાર્યકરો સંઘર્ષના સમાચારો આપવા માટે ગાઈડની જેમ પહોંચી જતા હતા. જોકે આવા પ્રવાસીઓ કોઈ પણ પત્રિકા હાથમાં લેતાં પહેલાં



www.babaisraeli.com

ગભરાતા હોઈ 'ટૂંકું સમાચાર બુલેટિન' કહીને અમારો સંઘર્ષ-ગાઈડ ચાલતો થતો. મિસામાં ગયેલાઓના પરિવારોને એકબીજાની નજીક લાવવાની, લડત સામે ટકી રહેવાની તેમની હિંમતમાં વધારો થાય એ દૃષ્ટિથી પણ અનેકવિધ પ્રયત્નો થયા. અમદાવાદમાં પણ 'રાષ્ટ્રસેવિકા સમિતિ'ની બહેનોએ શ્રીમતી શાંતાબહેન ગજેન્દ્રગડકરના નેતૃત્વમાં બહેનોની ઊંધિયા પાર્ટીનો કાર્યક્રમ યોજ્યો. સાબરમતી આશ્રમમાં યોજાયેલ આ કાર્યક્રમમાં મિસાનો ભોગ બનેલ પરિવારોની ૨૫૦ જેટલી બહેનોએ ભાગ લીધો. સમૂહજીવને તેમનામાં એક નવો ઉત્સાહ આણ્યો.

આ જ દિવસોમાં મહેસાણા જિલ્લાના ઊંઝા ગામમાં કડવા પાટીદારોનાં કુળદેવી ઉમિયામાતાના સાંનિધ્યમાં દૂર દૂર વસતા કડવા પાટીદાર હજારોની સંખ્યામાં આવવાના હતા. તેની વ્યવસ્થા એ પણ એક મોટો પ્રશ્ન હતો. અમે સૌ આવી તકોની રાહ જોઈને જ બેઠા હતા. વ્યવસ્થાના કામમાં અમારા કાર્યકરો પહોંચી ગયા. વ્યવસ્થા પણ થઈ અને સંઘર્ષનો વિચાર પણ થયો. વ્યવસ્થાની સાથે સાથે દર્શનાર્થીઓને સંઘર્ષના સમાચારો આપવાનો વ્યાપક પ્રયાસ પણ થયો. આટલી મોટી સંખ્યામાં લોકો એકત્ર થવાના હોઈ પોલીસનો પણ કાફલો ઘણો હતો. વ્યવસ્થા પણ ઠીક ઠીક કડક હતી. બીજી તરફ સાથીઓ પણ આટઆટલી મોટી જનમેદનીના હૃદયમાં સંઘર્ષનું બી વાવવા માટે કૃતનિશ્ચયી હતા. એક યોજના બનાવવામાં આવી. 'ઉમિયામાતાનો સંદેશ' એ નામની ઉમિયામાતાના ફોટાવાળી એક પત્રિકા હજારોની સંખ્યામાં એ વિસ્તારમાં છાપવામાં આવી અને કાળજીપૂર્વકના આયોજન દ્વારા લગભગ ૨૦૦ જેટલા શિશુસ્વયંસેવકોએ પોલીસના કડક બંદોબસ્ત વચ્ચે, એમને ખબર પડે એ પહેલાં તો માત્ર ૧૫ જ મિનિટમાં હજારો પત્રિકાઓ વહેંચી દીધી! ખુદ પોલીસોને પણ એ આપવામાં આવી હતી. પણ જ્યારે એ વાંચી ત્યારે પોલીસતંત્ર ખૂબ સાવધાન બની ગયું; પણ કામ તો પતી ગયું હતું! આ પત્રિકામાં એવી હાકલ કરવામાં આવી હતી કે –

"હે સુપુત્રો! તમે કડવા પાટીદારો, આદિઅનાદિથી મને માતારૂપે માનતા અને પૂજતા આવ્યા છો. તમે આજે શાસનના દાસ બન્યા છો. ઠેર ઠેર તમારું અપમાન થાય છે! મારા પુત્રોની આ દશા! ક્યાં ગયું તમારું આર્યતેજ? શું તમે કાયર, નિર્બળ, નિર્વીર્ય બની ગયા છો? હે આર્યપુત્રો! છેલ્લા એકાદ દસકાથી સરકારની તમારા પર નજર બગડી છે. આજે તમને બાલવાનો અધિકાર નથી, લખવાનો અધિકાર



www.babaisraeli.com

નથી. સાચું બોલવું એટલે મિસાના ઇનામના અધિકારી બનવું! ઘેટાંના ટોળામાં રહી આત્મભાન ખોઈ બેઠેલા હે સિંહપુત્રો! તમે તમારી સિંહગર્જના ભૂલી ગયા? સાવજ સરદારનો સંદેશ પણ ભૂલી ગયા? અંગ્રેજ સલ્તનતને નાકે દમ લાવી દેનાર લોખંડી પુરુષનો માર્ગ તમે તજ્યો અને શરણ સ્વીકાર્યું! મારી આ પવિત્ર ભૂમિ ઊંઝામાંથી જ મારા ચાર પુત્રો મિસામાં છે અને તમે સહુ તમારી મસ્તીમાં રાચો છો!

'તમારું કર્તવ્ય કસોટીની એરણ પર છે. એમાં તમારે હેમખેમ પાર ઊતરવાનું છે. માટે જ આજે તમને નિમિત્ત બનાવું છું. સાથે મળી કામે લાગી જાઓ...વિજયની વરમાળા તમારી ડોકમાં જ આવી પડશે.'

આ સંદેશાએ ધારી અસર કરી. ગુજરાત અને ગુજરાત બહારનાં ગામડાં સુધી એવો વિશ્વાસ સર્જાયો કે હજારો પોલીસ વચ્ચે પણ લડવાનું જોમ ધરાવનારા નરબંકાઓ ક્યારેક તો વિજયી થઈને જ જંપશે. હજારોની સંખ્યામાં પોલીસની હાજરી વચ્ચે પણ આ સંદેશો વહેંચાયો. અનેક કાર્યકરોને આ કામમાં લગાડવા પડ્યા. પકડાઈ જવાય તો જે અત્યાચારો ભોગવવા પડે તે સહેવાની તૈયારીમાં જ કાર્યકરો હતા, પરંતુ 'ઉમિયા માતા'નું નામ હોવાથી પોલીસ ગફલતમાં પડી ગઈ. કોઈ કરતાં કોઈ પકડાયું નહીં, બધા ઠેકઠેકાણે પહોંચી ગયા... પરંતુ બીજે દિવસે મેળાની વ્યવસ્થા કડક બની. સી.આઈ.ડી.નો કાફલો ઊતરી પડ્યો. ચારેતરફ દોડધામ... ક્યાંક પત્રિકા દેખાય, પૂછપરછ પણ થાય. પોલીસોનાં ભવાં ચડે, ઑફિસરો નીચલા અમલદારોને ધધડાવે, છતાંય હાથ ચોળતા રહી જાય.... અને મેળામાં જ વેશપરિવર્તન કરી યોજનાને માર્ગદર્શન આપી રહેલ ભૂગર્ભકાર્યકરો પોલીસની સ્થિતિ જોઈ મનોરંજન પણ મેળવી લે.

બંધારણસુધારા પરના પરિસંવાદો પર સરકાર તરફથી કોઈ રોક નહોતી; આથી ગુજરાતમાં ઠેર ઠેર આવી પરિષદોનું આયોજન કરવામાં આવ્યું – જોકે આ કામમાં અમને વક્તાઓની ત્રુટિ રહેતી, જેઓ જાણીતા હતા તેઓ જેલમાં હતા. જેલમાં જતાં રહી ગયા તેઓ ડરતા હતા. બાકીના કેટલાક ભૂગર્ભમાં હતા. કેટલાક ભૂગર્ભપ્રવૃત્તિ સાથે જોડાયેલા હોઈ જાહેરમાં ન આવે તેવી સૂચના પણ અપાઈ હતી. આખરે શ્રી કે.ડી.દેસાઈ, શ્રી એચ.એમ. પટેલ, શ્રી ઉમાશંકર જોશી, શ્રી માવળંકર, શ્રી ચંદ્રકાંત શાહ વગેરે વક્તાઓની મર્યાદિત સંખ્યા છતાં પણ ઠેરઠેર કાર્યક્રમો થયા.

ઑક્ટોબરના અંતમાં દિલ્હીમાં શ્રી તારકુંડેના પ્રયત્નથી શરૂ થનાર People's



www.babaisraeli.com

Union for Civil Liberty (PUCL)ની પ્રથમ પરિષદમાં હાજરી આપવા ગુજરાતમાંથી શ્રી ઉમાશંકર જોશી; શ્રી એમ.ડી.ભટ્ટ અને પ્રા. ચીમનભાઈ શેઠ દિલ્હી ગયા. ગુજરાતમાં પણ ૧૪મી નવેમ્બરે PUCLની રચના કરવા શ્રી ઉમાશંકર જોશીના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ થયો. ગુજરાતના જાણીતા રાજકીય અને બિનરાજકીય કાર્યકરો ૬૦ જેટલી સંખ્યામાં હાજર રહ્યા. શ્રી એમ. ડી. ભટ્ટ અને જનતંત્ર સમાજના શ્રી દશરથભાઈ ઠાકરના કન્વીનરપદે ગુજરાતમાં એક ઍડહૉક કમિટી રચવામાં આવી, પાછળથી PUCL તરફથી શ્રી સી. કે. દફતરી, શ્રી એમ. સી. ચાગલા વગેરે દ્વારા 'જેલમુક્તિ અભિયાન' માટે બહાર પાડવામાં આવેલ નિવેદન ઉપર ગુજરાતના ૫૦૦ જેટલા પ્રતિષ્ઠિત સમાજસેવીઓ અને આગેવાન નાગરિકોની સહીઓ લેવાની ઝુંબેશ ચલાવવામાં આવી.

સત્યાગ્રહ પછીના સંઘર્ષના બીજા તબક્કામાં પ્રજાનું ઘડતર અને નિર્ભીક વ્યવહાર – આ જ મુખ્ય કાર્યક્રમો હતા. આ કાર્યક્રમ માટે વધુમાં વધુ ખુલ્લેઆમ મતપ્રદર્શન થાય એ જરૂરી હતું અને માટે જ લોકસંઘર્ષના વ્યાપક કાર્યક્રમો જુદી જુદી રીતે પાર પાડવામાં આવ્યા. જેલમાંથી છૂટેલા નેતાઓમાં શ્રી પીલુ મોદીનું ઠેરઠેર સ્વાગત થયું. આને કારણે ગોધરામાંથી સંઘના ત્રણ કાર્યકરોને મિસામાં જવું પડ્યું. અનેક ઉપર ડી.આઈ.આર.ના કેસ થયા, છતાં આવા કાર્યક્રમો ઠેરઠેર યોજાયા. આખરે પોલીસ થાકી. વધુ ને વધુ લોકો કાર્યક્રમોમાં ભાગ લેતા થયા.

જેલમાં બેઠેલાઓ પણ જનહિત માટે અવિરત લડતા જ રહ્યા. ૩૧મી ઑગસ્ટે ગુજરાત સરકારના માજી પ્રધાનો સર્વશ્રી પોપટભાઈ વ્યાસ, કેશુભાઈ પટેલ, મોતીભાઈ ચૌધરી, શ્રી ભાઈલાલભાઈ કૉન્ટ્રાક્ટર તથા શંકરભાઈ વાઘેલાએ રાજ્યપાલશ્રીને એક આવેદનપત્ર મોકલી વધતા જતા ભાવો અને તેલ તેમ જ વનસ્પતિ ઘીની અછત સામે તત્કાલ પગલાં લેવા માગણી કરી.

૪થી સપ્ટેમ્બરે જેલમાં રહેલા ધારાસભ્યોએ એક આવેદનપત્ર રાજ્યપાલને મોકલી ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન લંબાવવા સામે વિરોધ કર્યો અને તત્કાળ પ્રજાકીય સરકારની રચના માટે આગ્રહ રાખ્યો. મિસાના અંચળા નીચે ગુજરાતનાં ચાર કૉર્પોરેશનોને તોડવાના કૉંગ્રેસીઓના પ્રયત્નો સામે રાજકોટના કૉર્પોરેટરોએ વિરોધ કર્યો. શ્રીમતી હેમાબહેન આચાર્યના નેતૃત્વમાં રાજકોટના ૨૦ જેટલા કૉર્પોરેટરોએ રાજ્યપાલશ્રીની મુલાકાત લઈ બિનલોકશાહી પદ્ધતિઓને રોકવાનો



www.babaisraeli.com

અનુરોધ કર્યો. ૯મી ડિસેમ્બરે અમદાવાદ શહેર જનસંઘનું એક વિશાળ સંમેલન હેમાબહેન આચાર્યની નિશ્રામાં થયું. સંઘ પર પ્રતિબંધ હોવાથી, હિંમત છતાંયે સંઘે બધા કાર્યક્રમોનું આયોજન જુદી રીતે કરવું પડતું. અમદાવાદ શહેરના સંઘના પ્રમુખ કાર્યકરો જો મોટી સંખ્યામાં એકત્ર થાય તો નવા ઉત્સાહનો સંચાર થાય. એ દૃષ્ટિએ પતંગ હરીફાઈનો એક કાર્યક્રમ કેમ્પના હનુમાને યોજાયો. ૩૦૦ કરતાં પણ વધારે સંઘ-કાર્યકરો પતંગના નામે કટોકટીનો પતંગ કાપવા એકઠા થયા. ચાર કલાક સુધી એકત્ર કાર્યક્રમ થયો. કાર્યક્રમ પૂર્ણ થયા પછી જ સરકારને ખબર પડી કે આટલી મોટી સંખ્યામાં પ્રતિબંધિત સંસ્થાના કાર્યકરો આબાદ રીતે એકત્ર થઈ શકે છે!

જેલના આંગણે રક્ષાબંધન હોય કે દિવાળી, જન્માષ્ટમી હોય કે વિજયાદશમી, જેલવાસીઓના પરિવારોની ઠઠ જામતી... જાણે મેળા જેવું જ દૃશ્ય ઊભું થતું. આ મેદનીની દરેક વ્યક્તિ સંઘર્ષ સાથે સંબંધ ધરાવતી હોઈ તેના દિલમાં સતત એક આગ પણ પ્રજ્વલિત રહેતી. સંઘર્ષપથના આ સાથી પરિવારોની હિંમત જ અંદરના સાથીઓનું મનોબળ ટકાવી શકે એ વાત અમે જાણતા હતા... આથી આ મેદનીમાં કેટલાંક વિશેષ ભાઈબહેનોને અમે મોકલતા. એકત્ર થયેલ પરિવારજનોનાં જુદાં જુદાં ગ્રૂપ જમાવી, સૌ હિંમત, શ્રદ્ધા અને વિશ્વાસ જન્માવે એવી તરેહ તેરહની ઉત્સાહસભર વાતોથી વાતાવરણને ભરી દેતા. જેલમુલાકાતની રાહ જોતાં ઊભેલ સૌમાં જેલના આંગણે જ નવચેતનાનો સંચાર કરનારી અમારી આ યોજનાની સરકારને ક્યારેય ગતાગમ ન પડી.

સરકારના પતન પછી ચાલેલ ભૂગર્ભપ્રવૃત્તિનો જ આ બધો ભાગ હતો. યોજનાઓ ભૂગર્ભમાં બનતી હતી; પરંતુ તેનું અમલીકરણ ખુલ્લેઆમ થતું. યોજકો ભૂગર્ભમાં હતા, પણ તેના ક્રિયાન્વયન માટે લાગેલ હજારો કાર્યકરો સામી છાતીએ ફરતા હતા. જુદાં જુદાં સ્વરૂપોમાં વધુમાં વધુ જાહેર કાર્યક્રમોની યોજના ઉપરાંત પણ જે છેવટ સુધી ભૂગર્ભપ્રવૃત્તિ જ રહી એવા કાર્યક્રમોનો ઉલ્લેખ આગળનાં પ્રકરણોમાં છે જ.



www.babaisraeli.com

શ્રી. બાબુભાઈ પટેલનો પત્ર...મુલાકાતો અશક્ય બનતાં સંદેશવાહકો દ્વારા આવા પત્રો આવતા.

# गुजरात प्रदेश काँग्रेस समिति

टेलिफोन नं. २३८५१
तारका पता : "कॉंग्रेस"

सरदार कॉंग्रेस भवन, भद्र,
अहमदाबाद-१.

ता. [illegible]

પ્રિય નરેન્દ્રભાઈ,

[illegible]

[illegible]



www.babaisraeli.com

# મોરચા સરકારના પતન પછી પ્રસિદ્ધ થતાં ભૂગર્ભ પત્રો



મુક્ત વાણી

સંઘર્ષ વીર સુબ્રમણ્યમ સ્વામી...

વિજયી 'ચાંદી કૂચ'

સંઘર્ષના સાથીઓને!

મુક્ત.....વાણી

શ્રી જે. પી. ની ગંભીર માંદગી...

મુક્ત.........વાણી

વર્ષા ઉજવવાની ધૂમધૂમ તૈયારીઓ...

મુક્ત વાણી

મુક્ત વાણી

મુક્ત વાણી

મુક્ત વાણી

મુક્ત વાણી

સ્વતંત્રતા અને લોકશાહી માટેનું સંઘર્ષ પત્ર

મુક્ત.........વાણી

જનતા મોરચાનું

યુવા સંમેલન

સમાજવાદી પક્ષની બેઠક

આટલું કરીએ

જનતા મોરચાનું યુવા સંમેલન



www.babaisraeli.com

# પરદેશમાં પ્રતિકાર

વિદેશમાં ચાલતી પ્રવૃત્તિઓ સાથે ગુજરાતનો સંબંધ પ્રારંભથી જ હતો. શરૂઆતના દિવસોની મોકળાશ તથા વિદેશમાં વસનાર અને સંઘર્ષ કરનારમાં ગુજરાતી પરિવારોનું પ્રમાણ પણ વધારે. ડૉ. સ્વામીના વિદેશ પહોંચ્યા પછી ત્યાંની પ્રવૃત્તિને ઘણો વેગ મળ્યો હતો. તેમાંથી ઊભી થયેલ વિશ્વવ્યાપી અસરો પણ સંઘર્ષને માટે વધુ ને વધુ પૂરક થતી જતી હતી; વળી ગુજરાતી પરિવારોનું વધુ ને વધુ યોગદાન જોતાં કોઈ પણ ગુજરાતી વિદેશ પહોંચે તે જરૂરી હતું. ગુજરાત સરકારના પતન પહેલાં જ આ અંગેની યોજના બની ગઈ હતી... શ્રી મકરંદભાઈ દેસાઈએ ન પકડાતાં વિદેશ પહોંચવાનું હતું. શ્રી મકરંદભાઈ દેસાઈ 'મોરચા સરકાર'ના મંત્રી હોવા ઉપરાંત જનસંઘની ઘરેડમાંથી ઊછરેલા એક અદના કાર્યકર પણ હતા! કેન્દ્રીય નેતાઓનો સંદેશો મળતાં જ તેમણે આ આહ્વાનને સ્વીકારી લીધું – જોકે સરકારનું પતન થાય તો જ તેમને વિદેશ જવાનું હતું... અને ધાર્યા પ્રમાણે સરકારના પતનની ઘડી આવી પહોંચી. ગુજરાતના થોડાક કાર્યકરોની સાથે સાથે મકરંદભાઈનાં પત્ની પણ આ યોજનાથી માહિતગાર હોવાથી સરકારના પતન પછી તરત જ મકરંદભાઈએ ઘરે ફોન કર્યો : "યોજના પ્રમાણે હું જાઉં છું." સામેથી શ્રીમતી નીલાબહેનનો હિંમતભર્યો ઉત્તર મળ્યો : "O.K., Best Luck!"

૨૦

દેશ કાજે કામ કરતાં કરતાં વ્યક્તિગત ભાવનાઓ પર પણ કેટલી કઠોરતાથી વ્યવહાર કરવો પડતો હોય છે! નેતાઓએ



www.babaisraeli.com

નિર્ધારિત કરેલી યોજના અને પોતાનામાં મૂકેલ વિશ્વાસને પાર પાડવાની ભૂમિકાનું એક કાર્યકર તરીકેનું કેટલું ઉમદા ચિત્ર! માતા-પિતા માટે હૃદયમાં અત્યંત શ્રદ્ધા હોવા છતાં મકરંદભાઈએ વિદેશ જવાની વાત તેમને ન જ કરી. છેલ્લી ઘડીએ પોતાની જીવનસંગિનીની મુલાકાત પણ નહીં! કાલે શું થશે તે કોણ જાણતું હતું? વિદેશ ગયા પછી ક્યારે પાછા અવાશે? પરિવાર પર શું વીતશે? અરે, કદાચ બધું ફના થઈ જાય તો પણ શું? બસ, આ જ નિર્ધાર સાથે પહેરેલ કપડે મકરંદભાઈ ગાંધીનગરથી જ મુંબઈ પહોંચ્યા. અમે સૌ સાથીઓએ તેમને વિદાય આપી. મુંબઈમાં સંઘના ભૂગર્ભનેતાઓ શ્રી માધવરાવજી મુળે, શ્રી મોરોપંતજી પિંગળે અને શ્રી લક્ષ્મણરાવજી ઇનામદાર સાથે આવશ્યક વિચારવિમર્શ કરી તેઓ એક વહેલી સવારે લંડન પહોંચી ગયા.

શ્રી મકરંદભાઈનાં પત્ની શ્રીમતી નીલાબહેનની હિંમત પણ અનોખી! આફતોનો અંદાજ તેમને પણ હતો! જીવનસાથીની બીજી મુલાકાતની પળો પણ અનિશ્ચિત ભવિષ્યના ઉદરમાં વાસ કરતી હતી. પરિવારનો બોજ એકલે હાથે ઊંચકવાનો હતો અને તેમ છતાંય વિદાયની છેલ્લી પળોની ક્ષણો ભારતના ભવ્ય ભૂતકાળની યાદ આપી જ જતી હતી. ૧૨મી કે ૧૫મી સદીની કોઈ ક્ષત્રિયાણી યુદ્ધના મેદાને ફના થવા જઇ રહેલ પોતાના સુહાગવીરને તલવારની ભેટ ધરી હસતે મોંએ વિદાય આપતી તેમ આધુનિક ઉછેર પામેલ આ ગુજરાતણ–નવયૌવના પરિવર્તન માટે આરંભાયેલ સમર્પણયજ્ઞની બલિવેદી પર અગ્રેસર થવા પોતાના સુહાગને શુભકામના કહેતી હસતે મોંએ વિદાય આપતી હતી – વિજયના વિશ્વાસ સાથે!

૨૯મી એપ્રિલે લંડનમાં યોજાયેલ 'ફ્રેન્ડ્ઝ ઑફ ઇન્ડિયા સોસાયટી ઇન્ટરનૅશનલ'ની પ્રથમ આંતરરાષ્ટ્રીય પરિષદમાં અતિથિવિશેષ તરીકે હાજરી આપી મકરંદભાઈએ પોતાની વિદેશપ્રવૃત્તિનો પ્રારંભ કર્યો. સંમેલનમાં FISIના મહામંત્રી તરીકે તેમની વરણી કરવામાં આવી.

વિદેશમાં ચાલતી આ પ્રવૃત્તિ પ્રમાણમાં વધારે ખર્ચાળ હોય તે પણ સ્વાભાવિક છે. અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવવા માટે આર્થિક પ્રશ્નો તો રહે જ, પરંતુ કેનિયામાં વસતા ભારતીયોએ કદી પણ પૈસાને કારણે લડતને અટકવા ન દીધી. કેનિયા અને નૈરોબીમાં વસતાં ગુજરાતી પરિવારો પણ લોકતંત્રની આ લડાઈનાં ભામાશા બન્યાં.



www.babaisraeli.com

શ્રી ચૂનીભાઈ હરિયા, શ્રી અશ્વિન માંકડ, શ્રી માણેકભાઈ રુગાણી, શ્રી તનસુખ પોટા વગેરે અનેક મિત્રોએ કેનિયા, નૈરોબીમાં નવજાગૃતિ આણવા સાથે સાથે પૈસાનો ધોધ વહાવ્યો.

લંડન વિદેશી પ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યું. તેમાંય નવસારીના શ્રી રમણભાઈ ખત્રી...જેઓ લંડનમાં ઘડિયાળ રિપેરિંગનો પોતાનો વ્યવસાય ચલાવે છે...તેમનું ઘર પ્રવૃત્તિનું કેન્દ્ર બની ગયું. લંડનનાં માતબર અખબારો પણ ભારતના સમાચારો જાણવા માટે રમણભાઈનો સંપર્ક સાધતાં. એમના પરિવારનાં બધાં જ સભ્યો આ સંઘર્ષનાં સાથી બન્યાં. રમણભાઈનો એક દીકરો અશ્વિન – જેનામાં યૌવનસહજ સાહસિકતા પણ ખરી જ – ગમે તેવા કાર્યક્રમોમાં પહોંચી જાય. ભારતમાંથી ગયેલ કૉંગ્રેસી મંત્રીઓની નિમંત્રિતોની મીટિંગમાં પણ સાહસ કરીને પહોંચી જાય. કટોકટીનાં જૂઠાણાંનો પર્દાફાશ કરતા પ્રશ્નોની ઝડી વરસાવે... બિચારા નેતાઓને મૂંઝવી નાખે!

અશ્વિનની સાથે જ બીજા એક કાર્યકર શ્રી ભૂપેન્દ્રભાઈ હોય જ. તેઓ પણ પરિવારની અનેકવિધ જવાબદારીઓ હોવા છતાં કોઈ પણ કામમાં પાછા ન પડે. શ્રી ભૂપેન્દ્રભાઈનાં એક પુત્રી કલ્પનાબહેન પણ બધા જ કામમાં ખડે પગે તૈયાર જ હોય.

લંડનમાં પણ અવારનવાર નાનાંમોટાં પ્રદર્શનોના આંદોલનાત્મક કાર્યક્રમો દ્વારા વિશ્વનું ધ્યાન આકર્ષિત કરવાનો એક પ્રયત્ન થયો. આવા આંદોલનાત્મક કાર્યક્રમોના સંગઠનની સંપૂર્ણ જવાબદારી ખેડા જિલ્લામાંથી વર્ષો પહેલાં લંડન પહોંચેલા શ્રી જયંતીભાઈ પટેલે સંભાળી. વિદેશમાં જન્મેલ અને અગાઉ પોતાની માતૃભૂમિનાં દર્શન કદી પણ નહોતાં કર્યાં એવા એક ભાઈ શરદ શાહે એક વર્ષ લગાતાર સંઘર્ષકાર્યમાં જ ખર્ચ્યું. યુગાન્ડાથી લંડન આવી વસેલ શ્રી ગિરીશભાઈ પટેલ, શ્રી જે. સી. પટેલ, શ્રી હસમુખ પટેલ વગેરે પણ ક્યાંય પાછળ ન રહ્યા. એક સંદેશો મળતાં જ શ્રી હસમુખ પટેલ અને શ્રી જે. સી. પટેલે શ્રી મકરંદભાઈ માટેની વિદેશપ્રવાસની ટિકિટ કઢાવીને મોકલી આપી હતી.

બી.બી.સી. લંડનના હિન્દી કાર્યક્રમોમાં સૌથી વધારે જાણીતા થયેલા શ્રી રત્નાકર ભારતીયનાં પત્ની શ્રીમતી પૂર્ણિમાબહેન ભાવનગરના ગુજરાતી પરિવારનાં પુત્રી છે. સંઘર્ષરત સૌ કોઈની આગતાસ્વાગતામાં તેમણે પણ કદીયે કચાશ રાખી નહોતી.



www.babaisraeli.com

લેસ્ટરમાં રહેતા એક ગુજરાતી બંધુ શ્રી કોટેચા ખૂબ જ ભાવનાશાળી વ્યક્તિ! આ સંઘર્ષમાં વધુમાં વધુ મદદ કરવા માટે તત્પર! શરૂઆતમાં સમય ઓછો મળે. કામ ન કરી શકવાનું દુઃખ પણ ઘણું. અંતે રાતપાળીની નોકરી મેળવી. રાત્રે નોકરી કરવાની અને દિવસ દરમ્યાન સંઘર્ષરત રહેવું. એમણે રાતદિવસ ઉજાગરાની થતી અસરની કશી પરવા જ ન કરી... બસ, વણથંભી કૂચ જ ચાલુ રાખી.

શ્રી મકરંદભાઈના તંત્રીપદે શરૂમાં લંડનમાંથી અને પાછળથી અમેરિકામાંથી એક અંગ્રેજી પખવાડિક 'સત્યવાણી'નો પ્રારંભ થયો. લંડનમાં વસતા એક ગુજરાતીએ નવા જ શરૂ કરેલ પ્રેસનું ઉદ્ઘાટન પણ 'સત્યવાણી'નો પ્રથમ અંક છાપીને જ કર્યું.

'સત્યવાણી'ના સમાચારોનો પુરવઠો ભારતમાંથી પહોંચતો હતો અને 'સત્યવાણી'ની સેંકડો નકલો ભારતમાં પહોંચી જતી હતી. આ ઉપરાંત વિશ્વના જે કોઈ અખબારમાં ભારતની કટોકટી અંગે સમાચાર આવ્યા હોય તે બધાં જ કટિંગ્ઝની ફોટોસ્ટેટ નકલો ભારતમાં આવતી. વિશ્વનાં બધાં છાપાં ખરીદવાનું તો શક્ય નહોતું... આથી એક વિશેષ યોજના બનાવવામાં આવી હતી. લંડનમાં વસતા પરિવારોના દીકરાદીકરીઓને દરેકને એક એક લાઇબ્રેરી સોંપવામાં આવી હતી. તેમણે નિયમિત લાઇબ્રેરી પર પહોંચી, જે અખબારોમાં ભારતના સમાચારો હોય તે શોધવાના રહેતા. ત્યાંની લાઇબ્રેરીમાં ફોટોસ્ટેટ નકલ માટેનાં મશીન પણ હોય છે (આપણે ત્યાં વજન કરવાનાં મશીન હોય છે તેમ). સમાચાર મળી જાય તો તેમાં મુકરર કરેલ 'કૉઇન' (સિક્કો) નાખવાથી સંબંધિત સમાચારોની ફોટોસ્ટેટ નકલ મળી જાય. આ સાહિત્ય ભારત પહોંચતું. અહીં તેની વધારે નકલો તૈયાર કરી મુખ્ય મુખ્ય લોકો સુધી પહોંચાડવામાં આવતી. વિદેશમાં વસતા ગુજરાતીઓની ચહલપહલ નોંધપાત્ર બની હતી અને માટે જ એ બધા પર દબાણ લાવવા ભારતમાંથી અનેક મંત્રીઓ ઉપરાંત બે ગુજરાતી આગેવાનો શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ અને શ્રી જયસુખલાલ હાથીને ઇંગ્લૅન્ડ મોકલવામાં આવ્યા હતા. શ્રી દેસાઈને અનેક સંસ્થાઓ તરફથી શ્રી મકરંદભાઈ દેસાઈ સાથે એક જ પ્લૅટફૉર્મ પર આવી પ્રવચન કરવા નિમંત્રણો આવ્યાં, પરંતુ તેઓ હિંમત ન કરી શક્યા. તેમણે પોતપોતાના અલગ કાર્યક્રમો ગોઠવ્યા (હિતુભાઈ અને શ્રી હાથીએ). તેમાં પણ તેમની ફજેતીઓ થઇ અને સફળતા મળી નહીં! આથી ધીમે ધીમે તેમણે જાહેરમાં આવવાનું જ છોડી દીધું. હોંશેહોંશે લંડન પહોંચેલા બિચારા હિતેન્દ્રભાઈને તેમના ઇંગ્લૅન્ડના રોકાણ દરમ્યાન 'under ground' જ રહેવું પડ્યું.



www.babaisraeli.com

થોડાક સમય પછી મકરંદભાઈની ગતિવિધિનું મુખ્ય મથક અમેરિકા બન્યું. હવે 'સત્યવાણી' પણ અમેરિકાથી પ્રસિદ્ધ થતું હતું. અમદાવાદના પ્રસિદ્ધ ખાડિયાનો મહેતા પરિવાર (સર્વશ્રી મહેશ મહેતા, સુભાષ મહેતા, રાગિણીબહેન વ.) અમેરિકામાં મકરંદભાઈનો યજમાન બન્યો. ન્યૂ જર્સીનું મહેશભાઈનું ઘર વિદેશમાં ચાલતી ચળવળનું એક વધુ કેન્દ્ર બની ગયું. અમેરિકામાં વસતા પારસી સદ્‌ગૃહસ્થ ડૉ. ફરૂક પ્રેસવાળાએ ભારતના નાગરિકો પર જેલમાં થતા ટૉર્ચરની સવિસ્તર માહિતી 'યુનાઇટેડ નેશન્સ હ્યૂમન રાઇટ્સ ઍસોસિયેશન' સામે રજૂ કરી. આ માહિતીમાં ટૉર્ચર થયેલ વ્યક્તિનું નામ, તેની ઉંમર, જ્યાં ટૉર્ચર થયેલ તે જેલ અથવા પોલીસમથકનું સરનામું, ટૉર્ચરની તારીખ અને ટૉર્ચર માટે અખત્યાર કરવામાં આવેલ પદ્ધતિનું પૂરેપૂરું બયાન હતું. ભૂગર્ભવ્યવસ્થા દ્વારા જ આ વિગતો વિદેશમાં પહોંચતી કરવામાં આવી હતી. આ વિગતો એટલી ચોક્કસ હતી કે તેની સામે સરકારનું કોઈ જૂઠાણું ચાલી શકે તેમ નહોતું.

શ્રી મહેશ મહેતાનો પરિવાર સંઘર્ષની અમેરિકાની પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યો. તેમના પરિવાર સાથે જ રહેતાં બહેન અંજલિ પંડ્યા એક સારાં આર્ટિસ્ટ હોઇ 'સત્યવાણી'ના પ્રકાશનમાં તેમનું વિશેષ યોગદાન રહેતું. અંજલિબહેન પણ મૂળ ખાડિયાનાં... અતિ સંવેદનશીલ... દૂર બેઠાં પણ ભારતની બીજી આઝાદીના સંગ્રામમાં સક્રિય ફાળો આપતાં હોવા છતાં મનને સંતોષ નહીં! એક કદમ આગળ વધવાનો તેમણે નિર્ણય કર્યો. ભોજનમાં ભાત વગર એક પણ દિવસ ન ચાલે તેવાં આ ગુજરાતી બહેને ભાત ન ખાવાનું વ્રત લીધું. સંપૂર્ણ વિજય પછી જ તેઓ ભાત જમ્યાં. હજારો માઇલ દૂર બેઠેલ આ ભારતીયોના હૃદયમાં ભારતનું સ્થાન પણ અનેરું જ હશે ને!

અમદાવાદના વતની અને ન્યૂયૉર્ક સ્ટેટમાં ધીકતી પ્રૅક્ટિસ ધરાવતા ડૉ. મુકુંદભાઈ મોદીએ પોતાના ધંધાની કદીયે પરવા ન કરી. નાના-મોટા બધા જ કાર્યક્રમોમાં તેમની હાજરી હોય જ. શ્રી મુકુંદભાઈએ લડતમાં સક્રિય રહેવા ઉપરાંત અમેરિકાની ચળવળના ભામાશા તરીકેનું કામ પણ કર્યું. તેમણે પોતે આ લડતમાં રૂ. એક લાખની રકમ ખર્ચી. વિદેશમાં વસતા ભારતીયોમાં FISIનું નામ એટલું પ્રચલિત બન્યું હતું કે બૉસ્ટનના કેટલાક યુવાનોએ જાતે જ આ સંસ્થાનો પ્રારંભ કરી દીધો. અમેરિકામાં ગુજરાતી પરિવારો પણ ઘણા! બધાયનું કાંઈક ને કાંઈક યોગદાન તો હોય જ. ડૉ. હસમુખ શાહ તથા સર્વશ્રી અશોક ઝવેરી, કલા ઝવેરી,



www.babaisraeli.com

મધુ ઉપાધ્યાય જેઓ ત્યાંથી FISIની ઑફિસ સંભાળતાં, પ્રાણજીવન પટેલ, મહેશ શાહ, જયંત શાહ વગેરે અનેક ગુજરાતી બંધુઓ આ લડતમાં અગ્રણી બન્યા. શિકાગોમાં વસતા શ્રી બાબુભાઈ જ. પટેલના સુપુત્ર કિરીટ પટેલ અને વડોદરાના શ્રી ચંદ્રકાંત મહેતાના સુપુત્ર પણ લડતના સહયોગી બન્યા.

આ ઉપરાંત પણ દુનિયાના ઘણા દેશોમાં વસતા ગુજરાતીઓ મેદાનમાં આવ્યા. હૉંગકૉંગના શ્રી અનિલ પોટા FISIના ઉપપ્રમુખ તરીકે કામ કરતા રહ્યા. ટાન્ઝાનિયાના શ્રી બાબુભાઈ પટેલનું યોગદાન પણ નોંધપાત્ર હતું. આમ ભારતમાં પરિવર્તન લાવનાર સંઘર્ષકાર્યમાં વિદેશમાં વસતા સૌ ભારતીયજનો સાથે ગુજરાતી પરિવારો પણ અગ્રેસર રહ્યા. અનેકવિધ મોરચે મોખરે રહીને તેમણે કામ કર્યું...દૂર રહીને પણ ભારતમાતાની સેવા કરી તેઓ સૌ કૃતજ્ઞ થયા.



www.babaisraeli.com

# ભૂગર્ભ માર્ગો દ્વારા સૌપ્રથમ વિદેશ પહોંચનાર ભૂગર્ભ નેતા શ્રી...નો નૈરોબીથી લેખક પરનો સાંકેતિક ભૂગર્ભ પત્ર

ॐ

पूज्य [redacted]जी, सादर चरणस्पर्श।

आशा है आप सभी सकुशल सानंद होंगे। आपका मेरे पत्रके उत्तरमें पत्र पाकर आनंद हुआ। साधना का प्रकाशन पुनः प्रारंभ हुआ यह जानकर यहां सभीको प्रसन्नता हुई। आशा है उसका प्रेषण यथापूर्व ही उपरोक्त पोस्टबॉक्स के पतेपर प्रारंभ हो जायेगा। उसका शुल्क जो पुराने हिसाबमें है वैसाही चलेगा अथवा उसकी व्यवस्था भी अलगसे करनी होगी यह कृपया लिख दें ताकि वैसी व्यवस्था यहांसे कर सकेंगे।

यहांके प्रमुख समाचार पत्र नेशन में उधरके कुछ समाचार छपते रहते हैं उनके नमूने आप चाहेंगे तो भेजे जा सकते हैं।

बडे स्वामी जी [illegible] के पास पहुंच गये यह फोनपर पता चला। उनके कारण उधर अब कितनीही उलटी सीधी लहरें उठ रही होंगी। क्रिया-प्रतिक्रिया तो चलतीही रहती है। उसको तटस्थ के नाते देखनेमें आनंद रहता है। भवसागरका यही तमाशा है।

यहांसे अपने परिचित कुछ विद्यार्थी बालक सेवक ~~[illegible]~~ Tamana Taro के माध्यमसे ~~आ रहे~~ हैं। ~~[illegible]~~ आपके दर्शन हो सकेंगे तो लाभान्वित होंगे। ~~उन बंधुओंके नाम हैं श्री~~ परेश, चेतन, [illegible], निशीथ, दोषी आदि। वैसी पार्टी तो १०० की है। परंतु ये बंधु अपने घरोंकेही बालक हैं। उनसे मिलकर आपको भी प्रसन्नता होगी। ~~[illegible]~~ पुरोगामी जनतक आवश्यक मार्गदर्शन कर सकेंगे। ~~[illegible]~~ ~~[illegible]~~ हो सकेगी तो उत्तम। वहां अपनेतो संबंधित है ही।

शेष सब प्रभुकृपा। तत्त्वतः [illegible] [illegible] [illegible] सबको [illegible] [illegible] [illegible] सादर [illegible]।

पुस्तक यहां हमने [illegible] [illegible] [illegible]। कोई भी भेजे हैं।


[illegible]

[illegible]



www.babaisraeli.com

## ડૉ. સ્વામીનો ન્યૂયૉર્કથી લેખક પર આવેલ સાંકેતિક ભૂગર્ભ પત્ર



ॐ

[illegible] १०, १९७५

बन्धुवर स्वामी जी

नमस्कार

[illegible] आपका पत्र मुझे प्राप्त हुआ। [illegible] कारण आपको उत्तर न दे [illegible]

आज [illegible] आपको पत्र लिख रहा हूँ।

[illegible]

शेष कुशल। मेरी ओर से सबको नमस्कार कहें।



www.babaisraeli.com

# વિદેશ પહોંચેલ શ્રી મકરંદભાઈના ભૂગર્ભ માર્ગે દ્વારા પહોંચેલ પત્રો

**Makarand Desai**
B.E., B.M. (STRUC), C.A., M.I.T.(U.S.A.)

[illegible]

[illegible] World Opinion [illegible]

[illegible] Friends of India Society [illegible]

[illegible] T.V. [illegible]

[illegible]

[illegible] Friends of India Society [illegible]

[illegible]

[illegible]

c/o 88, FRIARS WOOD
FOREST DALE
PIXTON WAY
CROYDAN. SURREY
ENGLAND.



www.babaisraeli.com

# શ્રી. મકરંદભાઈનો પત્ર

૧૬/૭/૭૬

ભાઈશ્રી નરેન્દ્ર,

તમારા પત્રો-નિવેદનો મળતા રહે છે. તમારું આયોજન વ્યવસ્થિત અને સુંદર છે. અહીં મારી [illegible] અને [illegible] ના [illegible] [illegible] BBC [illegible] છે. [illegible] સમાચારો [illegible] લગાવ્યું છે. [illegible] મોકલાશે.

[illegible] ગુજરાતની હકીકત [illegible] મોકલાશે. સાથે, ગુજરાત [illegible] ની [illegible] આ બધું [illegible] ભારત માં મોકલાશે. [illegible] હવે તમારે [illegible] ભારત ના [illegible] [illegible] થશે. [illegible] [illegible].

[illegible] JP ની [illegible] ના સમાચાર [illegible] છે. [illegible].

[illegible] [illegible].

[illegible] [illegible] ના [illegible] [illegible] છે.

[illegible] ના [illegible] UNSTABLE છે. [illegible] ભારત [illegible] [illegible] [illegible] ! [illegible] [illegible] ના [illegible] [illegible]

/ મ. મકરંદ



www.babaisraeli.com

# શ્રી મકરંદ દેસાઈનો પત્ર

[illegible]

[illegible] [redacted] [illegible] [redacted] [illegible]

[illegible] [redacted] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

વિદેશમાં પ્રસિદ્ધ થતું 'સત્યવાણી'... શ્રી મકરંદ દેસાઈ
એના તંત્રી હતા


SATYAVANI
VOICE OF TRUTH
Friends Of India Society International Publication Vol 1 NO 12
HOW TO BE A DICTATOR-LEGALLY
Mrs. Gandhi's Failure Or The Price Profit

SATYAVANI
VOICE OF TRUTH
Friends Of India Society International Publication Vol 1 No 17
FEBRUARY 25, 1977
ELECTION CAMPAIGN
Janata Party Lists 12-Points Program
Warm Welcome For Makarand Desai

SATYAVANI
VOICE OF TRUTH
Friends Of India Society International Publication Vol 1 NO 15
FEBRUARY 15, 1977
ELECTIONS
REFLECTIONS
Democracy In A Poor Country
WHAT DO WE WANT?
A Time Bomb Ticks Away In India

- SATYAVANI -
VOICE OF TRUTH
Friends Of India Society International Publication Vol 1 No 16
FEBRUARY 18, 1977
RIGGING THE ELECTIONS: THE NEW 5-POINTS PLAN
PEOPLE'S UNION FOR CIVIL LIBERTIES

- SATYAVANI -
VOICE OF TRUTH
Friends Of India Society International Publication Vol 1 No: 6
THE GROWING TOGETHERNESS
LET THE PEOPLE SPEAK
Deaths Over Sterilization



www.babaisraeli.com

## વિદેશી અખબારોમાં અને નાનાંમોટાં પત્ર-પત્રિકાઓમાં પ્રગટ થતા ભારતના સમાચારોનાં કટિંગ્ઝ ભારતમાં ઠેર ઠેર પહોંચતાં!






www.babaisraeli.com

# વણથંભી લડાઈમાં બૌદ્ધિકો

ગુજરાતના સંઘર્ષમાં ગુજરાતના ન્યાયતંત્રે પણ આગવી ભાત પાડી છે. દેશભરમાં ડી.આઈ.આર. – અંતર્ગત પકડાતા કાર્યકરોને પણ જામીન પર છોડવામાં નહોતા આવતા; ત્યારે ગુજરાતમાં કટોકટી પછી જેમની ધરપકડ કરવામાં આવી તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને અન્ય પ્રતિબંધિત સંસ્થાઓના કાર્યકરોને તરત જ જામીન પર છોડવામાં આવ્યા હતા. કેસ ચલાવ્યા પછી આ બધા જ કાર્યકરોને નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા. સંઘ પર પ્રતિબંધને કારણે ગુજરાતનું સંઘનું પ્રમુખ કાર્યાલય સરકારે જપ્ત કર્યું હતું. આ મકાન 'ડૉ. હેડગેવાર સ્મારક સમિતિ'ની માલિકીનું હોઈ ટ્રસ્ટના પ્રમુખ શ્રી વિશ્વનાથ વણીકરે કોર્ટમાં રજૂઆત કરતાં વિદ્વાન ન્યાયમૂર્તિ શ્રી દામાણીએ સરકારના પગલાને ગેરવાજબી ઠેરવી, એ મકાન ટ્રસ્ટના માલિકોને પરત સોંપવાનો હુકમ કર્યો હતો. પ્રતિબંધિત સંસ્થા જમાતે ઇસ્લામીએ ગુજરાત હાઈકોર્ટમાં પ્રતિબંધ ગેરકાયદે હોવાના મતલબની એક ફરિયાદ કરી હતી, જે સુનાવણી માટે મંજૂર રાખવામાં આવી.

૨૬મી જુલાઈએ અમદાવાદમાં નારણપુરા વિસ્તારમાં યોજાયેલ જાહેર સભાના વક્તાઓ સામે પોલીસે સરકાર વિરુદ્ધ બેદિલી ફેલાવવાનો કેસ કર્યો હતો, પરંતુ વિદ્વાન ન્યાયમૂર્તિ શ્રી દામાણીએ વક્તાઓને નિર્દોષ છોડતાં પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે "લોકો શાંતિપૂર્વક આંદોલન કરીને સરકારની નીતિ બદલવા ફરજ પાડે તે લોકોનો હક છે અને મૂળભૂત

૨૧



www.babaisraeli.com

અધિકાર છે અને તેથી તહોમતદારોએ સરકારની નીતિ બદલવા માટે લોકમત કેળવવા સભા ભરી જે ભાષણો કર્યાં છે તે ભાષણો દેશની સલામતી માટે ભયરૂપ નથી."

ભારતમાં સેન્સરશિપને પડકારવાનું સૌપ્રથમ પગલું 'સાધના'એ લીધું. 'સાધના'ને 'કટોકટી વિશે પુનઃવિચારણા કરો'નો લેખ ન છાપવા દેવાનો સેન્સરનો હુકમ ગેરકાયદે હોઈ તેને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો. ચીફ જસ્ટિસ શ્રી બી. જે. દીવાન અને શ્રી પટેલની બેન્ચે પ્રારંભિક સુનાવણી પછી અરજદારોની અરજી માન્ય રાખી. કોર્ટનું વલણ જોઈ પાછળથી સેન્સરે પોતાનો હુકમ પાછો ખેંચ્યો અને આ લેખ ૧૫ ઑગસ્ટ '૭૫ના અંકમાં છપાયો, જેને બહોળી પ્રસિદ્ધિ મળી.

૨૫મી ઑગસ્ટે લોકસંઘર્ષ સમિતિના કાર્યકરોએ સેન્સર ઑથોરિટીની કચેરી સામે મુદ્રક, પ્રકાશક અને તંત્રી તરીકે પોતાનું નામ લખી 'મુક્ત નાગરિક પત્રિકા'નું વાચન કર્યું... પરિણામે તેમની ધરપકડ કરવામાં આવી હતી. મેટ્રોપોલિટન મૅજિસ્ટ્રેટ શ્રી એસ. બી. વોરાએ બધા જ સત્યાગ્રહીઓને નિર્દોષ છોડતાં પોતાના ચુકાદામાં સરકારની ટીકા કરતાં કહ્યું, "આ રીતે કાયદાની જોગવાઈનો અર્થ ઘટાવીશું તો ધારાના હાર્દને આપણે મચડી નાખીશું. 'સવિનય કાનૂન ભંગ' એ તો મહાત્માજીનો આ દેશને અમર વારસો છે. પત્રિકામાં આ પ્રકારનો જ પડઘો ઊઠે છે, તો એ ગુનાઇત છે એમ માનવા આ કોર્ટ જરા પણ તૈયાર નથી. દેશની લોકશાહી જ્યાં સુધી અખંડ છે ત્યાં સુધી વ્યક્તિનું મહત્ત્વ નથી. વ્યક્તિ તો આજે છે અને કાલે નથી, જ્યારે દેશની લોકશાહી અમર છે અને લોકશાહી સરકાર અજરામર છે."

રાજકોટના ન્યાયમૂર્તિશ્રીએ ૪-૧૧-'૭૫ના રોજ આપેલ એક ચુકાદામાં જણાવ્યું કે આઝાદીનું જતન કરવાની અને દેશની આંતરિક સલામતી જોખમાય નહીં તેની કાળજી રાખવાની દરેક ભારતીય નાગરિકની ફરજ છે, પરંતુ એનો અર્થ એવો ન થાય કે સરકારના કોઈ પણ પગલાની વાજબી ટીકા ને વિરોધ ન થઈ શકે. સુરેન્દ્રનગરના ન્યાયમૂર્તિ શ્રી ભટ્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે "તેમણે સૂત્રો પોકાર્યાં હતાં અને જાહેરમાં પત્રિકા વાંચી હતી, જે સરકારી પગલાં સાથે અસંમતિ દર્શાવે છે. સાર્વભૌમ પ્રજાસત્તાકમાં દરેકને સરકારી નીતિમાં અસંમત થવાનો અધિકાર છે અને એટલા માટે લોકમત કેળવવા શાંતિપૂર્વક અહિંસક રીતે વર્તન કરે તો એ કંઈ ઉશ્કેરણી ન કહેવાય. આવા કોઈ દેખાવો પ્રતિબંધિત નથી."



www.babaisraeli.com

સેન્સરશિપના તો કોઈ ગેરકાયદા ગુજરાતમાં ટકી શક્યા નહીં. ડગલે ને પગલે કોર્ટમાં પડકારાતી સેન્સરની મનસ્વી વર્તણૂક અને નિર્ભીક ચુકાદાઓની જાણે હારમાળા જ હતી. સેન્સરશિપને લગતો એક ઐતિહાસિક ચુકાદો પણ ગુજરાત હાઈકોર્ટના બે ન્યાયવિદો શ્રી મહેતા અને શ્રી શેઠની બેન્ચે આપ્યો. આ લાંબો ચુકાદો અખબારી સ્વતંત્રતાનો માર્ગ સમજવામાં પણ ઘણો ઉપયોગી નીવડે તેવો છે. એક પછી એક આવતા વિરોધી ચુકાદાથી અકળાઈ સરકારે ન્યાયમૂર્તિઓની બદલીનું પગલું ભર્યું. દેશભરમાં બદલી કરવામાં આવેલ ચૌદ ન્યાયધીશોમાં ગુજરાતના શ્રી બી. જે. દીવાન, શ્રી ટી. યુ. મહેતા અને શ્રી સાંકળચંદ શેઠનો પણ સમાવેશ થતો હતો. ન્યાયમૂર્તિ શ્રી શેઠે સરકારના મનસ્વી પગલાને કોર્ટમાં પડકાર્યું. આ કાનૂની લડાઈ માટે શ્રી સિરવઈ આગળ આવ્યા હતા.

બરેલી બેન્ચે લંબાણભરી સુનાવણી પછી જસ્ટિસ શ્રી જે. બી. મહેતા, જસ્ટિસ, શ્રી એ. ડી. દેસાઈ અને જસ્ટિસ શ્રી ડી.એ.દેસાઈની બદલી કરવાનો રાષ્ટ્રપતિનો હુકમ ગેરકાયદે હોઈ રદબાતલ ઠરાવ્યો અને એ રીતે ન્યાયતંત્રની સ્વતંત્રતાનો ધ્વજ લહેરાતો રાખ્યો.

વ્યક્તિગત રીતે પણ જસ્ટિસ શેઠ ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે ગમે તે ભોગે લડી લેવાના મૂડમાં હતા. ગુજરાત હાઈકોર્ટ બાર એસોસિયેશન તરફથી યોજાયેલા વિદાયસમારંભમાં તેમણે સ્પષ્ટ કહ્યું કે મારી બદલી ગમે ત્યાં કરવામાં આવે, કદાચ ન્યાયમૂર્તિની જવાબદારીમાંથી ફારેગ કરવામાં આવે, તો પણ હું અંત સુધી ન્યાયતંત્રને ગુલામ બનતું અટકાવવા માટે પ્રયત્નશીલ રહીશ.

## ગુજરાતનું બુદ્ધિધન

આ સંઘર્ષમાં ગુજરાતના બૌદ્ધિકોએ પણ આ સંઘર્ષ સાથે પગ મિલાવવાનો પ્રયત્ન કર્યો. કેટલાક આગળ ન આવી શક્યા, પણ તેમણે ચાપલૂસી કરવાનો લેશમાત્ર પણ પ્રયત્ન ન કર્યો. શ્રી મનુભાઈ પંચોળીએ જરાયે વિલંબ કર્યા વગર તેમને મળેલ તામ્રપત્ર પાછું વાળ્યું અને માટે જ તો તેમની પર ડી.આઈ.આર.નો કેસ પણ થયો. આ જ દિવસોમાં પ્રસિદ્ધ થયેલ નવલકથા 'સૉક્રેટીસ' જેલના સાથીઓનો માનસિક ખોરાક બની. શ્રી વજુભાઈ શાહ, શ્રીમતી જયાબહેન શાહ અને શ્રી મનુભાઈ પંચોળીની સહી સાથે 'કટોકટી અને નાગરિકોનું કર્તવ્ય' પત્રિકા ઠેર ઠેર પહોંચતી



www.babaisraeli.com

કરવામાં આવી.

ગુજરાતના અગ્રણી આગેવાન સંસદસભ્ય શ્રી માવળંકરે ૨૬ જૂનથી જ જાહેર રીતે પોતાનો વિરોધ પ્રગટ કરવા માંડ્યો. દેશમાં કટોકટીની જાહેરાત સાથે જ તેમણે બૅંગલોરમાંથી કટોકટી વિરુદ્ધનું અખબારી નિવેદન બહાર પાડ્યું :

'The worst fears have come true. The government action of declaring emergency and arresting Shri Jayprakash Narayan and several leaders, held in esteem by millions of our countrymen, is both preposterous and provocative. Today marks the blackest day in India's democracy, for it means the beginning of the end of rule of law and democratic functioning. All of us who love and adhere to democratic principles and practices must oppose the fascist and antipeople action of government. I have no doubt that the nation to a man will resist and stand up against such autocratic and dictatorial methods of government."

આમ કટોકટીના અંત સુધી તેમણે કટોકટી વિરુદ્ધ સક્રિય જેહાદ ચલાવી. સંસદમાં પણ તેમણે આક્રમક વલણ અખત્યાર કર્યું. શ્રી ઉમાશંકર જોશી પણ મેદાને પડ્યા. સંસદમાં તેમણે કટોકટી વિરુદ્ધનું અતિ સંવેદનશીલ વ્યાખ્યાન આપ્યું. PUCLની ગુજરાતમાં રચના કરી. તેમના તંત્રીપદે ચાલતું 'સંસ્કૃતિ' મૅગેઝીન છેવટ સુધી ચાલુ રહ્યું અને શબ્દની સ્વતંત્રતાનાં દર્શન કરાવતું રહ્યું. શ્રી રામલાલ પરીખ પણ ધરપકડ પહેલાં સક્રિય હતા.

વડોદરાના શ્રી જગદીશ શાહે પોતાના નામ સાથેની 'સર્વોદય પ્રેસ સર્વિસ' નામની એક પત્રિકા પ્રારંભ કરી. આ પત્રિકાનો પ્રસાર ભલે મર્યાદિત હતો, પરંતુ તેનાથી ઊભી થતી નિર્ભીક લાગણી ઘણી તીવ્ર હતી. આ પત્રિકાને કારણે જ શ્રી શાહને મિસામાં પકડવામાં આવ્યા. શ્રી નારાયણ દેસાઈનો સંઘર્ષકાળમાં ગુજરાતને ઘણો લાભ મળ્યો. તેમનું ગતિશીલ વ્યક્તિત્વ સંઘર્ષને વેગ આપવા માટે સતત સક્રિય હતું. ગુજરાતમાંથી यकीन નામના હિંદી અખબારનો પ્રારંભ કરી દેશભરમાં જાગૃતિ આણવાનો પ્રયાસ પણ કર્યો. ગુજરાતમાં તેમનાં બે પુસ્તકો 'સરમુખત્યારને ઓળખીએ' અને 'પ્રતિકારની પદ્ધતિઓ' ખૂબ પ્રચલિત બન્યાં.



www.babaisraeli.com

આ સંઘર્ષમાં શ્રી સી. ટી. દરુનું નામ સુવર્ણકડી જેમ જોડાયેલું છે. માનવતા પર થતા વજ્રાઘાતો સામે તેમને પોતાના સર્વસ્વને હોડમાં મૂકી જંગ આદર્યો. રાજકારણ સાથે કશીયે લેવાદેવા તેઓને ન હોવા છતાં તેઓ મૂલ્યોના જતન કાજે ઝઝૂમતા રહ્યા. સરકારના સેન્સરશિપના અન્યાયી કાયદાને તો તેઓ થકવીને જ રહ્યા. વિશ્વની માનવતાવાદી વ્યક્તિનું સોહામણું બિરુદ પામનાર શ્રી વી. એમ. તારકુંડેએ હમણાં જ તેમના એક પ્રવચનમાં શ્રી દરૂનો ઉલ્લેખ કરતાં કહ્યું, "ભારતમાંથી 'વિશ્વની માનવતાવાદી વ્યક્તિ' તરીકે પસંદ કરવા માટે બે વ્યક્તિઓનાં નામ પસંદ થયાં હતાં. બીજી વ્યક્તિ શ્રી દરુ હતા, પરંતુ હું (તારકુંડે) સીનિયર હોવાને કારણે આ માન મને મળી ગયું."

શ્રી દરુસાહેબની આ સેવાઓની નોંધ સમગ્ર દેશે લેવી પડે તેવી ઉમદા હતી. જેલવાસ દરમ્યાન પણ તેમણે બંધારણસુધારાવિષયક પુસ્તક અને લેખો લખ્યા, જેની અસર સત્તાધારીઓ ઉપર સારી એવી પડી.

શ્રી બી. કે. મજમુદારે પણ વધતી જતી ઉંમર અને સ્વાસ્થ્યની પરવા કર્યા વગર પ્રતિકાર જાળવી રાખ્યો. તેના ઇનામમાં તેમને મિસા મળ્યો. લાંબા સમય સુધી સુરતની જેલમાં તેમને એકલાને રાખવામાં આવ્યા.

'સાધના' સાપ્તાહિકના તંત્રી શ્રી વિષ્ણુભાઈ પંડ્યાએ 'સાધના'ના માધ્યમ દ્વારા તો જંગ માંડ્યો જ હતો. સાથે સાથે તેમના પુસ્તક 'હથેળીનું આકાશ'ને મળેલ પુરસ્કાર તેમણે સરકારને પાછો વાળ્યો હતો. 'ગુજરાત સમાચાર'ના ચંદ્રકાંત શાહની દિલ્હીની કૉલમ બંધ પડી. તેમને દિલ્હી છોડવું પડ્યું. કલકત્તામાં વસતા શ્રી શિવકુમાર જોશી પણ ચૂપ ન રહ્યા. વડોદરાના શ્રી સુરેશ જોષી 'જનસત્તા' દૈનિકમાં છપાતા 'માનવીનાં મન'ને ચેતનવંત રાખતા રહ્યા. તેમને મળેલો શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક તેમણે જયપ્રકાશ સ્વાસ્થ્ય નિધિમાં આપી દીધો. 'જનસત્તા'માં છપાતાં શ્રી શિવ પંડ્યાનાં કાર્ટૂનો જનતામાં ધારી અસર કરતાં હતાં. જનસત્તાના 'અક્ષરની આબોહવા' વિભાગમાં ડૉ. રમણભાઈ જોશી (ગુજરાત યુનિ. ભાષાવિભાગના વડા)એ પોતાના લેખોમાં નવજાગૃતિનો પ્રયાસ કર્યો. કટોકટી પછી ૧૪ સપ્ટે. '૭૫ના તેમના લેખમાં તેમણે "પઢો રે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે"ના વાક્ય સાથે શબ્દની સ્વતંત્રતા ઉપરની તાનાશાહી આફતનો સુંદર ચિતાર આપ્યો. 'સરસ્વતીચંદ્ર'નાં કેટલાંક વાક્યો પરિસ્થિતિનો પડકાર ઝીલવાની પ્રેરણા આપે તે રીતે આ લેખમાં



www.babaisraeli.com

વણી લેવાયાં. વળી એક લેખમાં 'નવોદિત વિવેચકો માટે ૨૦ મુદ્દાનો કાર્યક્રમ' મથાળા નીચે કટોકટીનો ઉપહાસ પણ કર્યો. વળી "પીનલ કોડની જેમ સાહિત્ય માટે કાયદો કરી શકાય નહીં' એવો દૃઢ મત પણ વ્યક્ત કર્યો. મુંબઈમાં ચાલતા લેખકો, કવિઓ, નવલકથાકારોના સંગઠન PEN તરફથી કરવામાં આવેલ કટોકટી વિરુદ્ધના ઠરાવમાં શ્રી રમણભાઈ જોશીએ પોતાની સંમતિ પણ આપી. સર્વશ્રી રઘુવીર ચૌધરી, શ્રી વરદરાજ પંડિત, રાજેન્દ્ર શુક્લ, કનુભાઈ ભટ્ટ, બિપિન મેસિયા વગેરેનાં કાવ્યો પણ તેમની પ્રતિક્રિયા આપતાં રહ્યાં. સર્વશ્રી બબલભાઈ મહેતા, યશવંતભાઈ શુક્લ, ઈશ્વર પેટલીકર, વિનોદ ભટ્ટ વગેરેએ પણ પોતાનાં લખાણોમાં લોકશિક્ષણની પ્રક્રિયા જારી રાખી.

પ્રા. કે. ડી. દેસાઈ, પ્રા. જયંતીભાઈ પટેલ, પ્રા. પ્રવીણ શેઠ, શ્રી વાસુદેવ મહેતા, શ્રી દેવેન્દ્રભાઈ ઓઝા (સંદેશ : 'વનમાળી વાંકો') વગેરે પણ પ્રવૃત્તિમાં સામેલ થયા. આ સિવાય પણ જેમનો ઉલ્લેખ અહીં શક્ય નથી બન્યો એવા અનેકો ફક્ત મૂલ્યોના જતન કાજે છેવટ સુધી લડતા રહ્યા.

## અખબારી સંઘર્ષ

ગુજરાતનાં અખબારોએ કટોકટીના કાળમાં પણ ઘૂંટણ ટેકવાનું કદી પસંદ કર્યું નહીં. કેટલાકે સરકારની ભાટાઈ કરવાને બદલે તક મળ્યે કંઇક ને કંઇક સત્ય લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો તો કેટલાકે સેન્સરશિપ સામે સીધો જ જંગ માંડ્યો. ઇકબાલ વરખવાળાના તંત્રીપદે ચાલતું જમાતે ઇસ્લામીનું 'શાહીન' પ્રારંભથી જ બંધ પડ્યું. તેનું પ્રેસ જપ્ત કરવામાં આવ્યું અને તંત્રી સહિત ટ્રસ્ટીઓની ડી.આઈ.આર.હેઠળ ધરપકડ કરવામાં આવી. 'મિલાપ'નો જૂન '૭૬નો અંક છાપનાર 'સરસ્વતી પ્રેસ' જપ્ત કરાયું. છાપખાનાના માલિકને પણ પકડવામાં આવ્યા. 'મિલાપ'ના ગ્રાહકોના ઘરની ઝડતી લઈ અંકો જપ્ત કરાયા. 'વિશ્વમાનવ' અને 'ખેડૂતસાથી'ને અવારનવાર ચેતવણી આપવામાં આવી. કૉંગ્રેસપત્રિકા, 'નિરીક્ષક', 'માનવસમાજ' વગેરે બંધ પડ્યાં. વિદ્યાનગરમાંથી પ્રા. શ્રી સુરેશભાઈ અમીનના તંત્રીપદેથી પ્રસિદ્ધ થતું 'વિચારવલોણું' ડી.આઈ.આર.માં ઝડપાયું. બાલાસિનોરથી ચંપાબહેન મોદીના તંત્રીપદે પ્રસિદ્ધ થતું 'લોકવીણા' પણ લડતું રહ્યું.

ગુજરાતનાં દૈનિક અખબારો પણ સરકારી સેન્સરશિપની નીતિની



www.babaisraeli.com

ખફ્રામરજીનો ભોગ બન્યાં. 'સંદેશ' ઉપર તો જાણે વેર લેવાનો પ્રયાસ થયો. સરકાર તરફથી અપાતી જાહેરખબરો બંધ થઇ. 'સંદેશ'ના તંત્રી શ્રી ચીમનભાઈ પટેલને તત્કાલીન માહિતીપ્રસારણમંત્રી શ્રી વિદ્યાચરણ શુક્લે રૂબરૂ મળી સરકારની ઇચ્છા મુજબ વર્તવાની વાત કરી અને તેમ ન થાય તો પરિણામ માટે તૈયાર રહેવાની ધમકી પણ આપી. અમદાવાદનું બીજું અખબાર 'જનસત્તા' અને રાજકોટનું 'ફૂલછાબ' પણ સેન્સરશિપના અન્યાયી ગેરકાનૂનના ભોગ બન્યાં. અખબારોએ ભાવિ આફતોની પરવા કર્યા વિના કોર્ટનાં દ્વાર ખખડાવ્યાં. ફરી એક વાર સેન્સરે પીછેહઠ કરી. પ્રીસેન્સરશિપનો હુકમ પાછો ખેંચાયો. આમ, ગુજરાતનાં દૈનિકોએ કોઇ પણ ભોગે સત્યને જનતા સુધી પહોંચાડવાનું ચાલુ રાખ્યું અને કટોકટી સામેનો વિરોધ શરૂશરૂમાં editorialની જગ્યા ખાલી રાખીને પ્રદર્શિત કર્યો હતો. સંદેશે ગાંધીજીની તસવીર સાથે 'સબકો સન્મતિ દે ભગવાન' લખી શ્રીમતી ગાંધીની સરકારને દિશાસંકેત પણ કર્યો.

સેન્સરશિપના નામે અમદાવાદના 'નવજીવન પ્રેસ'ને પણ સરકારે ન છોડ્યું. સેન્સરશિપ અંગેનો એક ચુકાદો શ્રી પ્રસન્નદાસ પટવારીએ તે પ્રેસમાં છપાવ્યો હતો, તે નિમિત્તે ગાંધીસ્થાપિત આ પ્રેસને સીલ કરવામાં આવ્યું. પોલીસે આડેધડ વ્યવહાર કરી મહાપુરુષોની તસવીરોની પણ આમન્યા ન રાખી. કુ.મણિબહેન પટેલની રૂમ...જ્યાં સરદાર પટેલનું સાહિત્ય સુરક્ષિત રાખેલ છે... તેની પણ ઝડતી કરી. બીજું એક પ્રેસ 'ધરતી મુદ્રણાલય' પણ આમ જ ભોગ બન્યું. મહેસાણાના એક પ્રેસને પણ સીલ મારવાના આદેશ છૂટ્યા હતા, પણ કોઈ અગમ્ય કારણે એનો અમલ થયો નહીં અને ચૂંટણીઓ પછી જરૂરી કાગળિયાં કરી કેસ ફાઇલ કરી દેવામાં આવ્યો!

મુંબઈથી પ્રસિદ્ધ થતા 'જન્મભૂમિ'એ પણ ક્યાંય પાછી પાની ન કરી. ૧૫મી નવેમ્બરના અંકમાં દેશવ્યાપી સત્યાગ્રહના સમાચારો છાપી બગાવતનો બૂંગિયો ફૂંક્યો. 'જન્મભૂમિ'ના બધા જ અંકો જપ્ત થયા. અને પછી તો પૂછવું જ શું? 'જન્મભૂમિ' સરકારની આંખે ચઢી ગયું. મુંબઈનું બીજું અખબાર 'જનશક્તિ' અને તેના તંત્રી શ્રી હરીન્દ્ર દવે પર શ્રીમતી ગાંધીની તસવીર છાપવા માટે સરકાર તરફથી ખૂબ દબાણ કરવામાં આવ્યું, પરંતુ તેમણે તેમની તસવીર છાપવા માટેની સ્પષ્ટ 'ના' કહી. ''જ્યાં સુધી 'જનશક્તિ'માં જે.પી. અને વિરોધપક્ષના નેતાઓના ફોટાઓ છાપવા દેવામાં નહીં આવે ત્યાં સુધી શ્રીમતી ગાંધીનો ફોટો પણ નહીં'' આ પ્રકારનો



www.babaisraeli.com

સણસણતો જવાબ શ્રી હરીન્દ્રભાઈની જવાંમર્દીને દાદ આપે તેવો હતો. આટલું જ નહીં, પણ તેમણે કટોકટીના અમલ દરમ્યાન શ્રીમતી ગાંધીની તસવીર ક્યારેક પોતાના અખબારમાં પ્રસિદ્ધ કરી નહોતી. શ્રી દવેનાં કાવ્યો અને લેખો પણ જનજાગરણની અહાલેક જગાવતાં રહ્યાં... પરંતુ આ અખબારોના સંઘર્ષને પણ અમુક મર્યાદાઓ હતી; પરિણામે તેમને વિરોધ અને સંઘર્ષ અનિવાર્ય કારણોસર સીમિત રહેતા હતા. પરંતુ આ મર્યાદાઓને ઓળંગીનેય જેમણે સંઘર્ષપથ જ પસંદ કર્યો હતો તેવાં અખબારોમાં 'સાધના' સાપ્તાહિક અને 'ભૂમિપુત્ર' દસવારિકનાં નામ અખબારી ઇતિહાસમાં સુવર્ણાક્ષરે ઝળકતાં રહેશે.

'સાધના' અને 'ભૂમિપુત્ર'નો ઇતિહાસ સંઘર્ષનો ઇતિહાસ રહ્યો. બંને અખબારના તંત્રીઓ અનુક્રમે શ્રી વિષ્ણુભાઈ પંડ્યા અને શ્રી ચૂનીભાઈ વૈદ્યને મિસા હેઠળ પકડવામાં આવ્યા હતા. 'ભૂમિપુત્ર'ના પ્રેસને ત્રણ વાર સીલ કરવામાં આવ્યું. પ્રેસ પાસેથી રૂા. ૨૫,૦૦૦ની સિક્યુરિટી માગવામાં આવી. 'ભૂમિપુત્ર'નો ઐતિહાસિક ચુકાદો સેન્સરશિપની પોકળતા પુરવાર કરનારો બન્યો. 'સાધના' અને 'ભૂમિપુત્ર'ની નકલો ભારતની બધી જ જેલોમાં પહોંચતી. 'ભૂમિપુત્ર'નું સરક્યુલેશન પણ વધીને ૧૭,૦૦૦ના આંકને વટાવી ગયું. 'યજ્ઞમુદ્રિકા' બંધ થતાં પ્રજાએ 'ભૂમિપુત્ર' ચાલુ રાખવા નવું પ્રેસ શરૂ કરવા માટે પૈસાનો ધોધ વહાવ્યો. 'અભયમુદ્રિકા'નો જન્મ થયો. તેને પણ નોટિસ અપાઇ. શ્રી ચૂનીભાઈ વૈદ્યની ધરપકડ પછી 'ભૂમિપુત્ર'નો તંત્રીવિભાગ સંભાળનાર શ્રી કાંતિભાઈ શાહને પણ હેરાન કરવાના પ્રયાસો થયા. વર્ષોથી 'અતુલ'માં રહેતા શ્રી કાંતિભાઈને તેમનું ઘર ખાલી કરવાનું કહેવામાં આડકતરી રીતે સરકારનો હાથ હતો.

બીજા એક અગ્રગણ્ય સાપ્તાહિક 'સાધના'નો સંઘર્ષ તો બે મોરચાનો હતો. સરકારના કાનૂનો 'સાધના'ને સાણસામાં ફસાવવા મથતા હતા. બીજી તરફ 'સાધના' સાથે ડંડાશાહીનું વલણ પણ અખત્યાર કરવામાં આવ્યું. કાનૂનના ખરા સ્વરૂપનું તો નામનિશાન પણ નહીં. 'સાધના'એ તો કટોકટીના પ્રારંભકાળથી જ સેન્સરશિપનો વિરોધ કરવાનો નિર્ણય કર્યો હતો... આથી સરકાર 'સાધના'ને છંછેડે એ પહેલાં તો 'સાધના' એ જ સરકારને છંછેડવાનો પ્રારંભ કર્યો! ઑગસ્ટ '૭૫માં એક લેખ લખાયો. કટોકટીની કાળી કથનીના ઇતિહાસ અને તીવ્ર વિરોધવાળો આ લેખ સેન્સરે પ્રસિદ્ધ કરવા માટે 'ના' કહી. 'સાધના' કૉર્ટના દ્વારે પહોંચ્યું. તેમાં તેનો વિજય પણ



www.babaisraeli.com

થયો ને લેખ છપાયો. નવચેતનાનો સંચાર થયો. એ પળથી જ 'સાધના'નું ભવિષ્ય અસ્થિર બન્યું. બીજી બાજુ, પહેલા વિરોધથી જ 'સાધના'નો આત્મવિશ્વાસ વધ્યો. 'સાધના'એ આક્રમક વલણ અખત્યાર કર્યું. જોખમોની તૈયારી સાથે દીપોત્સવી અંક 'લોકશાહી વિશેષાંક' તરીકે બહાર પાડ્યો. સરકારની નજરે આ અંકની બધી જ સામગ્રી રાજદ્રોહી લખાણોથી ભરપૂર હતી. સેન્સરની સૂચનાને અવગણીને 'લોકશાહી વિશેષાંક' છપાયો અને વાચકો સુધી પહોંચી પણ ગયો.

'સાધના'નો દરેક અંક નવો ઉત્સાહ લઇને બહાર પડતો, પણ 'સાધના' માટે નવાં સંકટો લાવીને. 'સાધના' એકમાત્ર અખબાર હતું, જેમાં દેશવ્યાપી સત્યાગ્રહના વિગતવાર સમાચારો છેવટ સુધી છપાતા રહ્યા. ગુજરાતની મોરચા સરકારનું પતન થયું એ પછીના બીજે જ દિવસે 'સાધના'ના તંત્રી શ્રી વિષ્ણુભાઈ પંડ્યાની ધરપકડ થઈ. અવારનવાર 'સાધના પ્રકાશન' મુદ્રણાલય પર દરોડા પડવા લાગ્યા. નરી દંડાશાહીનો ઉપયોગ શરૂ થયો, છતાંય 'સાધના' જીવતું રહ્યું. 'સાધના પ્ર. મુદ્રણાલય' જપ્ત કરવાની નોટિસો આવતી જ રહી. 'સાધના'ના એક માર્ગદર્શક ટ્રસ્ટી શ્રી લક્ષ્મણરાવજી ઇનામદાર (વકીલસાહેબ) ભૂગર્ભમાં હોઈ તેમને નોટિસ બજાવી શકાતી નહોતી. ગુજરાતનાં અને મહારાષ્ટ્રનાં અખબારોમાં નોટિસ છાપી તેમને જાણ કરવામાં આવી.

શ્રી વિષ્ણુભાઈની ધરપકડ પછી 'સાધના'નો તંત્રીવિભાગ શ્રી જગદીશભાઈ ભટ્ટે ખૂબ કુશળતાપૂર્વક અને હિંમતપૂર્વક સંભાળ્યો. 'સાધના'એ જુલાઈ ૧૯૭૬ સુધી તો વણથંભી કૂચ જારી રાખી–અલબત્ત, પોલીસની હેરાનગતિ સાથે!

જુલાઈના પ્રથમ સપ્તાહમાં 'સાધના'ને પ્રસિદ્ધ થતું અટકાવવા સરકારી ધાડાં પ્રેસ ઉપર ઊતરી પડ્યાં. આવનાર અધિકારીઓ પાસે કોઇ હુકમો કે વાજબી કારણો નહોતાં. દંડાના જોરે તેમણે 'સાધના'ને અટકાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. શ્રી કાંતિભાઈ મોદી...જેઓ 'સા. પ્ર. મુદ્રણાલય'ની વ્યવસ્થાના માર્ગદર્શક તરીકે વર્ષોથી સેવાઓ આપે છે... તેમણે સરકારને સામો પડકાર ફેંક્યો : "જ્યાં સુધી 'સાધના'ના એકેએક માણસને મિસામાં નહીં પૂરો ત્યાં સુધી તમારી દંડાશાહી અમને કોઇ પણ ભોગે અમારા સંઘર્ષપથ પરથી વિચલિત નહીં કરી શકે." બસ, પછી તો પૂછવું જ શું? શ્રી કાંતિભાઈ મોદી, 'સા. પ્ર. મુ.'ના મૅનેજર શ્રી પન્નાલાલ શાહ, મશીનમૅન શ્રી રમણભાઈ, એકાઉન્ટન્ટ શ્રી ગોવિંદરાવ ગજેન્દ્રગડકર અને બૉઇલર શ્રી પૂંજાજી



www.babaisraeli.com

સહિત પ્રેસના સૌને ડી. આઈ. આર. હેઠળ પકડવામાં આવ્યા. ડી.આઈ.આર.માંથી જામીન પર છૂટેલા સર્વશ્રી કાંતિભાઈ, પન્નાલાલ, બળદેવભાઈ પટેલ તથા ગોવિંદરાવને મિસામાં પકડવામાં આવ્યા. 'સાધના' અંતે બંધ પડ્યું, પણ તેનો કાનૂની જંગ તો ચાલુ જ રહ્યો. હાઈકોર્ટમાં 'રિટ' થઇ. શ્રી હરિભાઈ શાહ, શ્રી નરેન્દ્રભાઈ ઓઝા, ઍડ્વોકેટ શ્રી શેઠના, શ્રી મહેન્દ્ર આનંદ, શ્રી હરિશ્ચન્દ્ર પટેલ વગેરે સૌએ ધરપકડ કરાયેલ દરુ સાહેબની ગેરહાજરી સાલવા ન દીધી. ઑક્ટોબરમાં 'સાધના' પાછું શરૂ થયું, પણ હવે નવા જ કાર્યકરો 'સાધના'નો કારોબાર સંભાળતા રહ્યા. તંત્રીવિભાગ શ્રી વસંતરાવ ચિપળોણકરે, વ્યવસ્થા વિભાગ શ્રી બિપિનભાઈ શાહ, શ્રી હરિભાઈ રાવલ અને શ્રી હરીશભાઈ નાયકે સંભાળ્યા. 'સાધના'ના છેવટ સુધીના સંઘર્ષમાં 'શક્તિ' બનીને કામે લાગેલ અને 'સાધના'ના જન્મકાળથી જ 'સાધના' સાથે જોડાયેલ શ્રી રમણભાઈ શાહની ભૂમિકા નોંધપાત્ર હતી. તેમના બંને ભાઈ મિસામાં હતા... તેમના માથે પણ મિસાની તલવાર તો લટકતી જ હતી... છતાંય તેઓ 'સાધના'ને સંઘર્ષપથ પર આગળ ધપાવતા જ રહ્યા.

આ દિવસોમાં 'સાધના'નો વાચકવર્ગ પણ વિશાળ બન્યો. 'સાધના' ૪૫,૦૦૦નો આંક વટાવી ગયું. નાનકડા 'સાધના'એ પરિવર્તનના ઇતિહાસમાં મુક્ત શબ્દના સંઘર્ષની અમિટ પ્રેરણા મૂકી દીધી!!



www.babaisraeli.com

# પરિવર્તનનો અજાણ અધ્યાય

# ૨૨

સ્વતંત્ર ભારતના નાગરિકોને પોતાના જ શાસકો સામે ભૂગર્ભમાં રહી લડત આપવાની કમનસીબ ઘડી આવી પડશે એવી કલ્પના પણ કોણે કરી હશે? પણ સત્તાલાલચુ શાસકોએ કટોકટી દ્વારા આ સ્થિતિ પેદા કરી હતી. સરકારને પ્રજાનો પડકાર હતો! અભિવ્યક્તિના બધા જ માર્ગો સદંતર કાપી નંખાયા હતા, બંધ કરી દેવાયા હતા... અને પેલો મિસા! ભલભલાની હિંમતને ઓગાળી દેતો હતો. મિસાના કાળપંજા સામે ટકવું અને તે પણ મિસાનો અનાદર કરીને એ તો આફતોનો ઢેર ખડકવા જેવું હતું. પોતાના જ પગ પર કુહાડી મારવાનું આ કૃત્ય હતું. મિસાના શરણે ન આવનારને પાંચ વર્ષ, સાત વર્ષ સુધીની સજાની જોગવાઈ, માલમિલકત પર સરકારની જપ્તી, નોકરી-ધંધા પર સરકારી તાળાં, પોતાનું અને પરિવારનું ભવિષ્ય એક પળમાં અંધકારમય બની જાય તેવી કડકમાં કડક સત્તા સરકારના નિર્દય હાથોમાં... આટલું ઓછું હોય એમ પકડાવનાર માટે ઇનામોની લહાણી! હા, આ બધી આફતો વચ્ચે પણ મિસાની લટકતી તલવાર સાથે સંઘર્ષની જ્યોત સતત જલતી રાખનાર પાંચ-દસ કે પંદર જવાંમર્દોની ભૂગર્ભટુકડીઓ ભારતના દરેક જિલ્લે જિલ્લે ડેરાતંબૂ તાણીને પડી હતી.

આમ ગણો તો માત્ર ભૂગર્ભમાં રહી નિષ્ક્રિય દિવસો પસાર કરવા એ બહુ મુશ્કેલ નથી. તેમાં પોલીસને થાપ આપી છુપાઈ રહેવા સિવાય કશું જ કરવાનું રહેતું નથી... પરંતુ લડવા માટે જ જેમણે ભૂગર્ભવાસ સ્વીકાર્યો હોય, તેમને માટે સતત



www.babaisraeli.com

લડતા રહેવું અને પોલીસતંત્રથી બચતા પણ રહેવું એ તલવારની ધાર જેવું બની રહે. ગુજરાતમાં પણ ભૂગર્ભ કાર્યકરોની સંખ્યા ઘણી મોટી હતી. શરૂઆતમાં આ સંખ્યા લગભગ સો જેટલી હતી. તેમાં મુખ્યત્વે સંઘ, જનસંઘ અને વિદ્યાર્થી પરિષદના કાર્યકરો હતા. કેટલાક પકડાઈ ગયા, કેટલાકને હાજર થવું પડ્યું અને છેવટ સુધી લગભગ ૩૫ કાર્યકરો બહાર રહી શક્યા. આ સંખ્યા તો એવાઓની છે, જેમના પર 'મિસા વૉરન્ટ' હતાં, પરંતુ આ સિવાય બીજા ઘણા એવા હતા, જેઓ યોજના અનુસાર ભૂગર્ભકાર્ય કરતા રહ્યા... સરકાર કે સમાજને ક્યારેય તેમની ગતિવિધિ પર શંકા ન જાય એ માટે તેમને ભૂગર્ભમાં રહેવું પડ્યું. ઓળખાઈ ન જવાય તે માટે પણ ભૂગર્ભ કાર્યકરોને સતત જાગ્રત રહેવું પડતું. સામાન્ય જીવનમાં ધોતી-ઝભ્ભામાં સજ્જ રહેતા સંઘપ્રચારકોએ આધુનિક પરિવેશ ધારણ કર્યો હતો અને નામો પણ અવનવાં! પરિવારોની વચ્ચે 'દાદા' 'મામા' 'ભાઈ' 'મોટાભાઈ' 'નાનાકાકા' કે 'મોટા કાકા'ના નામથી જ સંબોધીને, બાકીનાઓને સૌને અંધારામાં રાખવાનો પ્રયત્ન થતો; જ્યારે કાર્યકરો વચ્ચે 'દીક્ષિત', 'ડૉ. ઉમેશ', 'અજિત', 'સ્વામીજી', 'ચૌધરી', 'આનંદ', 'અમિત', 'નવીન', 'લાલજી', 'પ્રકાશ', 'રણજિત', 'બટુક', 'તિમિર' જેવાં અનેક નામોની હારમાળા સાથે સૌ કામ કરતા. ભૂગર્ભ કાર્યકરોની સંખ્યા પણ ઘણી હોવાથી પ્રાંતનું કામ જોનારે તો ખૂબ કાળજીપૂર્વક પ્રાંતના અને કેન્દ્રના બધા કાર્યકરોનાં નવાં નામો યાદ પણ રાખવાં પડે! સૌની નવી વેશભૂષા પણ ભૂલમાં નાખી દે તેવી બહુરૂપી સમાન! પારસી, વોરાજી, મુલ્લાજી, સરદારજી, એલ.આઈ.સી. ઑફિસર, સ્વામીજી, પ્રાધ્યાપક, ડૉક્ટર, અગરબત્તીના એજન્ટ, પત્રકાર, જ્યોતિષી વગેરે અનેક પ્રકારના લોકોની હૂબહૂ નકલ કરવા સૌને પોતાનું વ્યક્તિત્વ પણ તે પ્રમાણે ઉપસાવવું પડતું. આ બધાનો દેખાવ પણ સાવ સ્વાભાવિક હોય તે પણ એટલું જ અગત્યનું. આ પરિવેશ એટલો સ્વાભાવિક લાગતો કે વર્ષોથી જાણીતા પરિવારોને પણ પહેલી મુલાકાત વખતે સામે ચાલીને ઓળખ આપવી પડતી. જ્યોતિષી જેવા લાગતા પંડિતજીને પોતાના ક્ષેત્રમાં પ્રવાસ દરમ્યાન અનેકોના આગ્રહથી સાચાંખોટાં ભવિષ્ય પણ કહેવાં પડતાં! સ્વામીજી તરીકે જાણીતા બનેલા આ પુસ્તકના લેખક, કાર્યકરોનાં ઘરોમાં રહેતા ત્યારે ભગવાં કપડાં પહેરતા. એક વાર સ્વામિનારાયણ સંપ્રદાયના એક આચાર્ય આવી ચડ્યા. પરિવારજનોએ ઉદેપુરના સ્વામીજી તરીકે લેખકની ઓળખ આપી! હવે એક સંન્યાસી અને બીજા



www.babaisraeli.com

સંજોગોવશાત્ બનેલ સ્વામીજી શાસ્ત્રાર્થે ચડી ગયા. કલાક સુધી ચાલેલા એ શાસ્ત્રાર્થમાં બિચારા 'સ્વામીજી'એ ગાડું ગબડાવ્યે રાખ્યું. આવનાર મહાત્માને જરાયે ગંધ ન આવવા દીધી કે આ બધું નાટક હતું! એલ.આઈ.સી. ઑફિસર બનેલ 'દીક્ષિતજી'ને વીમા પૉલિસી અંગેના અવનવા પ્રશ્નોના ઉત્તર માટે તૈયાર રહેવું પડતું. પંડિતજી તરીકે જાણીતા બનેલ એક સાથીને એક વાર બસમાં બીજી પરિચિત વ્યક્તિ મળી ગઈ. બસમાં વાત કરવાનાં ઘણાં જોખમો. પરંતુ પેલા આગંતુક મિત્રથી ન રહેવાયું. તમે ફલાણા... ભાઈ છો? મેં આપને ક્યાંક જોયા છે... બસ એમણે તો વાતનો પ્રારંભ કરી દીધો... પંડિતજીએ બધા જ પ્રશ્નોના ઉત્તર નકારમાં આપ્યે રાખ્યા છતાંય આ મિત્રની વાત તો ચાલુ જ રહી. શું કરો છો? ફૅક્ટરી છે... ઑઈલ એન્જિન બનાવો છો? ભાવ શું ચાલે છે?" ના... મારે તો દાતરડાં બનાવવાની ફૅક્ટરી છે..." આવો જવાબ સાંભળી પેલા મિત્ર તો ચૂપ જ થઈ ગયા. ભૂગર્ભ પત્રવ્યવહાર, સંપર્ક વગેરે કામોમાં જેમણે અતિ મહત્ત્વનું કામ કર્યું તે શ્રી મહેન્દ્રભાઈ ઉર્ફે 'બટુકભાઈ' અમારા એક મિત્ર ડૉ. દવેના કંપાઉન્ડર તરીકે જ ઓળખાતા. પ્રચારક તરીકે અમદાવાદમાં નવા જ આવેલા...આથી રહેવાની વ્યવસ્થા પણ ડૉ. દવેના એક ભાણા જ્યોતીન્દ્રને ત્યાં. બંનેની ઉંમર સરખી. બંને એક વરસ સુધી સાથે રહ્યા. જ્યોતીન્દ્ર રાજકારણનો રસિયો! રોજ કટોકટીના વિરોધ અંગેના અવનવા સમાચારો લઈ આવે. ક્યારેક ભૂગર્ભ પત્રિકાઓ પણ લાવે. ખૂબ ઉત્સાહથી બટુકભાઈને એક કંપાઉન્ડર સમજી બધું બતાવે. બટુકભાઈનો અભિનય પણ કમાલનો! સાવ નિર્દોષભાવે બધું જુએ, વાંચે, સાંભળે પણ ખરા! પેલા બિચારા જ્યોતીન્દ્રને એક વર્ષ સુધી ક્યારેય અણસાર પણ ન આવ્યો કે બટુકભાઈનું કંપાઉન્ડરનું રૂપ એ તો ભ્રમ હતો! કટોકટી પછી આ વાત જાણતાં તેના આશ્ચર્યનો પાર ન રહ્યો! 'સરદારજી' બનેલ લેખકને પ્રવાસમાં આવતાજતા કૉલેજિયનો દ્વારા જાણીજોઈને કહેવાતા 'સરદારજીના જોક્સ' સાંભળવાનું જાણે રોજનું બની ગયું હતું. કેટલાક પરિવારમાં અભિ જેવાં બાળકો પોતાનાં બાળમિત્રોને લઈ આવી, નિર્દોષભાવે સરદારજી પાસેથી સરદારજીના જોક્સ સાંભળવાનો આગ્રહ પણ રાખે! અમારા સૌના માટે નવા વેશમાં પોતાની જાતને ગોઠવવાનું શરૂઆતમાં અઘરું હતું; પરંતુ પસાર થતા સમયે અને પરિસ્થિતિએ ઘણું બધું શીખવી દીધું.

ભૂગર્ભ લડતનાયે અનેક મોરચા હતા. જનજાગરણની સાથે સાથે સરકારનો



www.babaisraeli.com

જ્યાંથી પણ વિરોધ પ્રગટ કરી શકાય તે દરેક તકનો ઉપયોગ કરવા પ્રયત્નશીલ રહેતા. જેલ સાથે સતત સંપર્ક રાખી જેલના લોકોનો આત્મવિશ્વાસ ડગે નહીં તે માટે સતત કોઈ ને કોઈ સમાચારો, કાર્યક્રમો, યોજનાઓથી તેમને માહિતગાર રાખવામાં આવતા. એનું મુખ્ય કારણ એ હતું કે જેલોમાં રહેલાઓને કાયમ એક મનોવૈજ્ઞાનિક સવાલ સતાવતો કે બહાર ખરેખર કશી લડત ચાલે છે કે કેમ? આ માટે ઘણી વાર જોખમો પણ ઉઠાવવાં પડતાં. એક વાર કેટલાંક અગત્યનાં કામો અંગે ભાવનગર જેલમાં શ્રી શંકરસિંહ વાઘેલા અને શ્રી વિષ્ણુભાઈ પંડ્યાનો સંપર્ક જરૂરી હતો. ખાનગી પત્રોથી તો ચાલે તેમ હતું નહીં. મારે જેલમાં જઈ વિચારવિમર્શ કરી પાછા આવવું એવી યોજના બની. એક ભૂગર્ભ કાર્યકરે જેલમાં મળવા જવું એટલે મોતના મુખમાં જવા બરાબર! બધી તૈયારીઓ સાથે સપ્ટેમ્બર '૭૬ના મધ્યમાં હું ભાવનગર પહોંચ્યો. ભાવનગરમાં જ એક મુલાકાતી બહેન સાથે અમે જેલ પર પહોંચ્યાં. મુલાકાત પણ મળી ગઈ. એક કલાકનો જેલવાસ અને મુક્ત સત્સંગ પતાવી હું સહીસલામત બહાર આવી ગયો. એક વાર મારો જામનગર જિલ્લાનો પ્રવાસ... પ્રવાસ દરમ્યાન જ જામનગરમાં સમાચાર મળ્યા કે ત્યાંની જેલમાં શ્રી પન્નાલાલ શાહની સ્થિતિ ગંભીર છે. અનેક ચિંતાઓ થવા માંડી... આ પડછંદ શરીરને શું થયું હશે? જવાબદારી અને ભાવના વચ્ચે મનમાં તુમુલ યુદ્ધ ચાલ્યું! જવાથી જવાબદારી જોખમાશે અને ન જવાથી મનમાં અકથ્ય વેદના થશે. અંતે ભાવના જવાબદારી પર વિજયી બની. જોખમોની તૈયારી સાથે ભાઈ દિનેશને લઈને જેલ પર પહોંચ્યા. કોઈ તૈયારી નહીં. પડશે તેવા દેવાશે! થયું પણ એવું જ! પન્નાલાલની સ્થિતિ વધારે બગડતાં તેમને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા... એટલે જેલવાસી કાંતિભાઈ મોદીને મળી વિગતો જાણી સીધો હૉસ્પિટલ પહોંચ્યો. ત્યાં પણ પોલીસ-પહેરો! પોલીસને સમજાવી–પટાવી પન્નાલાલને મળી શકાયું. ક્યાં એ પડછંદ શરીર અને ક્યાં અર્ધું થયેલ નિસ્તેજ ખોળિયું... બોલવાની શક્તિ પણ નહીં, ઊભા થવાનો તો પ્રશ્ન જ ક્યાંથી હોય? અમારી આંખો મળી. તેમને આશ્ચર્ય થયું. આંખમાં પાણી આવી ગયાં. હું કમકમી ઊઠ્યો... પણ આ તો ભડવીર! મને કહે છે : "આવું જોખમ શા માટે લીધું? મારું તો જોયું જશે! તમારે ઘણું કરવાનું છે." આશ્વાસન આપનારને જ આશ્વાસન મળતું હતું. પન્નાલાલભાઈની હિંમત જોઈ આંખમાં આંસુ સાથે વિદાય થયો! ચૂંટણીની જાહેરાત પછી પણ શંકરસિંહ વાઘેલાને છોડવામાં સરકાર



www.babaisraeli.com

ગલ્લાંતલ્લાં કરતી હતી. ચૂંટણીની તૈયારીઓ ચારેતરફ ચાલતી હતી. એક એક દિવસ કિંમતી હતો. એક અગત્યની મીટિંગ માટે ભૂગર્ભ નેતા શ્રી નાથાલાલ ઝઘડાને દિલ્હી પહોંચતા પહેલાં શ્રી વાઘેલા સાથે વાતચીત કરવી જરૂરી હતી. નાથાભાઈ વડોદરા જેલમાં મુલાકાતી તરીકે પહોંચી ગયા. લગભગ બે કલાક જેલમાં જ રહ્યા. ચા-નાસ્તો પણ જેલમાં જ કરી, વિચારવિમર્શ પછી બહાર આવ્યા. બે કલાક જેટલો સમય પસાર થવાથી અમારાં સૌનાં તો કાળજાં જ કંપી ઊઠ્યાં હતાં. અંદરના કાર્યકરોનાં અને નેતાઓનાં સૂચનો લડતને ઉપયોગી થતાં. આ સૂચનો કેન્દ્ર સુધી પહોંચતાં કરવામાં આવતાં. અંદરના લોકોનો આત્મવિશ્વાસ તેમના પરિવારોની સ્થિતિ પર પણ નિર્ભર રહેતો. મિસામાં ગયેલ કાર્યકરના પરિવારને કશી તકલીફ ન પડે તે માટે અમે સતત પ્રયત્ન કરતા. આ અંગે ગુજરાતવ્યાપી એક તંત્ર ગોઠવવામાં આવ્યું હતું. આવા પરિવારોમાંથી જેમને પણ આર્થિક સહાય જરૂરી હોય તેમને પહોંચતી કરવામાં આવતી. કાયદેસર રીતે તો સરકાર પાસેથી પણ આર્થિક મદદ લેવા માટે હકદાર રહેવા છતાં સરકાર પાંચ-પાંચ માણસોના પરિવારને માંડ ૫૦-૭૦ કે ૭૫ રૂ. માસિક મોકલાવી તેમના ઘા પર મીઠું ભભરાવવાનું કામ કરતી. અને છતાં મોટા ભાગના મિસાવાસીઓને તો કશી જ આર્થિક મદદ સરકારે કરી નહોતી! એટલે ગુજરાતમાં આર્થિક સહાયની જરૂર પડે એવા પરિવારોની સંખ્યા ઘણી હતી. આ માટે હજારો રૂપિયાની જરૂર પડતી. ગુજરાતના ધનપતિઓ આવી મદદના નામથી પણ ફફડી ઊઠતા, ત્યારે નાના માણસોએ આટલી મોટી રકમ પૂરી પાડી! આ કામ પણ નિયમિત રીતે સંઘના કાર્યકરો સંભાળતા. સંઘના કાર્યકરો ઉપરાંત પણ અનેક સહૃદયી વ્યક્તિઓ, જેઓ સંઘની આ પ્રવૃત્તિઓથી માહિતગાર હતી, દર મહિને નિયમિત રીતે કંઈક ને કંઈક રકમ આ કામમાં આપતી.

જ્યાં સુધી શ્રી બાબુભાઈ અને શ્રી કેશુભાઈ પકડાયા નહોતા ત્યાં સુધી નિયમિત રીતે મિસા-પરિવારોની મુલાકાતે જવાનો કાર્યક્રમ ચાલુ રહ્યો. કેટલાક પરિવારો પણ ઘણી હિંમતથી આ આફતોનો સામનો કરી રહ્યા હતા. ઘરની આર્થિક સ્થિતિ સાવ નબળી હોય, બાળકોને ભણાવવા માટે ફી કે પૈસાનાં ઠેકાણાં ન હોય, કમાનાર વ્યક્તિ જેલમાં હોય અને છતાંય હંમેશાં એમનો એક જ જવાબ હોય : "અમારું થઈ પડશે... કોઈ વધારે જરૂરતવાળા પરિવારને પહેલાં આપો! બધું ખતમ થશે ત્યારે જોયું જશે!" આ બહેનો ઘરની મુસીબતનો એક શબ્દ પણ જેલના દ્વાર



www.babaisraeli.com

સુધી પહોંચવા દેતી નહીં. પંચમહાલ જિલ્લાનાં એક બહેન. સામાન્ય સ્થિતિ. તેમના પતિ જેલમાં. બહેનને પ્રસૂતિના દિવસો... અંતિમ સમયે જીવન અને મરણનો પ્રશ્ન ઊભો થયો. બહેન પ્રસવ દરમ્યાન મોત સામે ઝઝૂમતાં હતાં. લોકોએ તેમના પતિને જેલમાં તાર કરવાની વાત કરી... બહેને 'ના' કહ્યું... ''મારા કારણે દેશ માટેની તેમની તપસ્યામાં ખંડ ન પડવા દેતા!'' સદ્નસીબે કશું ખરાબ ન થયું. ઘરે દીકરી અવતરી. થોડાક દિવસ પછી બહેને પોતાના પતિને પત્ર લખ્યો, ''ભગવાન આપણી સાથે છે... નહીં તો મારે અને તમારે આજે પંદર દિવસનું છેટું પડી જાત.'' આવા તો અનેક પરિવારો હતા, જેમણે અંદર અને બહાર લડતા સૌની હિંમતમાં વધારો કર્યો. અંદરનાઓના મનમાં પણ એક વિશ્વાસ જન્મ્યો હતો કે અમારા પરિવારોની ચિંતા બહાર રહેલા અવશ્ય કરશે... અને તેથી જ તેઓ નિશ્ચિંત હતા.

## ભૂગર્ભસાહિત્ય

'મિસા' પરિવારોની વ્યવસ્થા એ મહત્ત્વનો ભાગ તો હતો જ, સાથે સાથે કડક સેન્સરશિપ, સાચા સમાચારોનો અંધારપટ અને બૂઝતી જતી લોકચેતના સામે ટકવા માટે વિપુલ પ્રમાણમાં સાહિત્ય તૈયાર કરી લોકો સુધી પહોંચતું કરવામાં આવતું. સરકારના પતન પછી ભૂગર્ભકાર્યકરોને પકડી ન શકનાર સરકારે છાપાંમાં અને રેડિયો પરથી 'ભાગેડુ' તરીકે અપપ્રચારનો પ્રારંભ કર્યો. અપપ્રચાર કરનાર સરકારને ખેડા જિલ્લામાંથી એક ભૂગર્ભપત્રિકા પ્રસિદ્ધ કરી સણસણતો જવાબ અપાયો : ''અમે જીવનમૂલ્યોની પુનઃસ્થાપના અર્થે મેદાને પડેલ મરજીવાઓ છીએ. તમારી જ હદમાં રહીને તમારા શાસકોને ફગાવી દઈને જ જંપીશું. અમને પકડવાની તમારી હિંમતને અમારો પણ પડકાર છે.'' આ પત્રિકા સરકારી અધિકારીઓને મોકલાવી... ઠેર ઠેર દીવાલો પર પણ લગાવવામાં આવી.

ભૂગર્ભમાં પ્રકાશિત થતું સાહિત્ય ત્રણ પ્રકારનું હતું. એક તો લોકો સુધી સમાચારો પહોંચે તે માટે એક મુખપત્ર પ્રકારની પત્રિકા બહાર પડતી. ગુજરાતમાં 'મુક્તવાણી' નામની પત્રિકા પ્રસિદ્ધ થતી. આ પત્રિકાનું મેટર તૈયાર કરી તેની ત્રણ, ચાર કે પાંચ હસ્તલિખિત પ્રતો તૈયાર કરી ગુજરાતનાં ચાર યા પાંચ જુદાં જુદાં સ્થળોએ છપાવવામાં આવતી. આ માટે દરેક વખતે નવા પ્રેસની શોધખોળ કરવી પડતી. ક્યારેક હિસાબ કરતાં વધારે રકમ પણ ચૂકવવી પડતી. આ પત્રિકાઓ તૈયાર



www.babaisraeli.com

થયેથી નિશ્ચિત સંખ્યામાં જુદાં જુદાં ભૂગર્ભકેન્દ્રો પર પહોંચતી કરાતી. મુંબઈમાં વસતા ગુજરાતીઓ માટે પણ આ પત્રિકા મુંબઈ મોકલવામાં આવતી. સંઘના કાર્યકરો જ હાથોહાથ આ પત્રિકા પહોંચાડતા. ગુજરાતનાં ગામડે ગામડે નિયમિત રીતે આ પત્રિકાઓ પહોંચતી. અનિશ્ચિત તારીખે છપાતી આ પત્રિકાનાં છપાઈ અને પ્રચાર ફક્ત બે જ દિવસમાં પૂર્ણ કરી દેવાતાં, જેથી પોલીસની હલચલ જોર પકડે તે પહેલાં તો અમે કામ પતાવીને પરવારી ગયા હોઈએ. ભૂગર્ભસાહિત્યની ખોજમાં પોલીસ જુદી જુદી રીતે પ્રિન્ટિંગ પ્રેસ પર પહોંચી જતી. એક વાર એક પ્રેસમાં 'મુક્તવાણી'નું છાપકામ ચાલુ હતું... ત્યાં જ પોલીસના માણસે 'મુક્તવાણી'ની એક જૂની કૉપી આપીને પોતે 'લોકસંઘર્ષ સમિતિ'નો કાર્યકર્તા છે એમ જણાવી 'મુક્તવાણી'ની વધુ કૉપીઓ છાપી આપવાની વાત કરી. પ્રેસના માલિક પણ ચપળ હતા. તેમણે તો સામેથી પોલીસના માણસને જ ધમકાવી નાખ્યો અને જાણે સાવ નિર્દોષ અને સરકારભક્ત હોય તેમ આવનાર વ્યક્તિ(છૂપાવેશધારી પોલીસ)ને પકડાવી દેવાની ધમકી પણ આપી. પેલા ભાઈ આવ્યા હતા તપાસ કરવા, પણ અહીંથી પ્રેસમાલિક વિશે ખૂબ સારો અભિપ્રાય લઈને પાછા ગયા. તેમને ક્યાં ખબર હતી કે એ જ વખતે અંદર એક ભૂગર્ભપત્રિકાનું છાપકામ ચાલુ હતું. 'મુક્તવાણી' સમાચારોના મુખ્ય આધારરૂપ બની ગયું. છેવટ સુધી 'મુક્તવાણી' પ્રગટ થતું રહ્યું અને લોકચેતના જગાવતું રહ્યું.

આ ઉપરાંત બીજો પ્રકાર હતો કટોકટી અને લોકશાહીનું તાત્ત્વિક વિવેચન કરતાં પુસ્તકો. આવાં પુસ્તકો ગુજરાતના બુદ્ધિજીવી વર્ગ સુધી પહોંચાડવાનો પ્રયત્ન થતો. સરકાર તરફથી થતી આર્થિક વિકાસની વાતો જૂઠાણાં હોવાની રજૂઆત કરતી પુસ્તિકાઓ પણ પ્રગટ થતી. તેમાં પ્રમુખ હતી 'Story of Two Emergencies' અંગ્રેજીમાં અને તેનો ગુજરાતીમાં અનુવાદ 'કટોકટી, એડૉલ્ફ હિટલરની અને શ્રીમતી ગાંધીની' ગુજરાતમાં ખૂબ પ્રસાર પામી હતી. 'Twenty Point Deception', 'Emergency X-Rayed', 'Proposed Constitutional Reforms', 'Review of a Decade', 'When Disobedience To Law Is a Duty', 'ફેસિઝમનું સ્વરૂપ', 'બંધારણનો ૪૪મો સુધારો', 'Indian Press Gagged', 'Saga of Struggle', 'Why Emergency', 'Anatomy of Fascism', 'બીસ જૂઠ', 'Facts : Nail Indira's Lies' વગેરે પુસ્તકો છાપીને લોકો સુધી



www.babaisraeli.com

પહોંચાડવામાં આવ્યાં.

કટોકટી દરમ્યાન સરકારે સંઘવિરોધી પ્રચાર અવિરત ચાલુ રાખ્યો હતો. રેડિયો, છાપાં અને સરકારી પ્રકાશનો દ્વારા રોજ નવા આક્ષેપો અને નરદમ જૂઠાણાંના આ અપપ્રચાર માટે થોકબંધ રૂપિયા ખર્ચવામાં આવતા. સંઘ સરકારનું નિશાન બન્યો હતો. સંઘે પણ વિચારવાન લોકો સુધી સત્ય પહોંચાડવાનો પ્રયત્ન કર્યો. સંઘ વિશેની સત્ય હકીકતો રજૂ કરતી નાની નાની ભૂગર્ભપુસ્તિકાઓ તૈયાર કરવામાં આવી, જેમાં 'ફેસિસ્ટ કોણ? અમે કે તેઓ?', 'સંઘ અને હિંસાચાર', 'કટોકટીના નામે આર.એસ.એસ. પર તવાઈ શા માટે?', 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ-જાતિભેદ અને અસ્પૃશ્યતા', 'સંઘ અને નાણાભંડોળ', 'સંઘ પરનો અન્યાય દૂર કરો', 'સંઘ પર પ્રતિબંધ શા માટે?', 'સંઘ – લોકશાહીને પૂરક બળ' વગેરે અનેક પુસ્તિકાઓ હજારોની સંખ્યામાં પ્રગટ કરી ગુજરાતમાં ઠેર ઠેર વહેંચાઈ.

## સંપર્ક અને સમાચારપ્રસાર

દેશભરના સમાચારોથી સૌ માહિતગાર રહે તે માટે ભૂગર્ભ વાર્તાપત્રોની એક વ્યવસ્થા ચાલતી. આ વાર્તાપત્રોને આધારે જ દરેક પ્રાંતમાં ભૂગર્ભસમાચાર પત્રિકાઓ તૈયાર થતી. અંગ્રેજી અથવા હિંદીમાં તૈયાર થતાં વાર્તાપત્રોમાં રાજ્યની રાજકીય સ્થિતિ, કોંગ્રેસનું આંતરિક માળખું, પ્રજાની મનઃસ્થિતિ, જેલના સમાચારો, સંઘર્ષના કાર્યક્રમો વગેરેના અહેવાલો રહેતા. આ વાર્તાપત્રો દરેક પ્રાંતમાંથી અરસપરસ બધા જ પ્રાંતોને પહોંચતાં કરવામાં આવતાં. આ માટે નિશ્ચિત ભૂગર્ભસરનામાં અને એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં જતા સંદેશાવાહકોનો ઉપયોગ થતો. આ ઉપરાંત, ભારતના સાચા સમાચારોનું વિદેશમાં પણ ઘણું મહત્ત્વ હતું. આ માટે પણ યોજના બની. અલગ અલગ માર્ગો દ્વારા આ સમાચારો અને વાર્તાપત્રો વિદેશમાં પહોંચી જતાં. ગુજરાત બહાર મોકલવાના સમાચારો ગુજરાતનાં નાનાં નાનાં ગામોથી પણ મળી રહે તે માટે ગુજરાતમાં પણ એક આંતરિક 'સમાચાર પ્રસારતંત્ર' ઊભું કરાયું હતું. આ સમાચારો એકત્ર કરી દેશના અન્ય પ્રાંતોમાં અને વિશ્વના અનેક દેશોમાં રવાના થતા. સમાચારોનું Gujarat News Bulletine તૈયાર કરવામાં એક સુવિખ્યાત પત્રકાર અને છેક આઝાદીજંગથી મૂલ્યો માટે લડતા રહેલા શ્રી દેવેન્દ્રભાઈ ઓઝા ('વનમાળી વાંકો'-'સંદેશ')નો ફાળો મુખ્ય હતો. એક પત્રકાર હોવાથી તેમની પાસે



www.babaisraeli.com

સમાચારો આવતા જ હોય. વધુમાં ભૂગર્ભમાર્ગો દ્વારા પણ થોકબંધ માહિતી મળી રહેતી. સાઠી વટાવી ચૂકેલા શ્રી દેવુભાઈ ફક્ત 'ન્યૂઝ બુલેટિન' તૈયાર કરીને બેસી ન રહેતાં અથાક પરિશ્રમ ઉઠાવી, રાતના ઉજાગરા કરીને પણ અમારી અનિચ્છા છતાં હસતે મોંએ જાતે ટાઈપ કરી અનેક પ્રતો તૈયાર કરતા. તેઓ આ ગુલામીની પરિસ્થિતિથી ઘણા દુઃખી હતા. તેના વિરોધમાં ગમે તેવું નાનું કામ હોય તો પણ તેઓ કરતાં અચકાતા નહીં. ઘણી વાર તો 'મુક્તવાણી' વહેંચવા માટે પણ સાઇકલ પર નીકળી પડતા. દેવુભાઈની ઇચ્છાથી જ તેમના એક સ્વજન પ્રતાપમાસા અને જ્યોતિમાસીનું ઘર અમારી મુલાકાતોનું સ્થળ બની ગયું હતું.

ભૂગર્ભપત્રિકામાં સમાચારોની સમૃદ્ધિ માટે 'જનસત્તા'ના તંત્રી શ્રી વાસુદેવભાઈ મહેતાનું યોગદાન પણ અનેરું હતું. તેમણે સંઘર્ષકાળ દરમ્યાન સતત અમારી સાથે રહી લડતને વેગ આપવાનો પ્રયત્ન કર્યો. તેમની હિંમત પણ જબરી. ક્યાંય પણ જવું હોય તો તેઓ સાથે આવવા તૈયાર! તેમનું ઘર તો ચોવીસે કલાક અમારે માટે ખુલ્લું! શ્રી કે. જી. પ્રભુ વગેરે સાથેની મુલાકાતો તેમના ઘરે જ ગોઠવાતી. શ્રી બાબુભાઈ પટેલની ધરપકડ ન થઈ ત્યાં સુધી તેમની વૉચ કરવા માટે પોલીસની મોટર સાથે જ રહેતી. અમારે માટે અનેક વાર તેમની સાથે વિચારવિમર્શની જરૂર ઊભી થતી; પરંતુ રૂબર મળવાનાં જોખમો ઘણાં... આથી પત્રના માધ્યમથી સંપર્ક રાખવો પડતો. ગૂજરાત વિદ્યાપીઠના શ્રી ધીરુભાઈ દેસાઈ... ગુજરાતના જાહેર જીવનમાં ખૂબ ઊંચું સ્થાન... અભિમાનનું નામનિશાન નહીં! તેમણે આ કામ માથે લીધું. મારા જેવાનો પત્ર પણ તેઓ બાબુભાઈને રૂબરૂ મળીને આપતા અને જવાબ પણ લાવી દેતા. શ્રેષ્ઠ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કોઈ પણ કામ નાનું નથી આ વાત તેમણે વ્યવહાર દ્વારા સિદ્ધ કરી હતી. કૉંગ્રેસી વર્તુળોમાંયે કટોકટીથી અસંતુષ્ટ એવું નાનકડું જૂથ ગુજરાતમાં પણ હતું. તેમનો આ લડતમાં ઉપયોગ થાય તે માટે સંપર્ક જરૂરી હતો. એ માટે પણ અમે અનેક પ્રયત્નો કર્યા... ક્યાંક સફળ થયા, ક્યાંક અસફળ થયા. એક પત્રકાર અને સક્રિય કાર્યકર શ્રી વિદ્યુત ઠાકરે પણ અમને આ લડતમાં અનેક લોકોનો સીધો કે આડકતરો સંપર્ક રાખવામાં મદદ કરી. શ્રી કે. ડી. દેસાઈ, શ્રી જયંતીભાઈ પટેલ વગેરે તો અમારા નિત્યના સાથી બન્યા. દરેક નવી પરિસ્થિતિ, નવી યોજનાઓ, નવા સમાચારો વગેરેના વિચારવિમર્શ માટે મળવું એ અમારો નિયમિત ક્રમ હતો. દિલ્હીમાંથી સક્રિય કાર્યકરોને માટે 'Satya Samachar' ('સત્ય



www.babaisraeli.com

સમાચાર') પહોંચાડવાના કામમાં તેમણે ખાસો પરિશ્રમ પણ ઉઠાવ્યો. આમ સમાજનાં અનેકવિધ ક્ષેત્રોની નિર્ભીક વ્યક્તિઓએ ભૂગર્ભ યોજનાઓને સફળ બનાવવા તેમજ સંપર્ક અને સમાચારપ્રસારના કામમાં અગત્યનો ભાગ ભજવ્યો. પોલીસવૉચથી સતત ઘેરાયેલા રહેતાં કેશુભાઈ, હેમાબહેન વગેરેને મળવાનું અમારે માટે ખૂબ મુશ્કેલ રહેતું. સરકારનો મત હતો કે કેશુભાઈ અને હેમાબહેનને ભૂગર્ભકાર્યકરો અવશ્ય મળવાનો પ્રયત્ન કરશે... આથી તેમની ગતિવિધિ પર સરકારની કડક વૉચ રહેતી. ભૂગર્ભમાં રહી રાજકીય મોરચો સંભાળતા નાથાભાઈ આ અંગે અવનવી યોજનાઓ ઘડી કાઢતા. ક્યારેક મિસા પરિવારની મુલાકાતના બહાને તો ક્યારેક આગલે બારણે ઊભેલી પોલીસને અંધારામાં રાખી બીજે બારણેથી નીકળી કેશુભાઈ વગેરે મુલાકાતના નિશ્ચિત સ્થળે પહોંચી જતા. હેમાબહેનની હિંમત અને યોજનાઓ પણ અજબ રહેતી. વૉચ કરનાર પોલીસ કાફલો હંમેશાં કારમાં ફરે. હેમાબહેન અમને મળવાનું હોય ત્યારે રિક્ષાનો ઉપયોગ કરે. અમદાવાદમાં રિક્ષાવાળો ગમે તેટલી ભીડમાં પણ આગળ નીકળી જાય. પીછો કરતી પોલીસ મોટર ક્યાંક અટવાઈ પડે અને પોલીસને થાપ આપી હેમાબહેન મુલાકાતના સ્થળે પહોંચી જાય. બિચારા પોલીસવાળા આખો દિવસ દોડધામ કરે, પણ પત્તો ક્યાંથી લાગે! આવી અવનવી યોજનાઓ પછી મહામસીબતે અમે સૌને મળી શકતા.

સંપર્ક અને સહચિંતન માટે ભૂગર્ભકાર્યકરો અને ભૂગર્ભકામમાં લાગેલા બીજા કાર્યકરોની બેઠકો નિયમિત રીતે થતી. આવી બેઠકોમાં ક્યારેક પ્રાંતકક્ષાના, ક્યારેક વિભાગકક્ષાના, જિલ્લાકક્ષાના, નગરકક્ષાના કે વૉર્ડ કક્ષાના કાર્યકરોની બેઠકો યોજાતી. અનેકવિધ બેઠકોમાં 'કેન્દ્રીય લોકસંઘર્ષ સમિતિ'ના અગ્રણી નેતાઓ પણ હાજર રહેતા. આવી બેઠકો દ્વારા સંપર્ક અને સહચિંતન ઉપરાંત નવચેતના તથા લડતનો નવો ઉત્સાહ મળી રહેતાં. આવી બેઠકોનાં જોખમો પણ ઘણાં હોય... કોણ કોનો પીછો કરતું હશે વગેરેની ચિંતા આવનાર દરેક કાર્યકરે રાખવી પડતી. બેઠકની સંખ્યા પણ ૧૫ કે ૨૦ સુધીની મર્યાદિત રખાતી. સરકારના પતન પછી પણ ભૂગર્ભનેતા તથા સંઘના સરકાર્યવાહ શ્રી માધવરાવજી મુળે બે વાર ગુજરાતના પ્રવાસે આવી ગયા. ચાર કે પાંચ દિવસના તેમના પ્રવાસ દરમ્યાન અલગ અલગ સ્થળોની બેઠકોમાં આશરે ૧૫૦ સક્રિય કાર્યકરો સાથે વાતચીત થઈ. સંઘર્ષ અંગેની line of action અંગે મુક્ત ચર્ચા થઈ. શ્રી વકીલસાહેબ તથા શ્રી મોરોપંતજી પિંગળેના



www.babaisraeli.com

પ્રવાસો તો અવારનવાર થયા જ.

એક અનુભવને આધારે કહી શકાય કે ભૂગર્ભમાં રહી પ્રવૃત્તિ ચલાવવા માટે ફક્ત કાળજું (હિંમત) અને કાળજી પૂરતાં નથી. એ માટે નિર્ભય સાથીઓ અને કદી પણ ભૂગર્ભપ્રવૃત્તિ માટે શંકા ન જાય તેવા પરિવારોનો વિશાળ કાફલો જરૂરી છે. એક વ્યકતિને ભૂગર્ભમાં રહેવું હોય તો સાવ અજાણ્યાં હોય, નિર્ભય હોય અને સંઘર્ષને અનુકૂળ હોય તેવાં સ્વભાવવાળાં ઓછામાં ઓછાં દસ કુટુંબો તો જોઈએ જ. જો ૧૦૦ વ્યક્તિ ભૂગર્ભમાં હોય તો તેમને ફક્ત રહેવા માટે જ ૧૦૦૦ પરિવારો જોઈએ. પ્રવૃત્તિ ચલાવવા માટે આ સિવાયના બીજા સેંકડો પરિવારો તો ખરા જ. દેશભરમાં લગભગ દસ હજાર ભૂગર્ભકાર્યકરો હતા. એક લાખ કુટુંબો તેમની વ્યવસ્થા જોતાં હતાં. હજારો પરિવારો ભૂગર્ભપ્રવૃત્તિમાં લાગેલા હતા. ચૂંટણી જાહેર કરતા પહેલાં સરકારના ધ્યાનમાં આ વાત ક્યાંથી આવી હોય? દેશભક્તિ અને ત્યાગના રંગોથી રંગાયેલા સંઘના આ પરિવારો દરેક પળે બલિદાન માટે તૈયાર હતા અને તેથી જ આ પ્રવૃત્તિ શક્ય બની!

## કેટલીક યોજનાઓ

આ આખીય ભૂગર્ભપ્રવૃત્તિમાં કોઈ પણ યોજના બનાવવા માટે 'સાચી માહિતી' તેની સફળતાનો આધાર હતી. સંઘના વિશાળ સંગઠનને કારણે નીચેથી ઉપર સુધી દરેક પ્રકારની સાચી માહિતી કેન્દ્રમાં પહોંચતી. તેને આધારે યોજનાઓ બનતી અને કેન્દ્રીય નેતાઓના માર્ગદર્શક વિચાર નીચે સુધી પહોંચતા. માહિતી પહોંચાડનાર આ તંત્ર સરકારી તંત્ર કરતાં વધારે સક્ષમ અને ચોક્કસ પુરવાર થયું.

સત્યાગ્રહ પૂર્ણ થયેથી સંઘર્ષ કરનારાઓમાં તેમની શક્તિનો વિશ્વાસ વધ્યો હતો; પરંતુ આખીયે પરિસ્થિતિ જોતાં ફક્ત જેલો ભરવી એ જ કાર્યક્રમ પરિણામકારી નીવડે તેમ નહોતું. વ્યાપક જનસંપર્ક અને નિર્ભીક નાગરિકોનું સંખ્યાબળ વધે એ જરૂરી હતું. આ માટે પાંચ, દસ કે વીસનાં જૂથોમાં શક્ય હોય ત્યાં બધે જ નાગરિકો સાથે વાતચીત કરવી, સાચા સમાચારો આપવા અને દેશનું ભવિષ્ય ઉજ્જ્વળ છે જ વગેરે જેવી ઉત્સાહયુક્ત વાતોથી તેમનો વિશ્વાસ વધારવાનો એકધારો પ્રયત્ન ચાલુ હતો. સંઘર્ષ દરમ્યાન સરકારે વિનોબાજીનો ઉપયોગ પોતાની તરફેણમાં કરવા આકાશપાતાળ એક કર્યાં. આ માટે સરકારે જૂઠાણાંનો આશરો પણ લીધો... પરંતુ



www.babaisraeli.com

વિનોબાજી માહિતીને અભાવે ગેરમાર્ગે ન દોરાય તે માટે સંઘર્ષ સમિતિ તરફથી પણ પ્રયત્ન થયો. જેલમાં ગયેલા પરિવારો તરફથી વિનોબાજીને મોટા પ્રમાણમાં પત્રો લખવાની ઝુંબેશ ચલાવવામાં આવી. આ પત્રમાં સરકાર તરફથી થતા જુલમી અત્યાચારોની વિગતો અપાતી. ઘરનાં સૌ નાનાંમોટાં આવા પત્રો લખે તેવો પ્રયત્ન રહેતો. વડનગરના ડૉ. વસંત પરીખની નાનકડી દીકરી આશાએ પોતાની કાલીઘેલી ભાષામાં એક ચબરકીમાં, "દાદાજી, મારા પપ્પાને કેમ લઈ ગયા છે? પપ્પાને છોડાવો ને!" લખી મોકલાવ્યું. સંભવિત આચાર્ય સંમેલન માટે પણ જનાર સૌને માહિતગાર રાખવા ઉપરાંત વિનોબાજીને પણ સત્યથી માહિતગાર રાખવા માટે એક યોજના બની. 'સૌને છોડી મૂક્યા છે' આવી સરકારની રોજબરોજની પ્રચારલીલા વેગ પકડતી હતી. હકીકતમાં કોઈ કહેતાં કોઈને છોડવામાં આવ્યા નહોતા. દરેક પ્રાંતમાંથી પ્રાંતની જેલોની પૂર્ણ માહિતી (જેમાં દરેક મિસાવાસીનાં નામ, ઉંમર, પકડાયાની તારીખ, વિચારધારા વગેરે બાબતોનો સમાવેશ થતો હતો) સાથે એક આવેદનપત્ર તૈયાર કરવામાં આવ્યું. વિનોબાજીને જેમના માટે પ્રેમ હોય, વિશ્વાસ હોય એવી વ્યક્તિઓમાંથી કોઈકને રૂબરૂ પવનાર મોકલી આ આવેદનપત્ર આપવાનું હતું. ગુજરાતમાંથી આ અંગે (ગૂજરાત વિદ્યાપીઠના) શ્રી ધીરુભાઈ દેસાઈને મોકલવાનું નક્કી થયું. આવશ્યક માહિતી સાથે આવેદનપત્ર તૈયાર કરવામાં આવ્યું. તેમની તબિયત બગડતાં તેઓ રૂબરૂ ન જઈ શક્યા... આથી તેમણે પોતાના એક અંગત પત્ર સાથે આવેદનપત્ર પવનાર મોકલી આપ્યું. સંગઠિત લડત માટે ફક્ત રાજકીય પક્ષોના એકીકરણ સિવાય લોકશાહીપ્રેમી સૌ નાનીમોટી સંસ્થાઓ અને વ્યક્તિઓને એક સૂત્રમાં લાવવા માટે પણ સફળ પ્રયત્નો થયા. સ્થાન-સ્થાન પરની જેલોમાં બેઠેલ રાજકીય નેતાઓ, કાર્યકરો, ભૂગર્ભનેતાઓ, બહારના અન્ય નેતાઓ વગેરે સૌને ભૂગર્ભપત્રો દ્વારા એકબીજાથી સંપર્કમાં રાખવાની એક દેશવ્યાપી યોજના હતી અને આ સંપર્કપત્રો દ્વારા જ 'જનતા પક્ષ'નું ચિંતન વ્યાપક બની શક્યું, એને વેગ મળ્યો. અંદર બેઠેલા સૌને એકબીજાને સમજવા માટેના અનુકૂળ માધ્યમ તરીકે ભૂગર્ભયોજના ખૂબ કામમાં આવી.

સંઘર્ષ કરનાર સૌ આગેવાનો સ્પષ્ટ માનતા હતા કે શ્રીમતી ગાંધીને ચૂંટણીઓ આપવી પડશે જ. એ ચૂંટણીઓ મુક્ત હશે કે નહીં તે અંગે ફક્ત અનુમાનો જ કરી શકાતાં હતાં... છતાંય જો ચૂંટણીઓ આવે તો શું? આ અંગે ભૂગર્ભકાર્યકરોએ



www.babaisraeli.com

ખૂબ પહેલેથી વિચાર કરી રાખ્યો હતો. એક તો ચૂંટણીઓ આવે ત્યારે કોઈ ઊંઘતા ન ઝડપાય તે માટે બહાર રહેલાં સૌ એ દિશામાં જ સચેત રહે. ચૂંટણીઓ મુક્ત ન હોય. નેતાઓને છોડવામાં ન આવે તો તેનો બહિષ્કાર કરવો. ચૂંટણીઓ આવે, નેતાઓને છોડવામાં આવે, પરંતુ સંઘના કાર્યકરોને (જેમની મોટી સંખ્યા જેલમાં હતી) છોડવામાં ન આવે તો શું? આ પ્રશ્ન અંગે સંઘ તરફનો મત ખૂબ સ્પષ્ટ અને હિંમતભર્યો હતો. સંઘના કાર્યકરોને છોડે કે ન છોડે, પણ રાજકીય પક્ષોએ ચૂંટણી લડવી જ જોઈએ. સંઘના કાર્યકરોની ધરપકડને પ્રતિષ્ઠાનો પ્રશ્ન ન બનાવવો જોઈએ.

આવી સ્પષ્ટ ભૂમિકા સાથે ભૂગર્ભમાં કામ કરતા સંઘ-કાર્યકરોએ છેક ઑક્ટોબર '૭૬થી જ ગમે તે પળે આવી પડનાર ચૂંટણીઓને પહોંચી વળવા માટે આવશ્યક યોજનાઓનો પ્રારંભ કર્યો અને તે યોજનાના એક ભાગરૂપે જેલમાં પણ વ્યવસ્થિત ચર્ચાઓ શરૂ કરવામાં આવી.

દેશ આખાની સંસદની દરેક બેઠકનો વિગતવાર વિચાર કરવાનો હતો. આ અંગે સંઘના પાંચ મુખ્ય ભૂગર્ભનેતાઓ ઑક્ટોબરના ત્રીજા અને ચોથા સપ્તાહ દરમ્યાન ૯૦ જેટલી ભૂગર્ભ મીટિંગોમાં ત્રણ હજાર જેટલા કાર્યકરો સાથે મળી ચૂંટણીઓ લડવાની શક્યતાઓ તપાસવાના હતા. આ અંગે સંઘના અ. ભા. વ્યવસ્થા પ્રમુખ અને ભૂગર્ભનેતા શ્રી મોરાપંતજી પિંગળે ગુજરાતના પ્રવાસે આવ્યા. ત્રણ અલગ અલગ સ્થળોએ એક કે બે દિવસ સુધી ચાલેલ મીટિંગમાં ગુજરાતના સંસદીય મતવિભાગોનો વિચાર કરવા ૧૫૦ જેટલા કાર્યકરો વિચારવિમર્શ માટે શ્રી પિંગળેજીને મળ્યા. સરકારનાં બધાં જ બંધનો સાથે ચૂંટણી લડવી પડે તો જીતવા માટે શું શું કરી શકાય તેનો વિગતવાર વિચાર થયો.

પ્રથમ તો સંઘના કાર્યકરોને ચૂંટણીમાં કામ કરવાનો અનુભવ પણ નહીં... આથી તેમને પ્રશિક્ષણ, સંભવિત ઉમેદવાર, કૉંગ્રેસના સંભવિત ઉમેદવાર, કૉંગ્રેસના ઉમેદવાર સામેનાં આંતરિક જૂથબળો, ચૂંટણીમાં બુદ્ધિજીવી યુવાનો અને સ્ત્રીશક્તિના વધુમાં વધુ ઉપયોગની શક્યતાઓ, આવશ્યક વાહનો, ચૂંટણીફંડ માટેની શક્યતાઓ (એ દિવસોમાં કોણ પૈસા આપવા આગળ આવશે એ પણ એક શંકા જેવું લાગતું), સેન્શરશિપ ચાલુ રહે તો વધુમાં વધુ ભૂગર્ભ પત્રિકાઓ, જિલ્લાનાં નાનાં નાનાં છાપાંમાંથી મદદ કરી શકે તેવાં છાપાંનો સંપર્ક, સમાજમાં વગ ધરાવતી વ્યક્તિઓ અને સંસ્થાઓનો સંપર્ક વગેરે અનેક વિષયો ઉપર વિગતવાર ચર્ચાઓ થઈ. દરેક



www.babaisraeli.com

વ્યક્તિને નિશ્ચિત કામ સોંપાયું. સંસદની દરેક સીટ માટેના એક એક ઇનચાર્જ નક્કી કરી દેવાયા. આટલી ઝીણવટભરી યોજના નવેમ્બરના પ્રારંભ પહેલાં તો થઈ ગઈ હતી. આ યોજનામાં જેલમાંથી છૂટીને આવનારાઓનો સમાવેશ તો હતો જ નહીં. તેઓ સૌ છૂટે તો સંખ્યાબળમાં વધારો થવાનો જ હતો. ચૂંટણીની તૈયારીઓની યોજના સરકાર સુધી ન પહોંચી જાય તેની પણ તકેદારી રાખવામાં આવી. ધારવા પ્રમાણે ચૂંટણીઓ આવી. યોજનાઓ તો તૈયાર હતી જ... વધારામાં સરકારે મુક્ત ચૂંટણીની જાહેરાત કરી. એ જાહેરાતે અમારા જેવા ભૂગર્ભકાર્યકરોનો વિશ્વાસ અનેકગણો વધારી દીધો.

ભૂગર્ભપ્રવૃત્તિ દરમ્યાન સંઘના પ્રચારકો સર્વશ્રી નરેન્દ્રભાઈ પંચાસરા, શાંતિભાઈ દરુ, અનંતરાવજી કાળે, ભાસ્કરરાવ દામલે, વાસુદેવરાવ તળવલકર, નટવરસિંહ વાઘેલા, જનાર્દનભાઈ રાસ્તે, કાશીનાથજી બાગવડે વગેરે અન્ય ભૂગર્ભસાથીઓની સહાયથી બે, ત્રણ કે ચાર જિલ્લાઓનું કામ સંભાળતા હતા. પ્રારંભમાં અશોક ભટ્ટ અને ઘનશ્યામ મહેતા દક્ષિણ ગુજરાતનું ભૂગર્ભકાર્ય સંભાળતા હતા; પરંતુ પાછળથી પકડાઈ ગયા. સર્વશ્રી શંકરસિંહ વાઘેલા, ભીખુભાઈ ભટ્ટ તથા વિદ્યાર્થી પરિષદના શ્રી અરુણ ઓઝા કામ કરતાં કરતાં જ પકડાઈ ગયા.

કટોકટીના પડકારને પહોંચી વળવા અનેક કાર્યકરોએ પોતાનાં વ્યક્તિગત ધંધા-નોકરીનો ત્યાગ કરી પૂર્ણ સમય સંઘર્ષકાર્ય કરવાનાં ઉમદા ઉદાહરણો પૂરાં પાડ્યાં હતાં. તામિલનાડુમાં જન્મેલ ભાઈ રવિ અય્યર મહારાષ્ટ્રમાં ભણ્યા-ગણ્યા અને મુંબઈની એક મોટી ફર્મમાં સારી જગ્યા ઉપર સેવા બજાવતા હતા. સંઘર્ષ માટે નોકરી છોડી દીધી. વિદ્યાર્થી પરિષદમાં પૂર્ણ સમય કામ શરૂ કર્યું. કટોકટીના દિવસોમાં ગુજરાત વિદ્યાર્થી પરિષદનું કામ સંભાળ્યું. આનંદ શર્માના નામથી તેઓ ઘણો સમય ગુજરાતમાં જ રહ્યા. આવા જ મુંબઈના બીજા બે સાથીઓ હતા ભાઈ પ્રવીણ ટાંક અને શ્રી નરેશ સોલંકી. બંને પર પોલીસ ઇન્ફૉર્મર એવા એક વિદ્યાર્થીના ખૂન કેસનો આરોપ (પાછળથી કોર્ટમાં નિર્દોષ જાહેર થયા) હોઈ વૉરન્ટ અને મિસા પણ ખરાં જ. બંને ગુજરાતમાં આવી સંઘર્ષકાર્યમાં જોડાયા. પ્રવીણ ટાંક અરવિંદ પાઠકના નામથી વડોદરાનું કામ સંભાળતા હતા. શ્રી નરેશ સોલંકી થોડોક સમય ગુજરાતમાં રહ્યા. પાછળથી તેમને વિદેશ રવાના કરવામાં આવ્યા. કટોકટી પછી ૨૩-૯-'૭૭ જોહાનિસબર્ગમાં તેમનું મોટર-અકસ્માતમાં અવસાન થયું.



www.babaisraeli.com

ભૂગર્ભ કાર્યકરોને પકડવા સરકારે પણ સતત પ્રયત્નો કર્યા. ભૂગર્ભ કાર્યકરોના ઘરની હંમેશની વૉચ, ક્યારેક ધાકધમકી પણ અપાતી. શ્રી નાથાભાઈના મોટાભાઈ અને પરિવારનાં બીજાં સૌને પોલીસથાણે પૂછપરછ માટે પણ બોલાવાતાં. શ્રી ખોડાભાઈ પટેલની જમીન પણ સરકારે કબજામાં લીધી. અનેકો ઉપર લાંચરુશવત આપવાના પ્રયોગો પણ થયા. તેમ છતાંય કશું ઊપજ્યું નહીં. એટલું જ નહીં, કેટલાકે પોલીસને ઉલ્લુ બનાવવામાં સફળતા પણ મેળવી. ગંભીરતાપૂર્વક પોલીસને માહિતી આપે કે ફલાણા ભાઈ તો કુંભના મેળામાં ગયા છે. બસ, પછી તો કોણ રાહ જુએ? તાર, ટેલિફોન શરૂ... બેચાર પોલીસો કુંભના મેળા સુધી લટાર મારી આવ્યા. શ્રી દેશમુખજીને શોધવા ગુજરાતની પોલીસે બનારસમાં ધામા નાખ્યા, તો શ્રી દામલેજીને શોધવા નાગપુર આસપાસનાં અનેક ગામોની મુલાકાત લીધી. શ્રી નાથાભાઈ કન્યાકુમારી ગયા છે તેવા સમાચારે પોલીસોને ત્યાં પણ દોડાવ્યા. શ્રી કાશીનાથજી બાગબડેને શોધવા મુંબઈમાં રહેતા તેમના ભાઈના ઘરે અવારનવાર તપાસ થઈ. ભાઈ ગિરીશ ભટ્ટને શોધવા રાજકોટના તેમના ઘરે અવારનવાર તપાસ થતી. ઘરમાં કપડાં મૂકવાના કબાટ પણ ફંફોળવાનું પોલીસો ચૂકતા નહીં. ભૂગર્ભ કાર્યકરોને શોધવા પેરોલ પર આવનાર સૌની પાછળ પોલીસના માણસો હોય જ. આવી અનેક તરકીબો છતાં તેઓ સફળ ન થયા તે ન જ થયા!

ભૂગર્ભમાં રહી કામ કરનાર રાજ્યકક્ષાના એકમાત્ર રાજકીય નેતા શ્રી નાથાભાઈ ઝઘડા જ સફળ રીતે ભૂગર્ભ લડત ચલાવી શક્યા. તેમને સર્વશ્રી ભાસ્કરભાઈ પંડ્યા અને વિદ્યાબહેન ગજેન્દ્રગડકર વગેરેનો સાથ તો રહ્યો છે. અવારનવાર પોલીસનાં ધાડાં, લાલચ, ધાકધમકીઓ વચ્ચે પણ શાંત પ્રકૃતિ ધરાવતા ભાઈ જનક પુરોહિતે મક્કમપણે એકલે હાથે જનસંઘના કાર્યાલયનો કારોબાર ચલાવ્યે રાખ્યો. અમદાવાદ ભૂગર્ભ પ્રવૃત્તિનું કેન્દ્ર હોઈ અનેક પ્રકારનાં કામો સાથીઓની મદદથી જ પૂર્ણ કરવાં પડતાં. શ્રી બટુકભાઈએ જવાબદાર સાથી તરીકે ઘણો બોજ હળવો કર્યો. કૌશિક મહેતા, રાજુ અગ્રવાલ, અજિત શાહ વગેરે યુવાન મિત્રોની દોડધામ તો ખરી જ. ભાઈ અજિતના બે કાકા મિસામાં, પિતાજી માટે પણ મિસાની પૂરી શક્યતાઓ, છતાંય કામ કરતા રહ્યા. ટાઈપનું ઘણુંખરું કામ તેમના મોટાભાઈ જિતેન્દ્ર અને ભાભી પ્રવીણાબહેન જ પૂર્ણ કરતાં. પરિવારનાં સૌ કંઈક ને કંઈક જવાબદારી અદા કરતાં જ રહ્યાં. ભાઈ રંજન પાઠકે તો આખુંયે વર્ષ વ્યક્તિગત



www.babaisraeli.com

જીવનનો વિચાર કર્યા વગર દોડધામ કર્યે રાખી, ઘર પણ હંમેશાં ખુલ્લું. મંજુબહેન પણ એટલાં જ મળતાવડા સ્વભાવનાં. અમારા સૌના કમનસીબે ચૂંટણીપરિણામો પછી થોડાક જ દિવસોમાં અમારો આ તરવરિયો યુવાન સાથી એક અકસ્માતમાં ચાલ્યો ગયો! આવા જ એક બીજા '૪૨ની લડતના અનુભવી સાથી ખાડિયાના શ્રી નાનજીભાઈ ભટ્ટે વધતી જતી ઉંમરની કદીયે પરવા કર્યા વગર અવિરત દોડધામ કર્યે રાખી. સતત શ્રમને પરિણામે જ ચૂંટણીપરિણામોના થોડાક જ દિવસો પછી તેઓ હૃદયરોગના હુમલાનો ભોગ બન્યા. જોતજોતાંમાં તો તેમનું પ્રાણપંખેરુ ઊડી ગયું. દરેકેદરેક પરિવાર અને ભાઈઓ-બહેનોનું એટલું તો યોગદાન રહ્યું છે કે આ સહાયકો માટે એક નવું પુસ્તક પણ નાનું પડે.

## અવનવા અનુભવ

ભૂગર્ભજીવનના સૌના અનુભવ પણ અનોખા! કટોકટી અને સંઘ પર પ્રતિબંધ પછી તરત જ સંઘ-કાર્યાલયમાંથી શ્રી દેશમુખજી પકડાયા. પોલીસે તરત જ ચારેતરફ વાયરલેસ દ્વારા ઉત્સાહપૂર્વક માહિતી આપવા માંડી કે નાનાજી દેશમુખ પકડાયા છે, પણ જ્યારે ખબર પડી કે આ નાનાજી નહીં, પણ કેશવરાવ દેશમુખજી છે ત્યારે બિચારા સાવ નિરાશ થઈ ગયા.

સંદેશાની આપલેમાં થતા ગોટાળા પણ ક્યારેક મુશ્કેલી ઊભી કરતા તો ક્યારેક રમૂજ પણ... શરૂઆતના જ દિવસો. મુંબઈ શ્રી વકીલસાહેબને મળવાની આવશ્યકતા ઊભી થઈ. ફોન પર સંદેશો પહોંચ્યો – નરેન્દ્રભાઈ ફ્લાઇંગમાં મુંબઈ આવે છે. મુંબઈના મિત્રો નરેન્દ્રભાઈ ફ્લાઈટમાં આવે છે તેમ સમજી એરપોર્ટ ઉપર રાહ જોતા ઊભા રહ્યા. હકીકતમાં સુરતના બીજા એક નરેન્દ્રભાઈ સુરતથી મુંબઈ જતી ફ્લાઇંગ ટ્રેનમાં મુંબઈ પહોંચવાના હતા.

એક વાર શ્રી વકીલસાહેબ રિક્ષામાં બેસી સાબરમતીથી શહેર તરફ આવી રહ્યા હતા. રસ્તામાં જ એક ગણવેશધારી પોલીસ અધિકારીએ રિક્ષા ઊભી રખાવી. આ અણધારી ઘટનાનો વિચાર કરતાં પહેલાં જ પોલીસ અધિકારીએ વકીલસાહેબને વિનંતી કરી કે "મારે થોડેક સુધી આવવું છે. આપને વાંધો ન હોય તો..." વકીલસાહેબે તેમને સાથે લીધા... આ અજબ સંયોગ હતો. એક જ રિક્ષામાં મિસાના વૉરન્ટવાળા અને બીજા મિસાના શિકારી પોલીસ અધિકારી સાથે જાય છતાંય મનની


www.babaisraeli.com

પૂર્ણ સ્વસ્થતા. પોલીસ અધિકારીને ઊતરવાનું સ્થળ આવતાં આભાર માની ચાલતા થયા. અમારા ભૂગર્ભનિવાસ પૈકીના એક ઘરના સૌને પોલીસમિત્રો પણ ખરા. આવા એક ઇન્સ્પેક્ટર એક વાર ઘરમાં બેઠા હતા ત્યાં જ એક ભૂગર્ભ કાર્યકર ત્યાં જઈ ચડ્યા. પહેલાં તો આંચકો લાગ્યો, પણ મન સ્વસ્થ કરી તે તેમની સાથે જ બેઠા. બીજો કોઈ પરિચય કરાવીએ તે પહેલાં પોતાને ઠીક લાગ્યો તેવો પરિચય આપી વાત પ્રારંભ કરી દીધી. વાતના પ્રારંભમાં જ હમણાં તો તમને બધાને નવી રિવોલ્વર મળી છે કેમ ખરું ને? – આટલું સાંભળતાં જ ઇન્સ્પેક્ટરે પોતાની રિવૉલ્વર ભૂગર્ભ કાર્યકરના હાથમાં મૂકી દીધી. ભૂગર્ભમિત્રે પણ સ્વસ્થતાપૂર્વક રિવૉલ્વર પોતાના કબજામાં જ રાખી. છેવટે વાતચીત પૂર્ણ થયેથી તેઓ બહાર નીકળ્યા ત્યારે જ પરત આપી.

અમદાવાદના એક કૉર્પોરેટર શ્રી જોઈતારામ પટેલ અમારી સાથે ભૂગર્ભમાં હતા. શરૂઆતમાં કેટલાંક કામો અંગે સ્કૂટર પર છેક કચ્છ સુધીનો પ્રવાસ પણ કરી આવ્યા, વચ્ચે એક વાર અકસ્માતનો ભોગ પણ બન્યા. ભૂગર્ભમાં હોવાને કારણે કૉર્પોરેશનમાં હાજરી આપવી અશક્ય બની. પણ ઘણો લાંબો સમય થતાં સભ્યપદ રદ થવાની મુદત પૂરી થવા આવી. હવે એક વાર કૉર્પોરેશનમાં હાજરી પુરાવવી જરૂરી હતી. કોર્પોરેશનમાં પોલીસની હાજરી પણ ખરી. પકડાઈ જવાશે તો જોયું જશે એમ નક્કી કરી કૉર્પોરેશનની બૉર્ડની મીટિંગમાં હાજરી આપવાનું નક્કી થયું. આવશ્યક સુવિધાઓની ગોઠવણ કરી જોઈતારામ કૉર્પોરેશનમાં પહોંચ્યા. સરકારી માણસો કોઈ પણ જાતની હલચલ કરે તે પહેલાં તો તેઓ બૉર્ડની બધી વિધિ પતાવી યોજના પ્રમાણે છૂ થઈ ગયા. સભ્યપદ બચી ગયું, પણ સરકારની કરડાકી વધી. જવાબદાર અધિકારીઓના જવાબ પણ માગવામાં આવ્યા.

એક કાર્યકર સાંજ પડ્યે સમાજના અન્ય આગેવાનોને મળવા નીકળી પડે. વેશપરિવર્તન પણ ઠીક ઠીક કર્યું હોય. આવું કામ તો રોજ ચાલે, તેથી ફાવટ પણ આવી ગયેલી... પરંતુ એક દિવસે આફત ઊભી થઈ. રાત્રે ૯.૦૦ વાગ્યે આ મિત્ર ક્રમ મુજબ ધારાશાસ્ત્રી શ્રી દરુને ત્યાં ઊપડ્યા. બહાર ખાનગી વાહનો ઊભાં હતાં. કોઈ મળવા આવ્યું હશે એમ ધારી તેઓ છેક બંગલાના ઝાંપા સુધી સ્કૂટર હંકારી ગયા. બસ, પછી તો હોશકોશ જ ઊડી ગયા! બંગલામાં પોલીસનાં ધાડાં ઊભાં હતાં. ચારેતરફ નજર કરી લીધી. વર્ષોથી જાણીતા પોલીસ અધિકારીઓ ઝાંપામાં



www.babaisraeli.com

જ ઊભા હતા. કુલ બે પોલીસવાન ઊભી હતી. આ બધાની વચ્ચેથી બચવાનું હતું. માનસિક સંતુલન કામ કરી ગયું. કાર્યકરે આગંતુકની જેમ જ જરાક અવાજ બદલી, સામે જ ઊભેલા પોલીસ અધિકારીને અજાણી સોસાયટીનું સરનામું પૂછ્યું. અચાનક જ આવેલા પ્રશ્નથી પોલીસ અધિકારીને બીજો કંઈ જ વિચાર ન આવ્યો. તેમણે "આગળ પૂછવા" કહ્યું... "ચાલો બચ્યા" એમ માની પેલા કાર્યકર એવા તો ભાગ્યા કે પૂછો નહીં... આબાદ બચી ગયા.

સરકારના પતન પછીનો બીજો જ દિવસ. એક મિત્ર ભૂગર્ભમાં હોવા છતાં એક જાણીતી કાર લઈને બીજા એક કાર્યકરને ત્યાં મળવા ઊપડ્યા. વૉચ કરતા પોલીસોની નજરે ચડી ગયા. અરસપરસ બંને સમજી ગયા. તેમણે કાર લઈને જ ભાગવાનો પ્રયત્ન કર્યો. મોટરસાઇકલ સાથે પોલીસે પીછો કર્યો. વાયરલેસથી પોલીસ સ્ટેશનો પર સૂચના પણ આપી. ઉત્તેજનાપૂર્ણ વાતાવરણમાં કાર, મોટરસાઇકલ અને પોલીસવાનના કાફલાની રેસ શરૂ થઈ. સદ્ભાગ્યે તેઓ બધાને થાપ આપી છટકી ગયા. કલોલ પાસેના એક અજાણ્યા ગામમાં જાનવરો બાંધવાના ડેલામાં કાર છુપાવી, ખેડૂતનાં કપડાં પહેર્યાં અને જોતજોતામાં છૂ થઈ ગયા.

એક સોસાયટીના અંદર તરફના એક મકાનમાં અવારનવાર અમે ભેગા થતા. ત્યાં સંદેશાઓની આપલે માટે અમારે જવાનું થાય. એક દિવસ પોલીસનાં ધાડાં ઊતરી પડ્યાં. સોસાયટીનાં બધાં જ ઘરોની ઝડતી લેવામાં આવી. અમારી ચિંતા કરતા પરિવારના તો શ્વાસ જ અધ્ધર થઈ ગયા. તેમના ઘરની પણ ઝડતી થઈ. સદ્ભાગ્યે શ્રી નાથાભાઈ થોડી જ વાર પહેલાં ત્યાંથી નીકળી ગયા હતા. પાછળથી ખબર પડી કે એ સોસાયટીમાં કોઈ એક મકાનમાં જુગારનો અડ્ડો ચાલતો હોવાથી પોલીસે રેડ પાડી હતી. આ અનુભવથી અમે એક નવો પાઠ શીખ્યા. અમારી ગતિવિધિની આસપાસનો વિસ્તાર પણ બધી રીતે સલામત હોય તે તપાસ્યા પછી જ અમે તે તરફ ડોકિયું કરતા.

ભૂગર્ભમીટિંગોનાં સ્થળો છેલ્લી ઘડીએ બદલવાં, રાતોરાતની દોડધામ કરવી એવું તો છાશવારે બનતું. નડિયાદમાં પાંચસાત ભૂગર્ભકાર્યકરો તેમ જ બીજા લગભગ ૧૦ કાર્યકરોની એક મીટિંગ શ્રી દેશમુખજી લેતા હતા; ત્યાં જ એલ.આઈ.બી.નો કાફલો આવી પહોંચ્યો. હવે ભાગ્યા સિવાય છૂટકો નહોતો. એલ.આઈ.બી.વાળા આગળ સમાચાર આપવા ન જઈ શકે તેવી યોજના બનાવી સૌ રવાના થઈ ગયા.



www.babaisraeli.com

ઘણી વાર કલાકો સુધી મકાનોમાં પણ સંતાઈ રહેવું પડતું. ચોમાસાના દિવસો, મુશળધાર વરસાદ, 'વહેલી સવારે કોણ આવવાનું છે?' એમ ધારી એક કાર્યકર શાંતાબહેન ગજેન્દ્રગડકરને ત્યાં પહોંચ્યા. થોડીક વાર વાતચીત કરી હશે ત્યાં જ પોલીસવાન આવી ઊભી. ઘરના, આસપાસના અને સૌ જાણીતા પરિવારોના હોશકોશ જ ઊડી ગયા. હવે તો એ મિત્ર નહીં જ બચી શકે તેવું નક્કી થઈ ગયું. પોલીસનાં ધાડાં છેક ઉપર સુધી આવી ગયાં. થોડી વારે તેમની સાથે શ્રી કેશુભાઈ પટેલ અને શ્રી અરવિંદભાઈ મણિયાર પણ આવ્યા. ઉપર આવેલો બધો કાફલો જોઈ પેલા મિત્ર તો અંદરના રૂમમાં અધ્ધર શ્વાસે ગોઠવાઈ ગયા... પોતાની પાસેના બધા કાગળો ઠેકાણે કરી દીધા. પકડાઈ જવાય તો પણ સરકારને કોઈ માહિતી ન મળે તેમ બધી વ્યવસ્થા કરી દીધી... પણ પાછળથી ખબર પડી કે પોલીસ કેશુભાઈ અને અરવિંદભાઈ બંનેની રાજકોટથી ધરપકડ કરીને આવી રહી છે. તેમના ગયા પછી જ પેલા મિત્ર બહાર આવી શક્યા અને જરાય વિલંબ કર્યા વગર ચાલતા થયા.

### સમાજનો પ્રતિભાવ

ભૂગર્ભકાર્ય દરમ્યાન સમાજના અનેક ઘટકો સાથે સંપર્કમાં આવવાનું થયું. પ્રારંભમાં તો સૌ ઉપહાસ પણ કરે. વ્યંગમાં 'બહેનજી'નાં વખાણ પણ કરે; પરંતુ જેમ જેમ સ્થિતિની ગંભીરતા સમજાતી ગઈ તેમ તેમ સમાજના લોકોની અપેક્ષા વધતી ગઈ. ઉપહાસનો રાહ બંધ કર્યો. પરિસ્થિતિથી દુઃખી બનેલા સૌ લગભગ તરફડિયાં મારતા હતા. ક્યાંય કહેતાં ક્યાંય આશાનું નામનિશાન જોવા ન મળે. ભલભલા આગેવાનોનું પણ મનોબળ તૂટી ગયેલું જોવા મળતું. તેમનો વિશ્વાસ ડગી ગયો હતો. તેઓ એમ જ કહેતા કે "હવે તો આ જેલો શ્રમછાવણીઓ બની જશે. આપણું કે દેશનું કોઈ ભવિષ્ય નથી. ભલભલા શક્તિશાળી લોકોને પણ ઇન્દિરાજીએ ચૂપ કરી દીધા છે; હવે આપણે ગુલામ જ છીએ. આમ તો જિંદગી પૂર્ણ થશે." સંપૂર્ણ સમાજની આ સ્થિતિ તો અમે સમજી શકતા હતા. તેઓ પ્રજાની શક્તિ અને સાચા સમાચારોથી અજાણ હતા. તેમની નિરાશાની અમારા જેવા કાર્યકરોના ઉત્સાહ પર ક્યારેય અસર નહોતી થઈ... પરંતુ સૌથી દુઃખદ અને મનને ઉદ્વેગ કરનાર વ્યવહાર તો એવા લોકો દ્વારા વ્યક્ત થતો જેમની સમાજ પ્રત્યેની, મૂલ્યો પ્રત્યેની નિષ્ઠા અને દેશ માટેનાં તેમનાં બલિદાનો વગેરેને કારણે મારા જેવા અનેકોના હૃદયમાં



www.babaisraeli.com

ખૂબ ઊંચો મત હતો. આવા લોકો નિરાશ થઈને અમને સશસ્ત્ર ક્રાંતિનો ઉપદેશ આપતા. કેટલાક તો એટલી હદે જતા કે "વહેલામાં વહેલી તકે સંજય અને ઈંદિરાજીને ખતમ કરવાની યોજના બનાવવી જોઈએ. આ વગર છૂટકો જ નથી..." અને પાછું "આ બધું અમારે કરવું" તેવી સુફિયાણી સલાહ પણ આપે અને ત્યારે અમારે ભૂતકાળમાં અહિંસા ઉપર તેમના દ્વારા જ સાંભળેલ એકાદ ભાષણ તેમને સંભળાવવું પડતું, ગાંધીજીના આદર્શની વાત કરવી પડતી, હિંદુ જીવનમૂલ્યોનો ઉદ્‌ઘોષ કરવો પડતો. આવા સલાહકારો સાથે અંત સુધી અમારે આગ્રહપૂર્વક કામ પાર પાડવું પડ્યું. પ્રજા પ્રત્યેના અમારા અડગ વિશ્વાસે અમને યોગ્ય બદલો પણ ચૂકવ્યો.

## સફળતાની એરણે

કટોકટી દરમ્યાનના સઘળા દિવસોમાં એક યા બીજા પ્રકારે સંઘર્ષ ચાલ્યા જ કર્યો. અનેકોએ એમાં સીધો કે આડકતરો સહયોગ પણ આપ્યો. એક રીતે આ સંઘર્ષ પ્રજાના ઘડતરનો કાળ બની રહ્યો. ૩૦ વર્ષની આઝાદીમાં પહેલી વાર મૂલ્યો માટેની લડત થઈ. મૂલ્યોના રોજબરોજના ધોવાણ સામે પ્રજા મક્કમતાથી ઊભી રહી. અત્યાર સુધીના સંઘર્ષો અંગે પ્રજામાનસ પર એક જ પ્રતિભાવ રહેતો કે "આ તો સત્તા માટે અથવા વ્યક્તિની કે સંસ્થાની પ્રતિષ્ઠા માટેનો સંઘર્ષ છે." તેમાંથી ઉપર ઊઠીને "આ મૂલ્યો માટેનો સંઘર્ષ છે" આ ભૂમિકા સમજાવવાની જવાબદારી એવી વ્યક્તિઓ અને સંસ્થાઓ પર જ આવી. જનતાએ પણ એવી વ્યક્તિઓ અને સંસ્થાઓમાં જ સહજભાવે અને સરળતાથી વિશ્વાસ મૂક્યો, જેઓ રાજકીય આકાંક્ષાથી પર હતી. એટલે જ લોકનાયક જયપ્રકાશજી અને સર્વોદયી કાર્યકરો આ સંઘર્ષની સાચી શક્તિ હતા. આ જ સ્થાન અને ભૂમિકા રા. સ્વ. સંઘ અને તેના નેતાઓનાં પણ હતાં.

આ સંઘર્ષ દરમ્યાન ચાલેલ પ્રક્રિયાએ ચૂંટણીની જાહેરાત થતાં જ 'જનતા પક્ષ'ને જન્મ આપ્યો. અનેક બળો એકત્ર થયાં. સર્વોદયથી માંડીને સંઘ સુધીના સૌ વચ્ચેનું અંતર ઘટ્યું. એટલું જ નહીં, સૌ સમરસ પણ બન્યા. શું આ નિકટતા કેવળ ભયમાંથી ઊભી થયેલ પ્રીતનું પરિણામ છે? રાષ્ટ્રજીવન પરનું પ્રભાવી પરિણામ જાગ્રત નાગરિકને તેની પ્રક્રિયાના મૂળ તરફ દોરી જાય તે પણ એટલું જ સ્વાભાવિક છે. જુદાં જુદાં સંગઠનો વચ્ચેના અંતરમાં જાણ્યે–અજાણ્યે આ સંગઠનોની સૂગ પણ



www.babaisraeli.com

જવાબદાર હતી. વળી તેમાં "મારી સાથે નહીં તે મારો દુશ્મન"વાળી મનોવૃત્તિ ધરાવનાર સૌનો છેલ્લાં ૩૦ વર્ષનો એકધારો અપપ્રચાર પણ ખરો જ. પણ આ બધાથી ઉપર ઊઠીને સંજોગોએ સમજવાની તક ઊભી કરી. અને આ પ્રક્રિયાનો પ્રારંભ નવનિર્માણ આંદોલન પછીથી વેગવાન બન્યો હતો. આખીયે પ્રક્રિયા ઘણી સૂક્ષ્મ હોઈ દરેકેદરેક ઘટનાને મૂલવવાનું સંભવ નથી, છતાંય કેટલાંક ઉદાહરણો પર્યાપ્ત બની રહેશે.

નવનિર્માણ આંદોલન પછી શ્રી જે. પી.નો ગુજરાત પ્રવાસ ગોઠવાયો હતો. અમદાવાદ, વડોદરા, સુરત અને ભાવનગરના તેમના આ પ્રવાસનું મહત્ત્વ પણ ઘણું હતું. ઉપરાંત અનેક ઘટનાઓએ શ્રી જે. પી.ના જીવનને પણ અસુરક્ષિત બનાવ્યું હતું. આ સંજોગોમાં તેમના પ્રવાસમાં તેમની સુરક્ષા એ મહત્ત્વનો ભાગ બની હતી. શ્રી નારાયણભાઈ દેસાઈ જે. પી.ના પ્રવાસ પૂર્વે બધી વ્યવસ્થા તપાસવા માટે અમદાવાદ આવ્યા. સંઘના પ્રાંતપ્રચારક શ્રી દેશમુખજીને મળવાની તેમણે ઇચ્છા વ્યક્ત કરી. શ્રી વસંતભાઈ ગજેન્દ્રગડકર દ્વારા આ મુલાકાત ગોઠવાઈ. શ્રી નારાયણભાઈએ શ્રી જે. પી.ની સંપૂર્ણ વ્યવસ્થા સંઘના કાર્યકરો સંભાળે તેવી ઇચ્છા વ્યક્ત કરી. સંઘે આ જવાબદારીનો સ્વીકાર પણ કર્યો. શ્રી નારાયણભાઈ તેમ જ અન્ય સાથીદારોની અપેક્ષા પ્રમાણે બધી જ વ્યવસ્થા ખૂબ સારી રીતે પાર પડી. સંઘના એક કાર્યકર સંપૂર્ણ પ્રવાસ દરમ્યાન જે. પી.ની સાથે જ રહ્યા. સંઘના કાર્યકરોની નિષ્ઠા અને પરિશ્રમી વ્યવહારની છાપ તેમના મન પર પડે તે સ્વાભાવિક જ છે.

ભૂગર્ભમાં કામ કરતા કેટલાક સમાજવાદી પક્ષના કાર્યકરોને ઘણું કરીને સંઘ કાર્યકરોને ત્યાં જ રહેવું પડ્યું. પરિણામે તેઓ સંઘ કાર્યકરોની હિંમત, વિચારવાની પદ્ધતિ, વ્યવહારની શુદ્ધતા અને ઉત્કૃષ્ટ રાષ્ટ્રભક્તિથી પરિચિત થયા.

કટોકટી પછી તરત જ સંઘ પર પ્રતિબંધ આવ્યો. ગુજરાત સરકારે પણ સંઘના કાર્યકરોની આડેધડ ધરપકડો કરી. કાર્યાલયો પર તાળાં દીધાં. આ બધી ઘટનાઓથી કેટલાક કાર્યકરો રોષે ભરાયા. જનસંઘ વર્તુળના કેટલાક કાર્યકરોને સંઘ પર થતા અન્યાયે ઉશ્કેર્યા પણ ખરા. અને આ ઉશ્કેરાટમાં મોરચા સરકારના વલણનો ઉગ્ર વિરોધ કરવાનું પણ જોખમ કરી નાખે તેવી સ્થિતિ પેદા થઈ. આવે વખતે સંઘના ગુજરાતના અધિકારીઓએ દીર્ઘદૃષ્ટિ અને ધૈર્યનો પરિચય કરાવ્યો. સંઘ પરના



www.babaisraeli.com

અન્યાય કરતાં દેશ પરની આફત ઘણી મોટી છે. આવે વખતે ભાવનામાં તણાઈને મોરચા સરકારને નુકસાન થાય તેવું કંઈ જ ન કરવાનો દૃઢ મત વ્યક્ત કર્યો. આ વાત ફરતી ફરતી મોરચાના આગેવાનો પાસે પણ પહોંચી. સંઘની આ ભૂમિકા અને સ્વસ્થ વલણ સંઘને સમજવા માટે પૂરતાં નથી?

૧૯૭૫ના અંતમાં ગુજરાતમાં અનેકવિધ બેઠકો હોઈ મોટા ભાગના નેતાઓ ગુજરાતમાં હતા. પહેલી જાન્યુઆરી ૧૯૭૬ની વહેલી સવારે મારે શ્રી રવીન્દ્ર વર્માને મળવા માટે જવાનું થયું. શ્રી રામલાલ પરીખને ત્યાં તેઓ મારી રાહ જોતા બેઠા હતા. જતાની સાથે જ મેં Happy new year કહી પ્રણામ કર્યા. ત્યારે શ્રી વર્માએ કહેલી વાત બહુ મહત્ત્વની છે. "નરેનજી, મૈં આપકો Happy new year કહનેવાલા થા, મગર આપ હિન્દુત્વવાદી હોને કે કારણ કહીં બુરા માન જાયેંગે ઇસલિયે કુછ કહ નહીં સકા. લેકિન ઓપ તો..." ત્યાં જ મેં કહ્યું, "હિન્દુત્વકી યહી મહાનતા હૈ જો કિસી કો સંકુચિત બનને નહીં દેગી." આવી અનેકવિધ ઘટનાઓ, ચર્ચાઓ અને સૂક્ષ્મ પ્રક્રિયા સૌને નજદીક લાવવામાં સહાયભૂત બની.

સંઘર્ષના રોજબરોજના કાર્યક્રમો માટે રા. સ્વ. સંઘની શક્તિનો ઉપયોગ તો કલ્પનાની બહાર થયો. એનાં અનેક કારણો છે. વ્યક્તિ-વ્યક્તિ સાથેના કૌટુંબિક સંબંધો, પ્રસિદ્ધિની અપેક્ષા સિવાય જાહેર પ્રસિદ્ધિના અભાવમાંયે સફળ રીતે કામ કરવાની રીત અને સંઘકાર્યની સંગઠનરચના પણ આ સંઘર્ષમાં ખૂબ ઉપયોગી નીવડ્યાં. દેશવ્યાપી કાર્ય ચલાવવા માટે સંઘમાં અધિકારીઓની શ્રેણી હોવા છતાં કાર્ય માત્ર અધિકારીઓ ઉપર આધારિત નહીં હોવાથી સરસંઘચાલકજીથી માંડીને અનેકાનેક સ્થાનિક અધિકારીઓ Misaમાં ગયા પછી પણ સંઘનું 'પાણિપત' થયું નહીં. નેતાઓની અનુપસ્થિતિમાં કામ ઠપ થઈ જાય, સેનાપતિ ન દેખાયાની કલ્પનામાત્રથી સૈન્ય ધૈર્ય છોડીને ભાગવા માંડે એવી સ્થિતિ ન આવી. સરસંઘચાલકજીએ વર્ણવેલા "દેવદુર્લભ" કાર્યકરોએ કામ કરી બતાવ્યું.

આ સંઘર્ષ પહેલાં અનેક લોકો પૂર્વગ્રહને લીધે સંઘકાર્યનું વાસ્તવિક મૂલ્યાંકન કરી શક્યા ન હતા. અનેક લોકો પોતાની કલ્પના પ્રમાણે સંઘની વ્યાપ્તિ અને તેની અસરકારકતા વિશે ધારણા બાંધી લેતા. objectively સંઘ વિશે વિચાર પણ બહુ ઓછો થતો... પરંતુ આ સંઘર્ષમાં સંઘના સંગઠનની દેશવ્યાપી જાળ, કાર્ય કરતી વખતે બધાને સાથે લઈને કામ કરવાનો સહજ સ્વભાવ, સાથે કામ કરનાર લોકોના



www.babaisraeli.com

દોષો તરફ ન જોતાં ગુણો તરફ જ ધ્યાન આપીને કામ કરવા માટેનો આગ્રહ વગેરે વિશેષતાઓનાં સૌને દર્શન થયાં. વિશાળ સંગઠનને કારણે communication gap (સંપર્કનો અભાવ) ક્યારેય થવા દીધો નહીં; વળી સંઘના કાર્યકરો સમાજજીવનમાં પ્રસિદ્ધિના પ્રકાશમાં નહીં હોવાથી આ વખતે સંઘર્ષમાં પ્રત્યક્ષ કામ માટે ખૂબ ઉપયોગી નીવડ્યા. તેમને ઓળખી કાઢવા એ પોલીસ માટે માથાનો દુખાવો હતો. રાજકીય પક્ષના પ્રમુખ નેતાઓ કાં તો જેલમાં હતા, કાં તો ખૂબ જાણીતા હોવાને કારણે તેમની ક્રિયાશીલતા પર અંકુશ આવી જતો હતો.

અનેકાનાં અવિરત પરિશ્રમ, બલિદાન અને શ્રદ્ધાએ કશા પણ નુકસાન અને રક્તપાત વિના જ ભારતની આઝાદીની બીજી લડાઈમાં વિજય અપાવ્યો. વિજય અપાવનાર અતિ મહત્ત્વનું ઘટક એટલે ભારતનો નાગરિક – ભારતનો મતદાર! એ દિવસોની એક વાત, સફળ પરિવર્તનના પાયામાં કઈ ભાવના હતી તેની પ્રતીતિ કરાવે તેમ હોઈ અત્રે રજૂ કરી છે :

ચૂંટણીના કામે હું પ્રવાસે જતો હતો. સાબરકાંઠાના એક નાનકડા ગામે ૬૫ વર્ષની ઉંમરનાં વૃદ્ધ માજી બસમાં ચડ્યાં... જીર્ણશીર્ણ શરીર... કંડક્ટર પાસે ટિકિટ માગી... "ભઈ, કેટલા પૈસા? જો હું ભણેલી નથી. લે આ નોટ, ઈમાંથી કાપી લે." કંડક્ટરે ટિકિટ, થોડુંક પરચુરણ અને એક-એક રૂપિયાની બે નોટો પાછી આપી.

માજી : "ભઈ, આ નોટ જરા બદલી આલ."

કંડક્ટર : "માજી, ચાલે એવી છે." (નોટ જોકે સારી હતી.)

માજી : "ભઈ, ચાલ એવી સ, પણ મને જરા નવી નક્કોર નોટ આપ. અમારા ગામમાં આજ બાબુભાઈ પટેલ આવવાના સ. હોળવાળી સભા સ... માર... એક રૂપિયો નવો ઈમને આપવો સ... એટલ જ તો આંય મજૂરી કરવા આઈ'તી..."

ગામડાનો છેક છેલ્લો આદમી–દરિદ્રનારાયણ–પણ શાસનપરિવર્તનમાં પોતાના પ્રદાનની ચિંતા કરે, એ તો હતી આ 'બીજી આઝાદી'ની લડાઈની ચરમ ઉપલબ્ધિ!!



www.babaisraeli.com

# પરિશિષ્ટ

## જેલવાસીઓને એક પત્ર

(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ક્ષેત્રપ્રચારક શ્રી લક્ષ્મણરાવજી ઇનામદાર (વકીલસાહેબ) જેઓ ભૂગર્ભમાં રહી ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગોવાના ભૂગર્ભ આંદોલનને અને જેલમાં રહેલા સેંકડો કાર્યકર્તાઓને પણ ચિંતનાત્મક માર્ગદર્શન આપી રહ્યા હતા, તેમણે ગુજરાતની જેલોના સાથીઓને સંઘર્ષની દિશા સ્પષ્ટ કરતો પ્રસ્તુત પત્ર ૩૧મી મે ૧૯૭૬ને દિવસે લખ્યો હતો. આ પત્ર પરથી સંઘર્ષની દિશા કેટલી સ્પષ્ટ હતી અને સંઘર્ષનું નેતૃત્વ કરનારાઓનું મનોબળ કેટલું મજબૂત હતું તેનો અંદાજ વાચકોને આવી શકશે. આ પત્રના મુદ્દાઓ પર જેલવાસીઓ સમક્ષ ચર્ચાબેઠકો પણ યોજાયેલી.)

સાથી મિત્રો, ૩૧ મે ૧૯૭૭

સપ્રેમ નમસ્કાર.

ઘણા સમય પછી આજે પત્ર લખી રહ્યો છું. પત્ર લખવાની ઇચ્છા ઘણી વાર થયા કરતી. પત્રમાં શું વિશેષ લખવું આ પ્રશ્ન મનમાં આવ્યા કરતો.

છેલ્લા લગભગ ત્રણ મહિનાથી તમે બધા અન્ય સૌ મિત્રોના પ્રત્યક્ષ સહવાસથી વિખૂટા પડી ગયા છો. જેલમાં અનેક કષ્ટો સહન કરવાં પડતાં હશે; છતાં જે કાર્યને આપણે જીવનકાર્ય તરીકે સ્વીકાર્યું છે તે કાર્ય માટેના વિચારો સતત આવ્યા કરતા

૧



www.babaisraeli.com

હશે અને બહાર તેના માટેનો પુરુષાર્થ કેવી રીતે ચાલતો હશે એના વિચારો અને ચિંતા સતાવ્યા કરતાં હશે. પરિસ્થિતિથી સતત જાણકાર રહેવાની ઇચ્છા સંપૂર્ણ રીતે સંતોષાતી નહીં હોવાથી મનમાં અસ્વસ્થતા રહ્યા કરતી હશે. જેલમાંનાં શારીરિક અને માનસિક કષ્ટો કરતાં આ અવસ્થા અધિક કષ્ટદાયક લાગતી હશે એ સ્વાભાવિક છે. જાણવા-કરવાની ઘણી ઇચ્છા છતાં લાચાર થઈને બેસી રહેવું પડે છે. આવી અવસ્થા માણસને અકળાવે છે અને આ સ્વાભાવિક જ ગણાય – જોકે જેલમાં જે લોકો આજે છેલ્લા લગભગ એક વર્ષથી કષ્ટ સહન કરી રહ્યા છે તે મારી દૃષ્ટિથી તો પ્રત્યક્ષ કૃતિ જ છે. કૃતિનાં બાહ્ય પ્રગટીકરણ ને સ્વરૂપ ભિન્ન હોય, પરંતુ તે કૃતિ જ છે. કાર્ય માટે કષ્ટ સહન કરી, દરેક પ્રકારની કિંમત ચૂકવવાની તૈયારી રાખી ટેક જાળવવી – આ જે અપેક્ષા યશસ્વી કાર્યકર્તાઓ માટે હોય છે તે પ્રત્યક્ષ આજે જે જેલમાં છે તેમના દ્વારા પૂર્ણ થઈ રહી છે... તો શું તે કૃતિ નથી?

શબ્દની પાછળ જ્યારે પ્રત્યક્ષ તપસ્યા હોય છે ત્યારે શબ્દ ધારી અસર કરે છે. "આ દેશમાં આ દેશની પરંપરા અખંડ રહેશે અને રહેશે જ... અમે ગમે તે ભોગે તે ચાલુ રાખીશું." આ નિર્ધાર પાછળ માત્ર વાણીવિલાસ નહીં, પરંતુ આજે જે હજારો ભાઈઓ એક વર્ષથી જેલમાં રહીને કષ્ટ વેઠી રહ્યા છે તે તપસ્યાને લીધે આ નિર્ધાર એટલે કૃતનિશ્ચયી વૃત્તિનો એક 'હુંકાર' છે એવો અનુભવ સમાજ કરશે અને સમાજની સુપ્ત શક્તિ જાગ્રત થશે, વિરાટ જાગશે. મહાન કાર્યો માટે મહાપ્રયાસોની જરૂર હોય છે આ આપણો અનુભવ છે. એમાં આપણે ઓછા પડીશું નહીં એવો સૌનો સંકલ્પ છે.

લોકો 'મિસા'ની કલ્પનાથી ફફડે છે, પરંતુ 'મિસા'માં સહન કરવું એ પણ લોકોમાં આપણા ભાવિ વિશે credibility નિર્માણ કરવાનો એક માર્ગ છે.

સમાજમાં આ પ્રકારનો નિર્ધાર જેટલા અધિક લોકોમાં વધુ ને વધુ તીવ્ર બનાવવામાં આપણે સફળ થઈશું તેટલા પ્રમાણમાં આપણે આપણા રાષ્ટ્રજીવનમાં પરિવર્તન લાવવાના લક્ષ્યમાં જલદી સફળતા પ્રાપ્ત કરીશું. આ પ્રકારની માનસિક તૈયારીવાળા જાગ્રત નાગરિકોની જ આજે ખરી જરૂર છે... બાકી અન્ય તો તાત્કાલિક પરિસ્થિતિને પહોંચી વળવાની માત્ર યોજના – વ્યૂહરચના – જ હોય છે. જે પ્રમાણે દુનિયાનો આ અનુભવ છે કે જે રાષ્ટ્રની આંતરિક શક્તિ શ્રેષ્ઠ હોય છે તે જ રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પણ યોગ્ય ભૂમિકા ભજવી શકે છે, શ્રેષ્ઠ આંતરિક શક્તિ



www.babaisraeli.com

વિનાના રાષ્ટ્રની વાતને આંતરરાષ્ટ્રીય પ્રશ્નોમાં કોઈ મહત્ત્વ આપતું નથી, તેના વિચારો વેદિયાવેડા કહેવાય છે, એ જ પ્રમાણે રાષ્ટ્રના આંતરિક જીવનમાં પણ જે વિચાર પાછળ નાગરિકના જીવનનો સક્રિય સહકાર હોય છે તે જ વિચાર વ્યવહારમાં સફળ નીવડે છે, બાકી વિચારોને લોકો વેદિયાના વિચારો જ માનતા હોય છે. આ ભૂમિકામાંથી આજ સુધી આપણે નાગરિકોમાં સારા સંસ્કાર નિર્માણ કરવા માટેના જે અથાક પ્રયત્નો કર્યા તેનું સુંદર ફળ, સુંદર પરિણામો આજે દેખાઈ આવે છે. "સંઘવાળા જમીનથી અધ્ધર ચાલે છે, એમને વ્યવહારની ખબર નથી" આવી હાંસી ઉડાવીને પોતાને નીતિના શ્રેષ્ઠ જાણકાર માનનાર અનેક આજે કિંકર્તવ્યમૂઢ થઈને બેઠા છે. પરીક્ષાના સમયે પોતાના નક્કર વિચારો પર અડગ રહેનાર જ ટકી રહે છે અને નિર્માણના કામમાં સહાયભૂત થઈ શકે છે – અલબત્ત, વ્યૂહરચના-યોજનાને મહત્ત્વ નથી એમ માનવાનું કારણ નથી, એ ખરું પણ નથી.

એ દષ્ટિથી લોકોમાં કાર્ય માટે બળ પ્રાપ્ત થાય, પડકાર કરનાર પરિસ્થિતિનો સામનો કરવાની સ્વાભાવિક ઇચ્છા થાય એવા કાર્યક્રમો દ્વારા દેશવ્યાપી શક્તિ નિર્માણ કરીને જનતાના આ નિર્ધારનો અનુભવ આજના શાસનને કરાવવાની દિશામાં આજે યોજનાઓ ચાલુ છે. આ યોજનાનાં અનેક અંગ-ઉપાંગ છે. એમાંનો એક ભાગ એટલે જ્યારે જનતાને અભિમત વ્યક્ત કરવાનો મોકો મળશે ત્યારે તે જનતાનો અભિમત છે એવી ભૂમિકાથી તે મોકાનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્રકારનો મોકો ચૂંટણીના સ્વરૂપમાં મળશે એવો અંદાજ છે. સાધારપણે ઑક્ટો. '૭૬થી માર્ચ '૭૭ સુધીમાં ઇન્દિરાબહેન પોતાને અનુકૂળ હશે તે સમયે ચૂંટણી આપશે. અર્થાત્ આ વસ્તુ સ્વાભાવિક જ છે કે જો ચૂંટણી મુક્ત ન હોય તો તેનો બહિષ્કાર થશે. અલબત્ત, આવો બહિષ્કાર એ કસોટીમાંથી પલાયનવાદને આભારી છે એવો જનમત ન થાય એ જોવાનું રહેશે – એટલે એવી પરિસ્થિતિમાં જ બહિષ્કાર સંભવી શકશે, કારણ, આખરે સાચા અર્થમાં ન્યાયાધીશ તો જનતા જ હોય છે.

આ સંઘર્ષમાં યશસ્વી થવા માટેની બધી યોજના વિચારવાનો પ્રારંભ થયો છે. હવે જે ચૂંટણી આવશે એ સામાન્ય ચૂંટણી નહીં હોય – માટે ચૂંટણી જાહેર થયા પછી જ કાર્યનો પ્રારંભ થાય અને છેલ્લે છેલ્લે ઉત્સાહ દેખાય એવી મનોભૂમિકા યોગ્ય નથી. ચૂંટણી આવવાની છે એમ માનીને જ કામ કરવાનું રહેશે. આ ચૂંટણી એટલે જનમત-પ્રદર્શન છે, જનતાની યોગ્ય કેળવણી છે... એટલે પહેલેથી જ આ


www.babaisraeli.com

પ્રકારના પ્રયત્નો ચાલુ કરવાના છે. મારી દૃષ્ટિથી જે દિવસે જયપ્રકાશજી, બાળાસાહેબજી અને અન્ય મહાનુભાવો સાથે હજારો લોકો પકડાઈ ગયા તે દિવસથી આ સંઘર્ષનો પ્રારંભ થઈ ચૂક્યો છે. 'મિસા', સત્યાગ્રહ તેમ જ આજ સુધીનાં અનેક કામો એ બધાં સંપૂર્ણ સંઘર્ષમાં જીતવા માટેના પુરુષાર્થની અખંડ સાંકળ જ છે... તેથી જે કંઈ સમય પ્રત્યક્ષ ચૂંટણીના દિવસ પહેલાં પ્રચાર માટે મળશે તે ઓછો લાગશે નહીં. અન્ય સાધનો બાબત પણ આવી ભૂમિકા નિર્માણ કરવાનો પ્રયાસ છે. 'મૅનપાવર' આ જ ખરી શક્તિ. અન્ય સાધનો વ્યાવહારિક દૃષ્ટિથી જેટલાં આવશ્યક અને ઉપલબ્ધ હશે તેનો ઉપયોગ થશે, પરંતુ ખરો આધાર 'મૅનપાવર'!

તમે છાપાંમાં વાંચ્યું તો હશે કે જનતાના અભિમતની અભિવ્યક્તિ ખરા અર્થમાં થઈ શકે, આ દૃષ્ટિથી કેટલાક પક્ષોએ એક થઈને કામ કરવાની યોજના બનાવી છે. એની વિગતો હજુ નક્કી કરવાની બાકી છે, પરંતુ થોડાક દિવસમાં નક્કી થશે. ઘણા વખતથી સમયની જે માગ હતી તે દિશામાં યોગ્ય પગલું ભરાઈ ગયું છે. આ માર્ગમાં અડચણો નહીં હોય એવું નથી; પરંતુ માણસનું એક લક્ષ્ય નક્કી હોય અને વ્યવહાર માટે નિર્ધાર હોય તો શું અસંભવ છે? જે કેટલાક કાર્યક્રમો વિશે તમને સમાચાર મળ્યા જ હશે તે વિશે જો કહેવું હોય તો –

૧. ૨૬ જૂનનો કાર્યક્રમ. ૨૬ જૂનને હવે ઝાઝા દિવસો બાકી નથી. જોતજોતામાં કટોકટીને એક વર્ષ પૂર્ણ થશે. જનતાને આ કટોકટી અને આ વર્ષ દરમિયાનનો જનતાનો પોતાનો પુરુષાર્થ એનો સ્પષ્ટ ખ્યાલ આવે એ દૃષ્ટિથી કાર્યક્રમો નક્કી કર્યા છે. એ વિશેના પત્રો તમારા વાંચવામાં આવશે જ. કાર્યક્રમ પૂર્ણ થયેથી જ કેટલીક વિગતો તમને આપી શકાશે.

૨. ૪ જુલાઈએ સંઘ પરના પ્રતિબંધને પણ એક વર્ષ પૂર્ણ થશે. તે નિમિત્તે પણ સ્વયંસેવકો માટે વધુમાં વધુ સંપર્કનો એક કાર્યક્રમ નક્કી કર્યો છે. 'ઉપસ્થિતિ દિનાંક' જેવો આ કાર્યક્રમ રહેશે.

૩. ૧૧ જુલાઈથી ૯ ઑગસ્ટ સુધી સંપર્કના કાર્યક્રમો થશે અને વધુમાં વધુ સ્થાનો પર, પહેલાં જ્યાં નિત્ય શાખાઓ ચાલતી હતી ત્યાં, ઓછામાં ઓછાં સાપ્તાહિક એકત્રીકરણ ચાલુ કરવાનો કાર્યક્રમ છે.

ચૂંટણી આવશે તો કટોકટી જશે અથવા હળવી થશે, સેન્સરશિપ જશે અથવા હળવી થશે, રાજકીય નેતાઓને છોડશે, તેમના કાર્યકર્તાઓમાંથી પણ ઘણાખરા



www.babaisraeli.com

છૂટશે, પરંતુ સંઘના નેતાઓ કે કાર્યકર્તાઓમાંથી કોઈ છૂટશે જ એવી માન્યતા નથી. આવી પરિસ્થિતિ માટે તૈયારી રાખવાની પહેલેથી જ કલ્પના છે. સંઘ માટે 'રિટ' કરવી કે નહીં એનો થોડાક જ દિવસોમાં આપણા એડ્વોકેટ્સ નિર્ણય લઈને માનનીય બાળાસાહેબજી પર પોતાનો અભિપ્રાય લખી જણાવશે – તે વિશે પાછળથી ખબર પડશે.

વિનોબાજી દ્વારા આયોજિત આચાર્યોનાં સંમેલનો પાસેથી આપણે વધુ અપેક્ષા રાખતા નથી અને ઉપેક્ષા પણ કરતા નથી. તેનો જે ઉપયોગ છે તે કરી લેવા માટે પ્રયત્નો ચાલુ છે. તેનો પણ પૉઝિટિવ ઉપયોગ છે.

આ અથવા અન્ય સમાચારો મળતા રહે એવી ઇચ્છા તમારા બધાની હશે એ સ્વાભાવિક છે. તે પ્રકારની યોજના બનાવવાના પ્રયાસો ચાલે છે; પરંતુ તેમાં સંપૂર્ણ સફળતા હજુ મળી નથી અને જેને 'ન્યૂઝ' કહેવાય એવું સતત ચાલુ જ હોય છે એવું હોતું નથી. હા, "હજી કાંઈ નવું નથી" આ પ્રમાણેના સમાચાર પણ સંતોષ આપે છે.

હમણાંથી લોકોને છોડવાની શરૂઆત થઈ છે એવી હવા ઉત્પન્ન કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. હકીકતમાં આ પ્રકારના ખાસ કોઈ પ્રયત્નો શરૂ થયા નથી... દા.ત., ગુજરાતમાં ૨૬૦માંથી ૪ છૂટ્યા છે. આપણે એનાં કારણોમાં ઊતરતા નથી. મહારાષ્ટ્રમાં ૨૦ જણા, જેમાં ૬૦ વર્ષની ઉંમરના બીમારો પણ છે, છૂટ્યા છે. મધ્યભારતમાં, મહાકોશલમાં આજે પણ ૩,૦૦૦ કરતાં વધુ જેલમાં છે. એપ્રિલના આખર સુધીની મારી માહિતી છે તે પ્રમાણે બધા પ્રાંતોની આ જ સ્થિતિ છે. થોડાક છૂટે એટલે છૂટવાનો ક્રમ શરૂ થયો છે એવી ધારણા ત્યારે જ થશે જ્યારે છૂટવાનું કોઈ નિશ્ચિત ધોરણ દેખાઈ આવશે. આજે સરકારને જે ઠીક લાગે છે તે પ્રમાણેનું ધોરણ છે. કાશ્મીરના બધા જ ત્રણ મહિનાની પેરોલ પર છૂટ્યા છે.

ગુજરાતમાં તો 'મિસા' હેઠળ જેઓ અંદર છે તેમને ત્રણ મહિના જ થયા છે. પ્રારંભની જે માનસિક સ્થિતિ હોય છે, સામૂહિક જીવનનો જે અનુભવ હોય છે એને લીધે માનસિક કષ્ટ લાગતાં નથી; પરંતુ જેમ દિવસો જાય છે તેમ માનસિક મુશ્કેલી વધતી જાય છે અને એવી પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો માર્ગ એટલે મનને યોગ્ય કામમાં સતત રોકી રાખવું. કામ વગરનું મન હેરાન કરે છે... એટલે જે તે સ્થાનની પરિસ્થિતિનો વિચાર કરીને સવારથી સાંજ સુધી કાર્યક્રમો ચાલતા


www.babaisraeli.com

રહે એવી વ્યવસ્થા ગોઠવશો.

સતત સાથે રહેવું પડે છે ત્યારે કેટલીક નવી સમસ્યાઓ ઊભી થાય છે... અને તેનો એક જ માર્ગ છે, પરસ્પરના સ્વભાવ માટે દરેકે સહિષ્ણુ બનવું અને પોતાના જ મતનો આગ્રહ, જ્યાં વ્યવહારનો પ્રશ્ન ઊભો થાય ત્યાં, જતો કરવાની માનસિક તૈયારી રાખવી.

અત્યારે જેલોમાં ફક્ત સંઘના સ્વયંસેવકો જ છે એવું નથી – એટલે આપણા સહવાસથી બીજા પણ આપણા થઈ જાય એવો આપણો વ્યવહાર રહે તે જરૂરી છે. એના માટે જરૂરી બાંધછોડ પણ જરૂર કરવી. બધાને સાથે રાખવા માટે બાંધછોડ જરૂરી જ હોય છે.

નિત્ય સંઘકાર્યમાં અનેક બાબતો માટે આપણને પૂરતો સમય મળતો નથી. એવાં કામો માટે આ સમયનો ઉપયોગ થાય તો ઘણો લાભ થશે... દા.ત., વિવિધ વિષયોનો (શારીરિક, માનસિક) અભ્યાસ. જે જેટલું જાણતા હોય તે પ્રમાણમાં બીજાને માર્ગદર્શક બની શકશે.

ટૂંકમાં, જેલમાંથી બહાર આવનાર પ્રત્યેક સ્વયંસેવક-વ્યક્તિ રાષ્ટ્રની વિકસિત શક્તિના સ્વરૂપમાં બહાર આવે એ દૃષ્ટિથી બધી યોજના, વ્યવહાર રહે તેવું તમો બધા વિચારતા હશો જ.

જેલમાં તો અનેક પ્રકારની મુશ્કેલી હશે – ત્યારે મારા જેવી બહારની કોઈ વ્યક્તિ ત્યાંની પરિસ્થિતિમાં શું શું કરવું, કરી શકાય એ અંગે નિશ્ચિત શું કહી શકે? કાંઠા પર બેઠેલ વ્યક્તિ પ્રત્યક્ષ પાણીમાં પડેલ વ્યક્તિને તરવા માટે શિખામણ આપે એના જેવું જ તે ગણાય! બધાંને મારા નમસ્કાર.

**સર્વેની કુશળતા ઈચ્છતો**

લ. ઇનામદાર



www.babaisraeli.com

# પરિશિષ્ટ

## સંઘર્ષ : તથ્યો અને તારવણી

### ગુજરાતમાં સત્યાગ્રહ (આંકડામાં)

સત્યાગ્રહનો સમય : ૨૬ જૂન ૧૯૭૫થી ૨૬ જાન્યુ. ૧૯૭૬

સત્યાગ્રહમાં ભાગ લેનાર પુરુષો ૨,૮૯૭ + મહિલાઓ ૨૬૮ = કુલ ૩,૧૬૫

કુલ ૨૧ સ્થાનો પર ૧૭૩ ટુકડીઓએ સત્યાગ્રહ કર્યો.

૧૦૪ તાલુકાનાં ૧૬૯ ગામોમાંથી સત્યાગ્રહીઓ આવ્યા હતા.

### સત્યાગ્રહીઓનું પૃથક્કરણ

| | | | |
|---|---|---|---|
| આર.એસ.એસ. | ૧,૪૦૦ | અ. ભા. વિ. પરિષદ | ૨૪૨ |
| જનસંઘ | ૪૫૮ | ભારતીય મજદૂર સંઘ | ૧૦૯ |
| સંસ્થા કોંગ્રેસ | ૬૬૬ | રાષ્ટ્રસેવિકા સમિતિ | ૧૩૩ |
| સમાજવાદી પક્ષ | ૨૫ | વિશ્વ હિંદુ પરિષદ | ૩ |
| ભા. લોકદળ | ૧૯ | સર્વોદય | ૭૩ |
| સી. પી. એમ. | ૯ | અન્ય | ૨૮ |

### સમાજના વિવિધ વર્ગો મુજબ

| | | | |
|---|---|---|---|
| વિદ્યાર્થી | ૧,૪૫૦ | શિક્ષક-પ્રાધ્યાપક | ૧૯૬ |
| ખેડૂત | ૨૧૨ | વકીલ, એન્જિનિયર, ડૉક્ટર | ૮૧ |
| મજદૂર | ૨૪૩ | કર્મચારી | ૨૧૫ |
| વ્યાપારી | ૫૦૮ | અન્ય (મહિલા સહિત) | ૨૬૦ |

### મિસા હેઠળ થયેલી ધરપકડો

ધરપકડો બે તબક્કામાં થઈ. પ્રથમ તબક્કાના ૨૭૫ મિસાવાસીઓની નીચેની વિગતવાર માહિતી શ્રી ધીરુભાઈ

૨



www.babaisraeli.com

દેસાઈ (ગૂ. વિદ્યાપીઠ) દ્વારા વિનોબાજીને મોકલવામાં આવી હતી.

### ઉંમર પ્રમાણે

| | | | |
|---|---|---|---|
| ૨૦ વર્ષથી નીચેનાં | ૨ | ૫૦ વર્ષથી ૬૦ વર્ષ સુધીનાં | ૪૦ |
| ૨૦ વર્ષથી ૫૦ વર્ષ સુધીનાં | ૨૨૬ | ૬૦ વર્ષથી ઉપરનાં | ૭ |

### રાજકીય પક્ષો અને જુદાં જુદાં સંગઠનો પ્રમાણે

| | | | |
|---|---|---|---|
| આર.એસ.એસ. | ૬૫ | માર્ક્સવાદી | ૧ |
| જનસંઘ | ૧૩૮ | વિશ્વ હિંદુ પરિષદ | ૪ |
| સમાજવાદી | ૧૨ | સંસ્થા કોંગ્રેસ | ૧ |
| સર્વોદય | ૮ | ભા. લોકદળ | ૧ |
| વિદ્યાર્થી પરિષદ | ૧૩ | સામાજિક કાર્યકર | ૧૨ |

નવનિર્માણ ૨૦

### વ્યવસાય પ્રમાણે

| | | | |
|---|---|---|---|
| લેક્ચરર પ્રોફેસર | ૧૩ | વ્યાપારી | ૮૨ |
| શિક્ષક | ૧૬ | એન્જિનિયર | ૩૨ |
| ડૉક્ટર | ૨૨ | પત્રકાર | ૬ |
| એડ્વોકેટ | ૩૬ | સામાજિક કાર્યકર | ૫ |
| ખેડૂત | ૧૦ | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ | ૩ |
| મજદૂર | ૩ | કર્મચારી | ૧૯ |

અન્ય ૨૮

### બીજા તબક્કાની ધરપકડો પછી

| | | | |
|---|---|---|---|
| આર.એસ.એસ. | ૧૨૪ | વિશ્વ હિંદુ પરિષદ | ૪ |
| જનસંઘ | ૨૩૪ | સંસ્થા કોંગ્રેસ | ૬૦ |
| સમાજવાદી | ૧૫ | ભા. લોકદળ | ૬ |
| સર્વોદય | ૧૪ | સામાજિક કાર્યકર | ૧૩ |
| વિદ્યાર્થી પરિષદ | ૩૦ | નવનિર્માણ | ૨૧ |
| માર્ક્સવાદી | ૧ | ભા. મજદૂર સંઘ | ૨ |

જમાતે ઇસ્લામી ૫



www.babaisraeli.com

- ૧ જાન્યુ. ૧૯૭૭ સુધી મિસામાં પકડાયેલ કુલ ૫૨૯ અટકાયતીઓને ગુજરાતની ૧૧ જેલોમાં રાખવામાં આવ્યા હતા.
- ૧ જાન્યુ. ૧૯૭૭ સુધીમાં ૫૪ કાર્યકરોને મુક્ત કરવામાં આવ્યા. બે કાર્યકરોનો સ્વર્ગવાસ થયો.
- ચૂંટણીની જાહેરાત થતાં રાજકીય કાર્યકરો અને ચૂંટણી-પરિણામો પછી સૌથી છેલ્લે ૨૨મી માર્ચે સંઘના ૧૨૪ કાર્યકરો મુક્ત થયા.



www.babaisraeli.com

# પરિશિષ્ટ

**સંઘર્ષ : તવારીખ**

| | |
|---|---|
| ૨૬ જૂન ૧૯૭૫ | કટોકટીની જાહેરાત – વ્યાપક રીતે જાહેર વિરોધ, ગુજરાતમાં બે દિવસ હડતાળ. |
| ૨૮ જૂન '૭૫ | વડોદરામાં વિશાળ મૌન સરઘસ. |
| ૨૯ જૂન '૭૫ | રાજભવન પર ૫,૦૦૦ નાગરિકોની વિરોધકૂચ, સર્વોદય મંડળનો વિરોધ ઠરાવ. |
| ૩૦ જૂન '૭૫ | ગુજરાત વિધાનસભા જનતા મોરચા પક્ષનો વિરોધ ઠરાવ. |
| ૧ જુલાઈ '૭૫ | ભૂગર્ભ કાર્યકર શ્રી રામભાઈ ગોડબોલેનું ગુજરાત આગમન – દેશ સાથે કપાઈ ગયેલ સંબંધ પ્રસ્થાપિત થયો. |
| ૨ જુલાઈ '૭૫ | રા. સ્વ. સંઘની તાકીદની બેઠક મળી. |
| ૩ જુલાઈ '૭૫ | 'જનતા છાપું' – ભૂગર્ભપત્રનો પ્રારંભ. |
| ૪ જુલાઈ '૭૫ | રા. સ્વ. સંઘ સહિત ૨૬ સંસ્થાઓ પર પ્રતિબંધ – સંઘના કાર્યકરોની ધરપકડ – સંઘનાં કાર્યાલયો પર સરકારી કબજો. |
| ૭ જુલાઈ '૭૫ | સંઘના વિભાગ પ્રચારકોની પ્રથમ ભૂગર્ભ બેઠક મળી. |
| ૧૯ જુલાઈ '૭૫ | સરદાર પટેલ યુનિ. વિસ્તાર અધ્યાપક મંડળનો વિરોધ ઠરાવ. |

3



www.babaisraeli.com

| | |
|---|---|
| ૧૫ થી ૨૬ જુલાઈ '૭૫ | ગુજરાતવ્યાપી સત્યાગ્રહ અભિયાન. |
| ૨૬ જુલાઈ '૭૫ | સંઘર્ષ સમિતિ અને જનતા મોરચા પક્ષના ઉપક્રમે ગુજરાતવ્યાપી હડતાળ – વિશાળ જનસભાઓમાં જિલ્લા કેન્દ્રો પર જનતા મોરચા સરકારના મંત્રીઓનું ઉદ્બોધન – ઠેર ઠેર સૂત્રો લખાયાં. |
| ૨૭ જુલાઈ '૭૫ | 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ની બેઠકમાં કટોકટી વિરુદ્ધ ઠરાવ કર્યો. |
| ૩૦ જુલાઈ '૭૫ | 'સાધના'નો કેસ – 'કટોકટી વિશે પુનર્વિચારણા કરો' સેન્સર થવાથી હાઈકોર્ટમાં રિટ દાખલ કરી. |
| ૩ ઑગસ્ટ '૭૫ | સંઘર્ષસમિતિના ગુજરાતના કાર્યકરોની અમદાવાદમાં બેઠક મળી. |
| ૮ ઑગસ્ટ '૭૫ | ગુજરાત વિધાનસભામાં સેન્સરશિપ અંગે વિશેષાધિકારભંગનો પ્રશ્ન ઉપસ્થિત થયો. |
| ૯ ઑગસ્ટ '૭૫ | ક્રાંતિદિન ઊજવાયો – ઠેર ઠેર સત્યાગ્રહ. |
| ૧૩ ઑગસ્ટ '૭૫ | 'સાધના'નો હાઈકોર્ટમાં વિજય, 'કટોકટી વિશે પુનર્વિચારણા કરો' – લેખ છાપવાની અનુમતિ મળી. |
| ૧૫ ઑગસ્ટ '૭૫ | ભદ્રના કિલ્લા પર મુખ્યમંત્રી શ્રી બાબુભાઈના હસ્તે જનતા ધ્વજવંદનનો કાર્યક્રમ. – 'સાધના'નો કટોકટી વિરુદ્ધનો સૌપ્રથમ અંક પ્રગટ થયો. |
| ૧૭ ઑગસ્ટ '૭૫ | નડિયાદમાં કટોકટી કેપ્સ્યૂલનો અભિનવ કાર્યક્રમ. |
| ઑગસ્ટ '૭૫ બીજું સપ્તાહ | શ્રી નાનાજી દેશમુખ અને શ્રી જ્યૉર્જ ફર્નાન્ડિઝની અમદાવાદમાં મુલાકાત. |
| ૭, ૮, ૯, સપ્ટે. '૭૫ | સંઘર્ષસમિતિની સંગઠન અંગેની મીટિંગો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટમાં મળી. |
| ૨૪ સપ્ટે. '૭૫ | અખબારી સ્વાતંત્ર્ય સંમેલન મળ્યું. |
| ૨ ઑક્ટો. '૭૫. | નેતા મુક્તિજ્યોતનો ગ્રામજાગરણનો પ્રભાવી કાર્યક્રમ. ગાંધીજીના ચિત્રવાળાં હજારો પોસ્ટરો લાગ્યાં. ૩૧ ઑક્ટોબર સુધી ચાલનાર બે પદયાત્રાના |



www.babaisraeli.com

| | |
|---|---|
| | કાર્યક્રમ આરંભાયા. |
| ૭ ઑક્ટો. '૭૫ | આચાર્યમંડળે 'રાષ્ટ્રીય કટોકટી અને આપણો ધર્મ' પરિસંવાદ યોજ્યો – કટોકટીનો વિરોધ ઠરાવ કર્યો. |
| ૧૨ ઑક્ટો. '૭૫ | નાગરિક સ્વાતંત્ર્ય સંમેલન અમદાવાદમાં મળ્યું. વિશાળ જાહેર સભા – જનસંઘની અ.ભા. કારોબારની પ્રથમ ભૂગર્ભ બેઠક અમદાવાદમાં મળી. |
| ૧૪ ઑક્ટો. '૭૫ | શ્રી જે. પી. જન્મદિન નિમિત્તે એક પ્રદર્શન અમદાવાદમાં ખુલ્લું મુકાયું. |
| ૧૮ ઑક્ટો. '૭૫ | ગુજરાત હાઈકૉર્ટ એડ્વૉકેટ એસોસિયેશનની સામાન્ય સભાએ કટોકટી વિરુદ્ધ ઠરાવ કર્યો. |
| ૪ નવે. '૭૫ | લો. સં. સમિતિના બીજા અ. ભા. મંત્રી શ્રી રવીન્દ્ર વર્માએ શ્રીમતી ગાંધીને લખેલ પત્રની નકલો ગુજરાતમાં વહેંચાઈ. |
| ૫ નવે. '૭૫ | કૉમનવેલ્થ કૉન્ફરન્સના સદસ્યો સમક્ષ કટોકટી વિરુદ્ધ દેખાવો-દેખાવકારોની ધરપકડ-ભૂગર્ભ નેતા ડૉ. સુબ્રમણ્યમ સ્વામી કૉમનવેલ્થના સદસ્યોને અમદાવાદમાં મળ્યા. |
| ૧૪ નવે. '૭૫ | દેશવ્યાપી સત્યાગ્રહની સાથે ગુજરાતના દરેક જિલ્લા કેન્દ્ર પર સત્યાગ્રહ આરંભાયો. |
| ૧૬ નવે. '૭૫ | અમદાવાદમાં જનતા મોરચાનું શાનદાર સંમેલન મળ્યું. |
| ૨૬ નવે. '૭૫ | કટોકટીને પાંચ માસ પૂર્ણ થતા હોઈ બહેનોએ સત્યાગ્રહ કર્યો. |
| ૩૦ નવે. '૭૫ | ઉપરાષ્ટ્રપતિ શ્રી બી. ડી. જત્તીને સુરતમાં કટોકટી ઉઠાવી લેવાની માગણી કરતું આવેદનપત્ર અપાયું. |
| ૩ ડિસે. '૭૫ | ભૂગર્ભનેતા શ્રી દત્તોપંતજી ઠેંગડીનું ગુજરાતમાં આગમન. ગુજરાતના મજદૂર નેતાઓ સાથે મુલાકાત. |
| ૭ ડિસે. '૭૫ | રા. સ્વ. સંઘના સરસંઘચાલક શ્રી બાળાસાહેબ |



www.babaisraeli.com

| | |
|---|---|
| | દેવરસનો જન્મદિન ઊજવાયો. હજારો શુભેચ્છાપત્રો મોકલાયા–જે.પી.ના દીર્ઘાયુષ માટે પ્રાંતભરમાં પ્રાર્થનાસભાઓ થઈ. |
| ૨૫ ડિસે. '૭૫ | શ્રી અટલજીનો જન્મદિન ઊજવાયો. |
| ૨૬ થી ૨૮ ડિસે. '૭૫ | રેડિકલ હ્યુમેનિસ્ટોના મંડળનું દ્વિવાર્ષિક સંમેલન અમદાવાદમાં મળ્યું. |
| ૨૯, ૩૦ ડિસે. '૭૫ | લોકસભા અને રાજ્યસભાના વિરોધપક્ષના સંસદસદસ્યોની એક બેઠક ગાંધીનગરમાં મળી. |
| ૩૧ ડિસે. '૭૫ | અ. ભા. લોકસંઘર્ષ સમિતિની ભૂગર્ભ બેઠક અમદાવાદમાં મળી. |
| ૧ જાન્યુ. '૭૬ | ધારાશાસ્ત્રીઓની 'બંધારણ બચાવો' પરિષદ મળી. |
| ૧, ૨ જાન્યુ. '૭૬ | દેશભરમાં ભૂગર્ભકાર્ય કરતા જનસંઘના સંગઠન મંત્રીઓની અમદાવાદમાં ભૂગર્ભબેઠક યોજાઈ. |
| ૧૧ જાન્યુ. '૭૬ | ગુજરાત જનસંઘની કારોબારી મળી. |
| ૧૨, ૧૩ જાન્યુ. '૭૬ | અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના દેશભરના ભૂગર્ભ કાર્યકરોની અમદાવાદમાં બેઠક મળી. |
| ૧૪ જાન્યુ. '૭૬ | રાજસ્થાનના મિસાકેદી શ્રી ભેરુલાલ લખારાનું પેરોલ દરમ્યાન અમદાવાદથી સિવિલ હૉસ્પિટલમાં અવસાન થયું. |
| ૧૮ જાન્યુ. '૭૬ | સાબરમતી આશ્રમમાં, સંઘર્ષરત ગુજરાતના કાર્યકરોનું એક સંમેલન મળ્યું. |
| ૧૧ જાન્યુ થી ૨૬ જાન્યુ. '૭૬ | જનસંઘે જનજાગરણ પખવાડિયું ઊજવ્યું. |
| ૧ ફેબ્રુ. '૭૬ | 'વિદ્યાગુર્જરી'નું વિશાળ સંમેલન – દુર્ગાતાઈ ભાગવતે હાજરી આપી. |
| ૭ ફેબ્રુ. '૭૬ | 'લોકશાહી બચાવો' દિવસ મનાવવામાં આવ્યો. રાજ્યપાલને વ્યાપક રીતે તાર, ટપાલ, પત્રો મોકલાયાં. |



www.babaisraeli.com

| | |
|---|---|
| ૧૨ ફેબ્રુ. '૭૬ | શ્રી રવીન્દ્ર વર્માની મુંબઈમાં ધરપકડ. |
| ૧૫ ફેબ્રુ. '૭૬ | લો. સં. સમિતિના ગુજરાતના કાર્યકરોની મીટિંગ મળી. |
| ૧૬ ફેબ્રુ. '૭૬ | શ્રી વસંતભાઈ ગજેન્દ્રગડકરનો સ્વર્ગવાસ. |
| ૨૮, ૨૯ ફેબ્રુ. '૭૬ | ગુજરાત ધારાશાસ્ત્રીઓનું એક વિશાળ સંમેલન. |
| ૨, ૩ માર્ચ '૭૬ | દેશના મુખ્ય મુખ્ય સર્વોદયી કાર્યકરોનું સંમેલન શુક્લતીર્થમાં મળ્યું. ભૂગર્ભનેતા શ્રી દત્તોપંતજી ઠેંગડી અને શ્રી એસ. એમ. જોશી આ સંમેલનમાં હાજર રહ્યા. |
| ૯ માર્ચ '૭૬ | શ્રી એલ. કે. અડવાણીને રાજ્યસભાનું ઉમેદવારીપત્ર ભરવા બૅંગલોરથી અમદાવાદ લવાયા. |
| ૧૧ માર્ચ '૭૬ | લો. સં. સમિતિના કાર્યકરો મોરચા સરકારની સ્થિતિની સમીક્ષા કરવા અમદાવાદમાં મળ્યા. |
| ૧૩ માર્ચ '૭૬ | ગુજરાતની મોરચા સરકારનું રાજીનામું – ઠેરઠેર મિસા હેઠળ ધરપકડનો પ્રારંભ. |
| પ્રથમ સપ્તાહ, એપ્રિલ '૭૬ | ૧૩ ન્યાયાધીશોની બદલી સામે ગુજરાત હાઈકોર્ટના વકીલોની એક દિવસની હડતાળ. |
| ૧૩ એપ્રિલ '૭૬ | શ્રી હરિવદનભાઈ ભટ્ટનો સાબરમતી જેલમાં સ્વર્ગવાસ. |
| ૨૬ એપ્રિલ '૭૬ | લંડનમાં યોજાયેલ 'ફ્રેન્ડ્ઝ ઑફ ઈન્ડિયા સોસાયટી ઈન્ટરનૅશનલ'ની પ્રથમ આંતરરાષ્ટ્રીય પરિષદમાં શ્રી મકરંદ દેસાઈએ હાજરી આપી. |
| ૧૩ મે '૭૬ | અ. ભા. લોકસંઘર્ષ સમિતિની પુનર્રચનાની જાહેરાત. |
| ૧૬ મે '૭૬ | ગુજરાતની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં મોરચાના ચૂંટાયેલ સભ્યોનું સંમેલન. |
| ૧૯ જૂન '૭૬ | શ્રી ભોગીભાઈ ગાંધીની મુંબઈથી DIR હેઠળ ધરપકડ. |



www.babaisraeli.com

| | |
|---|---|
| ૨૪ જૂન '૭૬ | શ્રી સી. ટી. દરુની ધરપકડ સાથે મિસા હેઠળ ધરપકડનો બીજો દોર શરૂ. |
| ૨૬ જૂન '૭૬ | મોરચાનું વિશાળ સંમેલન – રાજભવન પર આવેદનપત્ર આપવા જતા મોરચાના ૬૨ આગેવાનોની ધરપકડ. જયપ્રકાશજીના સંદેશની ૫૦ હજાર પ્રતો વહેંચાઈ – પ્રાંતભરમાં કટોકટી વિરુદ્ધ પોસ્ટર્સ લાગ્યાં – જેલોમાં ઉપવાસ અને જેલના શહીદોને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ. |
| ૨ જુલાઈ '૭૬ | 'સાધના' પ્રેસ જપ્ત કરાયું. કર્મચારીઓની મિસા હેઠળ ધરપકડ. |
| પ્રથમ સપ્તાહ, જુલાઈ '૭૬ | રા. સ્વ. સંઘ અ. ભા. મંત્રી શ્રી માધવરાવજી મુળેનો ગુજરાતપ્રવાસ. |
| ૯ ઑગસ્ટ '૭૬ | ક્રાંતિદિનની ઉજવણી. શ્રી બાબુભાઈ સહિત ૫૧ વ્યક્તિઓની ધરપકડ. |
| ૧૫ ઑગસ્ટ '૭૬ | દાંડીકૂચનો પ્રારંભ – સ્થાન સ્થાન પર સત્યાગ્રહ થયા. ભૂગર્ભપત્ર 'મુક્તવાણી'નો પ્રારંભ. |
| ૩૧ ઑગસ્ટ '૭૬ | ગુજરાત સરકારના માજી પ્રધાનોએ જેલમાંથી એક આવેદનપત્ર રાજ્યપાલને મોકલાવી મોંઘવારીનો વિરોધ કર્યો. |
| ૪ સપ્ટે. '૭૬ | જેલવાસી ધારાસભ્યોએ રાષ્ટ્રપતિશાસન લંબાવવાનો વિરોધ કરતો પત્ર રાજ્યપાલને મોકલાવ્યો. |
| ૨૯ સપ્ટે. '૭૬ | શ્રી ભેરુમલ ગેહાણીનો પેરોલ દરમ્યાન સ્વર્ગવાસ. |
| બીજું અને ત્રીજું સપ્તાહ, ઑક્ટો. '૭૬ | ચૂંટણીની યોજનાઓને આખરી સ્વરૂપ આપવા ગુજરાતના ૧૫૦ જેટલા ભૂગર્ભકાર્યકરોની બેઠકોમાં સંઘના અ. ભા. ભૂગર્ભનેતા મોરોપંતજી પિંગળે હાજર રહ્યા. |
| ૧૪ નવે. '૭૬ | ગુજરાતમાં People's Union for Civil Liberty (PUCL)ની સ્થાપના થઈ. |



www.babaisraeli.com

| | |
|---|---|
| ૨૧ નવે. '૭૬ | ગુજરાતના યુવાનોનું બારેજડીમાં કટોકટી વિરુદ્ધ સંમેલન-૧૦૦ યુવકોની ધરપકડ. |
| ૯ ડિસે. '૭૬ | અમદાવાદ શહેર જનસંઘનું સંમેલન મળ્યું. |
| ૧૮ જાન્યુ. '૭૭ | ચૂંટણીની જાહેરાત. |
| ૨૧ માર્ચ '૭૭ | ચૂંટણી પરિણામો – કૉંગ્રેસનો પરાજ્ય. |
| ૨૨ માર્ચ '૭૭ | કટોકટી હઠાવી લેવાઈ – સંઘ તેમ જ અન્ય સંસ્થાઓ પરનો પ્રતિબંધ હઠ્યો – સૌથી છેલ્લે સંઘના કાર્યકરો મુક્ત કરાયા. |



www.babaisraeli.com

# પરિશિષ્ટ

## નિવેદન

કટોકટીની કાળી છાયા 'સાધના પ્રકાશન ટ્રસ્ટ'ની પ્રત્યેક પ્રવૃત્તિ ઉપર પડી હતી, પરિણામે સાધના પુસ્તકપ્રકાશનની પ્રવૃત્તિ પણ થંભી ગઈ હતી.

કટોકટીએ વિદાય લીધી અને પુસ્તક-પ્રકાશનની પ્રવૃત્તિનો પુનરારંભ થયો. આજ સુધીમાં પંદર પુસ્તકો અમે પ્રગટ કર્યાં છે. તેમાં 'સંઘર્ષમાં ગુજરાત'નો ઉમેરો કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.

'સંઘર્ષમાં ગુજરાત' એ કટોકટી દરમિયાનની ભૂગર્ભપ્રવૃત્તિનો એક દસ્તાવેજી ઇતિહાસ છે. ભૂગર્ભપ્રવૃત્તિમાં પ્રારંભથી અંત સુધી અતિ સક્રિય રીતે સંકળાયેલા શ્રી નરેન્દ્ર મોદીએ ખૂબ જહેમત ઉઠાવી આ પુસ્તક લખી આપી પ્રગટ કરવાની અમને જે તક આપી છે તે માટે તેઓશ્રી અભિનંદનના અધિકારી છે.

આ પુસ્તકના પ્રકાશનમાં 'નવજીવન ટ્રસ્ટ'ના શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈ તથા 'સાધના' સાપ્તાહિકના શ્રી વસંતભાઈ ચિપળોણકરની હૂંફનો સ્વીકાર કરવો જ રહ્યો.

'ધરતી મુદ્રણાલય'ના શ્રી માણેકલાલ, 'સાધના પ્રકાશન મુદ્રણાલય'ના શ્રી પન્નાલાલભાઈ તેમ જ બન્ને પ્રેસના કર્મચારીઓના પરિશ્રમને પરિણામે જ આ પુસ્તક અમે સમયસર પ્રગટ કરી શક્યા છીએ.

આશા છે કે લોકશાહીના જાગ્રત પ્રહરી તરીકે ગુજરાતની ભાવિ પેઢીને આ પુસ્તક પ્રેરણાદાયી થઈ પડશે.

પ્રકાશક



www.babaisraeli.com

## પુનર્મુદ્રણ સમયે. . .

અતિ અલ્પ સમયમાં 'સંઘર્ષમાં ગુજરાત'ની બીજી આવૃત્તિ પ્રગટ કરવાની અમને વાચકોએ તક આપી એ જ અમારે મન મોટો સંતોષ છે.

બીજી આવૃત્તિ અતિ સુંદર રીતે ટૂંકસમયમાં પ્રસિદ્ધ કરી આપવા બદલ અમે 'નવજીવન ટ્રસ્ટ'ના અત્યંત આભારી છીએ.

**પ્રકાશક**

## થોડુંક અંગત . . .

કટોકટી કેવી રીતે આવી એ વિશે ઘણું લખાય છે, પરંતુ કટોકટી ગઈ કેવી રીતે એ વિશે ખાસ કંઈ જ લખાયું નથી. આ વિચારમાંથી જ આ પુસ્તકનો જન્મ થયો. શું ચૂંટણીઓ આવી અને જનતા પક્ષ વિજયી થયો તે નર્યો ચમત્કાર (miracle) માત્ર હતો? ચૂંટણીઓ દ્વારા થયેલ ક્રાંતિકારી પરિવર્તન એ અચાનક જ આવી મળેલી સફળતા છે એવો પણ એક મત પ્રચલિત થયો છે. પણ વાસ્તવમાં નિશ્ચિત પરિણામો પ્રાપ્ત કરવા ૨૦ માસ સુધી લગાતાર સુનિયોજિત સંઘર્ષ કરવો પડ્યો છે અને તે સંઘર્ષનાં કેટલાં-કેવાં વિવિધ, સૂક્ષ્મ, જ્ઞાત-અજ્ઞાત ક્ષેત્રો હતાં તેની પણ એક ભવ્ય ગાથા છે. આઝાદીની પહેલી લડાઈ કરતાં આ બીજી લડાઈનું મૂલ્ય આ રીતે જરાય ઓછું નથી અને તેમાં ગુજરાત પણ પ્રારંભથી લડતું રહ્યું છે.

સાધના પુસ્તક પ્રકાશને ગુજરાતના સંઘર્ષની વાત પુસ્તકરૂપે પ્રગટ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. તેના પરિણામરૂપે આ પુસ્તક લખાયું. આમાં 'તથ્યોનું મહત્ત્વ' કેન્દ્રવર્તી વાત હતી અને પ્રારંભથી અંત સુધીના ગુજરાતના સંઘર્ષનો દાર્શનિક પુરાવો (eyewitness) કહો કે પહેલી પંક્તિનો પહેરેગીર કહો, આ લડાઈના મેદાનમાં હું હતો... એટલે આ જવાબદારી મારા પર આવી... તેને ન્યાય આપવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

મારું આ પ્રથમ પુસ્તક છે. ભૂગર્ભલડતના હજુ સુધી અનુત્તર રહેલા અનેક અઘરા પ્રશ્નોના ઉત્તરપત્ર જેવું આ પુસ્તક મેં કોઈ લેખકની નહીં, પરંતુ લડાઈના એક સૈનિકની હેસિયતથી લખ્યું છે. વાચકો જ તેના સાચા પરીક્ષકો છે. ઘણી માહિતી આપવાના પ્રયત્નો છતાં કેટલીક જગ્યાએ "હજુ વધુ કહેવાયું હોત તો સારું થાત" એવો અજંપો વાચકના મનમાં રહી જવાનો સંભવ છે; પરંતુ કેટલાક મૂકસેવકોની તેમના વિશે કંઈ જ ન લખાય તેવી ઇચ્છાએ મને રોક્યો છે. વળી, સફળ ભૂગર્ભજીવન માટેની ચાવીઓ, યુક્તિ-પ્રયુક્તિઓ અને કેટલીક યોજનાઓ વિશે કંઈ કહેવું આજે વહેલું ગણાય. દેશવ્યાપી ભૂગર્ભ લડતના સફળ સંગઠક, માર્ગદર્શક નેતા અને ચિંતક શ્રી દત્તોપંતજી ઠેંગડીએ



www.babaisraeli.com

અસ્વસ્થ તબિયત અને કામનો બોજો હોવા છતાંય આખું પુસ્તક મારી પાસેથી શબ્દશઃ સાંભળવા માટે ઠીક ઠીક સમય ફાળવ્યો અને પ્રસ્તાવના લખી આ પુસ્કતનું ગૌરવ વધાર્યું છે, અંગત રીતે હું તેમનો ઋણી છું જ.

લોકશાહીપ્રેમી વાચકોના હૃદયમાં નિર્ભયતાનો સંચાર અને ગઈ કાલની કાલિમાનાં પ્રકરણોનું પુનરાવર્તન ક્યારેય ન થાય તે જ આ કૃતિની સફળતા હોઈ શકે.

મકરસંક્રમણ — નરેન્દ્ર મોદી

૧૪ જાન્યુ. ૧૯૭૮

## બીજી આવૃત્તિ વેળાએ

કટોકટી વિશેના સાહિત્યથી વાચકને અપચો થઈ જાય એવું ઢગલાબંધ સાહિત્ય ખડકાયા પછી પણ મારા આ પ્રથમ પુસ્તકને પત્રકારો, વિવેચકો અને વાચકોએ એકસરખા પ્રેમથી વધાવ્યું છે. વીસ જ દિવસમાં પ્રાદેશિક ભાષાના પુસ્તકની બીજી આવૃત્તિ પ્રગટ થાય છે. આટલા સત્કાર કરતાં લેખકને વધુ શું જોઈએ?

૭ માર્ચ, ૧૯૭૮ — નરેન્દ્ર મોદી



www.babaisraeli.com

# प्रस्तावना

आपातकालीन संघर्ष के विषय में काफी साहित्य प्रकाशित हो चुका है, किन्तु इस संघर्षका समग्र, प्रमाणबद्ध तथा अधिकृत इतिहास अब तक जनता के सामने नहीं आ सका। इसके कुछ कारण भी हैं।

अब तक प्रकाशित साहित्य का दो श्रेणियों में वर्गीकरण किया जा सकता है। एक आत्मनिवेदनपरक और दूसरा वस्तुनिष्ठ। आत्मनिवेदनपरक साहित्य की मर्यादाएं समझमें आ सकती हैं। आत्मनिवेदन के द्वारा समग्र इतिहास संकलित होने की दृष्टिसे यह आवश्यक है कि इस अभियानमें सिपाही या संचालक के नाते काम किये हुए सभी व्यक्तियों का आत्मनिवेदन प्रकाशित हो। यह अब तक हुआ नहीं और आगे भी होने की संभावना नहीं।

आपातस्थिति हटने के पश्चात् संघर्ष के विषय में वस्तुनिष्ठ साहित्य भी प्रचुर मात्रामें प्रकाशित हुआ है, किन्तु इसके लेखकों के सम्मुख एक दुविधा थी। इस कालखंड में क्या क्या हुआ इसकी तीव्र जिज्ञासा जनमानसमें थी और इस जिज्ञासाकी पूर्ति करनेवाले लेख या पुस्तकें शीघ्रातिशीघ्र मार्केट में आना वाणिज्यीय दृष्टिसे आवश्यक था, किन्तु इतनी शीघ्रता से प्रस्तुत विषय से संबंधित सभी तथ्य, आंकडे तथा जानकारी प्राप्त करना किसी भी के लिए संभव नहीं था, क्योंकि इस कालखंड की महत्त्वपूर्ण कार्यवाहियों की तैयारी भूमिगत लोगोंने ही की थी। सम्पूर्ण जानकारी प्राप्त करके लेखन किया गया होता तो जन-जिज्ञासा तथा वाणिज्यीय दृष्टिसे प्रकाशनकार्य में अक्षम्य विलम्ब हो जाता, अत: जिस लेख के पास लेखनकाल में जितनी जानकारी उपलब्ध थी, उसीका उपयोग उसमें किया... यह उचित ही रहा, किन्तु इस प्रक्रिया के कारण वस्तुनिष्ठ साहित्य के माध्यमसे भी अब तक संघर्षका समग्र इतिहास संकलित नहीं हो सका।

इस तरहके विषय का इतिहास कैसे लिखना, यह भी एक समस्या है। भूमिगत जीवन का तथा कार्य का कितना हिस्सा प्रकाशित किया जाय और



www.babaisraeli.com

कितना अप्रकाशित ही रखा जाय यह तारतम्य का विषय हैं। एक बार स्वातंत्र्यवीर सावरकरजी से पूछा गया कि फ्रांस के किनारे के पास समुद्र में कूदने का पराक्रम करते समय उन्होंने किस तरकीबका सहारा लिया था? सावरकरजी ने कहा, ''इस प्रश्नका उत्तर देने से लाभ क्या होगा? क्या आप में से कोई इस जानकारीसे प्रेरणा लेकर कुछ प्रत्यक्ष कार्य करनेवाला है? और दूसरी बात, इसका क्या भरोसा है कि दूसरे किसी क्रांतिकारी को उसी तरकीब का उपयोग करनेकी आवश्यकता नहीं पड़ेगी?'' यह भी सोचने का एक पहलू हो सकता है। यद्यपि यह सही है कि परिस्थितियों में अन्तर है और निकट भविष्य में आपातस्थितिकी पुनरावृत्ति नहीं होगी ऐसा प्रतीत होता है।

इस तरह इतिहास कैसे लिखा जाय इसका प्रमाणित नमूना (model) भी उपलब्ध नहीं है। भारत के क्रांतिकारियों की पहली पीढी क़ो प्रेरणा प्राप्त हुई थी अपने ऐतिहासिक महापुरुषों से तथा विदेशियोंमें से प्रमुख रूप से जोसेफ मैज़िनी का जीवनवृत्त उपलब्ध है। लेनिन, स्टालिन आदि भूमिगत कम्युनिस्ट कार्यकर्ताओं का भी जीवनवृत्त प्रकाशित हुआ है। भारतीय क्रांतिकारियों के जीवन पर भी प्रर्याप्त प्रकाश डाला गया है। इस तरह के साहित्य से यह स्पष्ट होता है कि भूमिगत कार्यकर्ताओं द्वारा किये गए कार्य तथा उनकी उपलब्धियों को प्रसिद्ध करना तो सरल है, किन्तु स्वदेश में भूमिगत जीवन कैसे बिताया गया, उसमें किसकिस की सहायता किस तरह हुई, भूमिगत अवस्था में पारस्परिक line of communication किस तरह रखी गयी आदि बातों का अधिकृत विवरण करना प्राय: खतरे से खाली नहीं माना जाता। यह सन्तुलन कायम रखते हुए इतिहास लिखना बड़ा कठिन कार्य है। हमारे लिये यह हर्ष का विषय है कि प्रस्तुत कृति में इस तरहका संतुलन भी रखा गया है और देने योग्य अधिकतम जानकारी देने का प्रयास भी किया गया है। अब तक प्रकाशित साहित्य में समयाभाव के कारण कितनी अपूर्णताएं आ गईं यह समझना कठिन नहीं है - उदाहरण के लिए, भारतीय लोकदल के सैंकडों लोगों द्वारा उ. प्र. में श्रीमती गायत्रीदेवी के नेतृत्व में किया हुआ सत्याग्रह, पूर्वी उ. प्र. में 'जय गुरुदेव' सम्प्रदाय के लोगों द्वारा किया हुआ सत्याग्रह, सर्वोदयवादी कार्यकर्ताओं द्वारा प्रारंभिक स्थितिकी द्विधा - मन:स्थितिका मुकाबला करते हुए निश्चय के साथ किया हुआ कार्य, विरोधी दलों के सदस्यों द्वारा संसदका उपयोग करते हुए किया हुआ जन-जागरण, महाराष्ट्र के कंधार क्षेत्र के 'शेतकरी कामगरी'



www.babaisraeli.com

पक्ष द्वारा किया हुआ अभियान, श्रमिक क्षेत्र में भारतीय मजदूर संघ तथा सी. पी. एम. की CITU द्वारा संघर्ष को दिया हुआ योगदान, श्री तारकुंडे के नेतृत्व में मानवीय अधिकार तथा नागरिक स्वतंत्रताकी रक्षाके लिए निर्मित संस्था द्वारा हुआ कार्य, महिलाओंके क्षेत्रमें 'राष्ट्र सेविका समिति' द्वारा प्रदत्त सहयोग, विद्यार्थी क्षेत्र में विद्यार्थी परिषद द्वारा दिया गया नेतृत्व तथा दिशानिर्देशन, 'आचार्य सम्मेलन'का विवरण तथा उस उपक्रमका तात्कालिक परिस्थितियों पर हुआ परिणाम, वकीलों, शिक्षाशास्त्रियों, भूतपूर्व न्यायाधीशों तथा साहित्य-सेवियों आदि के प्रयत्न, कामनवेल्थ कान्फरेंस के समय प्रतिनिधियों को भारत की परिस्थितियों से अवगत कराने हेतु किए गए प्रयास, डी. एम. के. सरकार का अप्रत्यक्ष सहयोग, संघर्षकाल में जम्मू-कश्मीर की मनोवृत्ति, जेलों में बन्दियों का हौसला बढ़ाने की दृष्टि से किए गए उपक्रम, पीडीत परिवारों की सहायता करने की पद्धतियाँ, निर्वाचनकी घोषणासे पूर्व जनता पार्टी की स्थापना के लिए किये गए प्रयास आदि कितने ही पहलू महत्त्वपूर्ण होते हुए भी अब तक अस्पष्ट हैं - यहाँ तक कि लोक संघर्ष समिति के कार्य का सुसूत्र इतिहास भी अब तक प्रकाशित नहीं हुआ। संघर्षपर्वमें किसी भी अखिल भारतीय राजनैतिक दल की तुलना में जिस प्रादेशिक दल का योगदान अधिक शानदार रहा उस अकाली दल को भी नवसाहित्य में उचित स्थान प्राप्त नहीं हो सका। यह सम्पूर्ण संघर्ष जिस संगठन के आधार पर हो सका उस 'राष्ट्रीय स्वयंसेवक संघ'के योगदान का विवरण भी उपलब्ध नहीं है। संघकी प्रसिद्धिपराङ्मुखता तथा लेखकों के पास उसके कार्य की जानकारी का अभाव, ये दोनों कारण इस अपूर्णता के हो सकते हैं। इन सभी बातों का विचार किया जाय तो यह कहना पडेगा कि संघर्ष का समग्र, प्रमाणबद्ध तथा अधिकृत इतिहास अब तक प्रकाशित नहीं हुआ है।

इस संघर्षमें गुजरात का स्थान वैशिष्ट्यपूर्ण है। एक तो यह बात पर्याप्त मात्रामें प्रस्तुत नहीं हुई कि गुजरात की नवनिर्माण समिति ने आपातस्थिति के पूर्व ही इस संघर्ष का वास्तविक सूत्रपात कर दिया था। आपातस्थिति घोषित हुई उस समय तीन राज्यों में गैरकाँग्रेसी सरकारें थीं, किन्तु इनमेंसे गुजरात राज्य - सरकारने ही तानाशाही का खुलकर विरोध किया और संघर्षकारियों का साथ दिया। इस प्रदेश में उस समय साहित्य-निर्मिति आदि ऐसे कार्य हुए जो अन्य प्रदेशों में करना संभव नहीं था। 'साधना' तथा 'भूमिपुत्र' ने देशके वृत्तपत्रीय




www.babaisraeli.com

इतिहास में एक नये गौरवशाली अध्याय का निर्माण किया। इस संघर्ष के अहिंसात्मक तंत्र में गुजरात प्रारंभ से ही प्रशिक्षित था, क्योंकि महात्माजी व सरदार पटेल की यह भूमि रही है। अखिल भारतीय स्तर पर 'लोक संघर्ष समिति' द्वारा जितने भी उपक्रम आयोजित किये गए उन सबका क्रियान्वयन गुजरातने ठीक ढंगसे किया। इस दृष्टिसे संघर्षकी अखिल भारतीय पृष्ठभूमि पर इस प्रदेश के संघर्षकारियों की समग्र कार्यवाहियों का इतिहास सुसूत्र तथा प्रसंगबद्ध ढंग से लिखना एक कठिन कार्य था, किन्तु यह कार्य इस कृति के लेखक ने संतोषजनक ढंग से किया है। अस तरह का लेखन किस ढंगसे किया जाय इसका नमूना ही लेखनने प्रस्तुत किया है। इस दृष्टि से संघर्ष के इतिहास-लेखकों के लिए यह पुस्तक मार्गदर्शक सिद्ध होगी।

यह सत्य है कि केवल वाणिज्य-दृष्टिसे इसका मूल्य उतना नहीं हो सकता जितना प्रारंभिक काल में प्रकाशित हुई पुस्तकों का है, किन्तु यह उद्देश्य भी इस प्रकाशन के पीछे नहीं हैं... उद्देश्य है, केवल 'समग्र सत्य' का दर्शन। उसकी पूर्ति इस पुस्तक द्वारा ठीक ढंगसे हो रही है।

भारतवासियों का यह द्वितीय स्वातंत्र्ययुद्ध कई दृष्टियों से अभूतपूर्व रहा है। उसका इतिहास भावी पीढ़ियों के लिए उपयुक्त होनेवाला है। इस तरह के देशव्यापी संघर्ष का इतिहास यथाशीघ्र प्रकाशित हो, यह देश की आवश्यकता है।





www.babaisraeli.com

# આવકાર

'સંઘર્ષમાં ગુજરાત' હાથમાં આવ્યું ત્યારે તો લાગેલું કે વાંચવાનો સમય નહીં મળે. પરંતુ પ્રવાસમાં પુસ્તક સાથે લીધું અને આખું વંચાઇ ગયું...

તમે સારી ઝીણવટથી માહિતી સંઘરી અને રજૂ કરી છે. ઘણી જાતમાહિતી હોવાને કારણે રસપ્રદ હકીકતો આમાં આવી શકી છે. કટોકટીના ગાળામાં ગુજરાતનું અને ભારતનું કંઈક દર્શન આમાં થાય છે. પુસ્તકની વિગતો રસપ્રદ, પ્રેરક અને જિજ્ઞાસા ઉત્તેજિત કરે તેવી છે. કેટલીક ઝીણી વિગતો આનંદદાયક લાગે છે.

પુસ્તકમાં સંઘના યોગદાનની વાત વિશેષ છે, પણ હકીકતની દૃષ્ટિએ એ ખોટું નથી. પરિશ્રમપૂર્વક આ પુસ્તક તૈયાર કરવા માટે તમને અભિનંદન ઘટે છે.

**બાબુભાઈ પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

ગુજરાતના અનેક યુવાનો ને કાર્યકરોએ જે તપશ્ચર્યા કરી તેને પરિણામે લોકશાહી જીવતી બની તેનાં સંસ્મરણો રજૂ કરતું આ પુસ્તક ગુજરાતની ભાવિ પેઢીને અને દેશને પ્રેરક બનશે.

**નવલભાઈ શાહ**
શિક્ષણમંત્રી

ભૂગર્ભપ્રવૃત્તિના કેન્દ્રીય સૂત્રધાર તરીકે લેખક શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતમાં કટોકટી સાથે થયેલ સંઘર્ષનો દસ્તાવેજી અને આધારભૂત ઇતિહાસ આલેખ્યો છે. ગુજરાત આ સંઘર્ષને કારણે મૂક દેખાવા છતાં ચેતનવંતું રહ્યું હતું. પોતાને કે બીજા મહત્ત્વના સંઘર્ષવીરોને નેપથ્યમાં રાખીને તથ્યો અને હકીકતોને જ કેન્દ્રમાં રાખી વસ્તુલક્ષી રીતે આ ઘટના આલેખાઈ છે.

ગુજરાતનું સ્થાન સ્વાતંત્ર્ય માટેના સંઘર્ષની સમગ્ર તવારીખમાં સમસ્ત ભારતના નકશામાં અગ્રિમ હરોળમાં ઊપસી આવે છે.

'સંઘર્ષમાં ગુજરાત' એ ગુજરાતે કટોકટીના પડકારના વિવિધ કક્ષાએ વિવિધ સ્વરૂપે કરેલા પ્રતિકારનું સૂત્રબદ્ધ, ઘટનાબદ્ધ



www.babaisraeli.com

આલેખન છે.

આ પુસ્તકનું અદકેરું મૂલ્ય તો તેનાં અનેક પ્રદાનો માટે છે. દા.ત. ભૂગર્ભમાં અને ભૂગર્ભ બહાર સાચી માહિતી અને લડતના આદેશો માટે તેમ જ ભૂગર્ભ કાર્યકરો વચ્ચે સંપર્ક માટે સંવહનની ટેકનિક ખુલ્લી આંખે ચોકી કરનાર સત્તાવાહકો સામે કેવી રીતે ઊભી કરાઈ, સંચારચૅનલો કેવી રીતે કામ કરતી, આ બધી હકીકતો પ્રથમવાર ખુલ્લી મુકાઈ છે.

ગુજરાતના સંઘર્ષનો ખ્યાલ પુસ્તકનાં પરિશિષ્ટો ખૂબ સરસ રીતે ઉપસાવે છે. 'વકીલસાહેબ'નો પરિશિષ્ટ-૧માં છપાયેલ પત્ર સંઘર્ષનાં ધ્યેય, ટેકનિક અને આયોજનિક સ્થાપત્યનો વિશદ રીતે ખ્યાલ આપે છે. મિસાની કલ્પનામાત્રથી ફફડતા લોકોમાં આપણા ભાવિ વિશે શ્રદ્ધા ઉત્પન્ન કરવાના હેતુને તે સ્ફુટ કરે છે. ઇંદિરા ગાંધી ચૂંટણી આપે તો તે અંગે તૈયાર થવાની દીર્ઘદષ્ટિ પણ તેમાં વ્યક્ત થાય છે.

વળી આ પુસ્તકની સામગ્રી વધુ ભૂખ લગાડે તેવી પૌષ્ટિક અને પ્રેરક છે.

**કીર્તિદેવ દેસાઈ, પ્રવીણ શેઠ**
'સંદેશ', 'રાજકીય રંગપટ', ૫-૨-'૭૮

ઢગલો ધન કમાવા વિલાયત કે અમેરિકા ગયેલા ગુજરાતીઓએ ભારતની લોકશાહીના બચાવમાં રાણા પ્રતાપના 'ભામાશા' જેવું કામ કરી પરદેશના મોરચે પણ ગુજરાતનો જયજયકાર કર્યો... આવી પરીકથા જેવી લાગતી વાતને સાચી માનવાની ફરજ પાડે એવું પુસ્તક એટલે 'સંઘર્ષમાં ગુજરાત.'

'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' ઉપરાંત 'જરૂર પડ્યે સંગ્રામ'ની વધારાની પંક્તિ ઉમેરવી પડે એવી હકીકત બહાર લાવવા માટે શ્રી નરેન્દ્ર મોદીના પુસ્તક 'સંઘર્ષમાં ગુજરાત'નો આભાર માનીએ.

**વનમાળી વાંકો**
સંદેશ, ૨૨-૧-'૭૮

આપણા સ્વાતંત્ર્યસંગ્રામના આ બીજા પર્વની કથા વિવિધ સ્વરૂપે લેખો દ્વારા, વિશેષાંકો દ્વારા અને અન્ય સ્વરૂપે આ એક વર્ષમાં આલેખાતી રહી છે, પણ માંડણીબદ્ધ આ પ્રતિકાર વિશે પહેલી ઈતિહાસકથા ગયે મહિને આપીને શ્રી નરેન્દ્ર મોદી અને સાધના પુસ્તક પ્રકાશને મહત્ત્વનું ઇતિહાસકર્તવ્ય બજાવવાનું પ્રથમ ચરણ માંડ્યું છે.



www.babaisraeli.com

પ્રતિકારસંગ્રામમાં આરંભથી અંત સુધી ભોમભીતર રહીને સક્રિય રહેલા એક સેનાનીએ આ કથાનું આલેખન કર્યું છે તેથી તેમાં ઘણી મહત્ત્વની સામગ્રી અભ્યાસીને અવશ્ય મળે છે. આજ સુધી પ્રકાશમાં નહીં આવેલી એવી ઘણી સામગ્રી આ પ્રકાશનમાં છે. આરંભથી અંત સુધી ગુજરાતે પ્રતિકારનો ઝંડો અણનમ રાખ્યો હતો તે હકીકત એકેએક ગુજરાતી ગૌરવ લઈ શકે તેવી છે.

સતત જાગૃતિ અને સતત સંઘર્ષ એ જ સ્વતંત્રતાની રક્ષાની અસરકારક બાંયધરી છે. એટલે સ્વતંત્રતા ભયમાં મૂકનારાં પરિબળોને જ્યાં સુધી સંપૂર્ણપણે નાબૂદ કરવામાં ન આવે ત્યાં સુધી સ્વાતંત્ર્યસંગ્રામ વણથંભ્યો ચાલતો રહે છે. ક્યારેક એમાં મેદાની યુદ્ધો ચાલશે અને વચ્ચેના કાળમાં લોકશિક્ષણની પ્રવૃત્તિ ચાલશે. એને માટે સ્વાતંત્ર્યસંગ્રામની આ કથાના વિવિધ અધ્યાયોનું પારાયણ આપણે કરતા રહીએ.

**ધનવંત ઓઝા**
'આજ અને ઇતિહાસ'
જનસત્તા, ૧૨-૨-'૭૮

કટોકટી દરમિયાન ભૂગર્ભવાસ સેવી ભૂગર્ભપ્રવૃત્તિમાં સતત સક્રિય રહેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક શ્રી નરેન્દ્ર મોદીએ પોતાના 'સંઘર્ષમાં ગુજરાત' પુસ્તકમાં કટોકટીના પડછાયા અને કટોકટીવિરોધી સંગ્રામનાં કિરણોનું એક દસ્તાવેજી સંકલન કર્યું છે. પડછાયાઓમાં ફૂટેલાં કિરણોની વાત એટલે 'સંઘર્ષમાં ગુજરાત.'

**શેખાદમ આબુવાલા**
જનસત્તા, ૨૧-૧-'૭૮

શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સંઘર્ષમાં ગુજરાત' પુસ્તકમાં કટોકટી દરમિયાનની ભૂગર્ભપ્રવૃત્તિના દસ્તાવેજી ઈતિહાસનું આલેખન રજૂ થયું છે. કટોકટીના સમય દરમિયાન કટોકટીના વિરોધમાં જે ભૂગર્ભપ્રવૃત્તિઓ ચાલતી તેની સાથે શ્રી મોદી આરંભથી અંત સુધી સંકળાયેલા હતા એટલે તેમણે લખેલો આ ઇતિહાસ સત્ય હકીકતો, વિગતો અને આધારભૂત માહિતીથી સભર બનેલો છે.

કટોકટી દરમ્યાન ભૂગર્ભપ્રવૃત્તિ સારાયે દેશમાં ચાલતી હતી, પરંતુ એમાં ગુજરાતનું સ્થાન વિશિષ્ટ હતું એ વાતની પ્રતીતિ લેખકનું ઉપલું પુસ્તક કરાવે છે. ભૂગર્ભપ્રવૃત્તિમાં કયાં કયાં મંડળો, સમિતિઓ વગેરેએ સક્રિય ભાગ લીધો, કોના તરફથી સહકાર સાંપડ્યો, તેની વ્યવસ્થા અને



www.babaisraeli.com

કાર્યવાહી કેવા પ્રકારની હતી ઇત્યાદિ બાબતો અંગે આ પુસ્તકમાંથી આધારભૂત માહિતી મળે છે.

**મુંબઈ સમાચાર**
૧૩-૨-'૭૮

ભાઈ નરેન્દ્ર મોદી કટોકટીના વીસ મહિના દરમ્યાન ભૂગર્ભમાં રહ્યા હતા અને આંદોલન ચલાવતા હતા. પોતાના અનુભવથી રંગાયેલા તેમણે સત્યનિષ્ઠ કહાણી આ પુસ્તકમાં રજૂ કરી છે. પુસ્તકના પરિશિષ્ટમાં કટોકટી દરમ્યાન ભૂગર્ભમાંથી પ્રસિદ્ધ થતાં અખબારો, ચોપાનિયાં વગેરેની તસવીરો પણ પ્રસિદ્ધ કરાઈ છે.

**જન્મભૂમિ, કચ્છમિત્ર**
૧૧-૨-'૭૮, ૧૬-૨-'૭૮

'સંઘર્ષમાં ગુજરાત' પુસ્તકમાં શ્રી મોદીએ નવનિર્માણની પાર્શ્વભૂમિકા સાથે કટોકટીકાળના સંઘર્ષની કથા આલેખી છે. કટોકટી-કાળના સંઘર્ષનું નેતૃત્વ કરનાર નેતાઓનાં ચિત્રો સાથેનું આ પુસ્તક આકર્ષક છે. શ્રી મોદીએ આ પુસ્તકમાં હકીકતોનો હવાલો આપવાનો પ્રયત્ન કર્યો છે. શ્રી મોદીનું આ પુસ્તક રાજકીય સાહિત્યનો સરસ નમૂનો છે. કટોકટીકાળમાં ગુજરાતમાં જે પ્રવૃત્તિઓ થઈ તેનો દસ્તાવેજી ઇતિહાસ રજૂ કરવાનો શ્રી મોદીએ સફળ પ્રયત્ન કર્યો છે.

**આકાશવાણી**
૧૬-૨-'૭૮

તમારું પુસ્તક મુસાફરી દરમ્યાન જ અથથી ઇતિ બરાબર વાંચી જવાની ઉત્કંઠા રોકી શક્યો નહીં. પહેલી નજરે પણ કોઈ પુસ્તકની આવી છાપ વાચક પર પડે તે લેખકની સફળતા જ કહેવાય. તમે પહેલે જ પ્રયત્ને તે સિદ્ધ કરી તે બદલ અભિનંદન!

તમે ઝીણી ઝીણી અને અનેક રંગભરી વિગતો આપી છે એ ગમી. એને કારણે પુસ્તક વધુ મસાલેદાર ને પ્રાણવાન બન્યું છે.

આપણા પ્રદેશમાંનાં નાનાં નાનાં ને સામાન્ય ગણાતાં ભાઈ-બહેનોએ કટોકટીના કાળા દિવસો દરમિયાન પણ કેવું ઊજળું મોં રાખીને હિંમતપૂર્વક ને શ્રદ્ધા સાથે ચિંતન-વચન-વર્તન દાખવ્યાં એ હકીકત આપણી પાંગરતી લોકશાહી માટે આશાસ્પદ અને પ્રોત્સાહક છે.

તમારું આ પુસ્તક વાંચતાં વધારે પાકી સમજ કેળવાય છે કે આખરે સંઘર્ષ – વૈચારિક અને વ્યાવહારિક – દ્વારા જ સહકારની તથા



www.babaisraeli.com

સંવાદની સાચી સમજ ને બાંધણી સર્જી શકાય છે. કટોકટીને હજી તો માંડ એક વર્ષ થવા આવ્યું છે ત્યાં તો આપણા કહેવાતા શિક્ષિતોમાં અનેક સ્થળે જાણે પાછલું બધું ભુલાયાની બેડોળ પરિસ્થિતિ જોવા મળે છે. એવે વખતે સ્વાભાવિક જ મૂંઝવણ અને અકળામણ વધે છે. પણ એવે જ વખતે તમારા જેવાં-આવાં પુસ્તકોની અને કટોકટી કાળમાંના વિરલ પુરુષાર્થની પ્રજાને – ખાસ કરીને ભણેલા-ગણેલા વર્ગને – સતત જાણ કરવાની સવિશેષ જરૂર છે. તમારા પુસ્તકની બીજી આવૃત્તિને ખાસ આવકારું છું.

**પુરુષોત્તમ ગણેશ માવલંકર**

સંસદસદસ્ય

તમારા પુસ્તક 'સંઘર્ષમાં ગુજરાત'માં કટોકટીકાળમાં ગુજરાતની આંતરચેતનામાં ઉદ્‌ભવેલા સળવળાટોનું માહિતીસભર બયાન તમે આપ્યું છે. 'ગાંધીની ગુજરાત' કેવી સહિષ્ણુ, સ્વમાની, અહિંસાપ્રેમી અને માનવીનાં મૂલ્યો માટે કેવી ખડક જેવી અડગ છે એનો કાંઈક ખ્યાલ મેળવવા ઈચ્છનારે તમારું પુસ્તક વાંચવું જોઈએ.

તમે બનાવોની સિલસિલાબંધ રજૂઆત કરી છે, ઐતિહાસિકતાનો તમોને પૂરો ખ્યાલ છે. આપણા નજીકના ભૂતકાળનું યથાતથ મૂલ્યાંકન કરવું ઇતિહાસકારોને માટે પણ મુશ્કેલ છે, પણ તમે એકંદરે વિગતો અને તથ્યોને જ બોલવા દીધાં છે એને કારણે પુસ્તકમાં એક જાતની પ્રમાણભૂતતા પ્રવેશી છે.

તમે લખો છો કે આ પુસ્તક તમે લેખકની નહીં, પણ લડાઈના એક સૈનિકની હેસિયતથી લખ્યું છે. પણ તમારી લખાવટ જોતાં તમે સાહિત્યના જીવ હો એવી છાપ પડે છે. તમારી શૈલી વિશદ, પ્રવાહી અને નાસાગ્રતાવાળી છે. તમે જરૂર પ્રમાણે આક્રોશની કે અજંપાની લાગણી અસરકારક રીતે વ્યક્ત કરી શકો છો તો વિગતોની સ્વસ્થ અને ઠંડી રજૂઆત પણ કરી શકો છો એ તમારી સાહિત્યરસિકતાને કારણે.

અનેક ચિત્રાંકનો, આંકડાઓ અને તારીખોને કારણે પુસ્તક તવારીખી બન્યું છે. ગુજરાતના લોકજીવનનું દસ્તાવેજી ચિત્ર આપતું આ પુસ્તક વાચકો રસપૂર્વક વાંચશે.

**ડૉ. રમણલાલ જોશી**

પ્રસિદ્ધ વિવેચક

ગુજરાત. યુનિ.ના ગુજરાતી વિભાગના અધ્યક્ષ



www.babaisraeli.com

લંડનમાં જે અનેક ભાઈ-બહેનોએ સાચા હૃદયથી પોતાનો ફાળો આપ્યો – પ્રસિદ્ધિની ખેવના કે બદલાની આશા રાખ્યા વિના – તેમનાં નામો કોઈ જાણતા નથી. શ્રી મોદીએ તેમના 'સંઘર્ષમાં ગુજરાત' એ પુસ્તકમાં લડત દરમિયાન જે કાંઈ બન્યું તેનો સુંદર ચિતાર આપ્યો છે. ગુજરાતના ખૂણેખૂણામાંથી વિગતવાર માહિતી ભેગી કરી નામીઅનામી કાર્યકરોની પ્રવૃત્તિઓ બહાર લાવીને તેમણે ગુજરાતમાં સંઘર્ષનો સાચો ઇતિહાસ લખ્યો છે.

કટોકટી વિશે અનેક પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે, પણ શ્રી મોદીએ જે અભિગમ અપનાવ્યો છે તે મને બીજા કોઈ પુસ્તકમાં દેખાયો નથી. માનવીય હકોના સંપૂર્ણ નાશથી ગૂંગળામણ અનુભવતા અનેક સામાન્ય માનવીઓએ લોકશાહી પુનઃપ્રસ્થાપિત કરવા માટે જંગ ખેલ્યો હતો. ગુજરાતમાં તેમ જ ગુજરાત બહાર યુરોપ, અમેરિકામાં વસતા એ સામાન્ય માણસોની વીરગાથા લડતના એક નિષ્ઠાવાન અને ખમીરવંતા અગ્રણીની કલમે આલેખાઈ તે ગુજરાતનું એક સદ્ભાગ્ય છે. ઇતિહાસની ઘટનાઓને દૂરથી જોઈને આલેખનાર ઇતિહાસકાર કરતાં એ ઇતિહાસના ઘડતરમાં જેણે સક્રિય ભાગ ભજવ્યો છે એવી વ્યક્તિની કલમ મળી જાય તો તેનું આલેખન પ્રાણવાન અને પ્રેરણાદાયી બની જાય છે.

મને ખાતરી છે કે આ પુસ્તક ઘેરઘેર હોંશથી વંચાશે અને દરેક વાચક લોકશાહીને સ્થિર બનાવવા માટેના કાર્યમાં પૂરતી પ્રેરણા મેળવશે.

**ચંદ્રકાંત દરુ**
પ્રખર ધારાશાસ્ત્રી

સંઘર્ષમાં ગુજરાત એ શ્રી નરેન્દ્રભાઈ મોદીનું પ્રથમ પુસ્તક હોવા છતાં અનેક દૃષ્ટિએ સારું અને સફળ પ્રકાશન છે. એમણે ગુજરાતના સંઘર્ષનાં 'પહેલી પંક્તિના પહેરેગીર' તરીકે જે મોટી જવાબદારી ઉપાડી અને યશસ્વી રીતે પાર પાડી તે જેટલું અભિનંદનીય છે તેટલું જ અભિનંદનીય આ પુસ્તકનું લેખન પણ છે.

લોકશાહીની જ નહીં બલકે આઝાદીની પણ આ મહત્ત્વની લડાઈમાં અનેક નાનાંમોટાં, નામીઅનામી ભાઈ-બહેનોએ જે દેશભક્તિ, લોકશાહી પ્રત્યે પ્રેમ, વીરતા, અડગતા, ધૈર્ય, ધગશ, નિર્ભયતા, સમયસૂચકતા, કુનેહ, દીર્ઘદૃષ્ટિ વગેરે દાખવ્યાં તે પૈકીની ઘણી બાબતોનો વાચકોને આ પુસ્તકમાંથી સચોટ ખ્યાલ મળે એમ છે.

ગુજરાતની વર્તમાન પેઢીને જ નહીં, પરંતુ લોકશાહીના જાગ્રત



www.babaisraeli.com

પ્રહરી તરીકે ગુજરાતની ભાવિ પેઢીને પણ આ પુસ્તક પ્રેરણાદાયી થશે એવી શ્રદ્ધા છે.

માત્ર વીસ દિવસના બહુ જ ટૂંકા ગાળામાં બીજી આવૃત્તિ પ્રગટ કરવાની જરૂર પડી તે જ આ પુસ્તકની લોકપ્રિયતા તથા આવશ્યકતાનો સચોટ પુરાવો છે.

આ સરસ, ઉપયોગી પુસ્તકના સમયસર પ્રકાશન માટે વાચકો શ્રી નરેન્દ્રભાઈના તેમજ સાધના પુસ્તક પ્રકાશનના ઋણી છે.

**ધીરુભાઈ દેસાઈ**

માજી ઉપકુલપતિ, ગૂજરાત વિદ્યાપીઠ

'સંઘર્ષમાં ગુજરાત' મારા હાથમાં આવતાં જ તેને એક બેઠકે વાંચી જવાની ઉત્કંઠા હું રોકી શક્યો નહીં.

હકીકતદોષોનું જોખમ વહોરીને પણ પુસ્તકને sensational બનાવવાની વર્તમાન મનોવૃત્તિથી દૂર રહીને નક્કર હકીકતોના સત્ય નિરૂપણે આપના આ પ્રકાશનને જીવંત બનાવ્યું છે. સંઘર્ષમાં સક્રિય એવા એક પાત્ર દ્વારા લખાયેલ આ પુસ્તકની કિંમત અનેકગણી વધી જાય છે.

**ડૉ. રાજેન્દ્ર કે. શાહ**

લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ સાઉથના ભૂતપૂર્વ પ્રમુખ


'સંઘર્ષમાં ગુજરાત'માં કટોકટીના સમય દરમ્યાન ગુજરાતમાં ચાલેલી ભૂગર્ભલડતનું ચિત્ર છે. શ્રી નરેન્દ્ર મોદી ૨૭ વર્ષના યુવાન છે. એમનું આ પહેલું જ લખાણ છે. પરંતુ જે લખાયું તેના એ પોતે એક પાત્ર હોઈને લખાણમાં પૂરી સજીવતા જોવા મળે છે. જેને ઈતિહાસ કહી શકાય તેવી આ કથા યુવાનોને પ્રેરણા આપે એવી છે. ભાઈ નરેન્દ્ર મોદીની આ પ્રથમ કૃતિને અમે આવકારીએ છીએ.

**સૌરાષ્ટ્ર સમાચાર**

૨૦-૨-'૭૮



www.babaisraeli.com



કલ્પના કરતાં સત્ય વધારે રોમાંચક હોય છે. એ વાતની પ્રતીતિ કરાવતી આ સંઘર્ષકથાના લેખકે પોતે સંઘર્ષકાળના કુશળ સંગઠક અને નિરીક્ષક એમ બેવડી ભૂમિકા ભજવી હતી. એ રીતે આ પુસ્તક જાત અનુભવથી રંગાયેલું છતાં પરિસ્થિતિનું મૂલ્યાંકન કરે તેવું છે.

મહેસાણા જિલ્લાના વડનગરમાં પછાત જાતિમાં જન્મેલ શ્રી નરેન્દ્ર મોદી રાજનીતિશાસ્ત્રમાં એમ.એ. થયા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક તરીકે સંસ્કાર અને સંગઠનવૃત્તિથી ઘડાયેલ છે. ભારતીય જનતા પાર્ટીના અખિલ ભારતીય મહામંત્રી તરીકે ઠેરઠેર ભાજપના વિસ્તાર અને વિકાસની જવાબદારી નિભાવી રહ્યા છે. સોમનાથ, અયોધ્યા-રથયાત્રા અને કન્યાકુમારીથી કાશ્મીર એકતાયાત્રા તેમની આયોજનશક્તિનાં ઉમદા ઉદાહરણ છે, ઇન્ફર્મેશન ટેક્નોલોજી અને બાયોટેક્નોલોજી જેવા એકવીસમી સદીના વિજ્ઞાનમાં વિશેષ રૂચિ. વિશ્વના અનેક દેશોની મુલાકાતે એમના અનુભવમાં ઉમેરો કર્યો છે.

નવનિર્માણ આંદોલન હોય કે કટોકટી વિરુદ્ધની ભૂગર્ભ ચળવળ, પ્રશ્ન સામાજિક ન્યાયનો હોય કે કિસાનોના અધિકારનો, શ્રી નરેન્દ્ર મોદીનું સંઘર્ષશીલ વ્યક્તિત્વ સદાય મોખરે હોય.

કટોકટી દરમ્યાન ભૂગર્ભ ચળવળને વેગ આપવા સંઘે પ્રાંતના સંગઠક તરીકે એમને જવાબદારી સોંપી હતી.

કટોકટીના વીસે મહિના, સરકારીતંત્રની નાકામિયાબી પુરવાર કરતો ભૂગર્ભવાસ તેમણે સેવ્યો અને સંઘર્ષ પ્રવૃત્તિ ચલાવ્યે રાખી.

હસમુખો સ્વભાવ, ઉત્સાહ અને સ્ફૂર્તિ સહિતનું ઉમંગી વ્યક્તિત્વ, કાવ્યો વગેરે સાહિત્ય રચનાઓનો શોખ અને વક્તૃત્વશૈલીથી સંપન્ન શ્રી નરેન્દ્ર મોદીનું આ પુસ્તક સંઘર્ષના ઇતિહાસમાં ગુજરાતને દસ્તાવેજ અને કથા, બંનેનું મૂલ્ય પ્રદાન કરશે.